
પૂજ્ય પંન્યાસજી મહારાજના


# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧૮ ॥




## પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી


સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# શાસ્ત્રીય ઉપક્રમ

આનુપૂર્વી - નામ - પ્રમાણ - વક્તવ્યતા - અર્થાધિકાર - સમવતાર

- આનુપૂર્વી
  - નામ - સ્થાપના - દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ગણના - ઉત્કીર્તન - સંસ્થાન - સામાચારી - ભાવ.
  - નામ: ૧ થી ૧૦ સુધી
  - ઉત્કીર્તન - સામાયિક ચતુર્વિંશતિ સ્તવ ઇત્યાદિ
  - ગણના - પૂર્વાનુપૂર્વી - પશ્ચાનુપૂર્વી - અનાનુપૂર્વી

## પ્રમાણ

- દ્રવ્ય
- ક્ષેત્ર
- કાળ
- ભાવ
  - ગુણ
    - જીવગુણ
      - જ્ઞાન
        - પ્રત્યક્ષ
        - અનુમાન
        - ઉપમાન
        - આગમ
          - લૌકિક - લોકોત્તર - સૂત્ર - અર્થ - ઉભય - અનંતર - પરંપર
      - દર્શન
      - ચારિત્ર
    - અજીવગુણ
  - નય
  - સંખ્યા
    - પરિમિત
    - અપરિમિત

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૧૮॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

ॐस्विआस्ता


### ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

### ☐ VOLUME - 18

April 2019
300 Copies / 224 Pages
For Private Circulation only.

### ☐ PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

### ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

### ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

### ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com


Amazon Kindle

### ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


### ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# નામનાની કામના વિનાનાં સહજ સાહેબજી



‘ગુજરાત સમાચાર’ની મુંબઈ તથા ગુજરાતની ‘ધર્મલોક’ પૂર્તિમાં બે આખા પાનાં ભરી પદ્મશ્રી કુમારપાળભાઈની કસાયેલી કલમે ‘હસ્તાક્ષરનું અક્ષયપાત્ર’નાં ગુણગાન ગવાયા અને હજારો વાચકોને આ ગ્રંથની ઉત્તમતાનો વિશેષ ખ્યાલ આવ્યો છે, ત્યારે સાહેબજીનાં જીવનનો એક વિખ્યાત પ્રસંગ આજે સ્મરે છેઃ મુંબઈનાં ચાતુર્માસમાં એક પ્રેસ રીપોર્ટરે સાહેબજી પાસે આવીને કહ્યુંઃ ‘મહારાજજી, આપના દૈનિક પ્રવચનની જાહેરાત જો હું છાપામાં કરૂં, તો આપનો પ્રચાર થશે તથા વધુ લોકો વ્યાખ્યાન સાંભળવા આવશે.’ સાહેબે પુછ્યું કે કેટલો ખર્ચ થશે? ઉત્તર મળ્યો ૨૫૦ રૂપિયા. મંદ સ્મિત સહ સાહેબે કહ્યુંઃ ‘હું તમને ૨૫૦ રૂપિયા તો અપાવું જ છું પણ એક જ શરતે કે મારા વિષે ક્યારેય પણ કંઈ છપાવતાં નહીં...’ અને ખરે જ રકમ અપાવી.

નામનાની કામના વિનાનાં સહજ સાહેબજીએ સેંકડો પત્રો લખ્યા. કલાકોના કલાકો સાધના કરીને મેળવેલ નિત્યનૂતન અનુપ્રેક્ષાઓથી ડાયરીઓનાં હજારો પાના ભરીને ય પોતે અલિપ્ત રહ્યા. હવે મૌલિક અનુપ્રેક્ષામય તે ચિંતનો સાથે ડાયરીઓમાં ટપકાવી લીધેલ અન્ય દર્શનનું આત્મોપયોગી શિષ્ટ સાહિત્ય આજે વર્ષોના વ્હાણાં વ્યતીત થયે અહીં પ્રકાશિત થઈ રહ્યું છે, તેનો આનંદ છે.

સાહેબજીએ નમસ્કાર મહામંત્રનાં ભાવોમાંથી અનેક આત્મસ્પર્શી અર્થો પ્રકટ કરીને કમાલ કરી છે. એક પ્રથમ પદ સાથે અન્ય ચાર પદનું તેઓનું અદ્‌ભુત અર્થચિંતન જોઇએ તોઃ ‘નમો અરિહંત + આણં = નમસ્કાર થાઓ અરિહંતોની આજ્ઞાને. અરિહંતોની આજ્ઞા કેવી છે? સિદ્ધાણં = તે આજ્ઞા સિદ્ધ છે. આયરિયાણં = આજ્ઞા

આચારપ્રધાન છે. ઉવજ્ઝાયાણં = તે આજ્ઞા અધ્યયનપ્રધાન છે. સાહૂણં = તે આજ્ઞા સાધનાપ્રધાન છે. આવી અરિહંતોની આજ્ઞા મને પ્રમાણ છે, તેને નમસ્કાર થાઓ.' આમ નવકારજાપ દ્વારા પંચપરમેષ્ઠિને નમસ્કાર થવા સાથે તેમની આજ્ઞાને પણ નમસ્કાર થાય છે, એનો ખ્યાલ આપતા ચિંતનો કરતી વેળાએ સાહેબજીનો આત્મા પરમાત્મતત્ત્વ સાથે આત્યંતિક ઐકયતા અનુભવતો હશે, તે સ્પષ્ટ દેખાય છે. અરે, આ કાળમાં વ્યવહાર અને નિશ્ચયનો સમન્વય જણાવીને જ્ઞાન (સમજ) સાથે ક્રિયા પ્રત્યે આદર રાખવાનું વિધાન બતાવીને તેમણે નવી પેઢીને પણ ઉપકૃત કરી છે.

'યોગસાર'માં ચિરંતનાચાર્ય ભગવંતે કહ્યું છે કેઃ 'ભગવાનની આજ્ઞા એટલી જ છે કે રાગ-દ્વેષને દૂર કરો, તેથી વિષય-કષાયો દૂર થઈ જશે.' એ જ પદાર્થને સાહેબજી નમસ્કારમંત્ર સાથે સંલગ્ન કરતાં લખે છે કેઃ શ્રી નવકાર એ વિભાવને નમાવવાની અને સ્વભાવને નમવાની અદ્ભુત ક્રિયા છે. 'વિભાવ' એટલે કષાય અને તેને પેદા કરનારા વિષયોને નમાવવા એટલે તેની અસારતાનું, નિર્ગુણતાનું, પરિણામકટુતાનું વારંવાર પરિશીલન કરી, તેના પ્રત્યે અનુરાગને ઉતારવાની ક્રિયા. 'નમો' પદ પરિપૂર્ણ વૈરાગ્યને સુચવનારૂં અને 'અરિહંતાણં' પદ સ્વભાવને ઓળખાવી તેના પ્રત્યે ભાવને વધારી ભકિત પેદા કરનારૂં અને સુદઢ જીવ પ્રત્યે સ્નેહ જગાડનારૂં પદ છે.

હમણાં જ એક મહાત્માએ આ ગ્રંથોનાં પ્રકાશનથી ભાવિત બનીને રાજકોટનાં અમારા સુશ્રાવક શશીકાંતભાઈ મહેતાનાં સુપુત્ર દિપકભાઈનાં ધર્મપત્ની ઉપરના પત્રમાં પોતાના ભાવો વ્યકત કર્યા કેઃ ''**ભારતીબેન**, 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં નવા ભાગ દર મહિને નિયમિત રીતે મળે છે. તમારા ઝડપી સંકલન કાર્યની પદ્ધતિને ધન્યવાદ આપવા ઘટે. એટલું જ નહીં, આ સમગ્ર પ્રકાશનનાં કાર્યમાં પોતાની સદ્સંપત્તિનું સમર્પણ કરનાર મુંબઈનાં સુશ્રાવક **શ્રી સી.કે.મહેતા**ની પણ જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે.'' બસ, અમને આનંદ છે કે વહેતી ગંગા સમા સાહેબજીના ચિંતનો હવે ખરા અવસરે અધ્યાત્મપ્રિય જગત સમક્ષ મુકાઈ રહ્યાં છે અને એના ભાવનથી અનેક ઉચ્ચ અને આરાધક આત્માઓ આંતરિક બહુમાનથી ભાવિત બની રહ્યા છે.

એપ્રિલ, ૨૦૧૯
**હાલાર તીર્થ, આરાધનાધામ.**

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.



# વેદના વેઠવામાં ય વૈકુંઠ સમું સુખ...

પાટણનાં ઉપાશ્રયમાં પૂજ્ય ગુરુમહારાજનાં સાંન્નિધ્યમાં ગાળેલી સન્ ૧૯૭૯નાં ઉનાળાની એક ઉતરતી સાંજ આજે યાદ આવે છે. ત્યારે હું તેમના સ્વાસ્થ્યની ખૂબ ચિંતામાં રહેતો. પૂજ્ય સાહેબજીથી ખાસ વપરાતું નહીં, પાણી ટકવામાં યે કયારેક મુશ્કેલી આવતી... પણ એમને અને સમતાભાવને તો હતી હરેક ક્ષણની પાક્કી દોસ્તી! રુદિયામાંથી રટાતું અરિહંતનું નામ અને સકળ જીવરાશિ પરત્વેની મૈત્રીનું ગાન તેમની સમીપેથી અમે તેવા કઠિન સમયમાં યે પળેપળ સુણી શકતા.

તે સાંજે ધીમા સાદે તેઓએ કહ્યું: 'આ પેઢી ઉઠી જવાની ખબર પડી ગઈ છે, તેથી કર્મરાજાએ પોતાનાં બાકી રહેલાં લેણાં ચૂકતે કરવા ધાડાં મોકલ્યાં છે, પણ એને ખબર છે ખરી કે મોક્ષમાર્ગનાં યાત્રીઓ માટે તો પીડા વેઠવામાં ય વૈકુંઠ હોય છે?' અમે સૌ તો આ સાંભળી તેઓની વીરતાભરી સમતા એવં સમાધિને વંદી રહ્યા.

આવા ગુરુમહારાજ પામવાનું સૌભાગ્ય મને મારાં જ પૂણ્યોદયમાં શ્રદ્ધા જગાડે છે અને 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'માં મઢાયેલાં તેઓનાં એકએકથી ચડિયાતાં તત્વો તેમાં પરમ શ્રદ્ધાનું ઘૃત પૂરે છે. તેમના સહારે જ ફક્ત વેલાથી બંધાયેલા તરાપામાં બેસીને ય ભવસાગર પાર ઉતરી જવાશે તેવો ભરોસો ય હવે થઈ ગયો છે. અસ્તુ.

એપ્રિલ, ૨૦૧૯
મુંબઈ

સી. કે. મહેતા









શારદા શારદાંભોજવદના વદનાંબુજે ।
સર્વદા સર્વદાઽસ્માકં સન્નિધિં સન્નિધિં ક્રિયાત્ ॥

આબુજી તીર્થ, ચૈત્ર સુદ-૧૩

આજની સાંજ: સ્ફુરણા - અવધિ - પ્રભુપ્રકાશ - આશીર્વાદ

(1) આજે શ્રી વીર જન્મ કલ્યાણકના
ત્રીજા પ્રહર દરમ્યાન ધ્યાનમાં સંભળાયું કે:
ભારતનો સકલ શ્રી જૈન સંઘ
દેવ-ગુરુની કૃતઘ્નતાનું ફળ ભોગવી રહ્યો છે.
દેવ અને ગુરુની નિઃસીમ કૃપાને
કોરાણે મૂકવાના ફળરૂપ આજની શ્રી સંઘની સ્થિતિ છે.

(2) તે પછી સાંજે...
દહેરાસરજીમાં ખમાસમણા દેતી વખતે વિચાર આવ્યો કે:
Imp. અહીં ખમાસમણા વડે દેવાધિદેવ પાસે
અહીં જગતના જીવોના હિતની યાચના કરવી જોઈએ.
પહેલાં ખમાસમણે નરકના જીવોને યાદ કરીને
દ્રવ્ય તેમ જ ભાવ નમસ્કાર થવો જોઈએ.
બીજું ખમાસમણું મનુષ્યલોકને અને ત્રીજું ખમાસમણું
દેવલોકના દેવોના કલ્યાણ કાજે જવું જોઈએ.

(3) અથવા માનવું કે:
'મારા પ્રયત્ન સિવાય કોઈ મને સુખી ન કરી શકે'
તેનો એ અર્થ થાય કે:

જગતના હિતની ભાવના કરનારા
મહાન આત્માઓ આ જગતમાં વિદ્યમાન નથી,
અથવા તો તે આત્માઓ પણ પોતાના આત્મા સિવાય
અન્ય કોઈનું શુભ કરી શકતા નથી.

(4) મોડી રાતે આખા શરીરમાં એવું અનુભવાયું દેખાયું કે
જેને દેવ-ગુરુની જીવતી જાગતી કરુણા જ કહી શકાય.
અનુભવાયું કે ક્યારેક ક્યારેક પણ વધુ નજીક
દેવ-ગુરુની કૃપા રહેતી હોય છે.

(5) પોતા પ્રત્યેના રાગનો અંતર અભાવ તે 'વૈરાગ્ય'.

(6) આ જિનેશ્વર દેવોના આત્મદ્રવ્યની ઉચ્ચતમતાના
કારણે તેમાં માતૃત્વ-ભક્તિનો અભેદ રહ્યો હોય છે.
કોઈ પણ જીવ જેમ જેમ ઉંચી ભૂમિકાએ જતો હોય,
તેમ તેમ તેનામાં પણ બાહ્ય પ્રસન્નતા કરતાં
અભેદભાવ અધિક જોવા મળે છે.
અધિક બાહ્ય પ્રયત્ન અધિક દુઃખદાયી નિવડે તે સમજ
જીવની સામાન્ય ભૂમિકા હોય ત્યાં સુધી બરાબર છે
પણ
ભૂમિકા બદલાય તેમ તે સમજ પણ આપોઆપ બદલાય છે
અને રાગ-ક્રિયાનો એક અદ્ભુત અભેદ રચાય છે કે

જ્યારેય કાંઈપણ ન કરતો દેખાય છતાં તે આત્મા સ્વ-આત્મદ્રવ્યની ઉચ્ચતરતાના પ્રભાવે વિચલિત કરતો હોય! તીર્થંકર પરમાત્માનું આત્મદ્રવ્ય તો ઉચ્ચતમ હોય તથા તેમાં સ્વપ્રત્યેના રાગનો એક અંશ પણ હોતો નથી એટલે જિનના આત્મદ્રવ્યનું માતૃત્વ - અર્હત્ત્વ એ રીતે એકમેક થઈ જાય કે તેનો પરમ પ્રભાવ સદાકાળ જીવંત રહે છે.

માતૃત્વ એ જ અર્હત્ત્વ માની લઈએ,

તો એક પ્રશ્ન ઊભો જ રહે કે:

આત્મદ્રવ્યની ઉચ્ચતમતાનો વિચલિતમાં ફાળો શો?

'અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રના સ્વામી'

શબ્દો જે ઉલ્લેખ શ્રી તીર્થંકર પરમાત્મા માટે થાય છે, તેમાં 'અનંત ચારિત્ર'નો ભાવાર્થ પોતે પોતાનામાં સ્થિર રહે એટલો જ નહિ, પણ બાળકોને પણ આત્મભાવમાં સ્થિર રાખે, એવો કરવો જોઈએ. 'अरहंताणं' સૂત્રની ટીકામાં શ્રી હરિભદ્રસૂરિજીએ એ વાત સ્પષ્ટ કરી છે કે: પ્રભુ પોતે આત્મભાવમાં સ્થિર રહેવાથી જ બાળકોને તે ભાવમાં સ્થિર રાખી શકે છે.

'सिद्धेश्चोत्तरकार्यं विनियोगः।' અર્થાત્:

સિદ્ધિ પછીનું કાર્ય વિનિયોગ (બાળકોને આપવું) તે છે.

દ્વાદશાંગીનો સાર ચિત્તવિશુદ્ધિ અને ચિત્તવિશુદ્ધિ એ આત્મા છે.
જો વિપશ્ચિતોના (સર્પસોના) હૃદયમાં વિદ્યમાન ક્રોધાદિ ધર્મભેદુને ધારણ કરી શકે, તો શ્રી સિદ્ધ ભગવંતોમાં રહેલ શુદ્ધ સ્વરૂપ ધર્મભેદુને કેમ ન ધારણ કરે?

‘સુસ્થિત પરમેશ્વર’ શબ્દ બહુ જ ગૂઢ છે.
ઘણા અનુભવ પછી તે પસંદ કરવામાં આવ્યો છે.

## ચિત્તવિશુદ્ધિ અને ચિત્તમાલિન્ય

આત્મા સ્વતંત્ર છે, તેમ પરતંત્ર પણ છે.
સિદ્ધો પાસેથી જીવ ચિત્તવિશુદ્ધિનો ક્રમ પ્રાપ્ત કરે છે,
તેમાં તેમનો અનુગ્રહ એ પરતંત્રતા અને
પુરુષાર્થ એ સ્વતંત્રતા છે.
ચિત્તમાલિન્ય એ જીવતત્ત્વ પરની અજીવતત્ત્વની પકડ છે.
તેમાં પણ તે સ્વતંત્ર અને પરતંત્ર ઉભય છે.
આત્મા કર્મોને બાંધવામાં સ્વતંત્ર છે અને
ઉદય પ્રાપ્ત કર્મોને ભોગવવામાં પરતંત્ર છે.
જે કાંઈ અશુભ કર્મ થાય, તેમાં અનાદિ સ્વભાવનું દબાણ જ મુખ્ય છે. બાહ્ય નિમિત્તો તો તેમાં ગૌણ છે.
વળી જે કાંઈ શુભ કર્મો થાય છે, તે
સર્વ પરમેષ્ઠિ ભગવંતોની કૃપાથી, અનંતા સિદ્ધ ભગવંતો,

અસંખ્યાતા દ્રવ્ય અરિહંતો, વિહરમાન જિનેશ્વરો, સંખ્યાતીત સાધુ ભગવંતો, અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવેન્દ્રો, મનુષ્યો, ચક્રવર્તીઓ, નારકી, તિર્યંચો આદિના સર્વના શુભ ભાવથી અને પ્રભાવથી જે સતત તથાભવ્યત્વ વિકસે છે, તેનાથી જ સઘળાં યે શુભ કર્મ થાય છે.

શ્રી આબુજી તીર્થની આ વખતની આરાધનાથી જે બે અદ્ભુત તત્ત્વો પ્રાપ્ત થયા, તે સતતપણું તથા તથાભવ્યત્વની યથાર્થ સમજણ થઈ તે છે.

'જ્યારે પણ જીવ ઉપર અશુભનું દબાણ વધે, ત્યારે તેમાં કોઈ બાહ્ય કારણનું બળ છે' એ ભ્રમણા ભાગે છે, મુખ્ય બળ સતતપણાનું છે. શુભતત્ત્વનું જોર વધે ત્યારે તે પરમેષ્ઠિ ભગવંતો અને બાહ્યનિમિત્તોનો પ્રભાવ છે એમ જ સમજવું. બાહ્યનિમિત્તો બળવાન છે, પણ તે જીવને ઉંચે લઈ જવા માટે. નીચે પડવા બાહ્યનિમિત્તો કારણ નથી, પણ પોતે પોતાના કારણે જ પડે છે. જેમ ચઢવા માટે નિઃસરણી આવશ્યક છે પણ પડવાની ક્રિયા કોઈના આધારે થતી નથી પણ સ્વયમેવ થાય છે, તેમ જીવનું ઉર્ધ્વગમન આલંબનોથી અને જીવનું પતન સ્વયમેવ થાય છે.

ઉંચે જગતમાં આલંબન આપનાર સમગ્ર વિશ્વ છે.
તેમાં પણ ઉત્કૃષ્ટ પંચપરમેષ્ઠિ ભગવંતો છે,
તેમાં પણ મુખ્ય શ્રી સિદ્ધ ભગવંતોની સુસ્થિતતા જ છે.
શ્રી સિદ્ધ ભગવંતોનું શુદ્ધ પરિણમન
જીવાત્માને ઉત્ક્રાંતિના માર્ગે દોરી જાય છે.
એક દ્રવ્યનું પરિણમન અન્ય સકલ દ્રવ્યોના પરિણમનની
અપેક્ષા રાખે છે. શ્રી સિદ્ધ દ્રવ્યોનું પરિણમન-વિશ્વનું
ઊર્ધ્વગામી પરિણમન તેમના સ્વભાવથી જ કર્યા કરે છે.
પ્રત્યેક દ્રવ્ય-ગુણ-પર્યાયના પરિણમન ઉપર
દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અસર થયા જ કરે છે,
તેથી જીવનું ઊર્ધ્વ પરિણમન
સકલ સિદ્ધ દ્રવ્યો અને
શુદ્ધ જીવોના શુદ્ધ પરિણમનની અપેક્ષા રાખે છે.
તેઓનો અનુગ્રહ પામીને જીવનું તથાભવ્યત્વ વિકસે છે.
તથાભવ્યત્વ એ જીવનો સ્વભાવ છે અને
તેનો વિકાસ કરવો એ શુદ્ધ દ્રવ્યોનો સ્વભાવ છે.
એથી વિપરીત સહજમલ એ જીવનો સ્વભાવ છે.
તેના દબાણે વિષય-કષાયમાં ખેંચાઈ અધોગમન કરવું
એ પોતાનો જ સ્વભાવ છે એમ માનવું તે સમ્યગ્દર્શન.

એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ આ જ ગિરિરાજની યાત્રાથી થઈ,
તેથી આ વખતની યાત્રા પણ સફળ છે.

નિમિત્તો પાડનાર નથી, પણ ઉંચે ચઢાવનાર છે.
'જીવ નીચે પડે તે નિમિત્તો નહિ, પણ પોતાના કરતૂતે'
એમ માનીએ તો જ સહજમલને માન્યું કહેવાય.
'જીવ ઉંચે ચઢે છે, તે નિમિત્તોના પ્રભાવે'
એમ માનીએ તો જ તથાભવ્યત્વને માન્યું કહેવાય,
કારણ કે તથાભવ્ય નિમિત્તોને પામીને જ પરિપાક પામે છે.
પોતાની મેળે તથાભવ્યત્વનો પરિપાક નથી, જ્યારે
સહજમલ તો પોતાની મેળે જ કાર્ય કરે છે.
તથાભવ્યત્વ દ્રવ્યાદિની સહાય પામીને જ વિકસે છે.
સમગ્ર સૃષ્ટિ અને તેમાં રહેલા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવો
જીવના તથાભવ્યત્વના પરિપાકમાં પ્રતિપળ સહાય કરી
રહ્યા છે, તેથી જીવે તે તરફ કૃતજ્ઞ રહેવું જ જોઈએ.
જે કાંઈ જીવનપરિપાક અટકી રહ્યો છે, તે આ કૃતજ્ઞતાના
અભાવે અને તેના અભાવમાં કારણ સહજમલનું દબાણ છે.
સહજમલના દબાણમાંથી છૂટવા જીવનો સતત પુરુષાર્થ
હોવો જોઈએ અને સહજમલમાંથી તો જ છૂટાય કે જો
તે સમગ્ર સૃષ્ટિના ભાવો પ્રત્યે કૃતજ્ઞતા ભાવ કેળવાય.

## વિવિધ વિચારકણિકાઓ

(૧) જૈન ધર્મના સર્વ દર્શનોનું મૂળ જિનાગમ છે. તે રત્નાકરતુલ્ય છે. તેમાંથી ઉછળતા બિંદુઓ રૂપ અન્યાગમોમાં જિનાગમથી અવિરુદ્ધ જે પદાર્થો છે, તે જિનાગમ રૂપી સમુદ્રના જ બિંદુઓ છે, માટે તે પદાર્થોની અવજ્ઞા એ તો સકલ દુઃખનાં મૂલભૂત ભગવદ્ આજ્ઞાની જ અવજ્ઞા છે. અન્ય દર્શનકારોએ જે પાપાકરણ નિયમ કરેલ છે, તે શુભ ભાવરૂપ છે, તેથી અનુમોદ્ય છે અહિત ન ઈત્યાદિ.

(૨) શબ્દથી ભિન્ન હોય પણ અર્થથી અભિન્ન હોય, તો તે જિનાગમ કથિત જ ગણાય. તેમાં અરૂચિ એ આગમ કથિત અર્થોમાં અરૂચિરૂપ 'દૃષ્ટિસંમોહ' નામનો દોષ છે.

(a) અબ્રહ્મસેવનાદિ પાપોમાં અકરણ નિયમ એટલે તે પાપ જીવનમાં કદિ ન કરવાની પ્રતિજ્ઞા લેવી તે.

(b) ગ્રન્થિભેદ પછી પુનઃ એ પાપ ન થવારૂપ અકરણ નિયમ.

(c) દેશવિરતિ અને સર્વવિરતિ એ બંને ગુણસ્થાનકે પાપ અકરણ નિયમ વિશિષ્ટ-વિશિષ્ટતર હોય છે.

(d) પાપાકરણ નિયમવાળાને માટે ક્ષયરોગીનું દૃષ્ટાંત છે. નિરોગીને દુષ્કાળાદિમાં તથાપ્રકારનું ભોજન ન મળવાથી થયેલ દેહની દુર્બલતા સામગ્રીયોગે પુનઃ પુષ્ટિ કરનારી હોવાથી તે નિરનુબંધ છે.

(a) આરંભદોષ બંનેમાં સમાન હોવા છતાં
રાગાદિ હિંસાને નિર્દોષ માનવી, તે 'દૃષ્ટિસંમોહ'.
(b) અહિંસા, પ્રશમાદિ નામભેદથી ઉલ્ટી રીતે કહ્યા હોય, શબ્દભેદ હોવા છતાં અર્થભેદ ન હોય, છતાં એકને સમાચીન અને બીજાને અસમાચીન માનવા, તે 'દૃષ્ટિસંમોહ'.
(c) જિનચૈત્ય વિષયક આરંભને નિર્દોષ માનવામાં દૃષ્ટિ-સંમોહ નથી, કેમકે તેમાં તત્ત્વથી આરંભપરિવર્જન રહેલું છે.
તેમાં ફલનો ઉપભોગ નથી અને
સ્વ-પરની ભાવ આપત્તિનિવારણનો અધ્યવસાય રહેલો છે.
આગમમાં અન્યથા કહ્યું હોય પણ તેને અન્યથા સ્વીકારવું, તે 'દૃષ્ટિસંમોહ' છે, જો કે ચૈત્યોનાં રક્ષણાદિમાં તેમ નથી.
(3) કોટ્યાધિપતિ કરોડ ખર્ચીને જેવી આશયશુદ્ધિ પામે છે, તેવી જ શુદ્ધિને દરિદ્ર એક કાકિણી ખર્ચીને પામી શકે છે, તેમ વર્તમાનકાળે પણ અશઠ પ્રકૃતિવાળા સાધુઓ વર્તમાનને અનુરૂપ ધર્માચરણ કરવા દ્વારા તીર્થંકરના કાળમાં થનાર સાધુઓની જેમ મોક્ષફલવાળા ચારિત્રને ભજનારા ગણાય.
(4) આગમના એક દેશરૂપ આગમાન્તરમાં દ્વેષ ન કરવો.
આગમાન્તરના વિષયનું પ્રયત્નથી અન્વેષણ કરવું અને પ્રવચનમૂલક કે અવિરુદ્ધ પદાર્થ હોય, તે શોભન છે
નહીં તે સિવાયના અશોભન છે, એમ માનવું.

(૫) ચિત્તપ્રભવો ધર્મઃ અર્થાત્ ધર્મ ચિત્તમાં ઉત્પન્ન થનાર છે. મલ વિગમથી પુષ્ટિ શુદ્ધિવાળું ચિત્ત તે ધર્મ છે, કે જે ચિત્તથી શરીરાશ્રિત ક્રિયા સ્વરૂપ કાર્ય બને છે. વિધિ પ્રતિષેધ સ્વરૂપ ક્રિયા એ જ કાર્ય. તે કાર્ય અંગે ધર્મ.

मानसआकूतजो धर्मः, न तु सम्मूर्छनज - तुल्यक्रियामात्रं।
धर्मात् क्रियासमानाधिकरणं कार्यं भवनिर्वेदादि भवति।
समानाधिकरणं भव्यात्मनि न तु अभव्यात्मनि
इति एष लक्षणगतो धर्मो मार्गानुसारी।

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

પ્રથમ મતે વિહિતાચરણ અને નિષિદ્ધ ત્યાગરૂપ ક્રિયા, બીજા મતે ભવનિર્વેદાદિ ધર્મ છે. પહેલો મત વ્યવહારનો, બીજો નિશ્ચયનો છે. ધર્મથી ક્રિયાનો અધિકાર અને ક્રિયાથી ભવનિર્વેદાદિ કાર્ય એ બીજા મતનું તાત્પર્ય છે.

(૬) एतद्भावपरिणतौ मुक्तिः न तत्रैताः। - षोडशक १३/८

અર્થઃ આ ભાવોની પરિણતિમાં મુક્તિ છે, મુક્તિમાં ભાવ નથી.

एतासां भाव परिणतिः - विशिष्टरूप लाभः तस्यां सत्यां
अन्ते-पर्यवसाने प्रकर्षप्राप्तौ मुक्तिः निर्वृतिः,
न तत्रैताः - तस्यां मुक्तौ नैताः संभवन्ति।
सांसारिक - भावोत्तीर्णरूपत्वात् मुक्तेः। - षोडशक १३

: સ્મૃતિ :

ભાવપરિણતિ-સ્વરૂપરમાત્મ ધ્યાન અને અત્યંત પ્રકર્ષને પામે, ત્યારે મુક્તિ થાય છે. મુક્તિમાં આ ભાવનાઓ સ્વરૂપમય રહે પણ છદ્મસ્થો જેવી પ્રયત્નાધીન ન રહે.

अन्य हितयुता करुणा - सामान्येनैव प्रीतिमत्तासंबंधविकलेष्वपि सर्वेषु एव अन्येषु सत्त्वेषु केवलिनामिव भगवतां महामुनीनां सर्वानुग्रहपरायणा हितबुद्ध्या चतुर्थी करुणा। (परिशिष्ट-२)

(૭) મૈત્રીના ૪ પ્રકારો

(1) ઉપકારી - લૌકિકપ્રસિદ્ધ
(2) સ્વજન - નાલ પ્રતિબદ્ધ
(3) ઈતર - પૂર્વ પરિચિત
(4) સામાન્ય - સર્વ જીવવિષયક હિતચિંતા.

સાધુને આશ્રી ૪ પ્રકારો

(1) ઉપકારી - ગુરુ (2) સ્વજન - ગચ્છ
(3) ઈતર - સંઘ (4) સામાન્ય - વિશ્વ.

વ્યવહારથી સર્વને માટે આત્માનું વિસર્જન અને નિશ્ચયથી આત્મા માટે સર્વનું વિસર્જન એ ધર્મ બની શકે. મૈત્રીની પરિભાષા એ રીતે જ થઈ શકે.

## કરુણાના ચાર પ્રકારો

(1) મોહ - ગ્લાનને અપથ્ય દાનરૂપ
(2) અસુખ - દ્રવ્યદુઃખ
(3) સંવેગ - ભવદુઃખ.
(4) અન્ય હિત - કેવલિની જેમ સહજ કરુણા

## મુદિતાના ચાર પ્રકારો

(1) સુખમાત્ર - વૈષયિક સુખ - આતુર અપથ્ય
(2) સુખવિશેષ - હિતમિતાહારજન્ય પુષ્ટિ
(3) અનુબંધયુત - સ્વર્ગાદિની પરંપરાએ મોક્ષદાયક
(4) અવ્યાબાધ - શાશ્વતસુખ.

## ઉપેક્ષાના ચાર પ્રકારો

(1) કરુણાસારા - આતુરનું અપથ્ય સેવન
(2) અનુબંધસારા - અર્થાર્જનાદિમાં બાળક પ્રત્યે
(3) નિર્વેદસારા - કટુક વિપાકચિંતન વડે
(4) તત્ત્વસારા - પદાર્થના સ્વભાવચિંતન વડે.

વચનાનુસારી, શ્રદ્ધાવાન, સચ્ચારિત્રયુક્ત સર્વ પુરુષને અલ્પાયાસથી પરોપકાર સિદ્ધ થાય. ભગવાન યોગીને સ્વભાવથી પરોપકાર કરવાના સ્વભાવવાળું ચિત્ત હોય. અપરાધનો પરિહાર કરી જે કોઈ પુરુષ પ્રયત્ન કરે છે,

તેનો આ અભ્યાસ સિદ્ધિને પામે છે. આગમમૂલક ગુરુનો વિનય અવિરાધનાનું કારણ છે અને આગમસહિતના ગુરુપારતંત્ર્યથી અવિરાધના અથવા અપરાધ પરિહાર થાય. અપરાધ પરિહારથી મૈત્રી આદિનો અભ્યાસ સિદ્ધ થાય.

અનેક જન્મના અભ્યાસથી તે શુદ્ધ થાય છે અને શુદ્ધ અભ્યાસથી તે પરિપાક પામે છે.

(8) तत्त्वसारा-उपेक्षा-मनोरमामनोरमानां वस्तूनां परमार्थतो रागद्वेषानुत्पादकत्वेन मोहविकारसमुत्थं स्वापराधमेवाभावयतः, स्वरूप-व्यवस्थित-वस्तुषु अपराधं अपश्यतो बाह्यार्थेषु सुख-दुःखहेतुताऽनाश्रयणात् माध्यस्थ्यं अवलंबमानस्य भवति। (પરિશિષ્ટ-૩)

(9) વિવિધરૂપે મૈત્રી

(a) કૃતજ્ઞતા એ ઉપકારી પ્રત્યેની 'મૈત્રી' છે.

(b) ઉપકાર વગર સ્વજન છે એમ માનીને તેના ઉદ્ધાર કરવા રૂપ મૈત્રી તે 'સ્વજન મૈત્રી' છે.

(c) સ્વજન સંબંધ નિરપેક્ષ પૂર્વ પુરુષથી સ્વીકૃત મૈત્રી તે પરિચિત વિષયક 'ઇતર મૈત્રી' છે.

(d) પૂર્વ પ્રતિજ્ઞાત્વ નિરપેક્ષ અપરિચિત સર્વ ઉપર હિતચિંતારૂપ મૈત્રી તે 'સામાન્ય મૈત્રી' છે.

અહીં પરહિતચિંતારૂપ મૈત્રીના અધિકારી બનવા માટે પૂર્વ પ્રતિપન્નાદિ સંબંધથી આવેલ પરિચિતોના ઉધ્ધાર રૂપ મૈત્રી આવશ્યક છે અને તે મૈત્રી માટે નાળ પ્રતિબધ્ધત્વાદિ સંબંધથી આવેલ સગાંસંબંધીઓની સાથે તેમનો ઉધ્ધાર કરવા રૂપ મૈત્રી આવશ્યક છે અને તેની યોગ્યતા મેળવવા લોકપ્રસિદ્ધ વિવક્ષિત પુરુષવિષયક ઉપકારને આશ્રયી મૈત્રી જીવનમાં સૌને આવશ્યક છે.

(૧૦)બાહ્યેન્દ્રિયાણિ સંયમ્ય ય आस्ते મનસા સ્મરન્ ।
ઇંદ્રિયાર્થં વિમૂઢાત્મા મિથ્યાચારઃ સ ઉચ્યતે ॥૧॥
(પરિશિષ્ટ-૪)

૦ ચારિત્ર આંતરપરિણામ રૂપ છે અને સદનુષ્ઠાન એ બાહ્યસત્ક્રિયા સ્વરૂપ છે. ગાળ, જૂઠ તથા જ્યોતિષ ખોટું અનુષ્ઠાન એ અસદનુષ્ઠાન કે અચારુઅનુષ્ઠાન છે.

<u>આગમ તત્ત્વ</u>

પ્રત્યક્ષ અને અનુમાનથી સિદ્ધ અર્થને કહેનાર અને કહેવાયેલ અર્થ, આગમમાં પરસ્પર વિરોધ ન જ હોય. ઉત્સર્ગ-અપવાદને યોગ્ય સ્થાને રજુ કરનાર કોઈ પદાર્થને એકાંતથી નિરૂપણ ન કરનાર તથા ઐદંપર્યથી શુદ્ધ હોય છે. આત્માની સત્તા અરસ પાંચે ગતિમાં અન્વયી ચૈતન્ય.

'સત્પ્રવૃત્તિ અને કર્મનિર્જરાથી મુક્તિ.બંધમાં હિંસાદિ અને
મુક્તિમાં અહિંસાદિ કારણ છે' એમ આગમ સમજાવે છે.
'અતીન્દ્રિય પદાર્થોને જોનાર સર્વજ્ઞ ભગવંતથી કહેવાયેલ
આગમ એ પરલોકસંબંધી કર્તવ્યોમાં પ્રમાણભૂત હોય
અને પ્રવાહથી તે અનાદિ છે.' આ ઐદંપર્ય શુદ્ધિ છે.

સકલ-પ્રવચનસ્ય પ્રવચનમાત્રાંતર્ગતત્વાત્।

અર્થાત્: આખું જૈનશાસન માત્ર આગમમાં અંતર્ગત છે.
પ્રથમ વયમાં અધ્યયન આદિ, મધ્યમ વયમાં અર્થશ્રવણાદિ
તથા અંતિમ વયમાં સૌને ધર્મધ્યાન આદિ હિતકારી છે.

સદાશયવાળા ગુરુપારતંત્ર્યથી મોક્ષ મળે છે.

'આગમવચન એ સર્વસ્વ છે' એ ધર્મનું ગુહ્યવચન છે.

જેના અંતરમાં આગમ છે, તેના અંતરમાં સર્વજ્ઞ છે.
સર્વજ્ઞને અંતરમાં ધારણ કરે, તેને સર્વ અર્થની સિદ્ધિ થાય.
સર્વજ્ઞના ઉપયોગવાળો જીવ પરમાર્થથી સર્વજ્ઞ સ્વરૂપ છે.

વિષયાકારથી ઉપરક્ત મન સમાપત્તિ સ્વરૂપ છે.
એને 'સમરસાપત્તિ' કે 'સમાપત્તિ' પણ કહેવાય છે.
સમાપત્તિ = ધ્યાનવિશેષ, ધ્યાનફળ. સદ્યોગ = રત્નત્રયયોગ.
એ યોગીઓની માતા છે અને નિર્વાણરૂપ ફળપ્રદા છે.

એતદ્ યોગાત્ યોગી પરબ્રહ્મસાધકઃ।

(૨૧) પ્રણિધાનાદિ આશયોથી પુષ્ટિ અને શુદ્ધિ અનુબંધ થાય.

'सतां सर्वस्या अपि प्रवृत्तेः उपसर्जनीकृतस्वार्थ-
प्रधानीकृतपरार्थत्वात् ।'

'अधिकृतधर्मस्थानसिद्धिअनुकूल - प्रतिदिन
कर्तव्यं तद् विषयं ध्यानं प्रणिधानं ।'

'अप्रमादभावनाजनित-विजातीय प्रयत्नेन
अकालौत्सुक्येन च रहितत्वात् ।' (પરિશિષ્ટ-૫)

(૨૨) પરા = વર્ણયોગ્ય પુદ્ગલો કાયયોગથી ગ્રહણ કરીને,
પશ્યંતી = વાગ્યોગ વડે વચનરૂપે પરિણમાવીને,
મધ્યમા = મનોયોગ વડે તેનું આલંબન લઈને,
વૈખરી = વિસર્જન કરવું.

પદ્માનંદ મહાકાવ્યમાં શ્રી અમરચંદ્રસૂરિજી કહે છે કે:

सर्वे भावा यद् प्रभावात् उद्गीयन्ते जिनैरपि ।
शब्दब्रह्मस्वरूपेयं जयति श्रुतदेवता ॥१॥

અર્થ: જેના પ્રભાવે જિનેશ્વરો પણ સર્વ ભાવોને
કહેવા સમર્થ બને છે, તે આ શબ્દબ્રહ્મ સ્વરૂપ
શ્રુતદેવતા (સરસ્વતી) જયવંતી વર્તે છે.

(૨૩) નમ - નામ - બહુમાન - પ્રણામ એ સૌ સમાર્થક છે.
અબહુમાનથી પાપ અને ધર્મબહુમાનથી ધર્મની સિદ્ધિ થાય છે.

અનુદ્યમ = નિરુત્સાહ, ઉદ્યમ = ઉત્સાહ.

ગંભીર = હૃદયનું મર્મ ન પમાય. દૃષ્ટિસંમોહ = વિપરીતદૃષ્ટિ.

ધીર = સંકટમાં સ્થિર. સદ્બોધ = સદનુષ્ઠાનનો રાગ.

અમાત્સર્ય = પરપ્રશંસામાં સહિષ્ણુ,

પાપ જુગુપ્સા = થઈ ગયેલ પાપોનો ઉદ્વેગ અથવા

વર્તમાનમાં અકરણ અને ભવિષ્યમાં અકરણો.

અવિધિસેવા = આગમવચનની અપરિણતિ.

વિધિ અમૃત છે, અવિધિ વિષ છે.

સમ્યગ્યત્ન = આગમવચન પરિણતિ.

નિર્મળબોધ = શ્રુતસાર, ચિંતાસાર, ભાવનાસાર } શુશ્રૂષા અને પ્રશમગર્ભ શાસ્ત્ર સંબંધ

મૈત્ર્યાદિગુણોની પ્રાપ્તિ માટે વિષયતૃષ્ણા, ધર્મમાં અરુચિ અને ક્રોધકંડૂતિનો અભાવ આવશ્યક છે.

પુણ્યાનુબંધી પુણ્યના ઉપાયો: દાન - દયા, શીલ, વૈરાગ્ય.

દયાભૂતેષુ વૈરાગ્યં વિધિવદ્ગુરુપૂજનમ્ ।

વિશુદ્ધા શીલવૃત્તિશ્ચ પુણ્યં પુણ્યાનુબન્ધિદઃ । અર્થાત્ :

જીવો ઉપર દયા, વૈરાગ્ય, વિધિપૂર્વક ગુરુપૂજન (ગુરુભક્તિ) અને વિશુદ્ધશીલનું આચરણ એ પુણ્યાનુબંધીપુણ્ય (નાં ફળો) છે.

જિનભવન બનાવવામાં રાગ-દ્વેષરહિત પરિણામને કારણે ભાવ
હિંસા નથી. યતનાપૂર્વકનો આરંભ બીજા આરંભોથી જુદો છે.

(૧૪) બીજાના ધન વડે પુન્ય કરવાનો
ભાવ ન લેવો તે ભાવથી શુદ્ધિ કર્યાનું છે.

જેનાથી મનન, શાસન અને ત્રાણનું રક્ષણ થાય તે 'મંત્ર'.

<u>પવિત્ર આરાધના ૨ લક્ષણો</u>

<u>આગમજ્ઞ પુરુષોની ભક્તિ અને આગમાનુસારી ક્રિયા.</u>

ભાવપ્રતિષ્ઠા એ પ્રધાન પ્રતિષ્ઠા છે. એનો અર્થ છે કે ઋષભાદિ દેવતાના ઉદ્દેશથી પોતાના આત્મામાં પોતાના ભાવની જ પ્રતિષ્ઠા. વાસ્તવિકમાં પ્રતિષ્ઠા તે પોતાના ભાવનો જ બહાર ઉપચાર છે. 'સ એવ અહં।' એવો જે અભેદ ઉપચાર વડે ભાવ, તે જ ભક્તિમાન પુરુષને પૂજ્યતા પદવીને પમાડે છે. પૂજ્યદેવતામાં રહેલ વીતરાગત્વ આદિ ગુણોનું ચિત્તમાં સ્થાપન તે તેમના સ્વરૂપની સાથે સમરસાપત્તિ - સમતાપત્તિ - અભેદભાવનો હેતુ થાય છે. યોગાવંચક - સંબંધ, ક્રિયાવંચક - પ્રણામ, ફલાવંચક - ધર્મસિદ્ધિ, ઉપચાર - વિનય, સર્વોપચાર - સર્વપ્રકારો વડે વિનય. પુષ્પપૂજા, નૈવેદ્યપૂજા, સ્તોત્રપૂજા, ૧૦૦૮ લક્ષણયુક્ત દેહ, પરિષહોપસર્ગોમાં વિજય, ચારિત્ર અને કેવળજ્ઞાનાદિ ગુણો.

(૯૫) સ્મરણ કરાતો મંત્ર, સેવન કરાતો મણિ અને
અભ્યાસ કરાતી વિદ્યા અવશ્ય લાભ કરે છે.
ક્રિયામાં સ્વદયાની મુખ્યતા છે.
પડિલેહણામાં પરદયાની મુખ્યતા છે.

(૯૬) ચિંતા અને ભાવનાને સાપેક્ષ હોય તે શ્રુતજ્ઞાન સાચું.
જો નિરપેક્ષ હોય તો તે શ્રુતજ્ઞાન જ નહિ.
વળી ઔચિત્ય અને ગુરુલાઘવયુક્ત હોય તો જ સાચું,
અન્યથા મિથ્યા.
શ્રુતહિ ચિંતા કે ભાવનાજ્ઞાન ઉત્પન્ન ન જ થાય.
અહીં જ્ઞાનમાં વિધિ-યતન-વિષયતૃષ્ણાનો ઉપચાર હોય.
સમ્યગ્જ્ઞાનનું ફળ વિષયોની તૃષ્ણાનો નાશ છે.
વિષયાભિલાષાનો અતિરેક હોય,
ત્યાં એક પણ જ્ઞાન નહિ.
વિષયાભિલાષના અતિરેકવાળો સંવેગને પામે નહિ,
કેમકે તે અધ્યવસાય સંક્લિષ્ટ છે.
સંવેગ ન થાય તે અચિકિત્સ્ય છે,
શાસ્ત્ર હોવા છતાં દોષોની ચિકિત્સા માટે તે અયોગ્ય છે.
એવાને જ્ઞાન આપતો ગુરુ સિદ્ધાંતની અવજ્ઞા કરાવે છે,
તેથી અધિક દોષપાત્ર છે.

ભક્તિ, વિનય અને બહુમાનયુક્તને જ
શ્રુતલાભ આપવાથી પછીના જે લાભ મેળવી શકે છે.
રત્નત્રયસંદેશ ઈત્યાદિ આ ૩ લાભ પરમ આદરને પાત્ર છે.

(૬૭) વાક્યાર્થમાત્રનો બોધ તે શ્રુત.
શ્રુતમાં નય-પ્રમાણ કે તર્ક નહિ.
કોષ્ઠકગત ધાન્ય જેવું છે. મિથ્યાભિનિવેશરહિત છે.
ચિંતાજ્ઞાન સતર્ક છે, મહાવાક્યાર્થથી ઉત્પન્ન થયેલું હોય છે.
ઉદકમાં તૈલબિંદુની જેમ વિસર્પિ છે.
અર્થવિચારણાયુક્ત ભાવનાજ્ઞાનથી અવશ્ય પોતાનું હિત થાય છે.
તે ઐદંપર્યયુક્ત અને વિધિમાં યત્નવાળું છે.
ભાવનાજ્ઞાનથી જાણેલું તે જ ખરું જાણેલું છે. બાળ
બનેલા પતિ પ્રત્યે તેની સ્ત્રીને જેમ હિતકર પ્રવૃત્તિ હોય,
તેમ જ સર્વ ભવ્યજીવોને વિષે ભાવનાજ્ઞાનીની હોય.

૦ 'દીક્ષા' શબ્દના ૪ નિક્ષેપા
નામદીક્ષા - કીર્તિનું કારણ છે.
સ્થાપના દીક્ષા - આરોગ્યનું કારણ છે.
દ્રવ્યદીક્ષા - વ્રતોમાં સ્થિરતાનું કારણ છે.
ભાવદીક્ષા - સમ્યગ્દર્શન આદિ ગુણો શ્રુત અને ક્રિયાના
અભ્યાસનું કારણ છે. વ્રતધારી 'મહાપુરુષો' ગણાય છે.

## અધ્યયન તથા ધ્યાનમાં

પ્રથમ અભિરતિ કે તીવ્ર આસક્તિ, પછી તન્મયતા થાય છે.

વિજાતીય પ્રત્યયોથી રહિત સજાતીય પ્રત્યયોની ધારા તે એક આલંબન વિષયક હોય, ત્યારે 'ધ્યાન' કહેવાય છે.

સ્પૃશ્યતે વસ્તુ તત્ત્વં અનેન ઇતિ સ્પર્શઃ ।

અર્થાત્: વસ્તુને યથાર્થ રીતે સ્પર્શીય તે સ્પર્શ.

વસ્તુનું કાંઈક ગ્રહણ થાય તે સંવેદન માત્ર અલ્પ પ્રજ્ઞ ઉપકારને જાણે ગણે કે કૃતાકૃત વિભાગને જાણે તે 'કૃતજ્ઞ'.

(૯૮) ગુરુ એ વિનયનું મૂળ છે. સાધુ ક્રિયાને કરનાર શુદ્ધ ભાવનાઓને શીઘ્રતઃ મૈત્ર્યાદિભાવો સિદ્ધ થાય છે.

તત્પર = સાકાર જિનેન્દ્રરૂપથી પર અર્હું

મુક્તિપદસ્થ સિદ્ધ સ્વરૂપનું ધ્યાન

સર્વ કલાઓથી રહિત, તથાભવ્યત્વાદિક સાંસારિક ભાવ સ્વભાવોથી રહિત, પરમાનંદ, પરમાત્મપદ, અવિદ્યારહિત અવસ્થા, રાગાદિરહિત તત્ત્વ-સત્ત્વસ્વરૂપ, વૈશેષિકગુણ-રહિત, નિર્વાણ વિધ્યાત દીપ, પરકૃત્વવિગમ, દુઃખાંત અને ભૂતવિગમ વગેરે અનેકાનેક શબ્દો વડે વાચ્ય છે. આત્માને પરિણામીનિત્ય માન્યા વિના એ બધા ઘટે નહિ.

(૯૯) મુક્તિવાદીઓને આત્મસત્તાના વિષયમાં મતભેદ નથી,

કેમકે તેઓ પરલોકમાં જનાર ચૈતન્યરૂપ આત્માને માને છે.

આત્મા અને કર્મમાં પરિવર્તન લાવનાર

તે બેમાં રહેલ પરસ્પરના સંબંધમાં આવવાની યોગ્યતા છે.

આમ 3 તત્ત્વો થયાં : (૧) પરિણામી નિત્ય આત્મા (૨) વસ્તુ સત્ કર્મ (3) યોગ્યતારૂપ ભવ્યત્વભાવ - સહજમલ.

પ્રત્યેક જીવમાં યોગ્યતાનો ભેદ છે.

પૃથ્વી આદિ ભૂતો એ ભેદક કે અવસ્થાંતર પ્રાપક છે. તેનાથી મળતાં વૈષયિક સુખો, રાગ-દ્વેષ-મોહાદિ સંક્લિષ્ટદોષો, અસદાચારના કારણરૂપ-કારણભૂત પદાર્થો અદ્વૈતવાદમાં ન ઘટે. પદાર્થો ન માનવાથી લોકવિરોધ આવે-માનવાથી અદ્વૈત ન રહે.

બુદ્ધિરૂપ માનવાથી નામમાત્ર રહે.

રાગ-દ્વેષ-મોહ માનવા જતાં વિજ્ઞાનાદ્વૈત ન રહે.

કાલ્પનિક કહેતાં કલ્પના પણ નિર્બીજ ન હોય. વસ્તુશૂન્ય વિજ્ઞાનને કલ્પના કહેવામાં આવે તો પણ દ્વૈત થાય. કલ્પના નિર્બીજ માનતા મોક્ષ અને સંસાર પણ વસ્તુશૂન્ય બને. તેથી જીવ, કર્મ અને તથાવિધ યોગ્યતા એ ત્રણને સંસાર અને મોક્ષના કારણ માનવા જોઈએ.

(૨૦) એક દેશ આગમ શુદ્ધ નથી. ઐદંપર્ય શુદ્ધ આગમ શુદ્ધ છે. એક દેશ શુદ્ધ આગમ મૂળ આગમ નથી, બીજેથી આવેલ છે.

પર આગમોનો દ્વેષ ન કરવો, કિન્તુ સમન્વય કરવો. સજ્જન પુરુષો પરની અનુપપત્તિના પરિહારમાં તત્પર હોય છે. અન્ય આગમોનું સર્વવિષયક પ્રામાણ્ય નહિ, જિનપ્રવચનવત્ કિન્તુ તે અવિરુદ્ધ વચનપ્રામાણ્ય છે. દ્વેષ ન કરવાનું કારણ અદ્વેષ. એ અદ્વેષ તત્ત્વપ્રવૃત્તિનું પ્રથમ અંગ છે.

## તત્ત્વજ્ઞાનનાં ૮ અંગો

(1) શ્રવણ = સાંભળવું.
(2) અદ્વેષ = અપ્રીતિ પરિહાર.
(3) જિજ્ઞાસા = જાણવાની ઇચ્છા.
(4) શુશ્રૂષા = સાંભળવાની ઇચ્છા.
(5) બોધ = સાંભળેલા તત્ત્વનો અવગમ.
(6) મીમાંસા = અવગમ પછી તત્ત્વનું મનન.
(7) પ્રવૃત્તિ = તત્ત્વનિર્ણય પછીનું અનુષ્ઠાન.
(8) પ્રતિપત્તિ = મનન પછીનો ભાવશુદ્ધ તત્ત્વનિશ્ચય, અથવા તો 'આ આમ જ છે' એવો નિર્ણય.

આ રીતે તત્ત્વપ્રવૃત્તિ અષ્ટાંગી છે,
તેથી મૂળ આગમના એક દેશરૂપ

અન્ય મત ઉપર દ્વેષ ન કરવો, કિન્તુ યત્નપૂર્વક તેમાં રહેલું તત્ત્વ પણ શોધવું અને સમન્વય કરવો જોઇએ.

સં-૨૦૨૭, ફાગણ સુદ-૫

(૨૧) **પાપાનુબંધી પુન્ય**

પાપ = મિથ્યાત્વ, મોહ આદિ. પુન્ય = શાતાવેદનીયાદિ.
પાપાનુબંધી પુન્યના ઉદયકાળમાં જીવ મૂઢતાને પામેલો હોવાથી હિતાહિત કાર્યોમાં મિથ્યાત્વનું જોર વધારે હોય, તે મલિન કર્મને ઉત્પન્ન કરે છે અને પૂર્વે પેદા કરેલ પુન્યકર્મ ખલાસ થાય, ત્યારે નરકાદિ દુઃખોનો ભોક્તા બને.

(૨૨) **શુભ ઔષધ સેવન**

સંસાર ભયંકર છે. સંસારરૂપ રોગનું ઔષધ શુદ્ધ ધર્મ છે.
'શુદ્ધ ધર્મ' એટલે ઈંદ્રિય અને કષાયજય, શક્તિ મુજબ અહિંસા, વિધિપૂર્વક દાન તથા નમસ્કાર મહામંત્રનું સ્મરણ.

શુદ્ધ ધર્મની પ્રાપ્તિ ગુરુકુળવાસમાં વસવાથી થાય.
જેમ ચાણક્યના વિશ્વાસથી ચંદ્રગુપ્તને રાજ્યની પ્રાપ્તિ થઈ, તેમ ગુરુજનોના વિશ્વાસથી જીવને અનંતગણો લાભ થાય.

**કેવા રાગાદિ 'મંદ' કહેવાય?**

પરિણામે સર્વથા નાશ થઈ શકે તેવા અલ્પ રાગાદિ તે.
તેને જ 'શુદ્ધ પરિણામ' કહે છે.

**કેવા અધ્યવસાય 'શુદ્ધ' કહેવાય?**

જેમાં રાગ-દ્વેષનાં સર્વથા નાશના બીજો પડ્યાં હોય તે.

નિયત શક્તિવાળા રાગાદિ મંદ છે. અનિયત શક્તિવાળા દેખાતા મંદ હોય છતાં મંદ નથી. આસ્વાદથી રાગ-દ્વેષની મંદતા જોઈ કરણાદિ સન્નિપાતની સ્વસ્થતા થાય, તેના જેવી છે.

(૨૩) માર્ગાનુસારીપણું = તીવ્ર મિથ્યાત્વમોહનો ક્ષયોપશમ. માષતુષાદિ જટાદિ બહુશ્રુત તરીકે પ્રસિદ્ધ ન હોવા છતાં પણ અતિ તીક્ષ્ણ-સૂક્ષ્મબુદ્ધિ હોવાથી ઘણું ભણનાર સ્થૂલ બુદ્ધિવાળા પુરુષથી નહિ જણાયેલ તત્ત્વને જાણનાર હતા. તેમનું અનાભોગ મિથ્યાત્વ મોહનીય ન હતું, પણ નિબિડ શ્રુત જ્ઞાનાવરણના ઉદયજન્ય હતું. બોધમાં મોટો દોષ અનાભોગ કે સંશય કરતાં વિપર્યય છે, કેમકે તે મિથ્યાત્વ મોહનીય છે. પ્રકૃતિનો વ્યાવૃત્તાધિકાર સ્વભાવ અને પુરુષનો કુશલપ્રાપ્ત સ્વભાવ ચરમાવર્તના સામર્થ્યથી થાય છે. ભક્ત પૂજ્યનો પૂજક છે, ધર્મ વિનયનું મૂલ છે, તીર્થંકરોનું તીર્થંકરપણું સંઘપૂર્વક છે. આ જ કારણથી કૃતકૃત્ય એવા તીર્થંકરો પણ સંઘરૂપ તીર્થને નમસ્કાર કરે છે.

(૨૪) अनुविद्धमिव ज्ञानं सर्वं शब्देन भासते।

ઉક્તિ: સમગ્ર જ્ઞાનરૂપી મૌક્તિકો શબ્દરૂપી દોરાથી પરોવાયેલા હોય એમ લાગે છે. જ્ઞાનના વાહન તરીકે શબ્દનું, ભાષાનું ઘણું મહત્ત્વ છે.

(૨૫)સત્યને સમજવા જ્ઞાન અને જ્ઞાનને અભિવ્યક્ત કરવા ભાષાની જરૂર છે. આમ સત્ય, જ્ઞાન અને ભાષા એ ત્રણ વચ્ચે એકસૂત્રતા હોય છે. સત્યના સાક્ષાત્કારની ઝંખના જ્ઞાનસાધનાની પ્રેરક બને છે અને જ્ઞાનને અભિવ્યક્ત કરવાના વિચારમાંથી ભાષાની અનિવાર્યતા ઊભી થાય છે.

'વચનરતન મુખ કોટડી.'

વચનને રત્નની ઉપમા આપીને એનું બરાબર જતન અને ખાસ પ્રસંગે જ એનો ઉપયોગ કરવાનું કહ્યું છે.

(૨૬) કોઈપણ વસ્તુ ન સમજાય, ત્યારે પોતાની અલ્પતાનો એકરાર એ શ્રદ્ધાનો માર્ગ છે અને 'બાબાની ભૂલ છે' એને શોધવાનો પ્રકાર બુદ્ધિનો માર્ગ છે. શ્રદ્ધા બાબાના ગુણ જુએ-બુદ્ધિ બાબાના દોષોને શોધે છે.

(૨૭) સર્વ જીવોના ઉદયનું નામ 'સર્વોદય'. જેનાથી પ્રાણીમાત્રનો ઉદય થાય અગર જ્યાં જીવનો કેવળ સંપૂર્ણ ઉદય જ રહે, તેનું નામ 'ખરો સર્વોદય'.

આ છે અનુક્રમે ધર્મ અને મોક્ષ.

સર્વનો સમાન ઉદય તે 'ધર્મ' છે.

એકનો સંપૂર્ણ ઉદય તે 'મોક્ષ' છે.

ધર્મથી જ સુખ અને મોક્ષ છે. ધર્મ જ ખરો સર્વોદય છે.

(૨૮)કર્તૃત્વાભિમાન=રાગ-દ્વેષ, ભોક્તૃત્વાભિમાન=સુખ-દુઃખ. બંનેથી રહિત કર્મ અંતઃકરણશુદ્ધિ - જીવન્મુક્તિ આપે. ફલેચ્છાનો ત્યાગ કરવાથી અનંતગણું ફળ મળે અને કર્તાપણાનો અહંકાર છોડવાથી મોક્ષસુખ મળે છે.

सुखस्य दुःखस्य न कोऽपि दाता, परो ददातीति कुबुद्धिरेषा । अहं करोमीति वृथाभिमानः स्वकर्मसूत्रे ग्रथितो हि लोकः ॥ અર્થાત્:

સુખ-દુઃખને આપનાર કોઈ નથી. 'બીજા મને દુઃખ આપે છે' એ કુબુદ્ધિ છે. 'હું કરું છું' એ અભિમાન ફોગટ છે. સમગ્ર લોક પોતાના કર્મરૂપી દોરામાં ગુંથાયેલો છે.

(૨૯)નવકારારાધના=હેતુ, સ્વરૂપ અને ફળની વિચારણા. આ નવકારનો હેતુ જીવની અયોગ્યતાનો નાશ કરવાનો છે. પ્રકૃતિનો પુરુષ ઉપર અધિકાર તે જીવની અયોગ્યતા અને પુરુષનો પ્રકૃતિ ઉપર અધિકાર તે જીવની યોગ્યતા છે. આ નવકાર વડે પ્રકૃતિ ઉપર પુરુષનો અધિકાર સ્થાપન કરવાની સાધના થાય છે. 'નમો' પદથી પ્રકૃતિને નમાવવાનો ભાવ અભિવ્યક્ત થાય છે અને 'અરિહંતાણં' પદ વડે પુરુષનું પ્રભુત્વ સ્થાપન કરવાનું કાર્ય સાધી શકાય છે. આ નવકાર મંત્રનું સ્વરૂપ, સ્થાન, વર્ણ, અર્થ અને

આલંબન રૂપ આઠ પ્રકારો વડે સિદ્ધ થાય છે. સ્થિર આસન, પરિશુદ્ધ વર્ણોચ્ચાર, અર્થની અનુપ્રેક્ષા અને મૂર્તિનું ધ્યાન એકસાથે થવું તે આ નવકારનું સ્વરૂપ છે. આ નવકાર મંત્રનું ફળ આ લોકમાં પ્રશસ્ત એવા અર્થ અને કામ તથા આરોગ્ય અને અભિરતિની પ્રાપ્તિ છે. પરલોકમાં મોક્ષ, સુગતિ, સત્કુળ અને બોધિલાભ છે. હેતુના સ્પષ્ટ જ્ઞાનપૂર્વક થતી આ નવકારની સ્થાન, વર્ણ આદિથી કરાતી આરાધના શાસ્ત્રોક્ત ફળને આપનારી થાય જ છે.

(30) આ નવકારનું પ્રયોજન એક જ છે કે જીવની યોગ્યતા વધારવી અને અયોગ્યતા ઘટાડવી. પોતાના સિવાય બીજા કોઈના સુખનો વિચાર ન કરવો અને એ વિચારને સિદ્ધ કરવા માટે બીજાના ભોગે પોતાના સ્વાર્થને સાધવો એ જીવની અયોગ્યતા છે. તેને ટાળવા અને યોગ્યતાને વધારવા જો આ નવકારનો ઉપયોગ કરવામાં આવે, તો તે શીઘ્ર ફળદાયી બને છે. જે ભાવ પંચપરમેષ્ઠિના અંતઃકરણે રહેલો છે, તેને પોતાનો બનાવવાની બુદ્ધિ હોય, ત્યારે જ યોગ્યતાનો વિકાસ થાય. 'સર્વ જીવ સ્વરૂપથી સમાન છે' એવા જ્ઞાનપૂર્વક સર્વ માટે સમાન લાગણી ધારણ કરીને જીવવા માટે પ્રયાસ કરવાની શક્તિ મેળવવાનું સાધન આ નવકારનું પુનઃ પુનઃ સ્મરણ છે.

આ ઉદ્દેશને મુખ્ય બનાવી તેનો જાપ કે ધ્યાન કરવામાં આવે તો તેનું શાસ્ત્રોક્ત ફળ અનુભવવા ભાગ્યશાળી થવાય.

(૩૬) પાપ ઉપર દ્વેષ અને ધર્મ ઉપર રાગ કેળવવા માટેનું સર્વશ્રેષ્ઠ સાધન આ નવકાર છે. દુ:ખ ઉપરનો દ્વેષ પલટીને તેનાં કારણભૂત પાપ ઉપર અને સુખ ઉપરનો રાગ તેનાં કારણભૂત ધર્મ ઉપર લઈ જવો, તે તેનું કાર્ય છે.

દુ:ખ એ પોતાને અને પાપ બીજાને અણગમતી વસ્તુ છે.
સુખ એ પોતાને અને ધર્મ એ બીજાને ગમતી વસ્તુ છે.

## પાપ અને પુણ્યનું રહસ્ય

પોતાના દુ:ખ ઉપરનો દ્વેષ બીજાનાં દુ:ખ ઉપર અને પોતાના સુખ ઉપરનો રાગ બીજાનાં સુખ ઉપર વાળવો તે.

પાપ ત્યાજ્ય છે, કેમકે તે બીજાને દુ:ખરૂપ છે.
ધર્મ આદરણીય છે, કેમકે તે બીજાને સુખરૂપ છે.

ધર્મધ્યાન = બીજાના સુખ-દુ:ખનો વિચાર કરવો તે.
આર્તધ્યાન = પોતાના સુખ-દુ:ખનો વિચાર કરવો તે.
રૌદ્રધ્યાન = પોતાના સુખ માટે બીજાને દુ:ખ આપવું અને પોતાના દુ:ખની માટે બીજાનું સુખ લઈ લેવું તે.
મોહ = જેનાથી પોતાને સુખ થાય, તેના ઉપર રાગ હોવો.
વિવેક = જેનાથી બીજાને સુખ થાય, તેના ઉપર રાગ થવો.

જગતના સુખને માટે પોતે ખપી જવું અને જગતના
દુઃખ નિવારણ માટે પોતાના સુખનો પરિત્યાગ કરવો,
એ શુભસંકલ્પની ધારા ઉપર લઈ જનાર છે.
આ નમસ્કાર વડે એ કાર્ય સિદ્ધ થાય છે.

(૩૨) આ નમસ્કાર ચેતનરૂપી કદલીને ઉત્પન્ન થયેલું ફૂલ છે.
જે ઉત્પન્ન થતાંની સાથે મન રૂપી કેળનો અંત આવે છે.
આ નમસ્કારનું 'નમો' પદ એ અગ્નિ, પારદ, પારસ,
લોહચુંબક, દાવાનલ અને વડવાનલ છે.
દરેક સંયોગ, બનાવ, અવસ્થા, પુદ્ગલ, જીવ, કાલ, ધર્મ,
અધર્મ, આકાશ: એ સર્વને નમવું એટલે માન્ય રાખવું.
તેથી સમત્વ સ્થિર થઈને સનાતન સત્યોનો સ્વીકાર થાય છે
તથા એ જ સામાયિક રૂપી સમતા છે.
ન નમવાથી મમતા પોષાય અને નમવાથી સમતા પુષ્ટ થાય છે.
ન નમવામાં વિશ્વવિષયક અજ્ઞાન સિદ્ધ થાય છે.
નમવામાં વિવેક, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સ્વાસ્થ્ય, સમરસતા છે.

(33) 'અર્હં'નો અર્થ અર્હાર્હ સમર્પણ કરવું તે.
અર્હાર્હ = જેને સમર્પણ કરીએ, તે તેને પાત્ર છે એવી ખાત્રી.
તે ખાત્રીનો અર્થ એ કે
જે આપીએ, તેના કરતાં બદલામાં ઘણું મળે છે.

નવકાર એક સમર્થહા છે.

જેને નમીએ છીએ, તેને ગમીએ છીએ.

જેને નહિ નમતાં, તે આપણને ગમતા નહિ અને

તેઓ આપણે પણ તેમને ગમતા નહિ.

સર્વ જીવો આપણને ગમે, તો જ પંચપરમેષ્ઠિઓ પણ ગમે.
પંચપરમેષ્ઠિઓ આપણને ગમે, તો જ સર્વ જીવો પણ ગમે.
સર્વ જીવો ઉપરનો અનુરાગ એ સમ્યગ્દૃષ્ટિ જીવોના
મહાન લાક્ષણિકતા છે, એથી અનંત પુણ્યરાશિ ઉપાર્જન
થાય અને અનંત પાપરાશિ ખપે છે. જેટલા પ્રમાણમાં
પુદ્ગલ ઉપર રાગ, તેટલાં પ્રમાણમાં જીવ ઉપર અલ્પરાગ.
જીવો ઉપર અનુરાગ, તેટલાં પ્રમાણમાં પુદ્ગલ પર અલ્પરાગ.

સંયમ ઈશ્વર છે, કેમકે તેને જ આચરી શકાય,

ઈશ્વરને આચરી ન શકાય.

(૩૪) ચારિત્ર એ ધન અને જ્ઞાન એ ત્રાણ છે.
જ્ઞાનરૂપી ખડ્ગથી મોહરૂપી પાશનો છેદ કરવો તે કર્તવ્ય છે.
ક્ષુધાતુર પણ પોતાના વમન કે વિષ્ટાને ખાતો અથવા
રૂધિર કે માંસને પીતો નહિ. શરીર એક કૃતઘ્ન મિત્ર છે.
ષડાવશ્યક રૂપ સત્ક્રિયા અને દશ લક્ષણ યતિધર્મ ઉપર

પ્રેમ કરવાથી આત્મલાભની વૃદ્ધિ થાય છે.

(૩૫) આ નવકારનું પ્રયોજન અશુભભાવનો હ્રાસ (સંવર)
અને શુભભાવનો વિકાસ (નિર્જરા) છે.

વસ્તુમાત્ર અર્થક્રિયાથી વ્યાપ્ત, અર્થક્રિયા ક્રમ-યૌગપદ્યથી વ્યાપ્ત અને ક્રમ-યૌગપદ્ય અનેકાન્તાત્મકતાથી વ્યાપ્ત છે.

'એક કાળે અનેક ધર્મોથી વ્યાપ્ત વસ્તુને કોઈ
એક ધર્મવાળી જ માનવી' તે એકાન્તવાદ છે.
તેમાં ક્રમ-યૌગપદ્ય કે અર્થક્રિયા ઘટતી નથી.

(૩૬) નમો-ખમો-દમો-શમો-ગમો.

નમનક્રિયા ક્ષમા રૂપ છે, ઇંદ્રિયાનિન્દ્રિયના દમનરૂપ છે, સર્વ જીવોને સંતોષ દેનાર શમનરૂપ છે અને તેથી સર્વ જીવોને અતિપ્રિય-વલ્લભરૂપ છે, માટે પરમ ધર્મરૂપ છે.

(૩૭) મોહ એ પિતા (રાજા) છે, અજ્ઞાન એ મંત્રી અને રાગ-દ્વેષ એ સેનાની-પુત્ર છે. રાગ-દ્વેષની ઉત્પત્તિ મોહથી છે અને અજ્ઞાન એ મોહનો ઉત્તેજક-સહાયક છે, જ્યારે જ્ઞાન એ વિવેકને સહાયક છે. રાગ મમકાર-દ્વેષ અહંકારરૂપ છે. એ બંનેનો નાશ આત્મા-અનાત્માના વિવેકથી થાય છે. જ્ઞાન વિવેકને સહાયક છે. શ્રુતજ્ઞાન વડે વિવેક મેળવી અહંકાર-મમકારનો નાશ કરવો એ ધર્મ છે. ધર્મ એ વસ્તુસ્વભાવ હોવાથી આત્મા અહંકાર-મમકારરહિત છે.

(38) 'મારનારા કરતાં તારનારો મહાસમર્થ છે'
એવી લોકોક્તિ યથાર્થ છે.

ભાવથી વિશ્વના બધા જીવોની વધુમાં વધુ નિકટ રહેવાની શ્રી તીર્થંકર ભગવંતોના આત્માની અનેક જન્મોની પ્રબળતર ભાવના જ્યારે તેઓશ્રી મોક્ષમાં સિધાવે છે, ત્યારે લોકમાં સ્વભાવરૂપે કાયમ રહે છે. પોતાના અચિંતમહત્વના પ્રભાવે જ એ ભાવ ત્રિભુવનસ્વામિત્વ ભોગવતો રહે છે, તેમ જ તે ભાવ કરતાં વધારે પ્રબળ કોઈપણ અન્ય ભાવ આત્મામાં હોતો નથી, એટલે તેના અસર નીચે રહેનારા આત્મા ઉપર બહિર્ભાવ કે દુર્ભાવનું જોર ચાલતું નથી.

એક એક પ્રદેશ ઉપર દેવાધિદેવના
એ સ્વાભાવિક ભાવનું અમાપ દબાણ વર્તાય છે.

નમસ્કારની ક્રિયાથી મહાકરુણાના પ્રવાહ સાથે સંબંધ બંધાય.

જેમ પાણીમાં નાવ તરે અને આગળ વધે,
તેમ તે જીવ તરતો તરતો આગળ વધે છે.

ઉંચે આવેલો જીવ સામાન્ય પ્રયત્નથી વધુ ઉંચે જઈ શકે, પણ વધુ નીચે જવા તો તેને ખૂબ જ અશુભ ચિંતવવું પડે.

તે વિરુદ્ધ પોતે મહાકરુણાના પ્રભાવથી
અલગ ભાગ્યે જ પડી શકે.

(૩૯) દેવાધિદેવના ભક્તની પ્રેરકતા એટલે જ અચિન્ત્યશક્તિ અનંતા સિદ્ધભગવંતોના પરમભક્તની આકર્ષકતામાં રહેલા છે. એકમાં આકર્ષણ છે, બીજામાં પ્રેરકતા છે. એકની તારકતા અને બીજાની આકર્ષકતા આ બન્નેને અતુલના મોટા પર્વતો વચ્ચે દબાઈ જતો બચાવી રહી છે.

(૪૦) <u>'તાથઃકારત્વ' એટલે...</u>

ભક્ત નિકટતમત્વ, પ્રત્યેક પ્રદેશે ભક્તિ રણઝણત્વ,
આત્મભક્તનું પરમતારક વિશિષ્ટ સંગીત.

(૪૧) મનુષ્ય અને પ્રાણીમાત્રની આસપાસ ભવોભવમાં અત્યંત ભાવેલો ભવ મોટે ભાગે રહેતો જ હોય છે. તે ભવની આસક્તિ પર બનવા અને સર્વ જીવહિતકર ભક્તમાં દાખલ થવા માટે નવકારનો ભક્તિપૂર્વકનો જાપ,
એક અને અનોખું સાધન બની રહે છે.

પોતાની અંદર અને આસપાસ પોતાપણાની લાલસા છવાયેલા હોય છે, એટલે પરિભ્રમણની ધારા ઝૂક જ નીચે જાય છે અને જગતના સર્વકલ્યાણકર આ મહાછંદને ઝીલવાની બન્નેની ક્ષમતા પ્રાયઃ ઓછી થઈ જાય છે. જેમ વાજાના તારની સાથે ગાયકના હૈયાનો તાર જ્યારે એકતા સાધે છે, ત્યારે જ શ્રોતાઓને ઉંચા સંગીતનો લાભ

મળે છે, તેમ વિશ્વમાં વહેતા મહાકરુણાના શબ્દના પ્રવાહ
સાથે સાધકનું હૈયું અભેદ સાધે છે, ત્યારે જ જગતના
જાગ્રત જીવોને આત્મોદ્ધારમાં અનેરી સહાય મળી રહે છે.

(૪૨) જેમ સંતના શબ્દ કરતાં એમનું મૌન અસરમાં ચડે,
તેમ યત્ન કરતાં અયત્ન ભાવની અસર વધુ હોવાથી.
સ્વયં સદ્ગુરુ પરમાત્માની જેમ ઉંચો ભાવ સ્વભાવે જ
જીવને યોગક્ષેમનો વાહક બની રહે છે.

ભાવ નિરંતરમહત્વ એ સર્વશ્રેષ્ઠ આત્માની જગતના સર્વ
જીવોને અણમોલ પ્રસાદી છે. એ પ્રસાદ બધા જીવોને
વહેંચવાની જવાબદારી દેવાધિદેવના પરમ તારક શાસનના
અંગભૂત આત્માઓની ગણાય. તેના પાલનની ક્ષમતા અર્થે
આ નવકાર મોજુદ છે. તેની સાથેનું સગપણ ત્રિભુવનમાં
શુભ ભાવનાની સક્રિયતામાં અદ્ભુત વેગ આણે છે.

(૪૩) શુભ ભાવ સાથેનો સંબંધ બંધ થાય છે
તેની સાથે જ વિશ્વ સાથેનો સંબંધ કપાઈ જાય છે
અને જીવ પોતે પોતાના ભાવ વડે હણાય છે.
તેના અધ્યવસાયમાંનું સત્વ, મહાપાપના અશુભ ભાવ વડે
આવૃત્ત થવા માંડે છે.
તેના સજા રૂપે તેને અનેક ભવો કરવા જ પડે છે.

(૪૪)પરના હિતને અપાતા ભાવ મુજબ સ્વના વિકાસની આંતરિક ભૂમિકાનું ઘડતર અને પરનો પોતાના પ્રત્યેનો ભાવ સાર્થક થાય છે. તીર્થંકર પરમાત્મા ભાવથી જીવની ખૂબ જ નિકટમાં વિદ્યમાન હોવા છતાં જીવનો ભાવ અન્યત્ર રહે, ત્યારે તેને તે ભાવનો બહુ જ ઓછો લાભ થાય છે. ભાવથી પોતાની સાથે રહેવાનો પ્રયત્ન કરનારો આત્મા, પરમાત્માના ભાવનો કશો ખાસ લાભ ભાગ્યે જ પામે છે. હું મારી જાતને જ ઉપાડીને ફરવાના પ્રયત્નોમાં ઓતપ્રોત રહું, ત્યાં સુધી મને ઉપાડી લેવા માટે ઉત્સુક બનો મારી સામે દયાળની નજરે જોતા વિશ્વપ્રભુ બાપડું શું કરી શકે?

(૪૫)સમભાવે પોતાના ભારને સકલ વિશ્વમાં પાથરી દેનાર આત્મા નહિ પોતાના ભાવ વડે દબાતો, નહિ પરના ભાવ સંબંધની ભૂમિકા ઉપરથી નીચે ઉતરતો. બધે પોતાના આત્માના હિતના દર્શન માટે પ્રભુ બધાનું હિત ચિંતવવા વિશ્વપ્રભુ તેના પાસે બાકી કોઈ ઈલાજ રહેતો નહિ.

(૪૬)આપણા શુભની પાછળ શ્રી વીતરાગ પરમાત્માનો ઊંચામાં ઊંચો ભાવ કામ કરતો રહે છે.

તે ભાવને પ્રતાપે જ આપણે શુભ વિચાર કરી શકીએ છીએ અને શુભ કાર્યમાં સામેલ થઈ શકીએ છીએ.

શ્રી વીતરાગ પરમાત્માના આત્માનાં
જગતના બધા જીવો પ્રત્યે જે અદ્વિતીય રાગ હોય છે,
તેના પ્રભાવે જ જગતમાં દયાધર્મ પ્રવર્તે છે અને એક
જીવને બીજા જીવ પ્રત્યે પવિત્રભાવ જન્મે છે.
તેના પ્રભાવે જ જીવનની શક્તિઓ વિદ્યમાન રહે તથા
જીવનું જીવત્વ સલામત રહે છે.

(૪૭) સકલ લોકમાં દેવાધિદેવના અનુપમ
સર્વ જીવપ્રિયત્વનું જ સામ્રાજ્ય વર્તે છે.
એકે એવો પ્રદેશ ખાલી નથી,
જ્યાં મહાકરુણાની વિદ્યમાનતા ન હોય.
'યાદ કરી એટલે હાજરાહજુર' અહીંયા એ મહાકરુણાનો
નાદ સકલ વ્યોમને ભરી દે તેવો ઘુઘવાટ છે.
શ્રી નમસ્કારભાવનો વિચાર
જગતના સર્વ જીવોને અભય બળ બક્ષી જ રહેલ છે.

(૪૮) <u>ધ્યાતા</u> એટલે ઇંદ્રિયો અને મનને જીતનાર.
<u>ધ્યેય</u> એટલે યથાસ્થિત કે અકાલ્પનિક વસ્તુ.
<u>ધ્યાન</u> એટલે એકાગ્ર ચિંતન. <u>ફળ</u> એટલે સંવર-નિર્જરા.
ધ્યાન એ નિશ્ચયનયે અથવા તો
કર્તા, કર્મ, કરણ, અધિકરણ, ફળ વગેરેથી ભિન્ન નથી.

## :ધ્યાનની મુખ્ય સામગ્રીઓ:

(a) પરિગ્રહનો ત્યાગ (b) ચારે કષાયોનો નિગ્રહ
(c) વ્રતોનો સ્વીકાર (d) મન અને ઈંદ્રિયોનો વિજય.

ઉત્પથગામી ઈંદ્રિયો રૂપી ઘોડાઓને
જ્ઞાન અને વૈરાગ્યરૂપ બે રજ્જુઓ વડે રોકી શકાય છે.

સ્વાધ્યાયઃ પરમસ્તાવજ્જપઃ પંચનમસ્કૃતેઃ ।
પઠનં વા જિનેન્દ્રોક્ત શાસ્ત્રસ્યૈકાગ્રચેતસા ॥૮૦॥

અર્થઃ પંચપરમેષ્ઠિ નમસ્કારનો જાપ એ સર્વશ્રેષ્ઠ સ્વાધ્યાય છે અથવા જિનેશ્વર ભગવંતોએ કહેલા શાસ્ત્રોનું એકાગ્ર ચિત્તે પઠન કરવું તે શ્રેષ્ઠ સ્વાધ્યાય છે.

(૪૯)યથાખ્યાત ચારિત્ર ન હોવા છતાં જેમ યથાશક્ય ચારિત્ર પાળનારા સાધુ છે, તેમ શ્રુતસાગર પારગામી જ્ઞાતા ન હોવા છતાં અલ્પ શ્રુતવાળાને પણ ધ્યાનનો અધિકાર છે.

અભ્યાસના બળે જેમ મોટા શાસ્ત્રો પણ સ્થિર-દૃઢ સ્મૃતિયુક્ત થાય છે, તેમ પુનઃપુનઃ અભ્યાસ કરનારાઓને ધ્યાનની સ્થિરતા પ્રાપ્ત થાય જ છે.

સ્વસ્વરૂપનું ધ્યાન તે '<u>નિશ્ચય ધ્યાન</u>'.
પરસ્વરૂપનું ધ્યાન તે '<u>વ્યવહાર ધ્યાન</u>'.

આત્મભિન્ન ધ્યાનના અભ્યાસથી
અભિન્નધ્યાન સુગમતાથી કરી શકે છે.

(૫૦) ભય જેટલા પ્રમાણમાં ભય કે સ્વાર્થ પાછળ રોકાય,
તેટલા પ્રમાણમાં નમસ્કાર અધૂરો રહે છે.
'ભયસંજ્ઞા' એટલે ભવાભિનંદ.
'ભવાભિનંદ' એટલે સંસારમળને પુષ્ટિ.
સંસારમળ વિશ્વમાંટેના મનને પોતાની દિશામાં ખેંચે છે,
એટલે એવા જીવની આસપાસ આભામંડળનું
અતિ શ્યામલ વાતાવરણ બંધાઈ રહે છે.
ત્રણ જગતના સર્વ જીવો ભયનો ત્યાગ અપાવવા માટે
વિદ્યમાન હોવા છતાં પહેલો 'સ્વ' યાદ આવી જાય, તે
જ જિનેશ્વર દેવ ન ઓળખાયા હોવાની નિશાની છે.

(૫૧) નમો અરિહંતાણં ।

નવકારનું ધ્યાન કુંભક પ્રાણાયામ વડે નહીં,
નાભિમાં પવન અને મનને સ્થિર કરીને
કમળબંધમાં કરવામાં આવે, તો મન સુંદર રીતે બંધાય અને
'એક કુંભકમાં એક નવકાર' સુંદર રીતે થઈ શકે નહીં,
અક્ષરોમાં એકાગ્રતા અનુભવી શકાય છે.

(૫૨) આજના સુધારકોને જેમ સાધુસમાજ નિષ્ક્રિય અને
બોજારૂપ જણાય છે, તેમ અજ્ઞાનીને લોકમાં અરિહંતો
અને સિદ્ધોનું અસ્તિત્વ નિષ્ક્રિય-નિરર્થક જણાય છે.

વસ્તુતઃ સાધુઓ શિક્ષકોમાં તેઓ કરતાં વધુ સક્રિય છે, એવી જ રીતે અરિહંતો અને સિદ્ધોનું અસ્તિત્વ સાધુઓ કરતાં પણ વિશ્વભરમાં ઉત્કૃષ્ટ સક્રિય છે. ધ્યાનાભ્યાસ વિના એ સક્રિયતા અનુભવી શકાય નહિ. જેમ નાનકડાં ગામડાનો માણસ દિલ્હીના રાજભવનમાં રહેલ વડાપ્રધાન કે રાજપ્રમુખની રાજ્યના વ્યવસ્થિત સંચાલનમાં કેટલી ઉપકારકતા છે તે ન જાણી શકે, તેમ અજ્ઞાની અને અનુભવહીન પામર જીવ અરિહંતો અને સિદ્ધોના અસ્તિત્વની ઉપકારકતાને સમજ કે સ્વીકારી ન શકે.

ધ્યાનાભ્યાસી સાધકો મુમુક્ષુઓ જ તેને જાણી શકે, જોઈ શકે અને અનુભવી શકે છે.

(૫૩) જેમ પ્રીત્યાદિ ચાર અનુષ્ઠાનોમાં વિશેષ્યનું મહત્ત્વ નહિ પણ વિશેષણનું મહત્ત્વ છે, એ રીતે વચનાનુષ્ઠાનમાં અહિંસાદિને મહત્ત્વ નહિ, પણ વચનને મહત્ત્વ છે. અન્ય અનુષ્ઠાનોની જેમ પ્રતિષ્ઠામાં વચનને મહત્ત્વ તો છે જ પણ તે કરતાં ય અધિક મહત્ત્વ સર્વ ગુણોને છે. અહિંસાદિ કોઈપણ ક્રિયા અંતે વચનને પ્રાધાન્ય છે અને તે દ્વારા મુનીન્દ્ર હૃદયમાં આવે છે.

કોઈપણ ક્રિયા અંતે મુનીન્દ્રને હૃદયમાં લાવવા માટે જ છે.

અન્ય ક્રિયાઓની જેમ પ્રતિજ્ઞામાં પણ વચન તો છે જ પણ પ્રતિજ્ઞામાં પણ જેમ 'સર્વૈઃ ગુણૈઃ સ એવ અર્હં' છે,

તેવું અન્ય અહિંસાદિ ક્રિયાઓમાં નહિ.

'સર્વ ગુણ' એટલે કેવળજ્ઞાનાદિ.

આવી સમાપત્તિ અન્ય ક્રિયાઓ વખતે થતી નહિ, અન્ય ક્રિયાઓમાં વચનરૂપ એક ગુણ વડે તે થાય છે.

(૫૪) અરિહંતાદિ જીવોને તારવા માટે સ્વરૂપ સત્ છે અને જીવોના અશુભ ભાવો તેમાં પ્રતિબંધક છે. જેમ દાહ માટે અગ્નિ સ્વરૂપ સત્ છે, છતાં પ્રતિબંધક મણિ આદિ હોય તો દાહ થતો નહિ, વળી અગ્નિ પણ યોગ્ય એવા કાષ્ઠાદિને બાળી શકે પણ અયોગ્ય એવા પાષાણાદિને નહિ, તેમ અરિહંતો પણ ભવ્યને તારે, અભવ્યને નહિ. કાષ્ઠાદિ પણ અનેક પ્રકારનાં છે. કેટલાક જલ્દી બળે અને કેટલાકને બળતાં વાર લાગે, તેમ આસન્નભવ્ય અને દૂરભવ્યાદિના વિષયમાં સમજી શકાય છે. યોગ્ય એવા કાષ્ઠાદિને પણ અગ્નિ સાથે ઉચિત સંબંધ થવો જોઈએ, તેમ યોગ્ય એવા ભવ્યાદિને પણ અરિહંતાદિ સાથે રાગ-સેવ, ધ્યાન-ધ્યેયરૂપ ઉચિત સંબંધ થવો જોઈએ. અરિહંતાદિને સ્વરૂપ સત્ માનવામાં અહંકાર નાશ પામે

અને સાદ્યમાન સત્ માનવામાં અહંકાર વચ્ચે આવે છે

એટલો જ એમાં તફાવત છે.

સ્વરૂપ સત્ માનવાથી તેઓનું મૂલ્ય પુરૂં રહે છે.

સાદ્યમાન સત્ માનવાથી તેઓનું મૂલ્ય થોડું ઘટે છે.

વસ્તુતઃ આપણે અરિહંતને જાણીએ કે ન જાણીએ,

અરિહંતો તો પોતાનું તારવાનું કાર્ય કરી જ રહ્યા છે.

આપણને જે કાંઈ સમ્યગ્જ્ઞાનાદિ થાય છે,

તેમાં મુખ્યત્વે તેમનો જ પ્રભાવ કાર્ય કરી રહ્યો છે.

(૫૫) શ્રુતજ્ઞાન કરતાં ચિંતાજ્ઞાનમાં સર્વહિતાવહની

ભાવના અને પ્રવૃત્તિ અધિક હોય છે.

તે કરતાં પ્રાતિભમાં અને તે કરતાં પણ કેવળજ્ઞાનમાં

સર્વહિતાવહની ભાવના અને પ્રવૃત્તિ અધિક હોય છે.

કરૂણા ગુણ એ નિર્મળજ્ઞાન ગુણનું જ ફળ છે,

તેથી તે તેનાથી જુદી ન રહી શકે.

ભાવનાજ્ઞાન નિર્મળ જ્ઞાન હોઈ કરૂણાદિથી સમન્વિત છે.

નિર્મળ જ્ઞાન અને કરૂણા એકરૂપ છે.

એવી રીતે કેવળજ્ઞાન અતિ નિર્મળ હોવાથી

કરૂણાદિ ગુણોપેત જ હોય.

મલિન અને નિર્મળ જ્ઞાન વચ્ચે મોટો તફાવત જ એ છે કે

એટલે સર્વ જીવોનાં હિતનો આશય છે અને
જ્ઞાનમાં તેનો સદ્ભાવ છે.

જો ભાવનારૂપમાં સર્વહિતમયતા રહેલી છે, તો તેના ફળસ્વરૂપ ઉપયોગરૂપમાં તે અવશ્ય રહેલી છે, કેમકે તે પ્રધાન કરતાં અતિ પવિત્ર અને શુદ્ધ છે. એ રીતે સિદ્ધ ભગવંતોનું કેવળજ્ઞાન પણ નિર્મળ છે, તેથી તે લોકનું હિત કરે જ છે. હિંસ્ર પશુઓથી ભરપૂર વનમાં પણ જો એક જ પવિત્ર મહાત્મા હોય, તો તેમના મનની નિર્મળતાની ખ્યાતિમાત્રથી પ્રાણીઓ હિંસક ભાવને તજી દે છે. જો કે એ ત્યાગના પરિણામમાં તરતમતા હોય છે. જે લઘુકર્મી પશુઓ હોય, તેમનું વેર વધુ નાશ પામે અને બાકીઓનું અલ્પ. એવી જ રીતે સિદ્ધશિલા ઉપર સિદ્ધો વિદ્યમાન હોવાના કારણે જ ભવાટવીમાં ધર્મ થાય છે. હિંસ્ર પશુ જો એમ માને કે 'હું જ શાંત બન્યો તેમાં મહાત્માનો શો પ્રભાવ?' તો તે કથન જેમ અસત્ય છે, તેમ લોક અને સિદ્ધભગવંતોના વિષયમાં સમજી શકાય છે.

(૫૬) જેમ રેડીઓ સ્ટેશનથી શબ્દલહરીઓ
ચારે તરફ ફેંકાય છે, તેમ સિદ્ધશિલામાંથી
સિદ્ધ શક્તિઓ લોકસમસ્તમાં પ્રસરે છે.

Radioset એમ receiver છે, તેમ આપણે ધ્યાનને
receiver અને ધ્યાતાને Radioset કહી શકાય.

(૫૭)કેવળ અરિહંતો અને પંચ પરમેષ્ઠિ ભગવંતો જ
ઉપકારક અને જીવમાત્રને શરણભૂત છે એમ નહિ
પણ સમગ્ર સૃષ્ટિ મુક્તિગમન પ્રત્યે જીવમાત્રને
ઉપકારક છે, તેથી શરણભૂત છે. પરમેષ્ઠિ ભગવંતો
તો ઉપકારકતાની સમગ્રતાનું એક પ્રત્યક્ષમાત્ર છે.

(૫૮)અધ્યારોપ અને અપવાદ 'નેતિ નેતિ' દ્વારા ઉપદેશ.
'અધ્યારોપ' એટલે રજ્જુમાં સર્પની ભ્રાંતિ - અવસ્તુમાં
વસ્તુનો ભ્રમ - આરોપ. આરોપ એ સમષ્ટિ પ્રપંચ
બ્રહ્માંડનું કારણ હોવાથી તેને 'કારણ શરીર' કહે છે.
ઈશ્વર પ્રત્યેક જીવવ્યાપી હોવાથી વ્યષ્ટિ છે અને
સમસ્ત જીવવ્યાપી હોવાથી સમષ્ટિરૂપ છે.

વ્યષ્ટિ = અપકૃષ્ટ ઉપાધિ. તપ = સાધના.

નિર્ગુણ = નિરાકાર ચૈતન્ય - બ્રહ્મ. સગુણ = સાકાર ચૈતન્ય
= ભગવાન - ઈશ્વર - પ્રભુ - શાસક - પાલક - સંરક્ષક.

ઈચ્છા પછી તપશ્ચર્યાના પ્રમાણમાં ફળ મળે.
ઈચ્છા અને ઈચ્છાની સિદ્ધિ વચ્ચે
તપનું મહત્ત્વ રહેલું છે.

(૫૯)સંસ્કાર માટે માનસિક ભૂમિકા અને તેની કેળવણીની જરૂર છે. સાધક સાધનાથી સિદ્ધિ મેળવે. ઇચ્છા જન્મે પછી પોતાના ધ્યેયમાંથી ચલિત થયા વિના જે મનન કાર્યરત રહે છે, તે કાર્યનું જ નામ તપ (સાધના) છે.

અગ્નિમાં બે શક્તિઓ: સ્વાહા અને સ્વધા.
જે દોષાદિ તેને બાળી નાંખે તે 'સ્વાહા.'
જેને આધારે પોતે જલતો રહે તે 'સ્વધા.'

શાસન કરવાની-આશ્વાસન આપવાની શક્તિ વાણીમાં છે. શાસનમાં પણ ત્રાણની ટૂંક છે. બુદ્ધિનાશથી વિનાશ, ભક્તિ વડે અવિનાશ. અનાજને ઉગાડવાનું, પાણીને ખોદવાનું પણ પ્રકૃતિએ વાયુને નાકની પાસે જ રાખવાનું સર્જ્યું છે. સૂર્યમાંથી દર સેકંડે બે લાખ ટન શક્તિ જન્મે છે, જે જીવનશક્તિ ઉપરાંત તેજ અને પ્રકાશ આપે છે. જેમ માતાના દૂધથી સમૃદ્ધિ બાળકો મોટા થાય છે, તેમ સૂર્યના સ્પર્શથી આપણે જીવનમાં આગળ વધીએ છીએ.

વિષયાસક્ત નાશ પામશે, ભગવદ્ભક્ત મુક્ત થશે.

(૬૦)પાપને દૂર કરવાનો સર્વોત્તમ માર્ગ પ્રેમ છે. મનુષ્ય દેહ ક્ષણભંગુર હોવા છતાં તેના સત્કાર્યો અને શુભભાવનાઓ અનુભૂતિના સનાતન નિયમ મુજબ અવિચ્છિન્ન ચાલે છે.

Imp.

ફુંગાણુ, ફાગાણુ પદ-૨

(૫૨) જેમ શ્રી જિનમૂર્તિ શ્રી જિનેશ્વર ભગવંતનું ધ્યાન, સ્મરણ કરાવી કર્મક્ષય કરાવે છે, તેમ શ્રી જિનવચન પણ પ્રભુનું સ્મરણ કરાવીને કર્મક્ષયનું સાધન બને છે. કર્મક્ષયનું અસાધારણ કારણ આત્મજ્ઞાન, તેનું સાધન આત્મધ્યાન અને વળી તેનું સાધન જેમ જિનમૂર્તિ છે, તેમ શાસ્ત્ર અને શાસ્ત્રોક્તવિહિત અનુષ્ઠાનો પણ છે. જેમ શાસ્ત્રથી શાસ્ત્રના અર્થપ્રકાશકો સાંભરે, તેમ વિહિત અનુષ્ઠાનો વડે પણ તેઓનું સ્મરણ થાય છે.

શાસ્ત્ર, મૂર્તિ કે શાસ્ત્રોક્ત અનુષ્ઠાન

એ ત્રણે પ્રભુ સ્મરણ અને પ્રભુ ધ્યાનના હેતુભૂત છે.

શાસ્ત્ર વડે પદસ્થ, મૂર્તિ વડે રૂપસ્થ અને

શાસ્ત્રોક્ત અનુષ્ઠાનો વડે પિંડસ્થ ધ્યાન થાય છે.

એકમાં નામ, બીજામાં રૂપ અને ત્રીજામાં દ્રવ્યનું ધ્યાન થાય.

પ્રભુના ધ્યાન વડે આત્મજ્ઞાન, આત્મજ્ઞાનથી સર્વ ભાવોનું ધ્યાન થાય છે. તે ધ્યાન વડે પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા તથા સંસાર અને મોક્ષનું જ્ઞાન થાય છે, તે જ્ઞાન વડે ભવનિર્વેદ અને મોક્ષાભિલાષ પેદા થાય છે. એ રીતે આત્મજ્ઞાનનાં સાધન તરીકે જ્યારે જિનમૂર્તિ,

જિનાગમ, જિનોક્ત અનુષ્ઠાનોનું આલંબન લેવામાં આવે છે,
ત્યારે તે મોક્ષફલપ્રદ બને છે, અન્યથા સંમૂર્છિમ ક્રિયારૂપ કે
લોભ-ક્રોધ ક્રિયારૂપ બની ભવભ્રમણનો હેતુ થઈ જાય છે.

માટે જ કહ્યું છે કે:

मोक्षः कर्मक्षयादेव स चात्मज्ञानतो भवेत् ।
ध्यानसाध्यं मतं तच्च तद्ध्यानं हितमात्मनः ॥१॥
न साम्येन विना ध्यानं न ध्यानेन विना च तत् ।
निष्कंपं जायते तस्मात् द्वयमन्योऽन्य-कारणम् ॥२॥

(પરિશિષ્ટ-૬)

(૫૨) कहं चरे कहं चिट्ठे कहमासे कहं सए ।
कहं भुंजंतो भासंतो पावं कम्मं न बंधइ ॥१॥
जयं चरे जयं चिट्ठे जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो पावं कम्मं न बंधइ ॥२॥
सव्व भूअप्पभूअस्स सम्मं भूआइं पासओ ।
पिहिआसवस्स दंतस्स पावं कम्मं न बंधइ ॥३॥
पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्व संजए ।
अन्नाणी किं काही किं वा नाहीइ छेअ (सेअ) पावगं ॥४॥
सोच्चा जाणइ कल्लाणं सोच्चा जाणइ पावगं ।
उभयंपि जाणइ सोच्चा जं छेअं तं समायरे ॥५॥

(પરિશિષ્ટ-૭)

अजयं चरमाणो अ पाणभूयाइं हिंसइ ।
बंधइ पावयं कम्मं तं से होइ कडुअं फलं ॥ (परिशिष्ट-८)

(૫૩) લઘુ-મહાનિશીથ, પંચ કલ્પ ગણધર રચિત છે.
બૃહત્કલ્પ, વ્યવહાર, દશાશ્રુત ભદ્રબાહુ રચિત છે.

जं सक्कइ करइ जं न सक्कइ सद्दहइ
सद्दहमाणो जीवो पावइ सासयं ठाणं । सूक्तिः
જે શક્ય છે તે કરો. જે શક્ય નથી તેની શ્રદ્ધા કરો.
શ્રદ્ધા કરતો જીવ શાશ્વત સ્થાનને પામે છે.

(૫૪)શ્રી નવકાર એ સમ્યગ્દર્શન છે, દયાનો હેતુ છે.
ધ્યાન-સ્વાધ્યાયથી શાસ્ત્રકારની સ્તુતિ થાય છે અને દયાથી
આત્મસમદર્શિત્વ સ્થિર થાય છે, તેથી કષાય રોકાય છે,
ક્ષમાદિ ધર્મોનો લાભ થાય છે, પાપમલનું પ્રક્ષાલન થાય છે.
પરમાત્માનું ધ્યાન અને શાસ્ત્રનો સ્વાધ્યાય પરસ્પર
જોડાયેલા છે. એ બંને ક્રિયા એકસાથે જ થાય છે.
પરમાત્માનું ધ્યાન આત્મજ્ઞાનનું, આત્મજ્ઞાન કર્મક્ષયનું
અને કર્મક્ષય મોક્ષનું કારણ થાય છે.

(૫૫)વ્યવહાર એક પ્રકારનું દાન લેવાથી તેને ગ્રહનારમાં
દાનરૂચિ વધે છે. દાનોમાં શ્રેષ્ઠ દાન સન્માનનું દાન છે.
તે મન-વચન-કાયા-દશે પ્રાણો વડે પણ થઈ શકે છે.

સમર્પણામાં તેનું અંતિમ આવે છે.

પોતાના ભાવપ્રાણોનું પરમાત્માના ભાવપ્રાણ સાથે અભેદરૂપે ઐક્ય, ત્યારે નમસ્કારનું પૂર્ણ ફળ મળે છે.

(૫૬)આત્માનાં ભાવ ઉપર પોતાપણાની માન્યતાની અસર રહે, ત્યાં સુધી જીવનમાં ખરો આત્મસમભાવ જાગતો નથી. આત્મસમભાવી 'પર'ની તેમ જ પરમાત્મની આશા અને ભાવનાના માપદંડ વડે જ પોતાને માપતો રહે છે.

પોતાની સમજ વડે પોતાનું માપ કાઢવાનો ભાવ, દેહાદિકના ભાવનમસ્કારની આડે આવે છે.

ભાવની મંદતાનાં કારણો જે જાળાં અંદર બંધાઈ જાય છે, તે જીવને સ્થૂલપણામાં ખેંચે છે અને સૂક્ષ્મની અનુપમ અસરથી વંચિત રાખે છે.

(૫૭)અરિહંતોનું જીવન, સ્વરૂપ, ગુણો, ભાવના અને ઉપકારને આપણે સૌએ જીવનમાં ઉતારવા જ જોઈએ. મનગમતામાં રતિ અને અણગમતામાં અરતિ દૂર થવા જોઈએ.

અનિત્યત્વાદિ ભાવના ભાવવા અને અરિહંતાદિની ભક્તિમાં મનને વિશેષ જોડવું.

મનુષ્યભવ એ રત્નોનું નિધાન છે.

પુણ્ય = પવિત્ર ભાવના, પવિત્ર કાર્ય, તેથી પાપ શોષાય.

માનસિક પાપ હોય, ત્યાં વાચિક કે કાયિક હોય કે ન હોય,
પરંતુ જ્યાં વાચિક કે કાયિક પાપ હોય
ત્યાં માનસિક પાપ પણ મોટે ભાગે હોય જ.
માટે એ જૈન સિદ્ધાંત છે કે:
મનનું પાપ કાંતવે છે, વાણી કે કાયાનું તેટલું કાંતવે નહિ.
વચન અને કાયા પાપમાં પ્રવર્તે છતાં મન નિર્મળ છે
તેમ કહેવું એ માયા છે.
વચન અને કાયા નિર્મળ હોય તો મનમાં ક્વચિત્ પાપ
વિચાર આવે તો પણ સ્વરૂપ થઈ શકતા નહિ, પરંતુ તે
નિષ્ફળપ્રાય બની જાય છે,
તેથી વચન અને કાયાને દૃઢ રીતે ગોપવવા જોઈએ.
વળી મનનું પાપ અનવસ્થા-અબોધિનું કારણ થતું નહિ.
મિથ્યાત્વ અને વિરાધનાનો હેતુ પણ બનતું નહિ.

## વાચિક અને કાયિક પાપના ૪ દોષ

મિથ્યાત્વ, આજ્ઞાભંગ, અનવસ્થા અને વિરાધના -
આમ ચાર દોષો વાચિક અને કાયિક પાપમાં રહેલાં છે,
તેથી તે પ્રયત્નપૂર્વક વર્જવા યોગ્ય છે.
વ્રત વડે વાચિક અને કાયિક પાપ દૂર થાય છે.
સમ્યક્ત્વ અને જ્ઞાન વડે માનસિક પાપ જતાય છે.

## ત્રણ જાતના પાપો

તે કાયિક પાપો, માનસિક પાપો અને વાચિક પાપો છે.
(a) કાયિક પાપો = શરીર દ્વારા થતા હિંસા, ચોરી, જારી.
(b) માનસિક પાપો = મન દ્વારા થતા કદાગ્રહ, લોભ, મોહ.
(c) વાચિક પાપો = અસત્ય, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરૂષભાષણ.
(d) પ્રતિક્રમણ = પાછા ફરવું, ભાવોમાં પરિવર્તન લાવવું.
ભાવશલ્ય = જેની નિંદા, ગર્હણા કે આલોચના થઈ નથી
કે જેનું ગુરૂ પાસેથી પ્રાયશ્ચિત લીધું નથી તેવું પાપ.
મિ = માર્દવતા, શરીર અને મનની લઘુતા-અગુરૂતા.
પડિક્કમામિ = દિશા ફેરવવી, આત્માભિમુખ કરવી.
આત્મનિરીક્ષણ = સ્પષ્ટ આત્મ અવલોકનનું ફળ.
નિંદામિ = અનુશાસન, ટપકી - આત્માની ઝાટકણ.
ગરિહામિ = નિંદનીય કાર્ય બોજરૂપ લાગવું તથા
હલકા થવાર્થે ગુરૂ સમક્ષ પ્રગટ કરવું.
વોસિરામિ = કષાયવાળા આત્માનો ત્યાગ કરવો.

પાપનો સંબંધ હિંસાદિ દોષો સાથે છે.
દોષોનો સંબંધ પ્રજ્ઞાપરાધ સાથે છે.
તેને નિવારવા માટે
મૈત્ર્યાદિ ભાવનાઓનો અભ્યાસ સર્વોત્તમ સાધન છે.

(૫૯) ઉત્તરોત્તર ક્રમમાં ચાર ગતિના ભાવો

(1) નારકી = ભય, પરિગ્રહ, આહાર, મૈથુન.
(2) તિર્યંચ = આહાર, ભય, મૈથુન, પરિગ્રહ.
(3) મનુષ્ય = મૈથુન, પરિગ્રહ, આહાર, ભય.
(4) દેવ = પરિગ્રહ, મૈથુન, ભય, આહાર.

સંખ્યાત ગુણ અધિક હોય છે.

સોળ સંજ્ઞા એ અનુભવસંજ્ઞા. પાંચ જ્ઞાન એ જ્ઞાનસંજ્ઞા.

ઉપલબ્ધિ એટલે જાણવાની શક્તિ.

ઉપભોગ એટલે અનુભવવાની શક્તિ.

(૭૦) ચક્ષુરિન્દ્રિયાદિ વિભાગો દ્રવ્યેન્દ્રિયથી છે.

લબ્ધિથી બધા પંચેન્દ્રિય છે, ઉપયોગથી બધા એકેન્દ્રિય છે.

સ્પર્શનેન્દ્રિય - ૯ યોજન, રસનઘ્રાણ - ૯ યોજન,
શ્રોત્રેન્દ્રિય - ૧૨ યોજન, ચક્ષુરિન્દ્રિય - ૧ લાખ યોજન,
સ્વયંપ્રકાશિત ૨૧ લાખ યોજન સુધીના વિષયો ગ્રહણ કરી શકે.

જીવો પુણ મણણ પરિણામ કિરિયાવંતો ભાવમણો। અર્થાત્:
વળી જીવ મનન, પરિણામ, ક્રિયાવંત એવા ભાવમનવાળો છે.

કેવલીને સ્મરણ - ચિંતનરૂપ મનવ્યાપાર નથી.

આપણું મન મૂર્ત - અમૂર્ત ઉભયને ગ્રહણ કરે છે અને
તેને નિવૃત્તિ - ઉપકરણનાં ભેદ છે નહિ.

મતિ કરતાં શ્રુત વિશેષ સ્પષ્ટ અને વિશેષગ્રાહી છે.
દૃઢ સંકલ્પ-નિશ્ચયથી મન અશુભવૃત્તિઓમાં જતું અટકે
છે, તેથી જ વ્રત, નિયમ અને પ્રત્યાખ્યાનનો મહિમા છે.

(૭૧) વિશ્વનું આદિ કારણ શક્તિ છે.
તેનાથી જ વિશ્વવ્યવહારનું પ્રવર્તન થાય છે.
શક્તિના ૩ મુખ્ય રૂપો : સરસ્વતી, લક્ષ્મી, કાલી.
તેની ઉપાસના માટે ૧૦ મહાવિદ્યાઓ :
કાલી, તારા, ષોડશી, ભૈરવી, ધૂમાવતી,
ભુવનેશ્વરી, છિન્નમસ્તકા, બગલામુખી, માતંગી અને કમલા.
શક્તિવાદનું બીજું નામ 'દેવીઉપાસના' છે.
તેનો પ્રચાર સમસ્ત ભારતવર્ષમાં પ્રસરેલો છે.
શક્તિવાદનો આધાર તંત્રો છે.
તંત્રોનો આધાર સાંખ્ય-યોગ-વેદાંત (ઉપનિષદો) છે.
સાંખ્યની પ્રકૃતિ જ ભગવતી આદ્યશક્તિ કાલીની ઉત્પત્તિ.

(૭૨) 'શક્તિપૂજા' એટલે આત્માની શક્તિ.
નમસ્કાર મંત્રમાં શુદ્ધ આત્મશક્તિની પૂજા છે.
અરિહંત એ આત્મશક્તિનું સંપૂર્ણ પ્રતીક છે.
જ્ઞાનશક્તિ, વચનશક્તિ, આકર્ષણશક્તિ, પૂજાતિશય,
અપાયાપગમાતિશય આદિ આત્મશક્તિના જ પ્રતીકો છે.

પાયમણાવત્થે અણિણં અણુહવગમ્મંતુ સુહમાવાણં ।
અવત્તવ્વ કરંતિ ગરુઅં બુહેહિં સયમેવ વિણ્ણેયં ॥

અનુભૂતિ: આનંદ, અમૃત અને શુદ્ધભાવોનો અનુભવ ઘણા ભવોનો ક્ષય કરે છે. આ વાત જ્ઞાનીપુરુષોએ સ્વયં જાણવા.

'દર્શન' શબ્દ સમ્યક્ત્વ અર્થમાં પણ પ્રસિદ્ધ છે.

સમ્યગ્દર્શનસ્ય જ્ઞાનવિશેષરૂપત્વાત્
રુચિરૂપત્વાત્ જ્ઞાનાન્તર્ભાવાત્ અદોષઃ । (પરિશિષ્ટ-૯)

સમ્યક્ = સારું, શુભ, સુંદર, પ્રશસ્ત એ પ્રશંસાર્થમાં છે.

દર્શન = તત્ત્વદર્શન, પ્રતીતિ, રુચિ, સ્પર્શના.

બોધિ = આત્મજાગૃતિ. તત્ત્વમાં રુચિ = યથાર્થશ્રદ્ધાની બુદ્ધિ.

શુભાત્મપરિણામ વડે જિનોક્તતત્ત્વમાં શ્રદ્ધા પ્રગટે.

(૧૩) 3 પ્રકારે સમ્યક્ત્વરૂપી ધર્મરત્ન

(a) દ્રવ્યસમ્યક્ત્વ = સામાન્ય રુચિ.

(b) ભાવસમ્યક્ત્વ = પરીક્ષાપૂર્વકની રુચિ.

(c) નિશ્ચયસમ્યક્ત્વ = જ્ઞાન-દર્શન-ચારિત્રમય આત્માનો શુદ્ધ પરિણામ.

સૌએ દુઃખીની દ્રવ્યદયા - પાપીની ભાવદયા ભાવવી.
રાગ-દ્વેષ વડે પુણ્ય-પાપ બંધાય છે અને
તેનાં ફળ રૂપે સુખ-દુઃખ ભોગવાય છે.

धर्मस्य विजयो भूयात् अधर्मस्य पराभवः ।
सद्भावना प्राणभूतां भूयाद् विश्वस्य मंगलम् ।

સૂક્તિ: ધર્મનો વિજય થાઓ. અધર્મનો પરાભવ થાઓ.
જીવોની સદ્ભાવનાઓથી સમગ્ર વિશ્વનું મંગળ થાઓ.

(૭૪) ધર્મના પ્રભાવે ધરતી ટકી છે.

એક આત્માનો ધર્મ વિશ્વત્રય ઉપર
કેવી રીતે અસર કરે છે તે જ્ઞાનીગમ્ય છે.
ધર્મનો પ્રભાવ તેટલા માટે જ અચિન્ત્ય કહેવાયો છે.
દ્રવ્યકર્મનો આત્મામાં સંક્રમ અસંભવિત છે.
ભાવકર્મની અસર પ્રત્યક્ષ છે.
એકનો શુભભાવ બીજાને નિગ્રહાનુગ્રહ કરી શકતો છે.
અનુકૂળ બનનારને અનુગ્રહ નહિ,
પ્રતિકૂળ થનારને જે નિગ્રહ કરતો અશુભભાવ,
એનું જ નામ 'કર્મનો અકાટ્ય સનાતન નિયમ'.
'કર્મ સદા ધર્મને અનુસરે છે, પણ ધર્મ કદાપિ પણ
કર્મને અનુસરતો નથી.' આ વાક્યનો અર્થ એ છે કે:
વિશ્વનું સંચાલન જે કર્મના નિયમથી થઈ રહ્યું છે,
તે કર્મનો નિયમ પણ જીવના ધર્મને નહિ,
જીવની શુભાશુભ પરિણામનાં વ્યાપારને જ આધિન છે.

श्री जीरावला पार्श्वनाथ तीर्थ, 18-3-1961
सं-२०१७, चैत्र सुद १-२, शुक्र-शनि

(७५)श्री मंत्रनी दाहकशक्ति तेना विधियुक्त स्मरनारने लाभदायी अने अविधियुक्त स्मरनारने हानिकारक थाय छे, एज नियम नमस्कार धर्मशक्तिने लागु पडे छे. धर्म प्रत्ये अनुकूल भाव धरावनार भक्तने अनुग्रह अने प्रतिकूल भाव धरावनार भक्तने जे निग्रह थाय छे, तेमां साचा धर्मनी अचिन्त्य शक्ति ज कारणरूप छे. 'धर्मशक्ति'नुं शास्त्रीय नाम संवेग अने निर्वेदभाव छे.

संवेगभाव = चैतन्यतत्त्वनुं बहुमान.
निर्वेदभाव = जडतत्त्व प्रत्ये विराग.
चैतन्यतत्त्वनो मनोहर भवतो-भागतो छे.

एनुं बहुमान भक्तनी शुभगति प्रत्यक्ष छे तथा अवश्य के अपमान भक्तनी अशुभगति प्रत्यक्ष छे. मैत्री, मुदिता, करुणा अने माध्यस्थ्यभावथी भरपूर पंच-परमेष्ठि भगवंतोना बहुमानमां चैतन्यनुं बहुमान रहेलुं छे. क्रोध, मान, माया अने लोभनां उत्कृष्ट अविष्य पांच विषयोना बहुमानमां चैतन्यतत्त्वनुं अबहुमान छुपायुं छे.

विषयोनुं बहुमान ए चैतन्यनुं अबहुमान छे.

ચૈતન્યનું અનુમાન એ પાંચ વિષયોનું અનુમાન છે.
આમ કાર્ય-કારણભાવથી સમગ્ર વિશ્વ પરસ્પર જોડાયું છે.

(૭૬) आराधन्तो जन्तुगणो हितप्रवृत्तौ
एसा सा आणा, द्वादशांगमेव आणा |
भावुज्झिय-ववहारा न किंपि आराहगत्तं होइ |
भावो उ बोहिबीजं सव्वण्णुमयम्मि भोवोवि ||
-श्री धर्मपरीक्षा, गा० ३१ (પરિશિષ્ટ-૧૦)

(૭૭) निर्वाण-साधकान् योगान् यस्मात् साधयतेऽनिशम् |
समश्च सर्वभूतेषु तस्मात् साधु सदाहृतः ||१||
क्षान्त्यादि-गुणसंपन्नः, मैत्र्यादि-गुणभूषितः |
अप्रमादी सदाचारे भावसाधुः प्रकीर्तितः ||२||
- धर्मरत्न प्रकरण टीका (પરિશિષ્ટ-૧૧)

(૭૮) વિશ્વ એ કોઈ નિરર્થક અસંબદ્ધ વસ્તુઓનો આકસ્મિક રીતે સંયોજિત થયેલો વસ્તુપિંડ નથી. વૈવિધ્યમાં રહેલી એકતાનો પોતાની યોગસાધના દ્વારા કોઈ સાધક જ્યારે સાક્ષાત્કાર કરે છે, ત્યારે તેનામાં વિશ્વતત્ત્વનો આવિર્ભાવ થાય છે અને તે ભવન્મુક્ત બને છે. શક્તિ કે ક્રિયા અને શિવપ્રસાદનો આધ્યાત્મિક સમન્વય સાધવો જોઈએ.

બધી સાચી સાધનાનો પાયો સમન્વય છે.

પ્રથમ બધા ચક્રોમાંથી પસાર થઈ અને સહસ્ત્રારમાં થતાં બ્રહ્માનંદની દીપ્તિમાં તે બધાનું પૂર્ણ પ્રાગટ્ય બનવું જોઈએ. ઈડા, પિંગલા, સુષુમ્ણા અને ચિત્રાનો જ્યાં સંગમ થાય છે

અને તેમાંથી જ બ્રહ્માનંદ પૂર્ણ પ્રગટે છે.

શ્રદ્ધા = જ્ઞાન આપણું કાંઈ કરી શકે છે, એ વિશ્વાસ. વિશ્વાસમાં જ ભક્તિ જાગે. 'आराध्यत्वेन ज्ञानं भक्तिः।'

(૭૯) ભાષાજ્ઞાની ઈશ્વરને જાણતો નથી, પરન્તુ

એક તે જ જાણે છે કે જે તેને હૃદયમાં ધારણ કરે છે. બાહ્યરૂપને જોઈને વસ્તુનું સ્વરૂપ બતાવનારી ટીકા હોઈ શકે,

પરંતુ વાસ્તવમાં વસ્તુના ઉદરમાં નિહિત

ગાંભીર્યનો જ્ઞાતા જ વસ્તુનો યથાર્થ પ્રરૂપક છે.

(૮૦) સત્ય બોધ છે, સિદ્ધાન્ત નહિ.

મનનાં ભાવોને ચિત્રમાં અંકિત કરવા જેટલા કઠિન છે, તેટલા જ વાણી દ્વારા યથાર્થરૂપમાં પ્રગટ કરવા તે છે. સત્ - અસ્તિત્વ, ચિત્ - જ્ઞાન, આનંદ - પ્રશમરસપૂર્ણ. સાધારણ વ્યક્તિત્વ પૂર્ણ વ્યક્તિત્વનો અંશમાત્ર છે,

જે અધિકાંશ અવ્યક્ત રહે છે.

अणादिनिधणं णाणं सव्वण्णूहिं पवेइयं। અર્થાત્: 'જ્ઞાન અનાદિ અનંત છે' એમ સર્વજ્ઞ ભગવંત કહે છે.

## (૯) ૨૪ તીર્થંકરોના ધ્યાન - સાધના - સમાધિ

(૧) કલા = નાડીને પોતે ચડાવવી, ઇચ્છાએ ઉતારવી તે.
શાસ્ત્રોમાં કલાને એક પ્રકારની સમાધિ ગણાવાય છે.

(૨) પરમકલા = પોતાની મેળે જ નાડી ઉતરી જાય તેવું ચૌદ પૂર્વીઓનું મહાપ્રાણ ધ્યાન તે પરમકલા.

(૩) જ્યોતિ = ત્રિકાલવિષયક બાહ્યવસ્તુનું જ્ઞાન થવું તે.

(૪) પરમજ્યોતિ = દીર્ઘકાલભાવી જ્ઞાન ઉત્પન્ન થવું તે.

(૫) બિન્દુ = કર્મ ખરી પડે તેવી પરિણામ જન્માવો તે.

(૬) પરમબિન્દુ = ચોથા થી બારમા ગુણસ્થાનક સુધીનું શુક્લ ધ્યાન તથા તે ધ્યાન વડે થતો કર્મનો ક્ષય.

(૭) ध्यानं - चिन्ताभावनापूर्वकः स्थिरोऽध्यवसायः ।
द्रव्यतश्चार्त्तरौद्रे भावतस्तु आज्ञापाय-
विपाकसंस्थानविचयमिदं धर्मध्यानं ।

(८) परमध्यानं - शुक्लस्य प्रथमो भेदः
पृथक्त्व-वितर्क-सविचारम् ।

(९) शून्यं - चिन्ताया उपरमः । द्रव्यतः क्षिप्त-चित्तादिना द्वादशधा ।
भावतो व्यापारयोग्यस्यापि चेतसः सर्वथा व्यापारोपरमः ।

(१०) परमशून्यम् - त्रिभुवनविषयव्यापि चेतो विधाय
एकवस्तुविषयतया संकोच्य ततस्तस्मादप्यपनीयते ।

(પરિશિષ્ટ-૧૨)

(૧૧) નાદ = શરીરમાં થતો વાજિંત્રનાદ.

(૧૨) પરમનાદ = પ્રકટ વાજિંત્રનાદનું શ્રવણ.

(૧૩) તારા = કાયોત્સર્ગ અવસ્થિતની નિશ્ચલ દૃષ્ટિ.

(૧૪) પરમતારા = ૧૨મી પ્રતિમા, શુષ્કપુદ્ગલન્યસ્ત અનિમેષ દૃષ્ટિ.

(૧૫) લય = ચતુઃશરણરૂપ ચિત્તનિવેશ.

(૧૬) પરમલય = આત્મામાં જ આત્માની લીનતા.

(૧૭) લવ = શુભધ્યાનાનુષ્ઠાનથી કર્મનું કાપવું.

(૧૮) પરમલવ = ઉપશમ - ક્ષપકશ્રેણી.

(૧૯) માત્રા = સમવસરણાંતર્ગત સિંહાસનોપવિષ્ટ તીર્થંકરની જેમ ધર્મદેશના કરતા સ્વ આત્માને જોવો.

(૨૦) પરમમાત્રા = ૨૪ વલયોથી વેષ્ટિત સ્વાત્માને જોવો.

(૨૧) પદ = પંચપરમેષ્ઠિ પદોનું ધ્યાન.

(૨૨) પરમપદ = પંચ પરમેષ્ઠિ પદોનો આત્મામાં ન્યાસ, પરમેષ્ઠિ સ્વરૂપે સ્વ આત્માનું ચિંતન.

(૨૩) સિદ્ધિ = સિદ્ધના ૩૨ ગુણોનું ચિંતન.

(૨૪) પરમસિદ્ધિ = મુક્તના ગુણોનું આત્મામાં અધ્યારોપણ.

(૨) સૂત્રાર્થ તદુભય ભેદાત ભાવના ત્રણ પ્રકારની છે:

જ્ઞાનભાવના: જ્ઞાનાભ્યાસ વડે મતિ નિશ્ચલ બને છે તથા મનની વિશુદ્ધિ અને એકાગ્રતા સધાય છે.

દર્શન ભાવના: આત્મા, તત્ત્વ, પરમતત્ત્વરૂચિ - 3 પ્રકારે છે. આત્મારૂચિથી શંકાદિદોષરહિત થાય છે. તત્ત્વ અને પરમતત્ત્વ રૂચિથી પ્રશમગુણ અને સ્થૈર્યગુણની પ્રાપ્તિ થાય છે.

ચારિત્ર ભાવના: સર્વવિરત, દેશવિરત, અવિરત ભેદથી 3 પ્રકારે છે. અનાદિ ભવભ્રમણ ચિંતન, વિષયવૈમુખ્ય અને શરીરાશુચિતાદિના ચિંતનરૂપ વૈરાગ્ય ભાવના ત્રણ પ્રકારે હોવાથી નિઃસંગતા, નિર્ભયતા, નિરાશંસતા આવે છે.

ધ્યાન ઉપર ચઢતાને ૪ ભાવના અને
ધ્યાનથી ઉતરનારને ૧૨ અનુપ્રેક્ષાઓ હોય છે.

(3) દિવસને મંગળમય બનાવવા પ્રાતઃકાળમાં શક્રસ્તવ ઉત્તમ છે. સંપર્કમાં આવતા લોકોના ભાવોને ફેરવવાનું તે પ્રબળ સાધન છે. સત્સ્તવનામનું મહત્ત્વ યથાર્થ જ છે. વિશેષણો દ્વારા વિશેષ્યને પકડવાનો એમાં પ્રયાસ થાય છે. જેટલા વિશેષણો ભળવાથી, તેટલું વિશેષ્ય વધુ પકડાય છે. શક્રસ્તવ એક નિરૂપમ બળ-શક્તિ છે એમ અનુભવાય છે.

પ્રેમનો જે વિરોધ કરે, તેના તરફ કુદરત
અપ્રેમના આંદોલનો ફેંકે એ સ્વાભાવિક છે.

(4) તીર્થંકર પરમાત્માના ચરમ ભવની પ્રત્યેક ક્રિયા તે કલ્યાણક છે, તેમની પ્રત્યેક પ્રવૃત્તિ તે કલ્યાણક છે.

તે જાતે તેઓ સર્વ રીતે જગતનું હિત કરે છે.
તેમનું જીવન તે ભરતના જગતના સુખમાં વૃદ્ધિ કરે છે.

તીર્થંકરો સદા જ કાળમાં વિદ્યમાન હોય,
કે જ્યારે પ્રજા અનેક રીતે સમૃદ્ધ હોય.
તે ભરતની સમૃદ્ધિ અને તીર્થંકરનો પરસ્પર સંબંધ છે.

પ્રભુના ચાર અતિશયો હોય છે.
તે વડે તેમની સ્તુતિ તે યથાર્થ સ્તુતિ છે.

અતિશય = જગતના સુખમાં નિમિત્તભૂત મહાન વસ્તુ.

અપાયાપગમાતિશય: સ્વરૂપલાભરૂપ અતિશયથી પ્રભુ સૌને સુખ કરે છે. એ અતિશય સહિત જ્યાં જ્યાં પ્રભુ જાય, ત્યાં ત્યાંના સર્વ અપાયો શમી જાય.

'સર્વ જીવોના દુઃખો દૂર કરવાની ભાવનાથી
પોતાના અપાયોનો અપગમ થાય'

એ ભાવનાની શ્રેષ્ઠતા તેમને અતિશય અપાવે છે. એ અતિશયથી સહિત એવા જિનો વિદ્યમાન છે, માટે જ શાંતિ છે.

પૂજાતિશય: જિનની પૂજાથી સૌને સુખ થાય છે, એટલા માટે જ ઇંદ્રો પણ તીર્થંકરોની પૂજા કરે છે.

જ્ઞાનાતિશય: ભાવનાજ્ઞાનવાળા અવધિજિનાદિનાં પણ પ્રભુ કે નાથ હોવાથી તેઓ જ્ઞાનના અતિશયવાળા છે.

આમનું શાસન જગતને હિતકર છે,
એ તો સ્પષ્ટ જ છે કારણ કે એ વડે જ પ્રરૂપણા થાય છે.
વચનાતિશય : વચન વડે ભુવનનું પાલન કરતા હોવાથી
જગતને સુખકર છે. એ રીતે પ્રભુના ચાર અતિશયો
જગતની સુખ-સમૃદ્ધિમાં પણ નિમિત્તભૂત થાય છે.

(૫) જગતના ભિન્ન ભિન્ન મંત્રોનું ધ્યાન કરવું,
તે તત્ત્વથી નવકારની જ આરાધના છે.
ૐ હ્રીં વગેરે બધા મંત્રો વડે નવકાર જ સ્તવાય છે.

नाथ इत्यनेन तु वचनातिशयः,
नाथः - सकलसुरासुरमनुजतिरश्चां पालकः ।
पालकत्वं च सकलभुवनाभयदानसमर्थ,
समग्र - भाषापरिणामि - धर्मदेशनाद्वारेण भगवत एव ।
पालकत्वमात्रं तु स्वापत्यादेर्व्याघ्रादीनामपि संभवति ।

(પરિશિષ્ટ-૧૩)

વ્યાઘ્રાદિને પોતાના અપત્ય પ્રત્યેના પ્રેમમાં કેવળ પાલકતા છે.
પ્રેમનો અંશ ત્યાં ય છે, પણ વિશિષ્ટ પ્રકારની ધર્મદેશનાથી
સહિત એવું તે પાલકત્વ નથી. દેશના તો દ્વાર માત્ર છે.
'દ્વાર' એટલે વચનું સાધન. ખરી રીતે જોતાં તે
દ્વાર વડે આંતરિક કરુણાવૃત્તિ વ્યક્ત થાય છે.

જેમ કોઈ મહાત્મા દર્પણગત મનુષ્યના પ્રતિબિંબને મનુષ્ય માને, પણ મૂળ મનુષ્યને મનુષ્ય ન માને તે ભ્રાંતિ છે, તેમ જે શ્રુતિનું પ્રતિબિંબ દેશના છે, તેને ન માનવું તથા 'તે ઉપકારક નથી' એમ કહેવું એ પણ ભ્રાંતિ છે.

(૬)તીર્થંકરોની ધર્મદેશના વખતે દેશનાનાં આંદોલનો વડે જગતને સુખનું થવું એ જ પ્રભુનો વચનાતિશય છે.

સંઘ તે તીર્થંકર છે. તેની પ્રત્યેક વ્યક્તિમાં તીર્થંકરપણું રહેલું છે. જો એક એક તલમાં તેલ ન રહે, તો સમુદાયમાં શા રીતે આવે? સંઘનો પ્રત્યેક ઘટક તીર્થંકર છે, કારણ કે તે તીર્થને કરે છે, ચલાવે છે. તેના ચાલનામાં તેને આગળની પેઢીઓ સુધી લઈ જવામાં તે સહાયક છે. વળી શુભ ભાવ તે તીર્થ છે. તેનો કરનાર પ્રત્યેક આત્મા તીર્થંકર છે.

(૭)અરિહંતાદિ પાંચ સિવાય સર્વ પ્રાણીઓ સભય છે. અરિહંતાદિ પાંચ નિર્ભય છે, કારણ સકલ હિતાશયવાળા છે.

સભયને નિર્ભય બનાવવા માટેના પાંચ ઉપાયો છે.

o ગણધરાદિ સર્વોત્તમ યોગિપુરુષો જે વિશેષણો વડે અરિહંતને સ્તવે છે, તે સર્વ વિશેષણોથી સહિત એવું જિનેંદ્રરૂપ તે આપણા આત્મા સિવાય અન્ય નથી, એ તે વિશેષણોનું મહાન તાત્પર્ય છે.

વિભૂતિ તો ચંદ્રકળા જેવા છે, વસ્તુ તો વિશેષરૂપ પૂર્ણ ચંદ્રમા છે. આવી રીતે જોતાં અનાદિકાળથી અનંતકાળના આગમો, સ્તુતિવચનો વગેરે આપણા આત્માને જ સ્તવે - ગાય - નિનાદે - ઘોષે - ગુંજાવે - ધ્વનિત કરે છે.

<u>આત્મા અને તીર્થંકરમાં દ્વૈત નથી,</u>

<u>હતું નહિ, છે નહિ અને ભવિષ્યમાં પણ નથી.</u>

અશુદ્ધ નિશ્ચય પરમાત્માને કારણ-કાર્યરૂપે ભિન્ન માને છે. આત્મા તે કારણ છે - પરમાત્મા તે કાર્ય છે, પણ શુદ્ધમાં કાર્ય-કારણ જેવું કશું છે જ નહિ. 'પિંડ' એટલે સાકાર પરમાત્મા અને 'બ્રહ્માંડ' એટલે નિરાકાર પરમાત્મા.

(૮૮) સંસારાસક્તિ = વાસના. પ્રભુની આસક્તિ = ભાવના.

ઈશ્વરત્વને ખેંચવાનો પ્રયત્ન તે 'ભક્તિ'.

ભક્તિ વડે ભક્ત પોતાના અંતરમાં ભગવાનને શોધે છે. આત્મા જ્યારે સંસારના પદાર્થોમાં રાગાત્મક સંબંધ જોડે, ત્યારે તે પતનનું કારણ બને છે, કેમકે તેમાં મોહ છે.

મોહ પોતે એક બંધન છે.

વીતરાગ તરફ મનનું આકર્ષણ કરવા પદાર્થો પ્રત્યેની આસક્તિ ઘટાડવી જોઈએ. પદાર્થો પ્રત્યેની આસક્તિ ઘટાડવા વીતરાગ તરફ મનનું આકર્ષણ વધારવું જોઈએ.

મોહની સ્થિતિ ૬૯ કોડાકોડી ઘટે, ત્યારે આત્માને
'નમો અરિહંતાણં' જેવી ભાવના જાગે છે.
દેહાસક્તને દેહાતીતની ઉપાસના સંભવત નથી.
દેહાસક્તિ લઈને કદાચ દેહાતીતની પાસે પહોંચશે,
તો પણ તેની મોહમયી દૃષ્ટિ ભૌતિક દ્રવ્યોને જ શોધશે.
પદાર્થો પ્રત્યેનો રાગસંબંધ અનાદિકાળનો છે,
માટે તેની આસક્તિ ઘટાડવા પુષ્કળ સાધનાની જરૂર છે.
પદાર્થનો રાગ છોડવા પ્રભુમાં પ્રેમ જોડવો પડશે.
જિનેશ્વરોના ગુણોનું ચિંતન આત્મજાગૃતિ પેદા કરે છે.
ઉદ્રેક એ શુભભાવ શુદ્ધિનું કારણ બની જાય છે.
(૮) ભક્તિરૂપી નદીના પ્રવાહમાં તણાવાવાળો આત્મા
પ્રભુમય સમુદ્રમાં આપોઆપ પહોંચી જાય છે.
તપ-જપ-દાન-સ્નાન-ધ્યાનને સોડા, સાબુ, અરીઠાની ઉપમા છે,
જ્યારે ચિત્તશુદ્ધિ માટે ભક્તિને જળની ઉપમા છે.
તપ-જપની સાથે પરમાત્મગુણોમાં તન્મયતાની જરૂર છે.
કારણ તન્મયતા જ આત્માના મેલને ધોઈ શકે છે.
સૈનિકનો સંબંધ જેટલો વીરતા સાથે છે,
તેટલો ગણવેશ સાથે નથી.
વસ્ત્રો તો માટીના પૂતળાને પણ પહેરાવી શકાય.

જેમાં આત્મા બોલતો ન હોય,
એવી વસ્તુ માત્ર બહારનો આડંબર છે.
ભક્તિ અંતઃપ્રેરિત હોવી જોઈએ.

સાધના - ભક્તિમાં વસ્ત્રો અને માળાઓ એટલી ગંભીર
અસર કરતી નથી, જેટલી અંતરની તન્મયતા કરે છે.
અંતરની તન્મયતાના અભાવે સાધના નિષ્પ્રાણ બનશે,
તેમાં સચ્ચાઈ અને સજીવતાનો અભાવ હશે.
સચ્ચાઈ વિના કોઈ વસ્તુની કીમત નથી.
રેડીયમના એક તોલાની કીમત ૪ કરોડ રૂપિયા ગણાય છે.
તેનો એક કણ પણ મહાકીમતી હોય છે.
અસલ રેડીયમનો એક કણ પણ બસ છે.
નકલ એક તોલો પણ નકામો છે.
ભક્તિમાં પણ હૃદયનો રસ, સચ્ચાઈની ચમક જો ન હોય,
તો એનું પ્રમાણ ગમે તેટલું હોય, તેની કાંઈ કીમત નથી.
જે ભક્તિમાં આત્માનો અવાજ નથી, તે માત્ર દેખાવ છે.
વર્ષો સુધી જપ કર્યા, માળાઓ ફેરવી...
છતાં મનમાં પવિત્રતાનું એક કિરણ પણ ન ફૂટ્યું, કામ-
ક્રોધરૂપી દુશ્મનો ઉપર જો વિજય ન મળ્યો, એક અણુ
જેટલો પણ રાગ ઘટ્યો નહિ, તો સુવર્ણભસ્મને
બદલે પત્થરભસ્મ ખાધી અથવા અંદર કોઈ છૂપો વિકાર

હતો તે રેશનાલિઝમની શક્તિને ખાઈ ગયો. ખરી જરૂર સચ્ચાઈની, હૃદયના રસની, અંતરની નમ્રતાની છે. એ સચ્ચાઈનું જ બીજું નામ. સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય દૃષ્ટિ અને જેવી દૃષ્ટિ તેવું જ વર્તન એ હૃદયનો રસ છે. એ સચ્ચાઈ અને સહૃદયતા સાધનામાં સજીવતાને લાવે છે, પ્રાણને પૂરે છે. સચ્ચાઈ અને સહૃદયતા વિનાની સાધના, પ્રાર્થના કે ભક્તિ નિષ્પ્રાણ નિર્જીવ અને શુષ્ક છે.

વિચાર અને આચારની શુદ્ધિ એ સાધનાના ઔષધ છે.

પરેજી વિના સાધનાનું ઔષધ આત્મરોગોને મટાડવામાં કામનું નથી. માંગવું એ ભક્તિક્ષેત્રની બહારની વસ્તુ છે. ભક્તિમાં તો સમર્પણ છે. આરાધ્યની પાસે સર્વ કે સ્વનું સમર્પણ કરવાનો પવિત્રતાનો ભાવ એ જ ભક્તિ છે.

જેમ કુપથ્ય સેવન એ ઔષધ માટે ખતરનાક છે,
તેમ કુપથ્યની યાચના પણ ખતરનાક છે.
ભક્તિ વડે વિષયસુખને ઈચ્છવાનું નથી,
પણ સર્વના સુખ માટે આત્માને ભૂલી જવાનું છે.

ભક્તિના માર્ગમાં...

આત્મતુલ્યદૃષ્ટિ અને વૃત્તિ એ જ પથ્યનું સેવન છે,
સ્વાર્થવૃત્તિ-વિષયસુખની યાચના એ કુપથ્યનું સેવન છે.

## ભક્તિની પ્રકૃતિ એટલે શું?

જરૂરીયાતોનો નાશ થવો એ ભક્તિની પ્રકૃતિ છે.
'તું પ્રભુમાં તન્મય થઈ જા અને પ્રભુ તારામાં સમાઈ જાય'
એ ભક્તિની ચરમ સીમા છે.
એ માટેનું પગલું સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યભાવ છે.
કુપથ્ય એ સ્વાર્થવૃત્તિનો સદ્ભાવ છે,
તે સર્વ ઔષધિને ખાઈ જાય છે.
હનુમાને રામના ચરણે સર્વસ્વનું સમર્પણ કર્યું હતું.
મીરાંબાઈ કૃષ્ણમાં તન્મય થઈ પોતાને ભૂલી ગયાં હતાં.

## તન્મયતા એટલે શું?

પોતાની જાતને ભૂલી જવા અને ભગવાનમાં સમાવી દેવી, એનું નામ જ 'તન્મયતા' છે. આપણી જાતને ભૂલીને જ આપણે પ્રભુને આપણી બનાવી શકીએ છીએ.
જ્યાં સુધી હુંપણું રહેશે, ત્યાં સુધી દેહાધ્યાસ રહેશે.
આ દેહબુદ્ધિ જ સાધનામાં બાધક છે.
દેહાધ્યસ્ત વ્યક્તિ દેહાતીતનું ભજન કરી શકતી નથી.
તે ગમે તેવું આચરણ ભલે કરે,
પણ તેની દૃષ્ટિ તો દેહ પ્રત્યે - સ્વ પ્રત્યે જ રહેલ છે.
તેના બધા પ્રયત્નો દેહાધ્યાસ વધારનારા જ હોય છે.

## (૯૦) ભક્તના ચાર પ્રકારો

આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની.
જ્ઞાનીની ભક્તિ નિષ્કામ હોય છે.
પ્રભુમય બનવા માટે જ તે ભક્તિ કરે છે તથા
આત્માને પરમાત્મમય બનાવવાને તે ચાહે છે.
સોપાધિક ભક્તિ તેને પ્રિય છે.
તે નિરૂપાધિક ભક્તિનો ગ્રાહક હોય છે.
દુઃખમુક્તિ, પ્રયોજનસિદ્ધિ અથવા ઈશ્વરીય સ્વરૂપના
જ્ઞાન અર્થે થતી ભક્તિ એ સોપાધિક ભક્તિ છે,
કેમકે તે સ્વાર્થથી પ્રેરાયેલ છે.
તેના પાછળ મોહ પણ છે. તેમાં સ્થાયિત્વ પણ નથી.
સ્વાર્થના તંતુથી બંધાયેલા પ્રીતિનું આયુષ્ય બહુ ઓછું હોય.
તે સંસારની વૃદ્ધિ માટે થાય છે.
નિરૂપાધિક ભક્તિ આત્માની પરમાત્મા સાથે હોય છે.
તેમાં સ્વાર્થનું પોષણ નહિ, પણ શોષણ છે.
તે પવિત્રતાનો પ્રકાશ અને સાગરની ગંભીરતા સમો છે.
તે દેહને નહિ, પણ દેહાતીતને ચાહે છે.
રૂપને નહિ પણ રૂપાતીતને ઝંખે છે, તેથી તેમાં સ્થિરતા છે.
નિરૂપાધિક ભક્તિ લેવા નહિ પણ આપવા ચાહે છે.

સોપાધિક ભક્તિમાં સ્વાર્થનું મહત્ત્વ છે.

નિરૂપાધિક ભક્તિ નિઃસ્વાર્થ છે. એ ભક્તિનું ફળ, તૃષ્ણાનો નાશ, વાસનાનો ક્ષય અને ઇચ્છાદિની નિવૃત્તિ છે.

જેમ દૂધ અને છાશ એક જ વાસણમાં ન રહી શકે, તેમ ભક્તિ અને લાલસા બે એકસ્થળે રહી શકતાં નથી.

'ભક્તિથી વાસના પુરી થશે, ઇચ્છા સંતોષાશે, તૃષ્ણા સફળ થશે' આવી સમજણ એ ભક્તિનું શોષણ છે.

અહીં ભક્તિનો ક્રમ જ ઉલટાઈ જાય છે.

ભક્તિ ઈશ્વરને ઇચ્છે છે, આસક્તિ ઐશ્વર્યને.

માટે પ્રલાપ નહિ, પણ પ્રભુ જોઈએ.

ઈનામ નહિ, પણ રામ જોઈએ.

(૯)એકલી શક્તિ શયતાન - એકલી ભક્તિ ઘેલાન અને એકલું જ્ઞાન ઇન્દ્રીયા બનાવે.

શક્તિ, ભક્તિ અને જ્ઞાન મળે તો ભગવાન થવાય.

તીર્થંકરોની સ્તુતિથી આત્મબળ - શ્રદ્ધા - જ્ઞાન ત્રણે મળે.

સ્તુતિમાં હૃદયનો અવાજ અને સહૃદયતા ભળવા જોઈએ.

ભક્તિનો ઉદ્દેશ છે સદ્‌ગુણોનું ગ્રહણ.

ભક્તિથી જ જ્ઞાનની કીંમત છે.

ભક્તિશૂન્ય જ્ઞાન એ કોરો કાગળ છે.

ભક્તિ એ સત્કારની છાપ છે. રાગ ઉપર ભક્તિની છાપ લાગે, ત્યારે જ તે કીમતી બને છે. ગંદા વાસણમાં દૂધ ખરાબ થઈ જાય છે, તેમ ભક્તિશૂન્ય અંતરમાં રાગ વિકૃત બની જાય છે. ભક્તિમાર્ગમાં પ્રવેશ કરતાં જ ભગવાનની સમસ્ત આધ્યાત્મિક શક્તિઓ ઉપર ભક્તનો અધિકાર થઈ જાય છે. સસુરાલમાં જતાં જ પતિની બધી મિલ્કતનો અધિકાર પત્નીનો ય થઈ જાય છે. સાસરે પહોંચતાં નવવધૂના નામ-ગોત્ર બદલાઈ જાય છે, તેમ ભક્તિક્ષેત્રમાં પહોંચતાં સંકુચિત બુદ્ધિ અને દુર્ભાવના-ભરી વાસનાઓ પણ નાશ પામે છે. શેરડી ભલે કાળી રહે કે વાંકી, પણ તેનો રસ તો મીઠો જ રહે છે,

તેવી રીતે ભક્ત ગમે તે વય, જાત કે વંશનો રહે,

પણ તે સૌને માટે હંમેશા અર્ચનીય જ રહેશે.

(૯૨) મૌન એ વાણીનો ઉપવાસ છે, ધ્યાન એ મનનો ઉપવાસ છે, આહારનો ત્યાગ એ શરીરનો ઉપવાસ છે. ઉપવાસથી પ્રભુશક્તિનો સંચય થાય છે. પ્રભુશક્તિનો સંચય એ જ સંયમ છે અને સંયમ જ સિદ્ધિદાયક છે. ઇંદ્રિયનો નિગ્રહ, મનોજય, વાસનાક્ષય, પ્રભુવિજય એ ચાર ઉપાસનાના ફળો છે.

દર્શનશાસ્ત્ર એ બુદ્ધિની કસરત માટે નથી,
પણ ઉપાસનાની પ્રયોગશાળા માટે છે.

શ્રદ્ધા બુદ્ધિથી પર છે પણ બુદ્ધિની વિરોધી નથી.
સાત્ત્વિક શ્રદ્ધા બુદ્ધિપૂરક હોવાથી 6th sense' કહેવાય છે.
આંધળી શ્રદ્ધા આપણને પાંગળા બનાવે છે,
જ્યારે સાત્ત્વિક શ્રદ્ધા વધુ શક્તિશાળી બનાવે છે.
જ્યાં અસંયમ હોય છે, ત્યાં શક્તિ હોતી નથી.
તપ અને સંયમ ભાષણો, દલીલો કે ચર્ચાઓથી પ્રાપ્ત ન થાય.
પરિષદો કે સંમેલનો ભરવાથી પણ તે બંને આવતાં નથી.
તપ અને સંયમ મેળવવા માટે અભ્યાસની જરૂર છે.
અભ્યાસ માટે ક્રિયા-ક્રિયા માટે શ્રદ્ધાની જરૂર પડે છે.
શ્રદ્ધાપૂર્વકના સતત અભ્યાસથી સંયમ સિદ્ધ થાય છે.
બુદ્ધિને ફેંકી દેવાની નથી, પણ એની મર્યાદા આંકવાની છે.
બુદ્ધિવાદ નકામો નથી, પણ એ જ્યારે પોતાને સર્વપ્રકારની
સમજ છે એમ માને ત્યારે તે ભયાનક બને છે. સૌના
અંતરમાં એક પ્રકારે શ્રદ્ધા હોય જ છે, તેને આત્મશ્રદ્ધા,
ઈશ્વરશ્રદ્ધા કે સત્કર્મમાં શ્રદ્ધા-એમ ગમે તે નામ આપો.
(૯૩) શાંતિ અને આનંદ સત્ત્વગુણનાં સ્વાભાવિક લક્ષણો છે.
ઈર્ષ્યા = બીજાનાં ગુણો સહન ન થવા.
અસૂયા = બીજાનાં ગુણોમાં દોષારોપ કરવો.

(९४) उत्कृष्ट मैत्र्यादिथी अपायापगमातिशय, उत्कृष्ट
प्रमोदादिथी पूजातिशय, उत्कृष्ट करुणादिथी वचनातिशय
अने उत्कृष्ट उपेक्षादिथी ज्ञानातिशय उत्पन्न थाय छे.
प्रत्येक द्रव्योमां जे पण कंई वर्तमान पद्धति परिणमन
थाय छे, ते इतर सर्वद्रव्योना परिणमनने सापेक्ष छे.
(९५)'उदासीन' एटले कोई एक ज बाजु ढळे नहि, पण
मध्यस्थ रही, राग-द्वेषमां न खेंचाईने विश्वोपकार करी शके.
कह्युं छे: औदासिन्येऽपि सततं विश्व विश्वोपकारिणे।
अर्थात्: उदासीन होय ते ज विश्व उपर उपकार करे.
वळी जे परोपकारी होय, ते ज साचा वैराग्यवाळा छे.
वैराग्यमां स्वविषयक रागनुं विसर्जन छे.
ते परोपकारभाव विना न ज संभवे.
साचा वैराग्यवाळा स्वार्थने गौण बनावनारा ज होय.
तेओमां ज रक्षण करवानुं अतुल सामर्थ्य प्रगटी शके.
कह्युं छे के: 'वैराग्यनिघ्नायतायिने।'
आवा जे होय, ते परमात्मा छे. भगवान सतत उपकार
करी रह्या छे. एमनी करुणादि ज जगतने उंचे लावे छे.
भाव बधा कारणो गौण छे. 'पर' एटले परमात्मा अने
वळी 'पर' एटले भाव जगतो, जे पाछळनी धाराना जीव
आपणा जगने तरवामां सहाय करी रह्या छे तेओ पण.

પ્રાણના રક્ષક પરજીવ અને પરજીવ પ્રત્યે કરુણાભાવ એવા પરમાત્માની વિદ્યમાનતાના આધારે જ જીવનો પોતાનો પ્રયત્ન ફળીભૂત થાય છે. તેથી જ એ વાક્ય ઉચ્ચારાયું છે કે:

सर्वस्मिन् क्षेत्रे सर्वस्मिन् काले त्रिजगज्जनान् पुनन्तः।

સ્તુતિ: સર્વ ક્ષેત્રોમાં, સર્વ કાળે, ત્રણે ય જગતના જીવોને પવિત્ર કરતાં.... (અરિહંતોની ઉપાસના કરું છું.)

વર્તમાનકાળનો પ્રયોગ ત્રણે કાળને સૂચવે છે.

આમ માનવામાં ન આવે તો જીવ કોઈપણ ઉપાયથી પ્રભુ સાથે ઐક્ય સાધી શકાય નહિ.

કરોડો વર્ષ સુધી ઉગ્રતમ સાધના કરો, પણ પ્રભુની વિશ્વવ્યાપી કરુણાના દર્શન થયા વિના આપણા જીવની મુક્તિ થાય નહિ.

ભગવાનની અચિન્ત્ય શક્તિ, પ્રાણીમાત્રના દુઃખ દૂર કરવાની દયાર્દ્રતા - અનંત કરુણા હોવા છતાં ન દેખવા, ન માનવા, એ અક્ષમ્ય અપરાધ તથા ગાઢ મિથ્યાત્વમોહનો અંધકાર છે. જગતની બીજી બધી વસ્તુ કાળક્રમે ક્ષય પામે, પણ ભગવાનની કરુણા કદી પણ ક્ષય ન પામે. સંસારનું ઉર્ધ્વગામીચક્ર જે અખંડ ચાલી રહ્યું છે, તેની પાછળ પ્રભુની અખંડ રીતે વહી રહેલી કરુણાનું તત્ત્વ જ છે.

વિશ્વમાં બધું ફરે છે પણ આ કરુણાતત્ત્વ બદલાતું નથી,
તેથી જ વિશ્વવ્યવસ્થા બદલાતી નથી અને તે
સર્વ કાળે સમાન રીતે ચાલ્યા કરે છે.

(૯૬) દરેક ધર્મમાં પાંચ વસ્તુ બતાવેલી છે:
આચાર - વિચાર - યોગ - અધ્યાત્મ અને મંત્ર.
એમાં પ્રથમની ચાર વસ્તુ મંત્રમાં ગુંથાયેલી હોય છે. મંત્રના આરાધનથી આચાર - વિચાર - યોગ - અધ્યાત્મ એમ ચારેચાર વસ્તુની શુદ્ધિ આપોઆપ સધાય છે. મંત્ર ટુંકો હોવાથી તેને સહેલાઈથી આત્મસાત્ કરી શકાય. સમગ્ર ધર્મશાસ્ત્રો એ પાંચે વસ્તુના વિસ્તારરૂપ છે.
મહામંત્ર નવકાર એનું રહસ્ય છે.
એને પકડવાથી બધી ઉત્તમ આરાધનાઓ પકડમાં આવી જાય. મહામંત્ર સર્વાંગીશુદ્ધ હોવાથી તેનું સામર્થ્ય અદ્ભુત છે.

(૯૭) અશુદ્ધ નિશ્ચય પરમાત્માને કારણ અને કાર્યરૂપે ભિન્ન માને છે. આત્મા તે કારણ અને પરમાત્મા તે કાર્ય, પણ શુદ્ધ નિશ્ચયમાં કાર્ય-કારણ જેવું કશું છે જ નહિ. પિંડ = સાકાર પરમાત્મા. બ્રહ્માંડ = નિરાકાર પરમાત્મા.

(૯૮) लेश्या-विशोधनम् तदाज्ञाकरणम् | અર્થાત્: લેશ્યાની વિશુદ્ધિ કરવા તેમની = પરમાત્માની આજ્ઞાનું પાલન કરવું.

શુભ લેશ્યા, તે આસ્થા, અશુભ લેશ્યા, તે આસ્થાભંગ છે.
સુંદર (દેવલોકાદિ) - અસુંદર (નારકાદિ) એમ બંને કાર્યોનું
કારણ લેશ્યા છે. લેશ્યા ઉપર પ્રભુત્વ પરમાત્માનું છે.
પરમાત્માના અનુગ્રહ વિના શુભ લેશ્યા પ્રાપ્ત થતી નથી.

સિદ્ધાત્માનું બીજું નામ 'સુસ્થિત મહારાજા' છે.

તેમની આસ્થા સમગ્ર લોક ઉપર છે.

આત્માધિષ્ઠિત લોકમાંના દ્રવ્યો, ગુણો અને પર્યાયોના
પરિણમનને સાપેક્ષ છે.

જ્યારે આત્માને જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની પ્રાપ્તિ છે
તેથી જુદાં દ્રવ્યાદિની પ્રાપ્તિ થતાં જ પરિણમન બદલાય છે.
દ્રવ્યાદિમાં પરની અનુરોધે પ્રતિક્ષણ સૂક્ષ્મ પરિવર્તન છે.
(બ) સર્વ દ્રવ્યોના સર્વ ગુણ - પર્યાયો કરતાં કેવળજ્ઞાનના
પર્યાયો અનંત છે. એવું કેવળ જ્ઞાન છે, જે રીતે એમના
જ્ઞાનમાં જગતનું પરિણમન દેખાય છે, તે જ રીતે જગત
પરિણમે છે એ પણ એક અપેક્ષા છે. ઈશ્વરવાદીઓ
જગતનિર્માણમાં જ્ઞાન, ઈચ્છા અને કૃતિ ત્રણ માને છે.
જૈનો જ્ઞાનને જ કારણ માને છે, ઈચ્છા અને કૃતિને નહિ.
એ જ્ઞાન જ એટલું બધુ બળવાન છે કે આ જગતને
પરિણમાવવા તેની સાથે ઈચ્છા કે પ્રયત્નની જરૂર જ નહિ.

શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે કે:

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ: પરમાત્મશાસનની ૪ રાજનીતિ છે.
એ રાજનીતિનો લોપ ચેતન કે અચેતન પદાર્થ કરતો નથી.
જગત રાજાની આજ્ઞા કોઈ માને કોઈ ન માને પણ
ભગવતી જિનાજ્ઞાને તો સર્વ પદાર્થો સહજ રીતે અનુસરે છે,
એથી જગતના પરિણમનનો મૂલાધાર શ્રી સિદ્ધ ભગવંતોનું
જ્ઞાનાદિરૂપે પરિણમન છે. એ જ પરમેશ્વરાનુગ્રહ છે.
એ પરિણમનની અસરોથી જ જગતનાં કાર્યો થાય છે.

એ જૈન શાસનની વિશિષ્ટતા છે કે:

સિદ્ધ થયા પછી ય પરિણમનની અસરોથી પર થવા માટે
સિદ્ધ ભગવંતોને પણ અકાંતની જરૂર પડે છે.

(૧૦૦) શ્રી સિદ્ધર્ષિગણિજી કહે છે કે:

'પ્રભુની આજ્ઞા અનાદિ, અનંત, સુપ્રતિષ્ઠિત,
અનુલ્લંઘનીય, નિશ્ચલ, સહજ પાલનીય, પરમહિતકર છે.'
વિચાર કરતાં લાગે કે આજ્ઞા એક સનાતન વિશ્વનિયમ છે.
શ્રી તીર્થંકર ભગવંતના શબ્દો આજ્ઞાના હેતુ, સ્વરૂપ અને
ફળને સમજાવવા માટે છે. તે વચનો પોતે આજ્ઞા નથી.
આજ્ઞા તો વચનોનો અર્થ છે.
ઉપચારથી વચનને 'આજ્ઞા' કહેવામાં આવે છે.

૨૨-૦૪-૧૯૯૨

## સઘળા ભાવો સ્વપ્નોપમ જગની

સકળ અસ્તિત્વના વિસ્તારમાં ઉપકારભૂત થયા જ કરે છે. તેમાં પણ આ સિદ્ધાત્મા મુખ્ય છે. તેથી જ કહેવાય છે કે 'ભગવાન સર્વનું સર્વદા ભલું કરી રહ્યા છે.' આપણે તેમ માનતા નથી, તે જ આપણી અનાદિની સકળ અકૃતજ્ઞતા છે. તે અકૃતજ્ઞતામાંથી મુક્ત થવા કૃતજ્ઞતા ભાવ કેળવવો.

તે માટેનો મહામંત્ર આ નવકાર છે.

એક 'નમો અરિહંતાણં' પદથી સમગ્ર વિશ્વ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવી સર્વનો ઉપકાર સ્વીકારાય છે, તેથી સકળ રક્ષા-ભાવાત્મ્ય ભાવ આપોઆપ વિકસે છે, માટે તે મહામંત્ર છે. જગની ઉત્ક્રાંતિ માટે નવકાર મહારહસ્ય-મહાગોપ્ય છે. ખૂબ રટણ કરવા લાયક છે. પુનઃપુનઃ તેના રટણ અને સ્મરણ વડે જ તે મહાન જડીબુટ્ટીની રક્ષા થઈ શકે છે.

(૨૦૧)લેશ્યા વિશુદ્ધિ એ પ્રભુની આજ્ઞા છે. જે સાધન વડે તે થાય, તે સાધનનું અનુષ્ઠાન તે પ્રભુની આજ્ઞા છે. મલિન દર્પણની અશુદ્ધિ જેમ રાખ ઘસવાથી દૂર થાય છે, તેમ સકળમલના કલ્મષે જીવમાં ઉદ્ભવતી રાગ-દ્વેષની તીવ્ર ચીકાશ કૃતજ્ઞતાદિ મંગળ ભાવોથી દૂર થાય છે.

જે જે ઉપાય વડે જીવની સ્નિગ્ધતા દૂર થાય અને રાગ-દ્વેષની ચીકાશ ટળે, તે તે બધા ઉપાય રૂક્ષ ગુણના સ્થાને છે. તેમાં બ્રહ્મચર્ય, પરોપકૃતિ, કૃતજ્ઞતાદિ ઉપાયો મુખ્ય છે. દેવ-ગુરુની ભક્તિ, દીન-અનાથની અનુકંપા, ઉપકારી કૃતજ્ઞતા વગેરે ઉપાયો લેશ્યાની વિશુદ્ધિના હેતુ છે. તે બધામાં મુખ્ય કૃતજ્ઞતાભાવ છે અને તે ભાવને ભાવિત કરવા માટે અરિહંત પદને વારંવાર નમસ્કાર છે.

(૧૦૨) અનાદિકાલીન યોગ્યતા - અયોગ્યતા

બહારના આલંબનો ગમે તેવા હોય પણ જો મારામાં જ પતન પામવાની, તેમાં લેપાઈને અશુભ ધ્યાન કરવાની અનાદિકાલીન સહજ - અકૃત્રિમ યોગ્યતા ન હોત, તો તે આલંબનો મને કદી પણ પતનનું કારણ ન થાત, હું પણ વીતરાગી બનત. જે અશુભ ધ્યાન જાગે છે, તેમાં બાહ્ય-નિમિત્તોની અપેક્ષાએ તેની અસર તળે આવવાની મારી અનાદિસિદ્ધ અયોગ્યતા જ કારણભૂત છે. આ શુદ્ધ વિચાર છે. એ જ રીતે મારામાં મુક્તિ પામવાની યોગ્યતા ગમે તેટલી હોત પણ બાહ્ય આલંબનો ઉચ્ચાવચ મને ન મળત તો મારી યોગ્યતાનો પરિપાક મોડો જ થવાનો હતો? તેથી મારી યોગ્યતાના વિકાસમાં બાહ્ય નિમિત્તો અસાધારણ કારણ છે.

માટે મારે તેનો ઉપકાર માની અને ગુણ લેવો જોઈએ.
પતન પરિણામમાં મારે મારી અયોગ્યતાને જોવી જોઈએ.
ઉંચે જવામાં મારે બાહ્યઆલંબનોનો ઉપકાર લેવો જોઈએ.
આ દૃષ્ટિ શુદ્ધ છે કે મારો અપકાર મારાથી જ થાય અને
મારો ઉપકાર મારા સિવાય બાહ્યની સહાયથી જ થાય છે.
હું નીચે પડું છું તેમાં હું એકલો જ કારણ છું તથા હું
ઉંચે ચડું છું તેમાં મારા વિના અનેક આલંબનો કારણ છે,

એમ માનવાનું મૂળ કારણ એ છે કે જીવ પોતે
અનાદિકાળથી કર્મના ભારથી ભારે છે જ, તેથી પતનમાં તે
ભાર કારણ છે. તે કર્મનો ભાર બાહ્યના કારણે નથી, પણ
પોતાના જ કારણે છે, એમ 'સ્વભાવ' શબ્દ કહે છે.
ભારે જીવ પણ ઉંચે આવે છે, તેમાં તેને આલંબનની
જરૂર છે. એ મળે તો જ તેના સહાયથી તે ઉંચે જઈ શકે.

તેથી ઉંચે જવામાં પોતાની યોગ્યતા ઉપરાંત
બીજાની સહાયનો ઉપકાર સ્વીકારવો જોઈએ અને
એનું જ નામ 'કૃતજ્ઞતાભાવ' છે.

પર પ્રત્યે કૃતજ્ઞ અને સ્વપ્રત્યે કઠોર રહેવું જોઈએ,
તેથી જ મહાપુરુષો સ્વ પ્રત્યે વજ્રથી પણ કઠોર રહે છે
અને પર પ્રત્યે કુસુમથી પણ કોમળ રહે છે.

ઉપકારને સ્વીકારવો એ ચિત્તવિશુદ્ધિ છે,
ન સ્વીકારવો એ ચિત્તમાલિન્ય છે.
જળ જો ઉપકાર સ્વીકારતો નથી તો નીચે પડે છે અને
જો સ્વીકારે છે, તો ઉપર આવે છે.
ધર્માત્માનું રહસ્ય કૃતજ્ઞતાગુણમાં છુપાયેલું છે.
અધર્માત્માનું રહસ્ય અકૃતજ્ઞતા કે કૃતઘ્નતા દોષમાં છે.
કૃતજ્ઞતાગુણને વિકસાવવા 'નમો અરિહંતાણં' મંત્ર પદ છે.
એને શ્વાસની જેમ ધારણ કરવા વડે અધઃપતનથી બચાય
અને ઊર્ધ્વગમન કરવા માટે સમર્થ થઈ શકાય છે.
આ નવકારની વ્યાપકતા અને મહત્તા સમજવા
આટલી વિચારધારા આવશ્યક છે.
એના બળથી નવકાર પ્રત્યેની નિષ્ઠા દૃઢ બનશે.

(૬૦૩) સજ્જનતાનો હ્રાસ

પોતાનાથી અધિક પ્રત્યે કૃતજ્ઞતા અને પોતાનાથી હીન
પ્રત્યે કરુણા-ઉપકાર સજ્જનતાના હ્રાસ માટે અનિવાર્ય છે.
પોતાનાથી અધિક પ્રત્યે કૃતજ્ઞતાના અભાવથી અને
હીન પ્રત્યે કરુણાના અભાવથી સજ્જનતા વૃદ્ધિ પામે છે,
તેથી તેના હ્રાસનો ઉપાય પણ તેથી ઊલટું વર્તન કરવું તે છે.
જેમ જેમ હીન પ્રત્યે કરુણા વધે છે,

તેમ તેમ સાધક નિસ્પૃહ સાધક ઉપકાર થાય છે.
જેમ જેમ સાધક પ્રત્યે કૃતજ્ઞતાભાવ વધે છે,
તેમ તેમ દીન પ્રત્યે કરુણાભાવ વધે છે.

<u>સાધકની કરુણા મેળવવા દીન પ્રત્યે ઉપકારવૃત્તિ વધારવી.</u>

દીનની આશિષ અને સાધકની કરુણા બે એકઠા મળીને
જીવની શુદ્ધિ અને વિકાસ સાધે છે.
દીનની આશિષ પરોપકારની અપેક્ષા રાખે છે.
સાધકની કરુણા ભક્તિભાવની, કૃતજ્ઞતા ગુણની,
વિનય અને નમ્રતાની અપેક્ષા રાખે છે.

(૬૦૪)'આત્મા ધ્રુવતત્ત્વ છે અને એની સાથે પૌદ્‌ગલિક સંબંધ ઉત્પાદ-વ્યયયુક્ત છે' અથવા 'આત્મા કૂટસ્થ છે અને એનો વિભાવ સુખ-દુઃખનાં કારણભૂત રાગ-દ્વેષ રૂપી પરભાવ ક્ષણિક, પરિવર્તનશીલ અને અનિત્ય છે.'
આ બે વિચાર જ શાશ્વત સુખની ચાવી તથા
નિઃશ્રેયસ થવા માટેનું પ્રધાન પગથિયું છે.
જીવન પ્રવાહનું સ્વૈચ્છિક નિયંત્રણ એ ઊર્ધ્વગામી ગતિ છે.
તે ગતિ જ અધ્યાત્મવાદનો પાયો છે.
ભૌતિકવાદનો પાયો વિષય-કષાયમાં તણાવું, ખેંચાવું
તથા સ્વચ્છંદ વિહાર કરવો તે છે.

## આત્મામાં જ રહેવું તે 'અધ્યાત્મ'.

પ્રકૃતિના લક્ષ્યપૂર્વક જીવનવિસ્તારનું સ્વૈચ્છિક નિયંત્રણ તે અધ્યાત્મનું મૂળ છે.

ખરો આધ્યાત્મિક ખાવું-પીવું, ઉઠવું-બેસવું, હરવું-ફરવું આદિ દરેક ક્રિયાઓ માત્ર આત્મા માટે જ કરે છે.

સૌથી અઘરી કેડી છે સંતૃપ્ત થવાનો.

અનિત્યતાનું સ્મરણ કરતાં જે સંતૃપ્તતા આપોઆપ આવી જાય, તેનું જ નામ વિવેક અને વૈરાગ્ય છે. અનિત્યનો વૈરાગ્ય-નિત્યનો અનુરાગ એ જ પ્રેમ છે. એ Wisdom, creative understandingથી જ સાચો પુરુષાર્થ - creative movement જાગે.

(૯૦૫) પ્રતિપળ વિચારો કે લાકડાંના ભારાની જેમ શરીરના હાડકા બળશે અને શરીરના વાળ ઘાસના પૂળા સમ સળગશે.

ભાવનાથી ભાવિત થઈને પરિપક્વ બનેલા મનને શાસ્ત્રો તો જીવનની નાવ કે જીવનના અમૃત જેવાં લાગે છે. અનિત્યતાની ભાવના હૃદયમાં સ્થિર થયા વિના તે જ શાસ્ત્રો માત્ર વાક્યવિલાસ અથવા વિચારોની સંધાધુંધ, રહસ્યમય શબ્દપ્રયોગો અથવા તો છુટા છુટા વિચારોના ઝુમખાં જેવા લાગે છે.

'બધું જ નાશ અને પરિવર્તન પામશે'
એ ભાન વિકલ્પની વેદના જન્માવે છે.
એનાથી જ શાસ્ત્રોના સત્યો જીવંત બને છે.
જેમ સુખ નાશ પામે છે, તેમ દુ:ખ પણ સ્થિર નથી,
તે બંનેનો અંત છે જ. પરિસ્થિતિઓ સતત બદલાય છે,
એ ભાવના ઔષધ આશ્વાસનરૂપ છે?
જેનામાં ભય અને ચિન્તા છે, તેનામાં સત્ત્વ નથી.
જેનામાં વૈરાગ્ય છે, તે ભયરહિત, ચિંતારહિત, સત્ત્વશાલી છે.
પદાર્થમાત્રની અનિત્યતાના ભાન વિના વૈરાગ્ય નથી.
(૧૦૬) શાસ્ત્રના ગૂઢાર્થ સત્ય કરતાં
અનિત્ય ભાવનાનું સત્ય ઉંચે ચઢવામાં વધુ મદદ કરે છે.
મૃત્યુ વખતે આંતરિક શાંતિ કોણ આપે છે?
સ્વાર્થી સગાઓ અને પ્રપંચી દુનિયા? ના. તે વખતે
ખરી શાંતિ અને સાચું બળ આપે છે અનિત્ય ભાવના.
(૧૦૭) ન્યાયની પરિભાષામાં પ્રવૃત્તિ પ્રત્યે
નિમ્નલિખિત ત્રણ કારણો મનાયા છે:
(૧) ઇદં મમ કૃતિ સાધ્યં ઇચ્છ્યું ભાન.
(૨) ઇદં મમ ઇષ્ટ સાધનં ઇચ્છ્યું ભાન.
(૩) ઇદં મમ બલવદનિષ્ટ સાધનં ઇચ્છ્યું ભાન.

કૂપખનન કૃતિસાધ્ય છે અને
અન્યત્ર પાણીના અભાવે તૃષિતને તે ઇષ્ટ સાધન પણ છે,
છતાં તે બલવદનિષ્ટજનક છે. માટે કૂપખનનમાં પ્રવૃત્તિ ન થાય,
કેમકે તૃષાશાંતિ થયા બાદ મરણરૂપ બળવાન અનિષ્ટ છે.
વિષસંપૃક્ત અન્ન ભોજનમાં પણ બલવદનિષ્ટજનકત્વનું
ભાન હોવાથી કોઈપણ મનુષ્યની પ્રવૃત્તિ થતી નથી.
ચંદ્રના આનયનમાં બલવદનિષ્ટ અજનકતા અને ઇષ્ટ
સાધનતાનું ભાન હોવા છતાં મત્કૃતિ સાધ્યત્વનું
ભાન ન હોવાથી પ્રવૃત્તિ થતી નથી.

न हि आप्ताः साक्षात् पारम्पर्येण वा, यन्न मोक्षांगं
तत् प्रतिपादयितुं उत्सहते। अनाप्तत्वप्रसंगात्।
-ભગવતી શતક ૧, ઉદ્દેશો ૧ સૂત્ર-૨ની ટીકા (પરિશિષ્ટ-૧૪)

(૧૦૮) ઉપાદેય ભૂત ધર્મની આરાધના માટે ચિત્ત સ્વાસ્થ્ય
જરૂરી છે. તેના અભાવે પ્રવૃત્તિ જ ન થાય અને જો
કદાચિત્ થાય, તો ફલીભૂત ન થવાય. એટલે ચિત્તસ્વાસ્થ્ય
માટે ભૌતિક સાધનોની ઇચ્છા પણ ધર્મ કરી શકે છે.
સાધુ જેમ આરોગ્ય માટે રોગાપહાર ઔષધને, ક્ષુધાપરિહાર
માટે આહારને, તૃષાશમન માટે જલને તથા વસ્ત્ર-પાત્રાદિ
ઇચ્છે છે, તે તે ભૌતિક વસ્તુની ઇચ્છા અને ગ્રહણ
પરંપરાએ મોક્ષસાધક હોવાથી સાધુને પણ તે ઇષ્ટ છે.

ગૃહસ્થ સાધકને પણ ચિત્તસ્વાસ્થ્ય માટે
શિષ્ટજન સમ્મત જે જે વસ્તુ આવશ્યક હોય,
તે ઇચ્છા થાય અને ગમી થાય.

સમ્યગ્દૃષ્ટિ અને માર્ગાનુસારી સાધકની ઇચ્છામાં જોકે થોડો ફરક તો રહેવાનો જ, છતાં તેઓની તે તે ઇચ્છા સાધ્ય પ્રતિ ગમન કરવામાં પ્રતિબંધક નહિ જ બનવાની.

*Ignorance is not our disease,*
*inaction is our disease.*

(૧૦૯) બાહ્યપદાર્થોની અમૂર્છિતા એજ ખરી મૂર્છિતા છે.

અનિત્યતા સર્વ પદાર્થને ખાખ કરશે, પણ આત્મા તો અમર જ રહેશે. 'બાહ્યપદાર્થો નાશવંત છે' એ ભાવના જ અવિનાશી આત્માને મેળવી આપે છે. બધી જ વસ્તુ નાશ પામશે તો દુનિયા ચાલશે કેમ? એ પ્રશ્ન નિરર્થક છે. બાહ્યવસ્તુ પ્રત્યેનો મોહ ઓસર્યા પછી જ નિત્ય વસ્તુ તરફ આપણા સૌનું લક્ષ્ય જાય છે. 'બાહ્યવસ્તુની મૂર્છા, તે અમૂર્છા છે અને બાહ્યવસ્તુની અમૂર્છા તે મૂર્છા છે' આ ઉચ્ચ ભૂમિકાનું ગણિત છે. વિનાશ અને મૃત્યુના મહાનિયમનો જે સ્વીકાર કરે, તેનો ઉદ્ધાર થાય છે પરંતુ બાબાનો ઠગારો થઈ જાય છે.

જે અનિત્ય ભાવના ઘૂંટવા જેવી છે

તે એટલું બધું બગડ્યું અને ફરક છે કે તેના બદલે
મળનારી મહાન વસ્તુની સરખામણી કોઈ વાસ્તવમાં નથી.
જો બધું જ નશ્વર છે, તો અવિનશ્વર પણ છે જ.
અનિત્ય ભાવનાવાળાને આ દુનિયા ખોવા પડે છે,
પણ તેના બદલામાં જ્ઞાનની, પ્રેમની, આનંદની, શાંતિની
અનેક દુનિયાઓ જેમાં છુપાઈને રહેલી છે,
એવો આત્માને મેળવી આપે છે.
અનિત્યતાના પ્રકાશમાં નિત્યનું સૌંદર્ય ઝળકાય છે.
(૧૧૦) આપણી પાસે માત્ર વિગતો છે,
તેમાંથી દૃષ્ટિ ઉત્પન્ન થવી જોઈએ.
'ભાવના' એ ઔષધિ શાસ્ત્રનો શબ્દ છે,
જેનો અર્થ 'ઘૂંટવું' એવો થાય છે.
૬૪ પહોરી પીપર નામના આયુર્વેદિક ઔષધને
૬૪ પ્રહર સુધી સતત ઘૂંટો તો તેમાંથી તાકાત બહાર આવે.
અનિત્યતા ભાવવાથી, ઘૂંટવાથી, ચિન્તન - મનન સતત
કરવાથી અનિત્યતાનું ભાન વિગતોરૂપે મટી દૃષ્ટિરૂપે ઉગે છે.
આ જમાનામાં facts વધ્યા છે, Truthનો અભાવ છે.
અનિત્યતાની દૃષ્ટિ ઉગશે, તો જ્ઞાન કેવળ ઉભરારૂપ કે

જુવાની ચળરૂપ નહિ રહે, તાકાત અને સૌંદર્યરૂપે પ્રગટશે.

જે સિદ્ધ કરવું પડે, તે સત્ય નથી.

સત્ય તેના પ્રબળ અસ્તિત્વથી પોતાની અસર ફેલાવે છે.

સૂર્ય ઉગ્યો છે અથવા સમુદ્રમાં જળ ભરેલું છે, એને પ્રમાણ કે ન્યાયની પંક્તિથી સિદ્ધ કરવું પડતું નથી.

એ સત્ય જ પ્રબળપણે

તેના સ્વયંવેગથી આપણા હૃદયમાં ધસી આવે છે.

સત્યનું સાર્થક્ય માનવહૃદયમાં પ્રતિષ્ઠા પામવામાં છે.

પ્રકૃતિનું સમગ્ર કાર્યતંત્ર સત્યને સાર્થક કરવામાં છે.

મુક્તિ અંતિમ ધ્યેય છે.

પદાર્થમાત્રની અનિત્યતાના ભાન વિના મુક્તિની સાધના શક્ય નથી અને વિવેક તથા વૈરાગ્ય પ્રકટવાના નથી.

(૧૧૧) આજે આપણે સંસ્થામાં અને ગૃહમાં પણ

સંતપુરુષો ખોવા માંડ્યા છે.

આને લીધે પ્રાણવિદ્યુતરૂપે જે તેઓની નિરંતર કલ્યાણની ભાવના વાતાવરણને આધ્યાત્મિક છાયા આપતી હતી, તે બંધ પડી છે. પરિણામે સત્ય આપણા બુદ્ધિમાંથી હૃદયમાં ભલે પહોંચી શકતું નથી, છતાં સત્ય તો સત્ય જ છે. તે જીવનની ચારેબાજુથી આપણી તરફ ધસી રહ્યું છે.

'પદાર્થમાત્ર ક્ષણે ક્ષણે રૂપાંતર પામે'
એ સત્ય પ્રકૃતિની પસંદગીનું છે.
વનની આગ સામે એક પ્યાલો પાણી નાંખવાનો જેમ અર્થ નથી, તેમ તેના સામે વિરોધ કરવાનો કોઈ અર્થ નથી. પ્રકૃતિ પણ આખરે પોતાના નિયમોથી બંધાયેલી છે. શાશ્વત નિયમોના શાસન સિવાય પ્રકૃતિ બીજું છે પણ શું? પ્રકૃતિ તો સ્વયંરચિત નિયમોથી જ પસાર થાય છે.
સહેજ પણ આડા-અવળા માર્ગે તે જતી નથી.
પદાર્થનું અનિત્ય સ્વરૂપ પ્રકૃતિની પસંદગીનું સત્ય છે, તેથી જીવનમાં ઊગવા તથા હૃદયમાં પ્રતિષ્ઠા પામવા માટે જે સર્જાયું છે, મોટું-વટેનું પણ પ્રત્યેક વ્યક્તિના અંતરમાં તે અવેકીરથી અદમ્ય વેગે ધસી આવવાનું જ. જો સત્ય માનવીની તાકાત અને તેની પ્રાપ્તિ બહારની વસ્તુ હોત તો સત્યત્વનું મૂલ્ય માટીના ઢેફાંથી વધુ ન હોત. પ્રકૃતિ તેના નિયમો પૂર્ણ શિસ્તથી પાળે છે અને આપણી પાસે પણ તેવી અપેક્ષા રાખે છે. પ્રકૃતિના આ વિરાટ શાસનતંત્રમાં કાયદા અને શિસ્તનું તત્ત્વ સર્વોપરી છે.

(૯૯૨) સત્ય ક્યારેય હાનિકારક હોતું નથી.
તે હંમેશા વધુ ઉંચા સત્ય તરફ જ લઈ જાય છે.

આપણે અનિત્યને નિત્ય માનીને વિશ્વબંધારણનો
દ્રોહ કરી રહ્યા છીએ. પ્રકૃતિમાં નિશ્ચિત ન્યાયતંત્ર છે.
તેના નિયમો સર્વ કોઈ માટે સરખા છે.
સર્વત્ર અને સર્વદા તે નિયમો સર્વ કોઈને લાગુ પડે છે.
અહીં જગતમાં-કાળમાં કોઈ એવો પદાર્થ, પરિસ્થિતિ કે
પાત્ર નથી, જે અનિત્યતાના મહાનિયમને ઉલ્લંઘી શકે.
તેને વફાદાર રહેવાનો ઉપાય એક જ છે કે:
જે અનિત્ય છે, તેને નિત્ય માનવાનો ભ્રમ છોડવો.
ભ્રમ છોડવા માટે અનિત્ય ભાવનાના સતત રટણ દ્વારા
અનવરત સ્ફુરણા કરવું એ જ એક માત્ર શરણ છે.
o જ્યાં દ્રવ્યાર્થિક નય છે, ત્યાં આપણે પર્યાયાર્થિક નય
અને જ્યાં પર્યાયાર્થિક નયને અભાવ કરવાનો છે,
ત્યાં દ્રવ્યાર્થિકનય અભાવ કરીને ભ્રમમાં ભૂલાએ છીએ.
આપણે સૌ આજે દાસ છીએ - સ્વામી નહિ, કારણ કે
દેશ-કાળના બંધન, તેના જુલ્મો, *the tyrrany
of here and now* થી પુષ્કળ રીતે રીબાઈએ છીએ.
અહીં અને અત્યારના સાંકડા ચોકઠામાં
આપણે આપણા જ ખોટી માન્યતારૂપી લોખંડી સાંકળોથી
હાથે, પગે અને ગળે બંધાયા છીએ.

'આ બધું નાશવંત છે' એ ભાન જ 'હું અવિનાશી છું'
તે ભાન પ્રત્યે લઈ જશે. આ ભાવના નિરંતર કરવાથી
તે દૃષ્ટિરૂપ, સ્વભાવગત ધર્મરૂપે second natureરૂપે
પ્રગટશે. આ બધામાં મહત્ત્વ વિગતોનું નથી, દૃષ્ટિનું છે.
'બધું નાશવંત છે' એ હકીકત દૃષ્ટિરૂપે પ્રગટે છે, ત્યારે
દરેક વસ્તુ પ્રત્યે આપણું યોગ્ય અંતર જળવાય છે.
બિલાડી શો પણ કરે છે કે: Keep your distance.
I belong to myself and to no one else.
તમે સૌ દૂર રહો. મારી માલિકી મારી પોતાની જ છે,
અન્ય કોઈ મારી માલિક નથી. પ્રત્યેક પદાર્થ, પાત્ર
અને પરિસ્થિતિથી યોગ્ય રીતે દૂર રહેતાં જેને આવડે છે,
તે જ સુખી છે. અનિત્ય ભાવના તે બહાર લાવી દે છે,
નિર્લેપતા અને દૂરત્વનું સંવેદન સતત સજાગ રાખે છે.
એ કદી ન ભૂલવું કે ભ્રમમાત્ર તૂટવા માટે જ સર્જાયા છે.
ભ્રમો ચિરાઈ જશે, કારણ કે તે ચીરાવા માટે જ સર્જાયા છે.
ભ્રમનો પાયો આસક્તિ પોતે છે, જે બહુકાળ ટકી શકતું નથી.

બાકી બધાં સૂક્ષ્મ સત્યો અતીન્દ્રિય છે.
માત્ર મૈત્રીભાવના અને અનિત્ય ભાવના સ્વાનુભવ અને
ઐન્દ્રિયિકજ્ઞાનના પુરાવાથી સાબિત થઈ શકે છે.

આજુબ, ચૈત્ર વદી-૨

(૯૨૩) ઝાડના સ્થિર થડમાં, સ્થિર પથ્થરના સ્તંભમાં કે વિશ્વના પ્રત્યેક પદાર્થમાં સતત રૂપાંતર થઈ રહ્યું છે.

મનોવિજ્ઞાન કહે છે કે:

'માનવ મન પણ પ્રતિક્ષણ વળાંકો બદલી નાંખે છે.'

સર્વદા, સર્વત્ર અને સતત પરિવર્તન

એ જ અસ્તિત્વની એકમાત્ર શરત છે.

(૯૨૪)આપણું સમગ્ર જ્ઞાન ૩ વિષયોમાં સમાઈ જાય: વિશ્વ, વ્યક્તિ અને વિધાતા. (વિધાતા=વિશ્વનિયંતા કોઈ શક્તિ)

(૯૨૫) ખંતો દંતો સંતો ઉદ્દેસ્સારાહગો નરી હોઈ ।

અર્થાત્: ક્ષમાવાન તથા ઈન્દ્રિયદમન કરનાર અને શાંત માનવી આત્મો આરાધક થાય છે.

(૧) ક્ષાન્ત: જે પોતાના અપરાધોની માફી માંગે, બીજાના અપરાધોની માફી આપે અને સર્વનો ઉપકાર માને તે.

(૨) દાન્ત: કોઈનો અપકાર ન કરનારો સાધક જીવ તે. દાન્ત તે જ બની શકે કે જે પોતાની ઈંદ્રિયો-મનને વશમાં રાખે તથા છ એ જીવનિકાયની જતના પાળવાપૂર્વક જીવે.

(૩) શાન્ત: સર્વનો ઉપકાર કરનારો સાધક આત્મા તે. શાન્ત તે ગણાય જે સર્વનું સુખ ચાહે અને દુઃખ ન ચાહે.

પોતાની જેમ જ સર્વને સુખ મળો અને દુઃખ ટળો એ ભાવનાપૂર્વક યથાશક્તિ દ્રવ્યભાવ ઉપકાર કરનારો હોય.

તેથી વિપરીત ગુણવાળો વિરાધક બને છે.

મનને શ્રી પંચ પરમેષ્ઠિના ધ્યાનમાં
લીન કરવાનો ઉપાય એક જ છે કે:

જે મન રૂપી સોયમાં પંચપરમેષ્ઠિના ધ્યાનરૂપી હીરાને પરોવવો છે, તે મનનું નાકું જે સ્વાર્થરૂપી કચરાથી પુરાઈ ગયું છે, તેને પરમાર્થ અને પરાર્થભાવ વડે સ્વચ્છ કરવું. પછી જ તે મનરૂપી સોયમાં શુદ્ધ આત્માઓના ધ્યાનરૂપી હીરો પ્રવેશ પામી શકે છે. સ્વાર્થભાવ એ કાટ અથવા કચરો છે, પરાર્થભાવ એ કાટ-કચરાને કાઢવાનો ઉપાય છે. એ કર્યા પછી જ મન પરમાત્મભાવમાં લીન થઈ શકે. પરમાત્મભાવના ધ્યાન-ચિંતનને લાયક મન બનાવવાનો ઉપાય સર્વાત્મભાવનું સતત ચિન્તન અને મનન છે.

સર્વાત્મભાવની વૃત્તિ પેદા થયા વિના

મનની સ્થૂલતા જતી નથી અને સૂક્ષ્મતા આવતી નથી, શાસ્ત્રીય ભાષામાં કષાયો પાતળા પડતા નથી અને આત્મા નિર્મળ બનતો નથી, તેથી પરમાત્માના ધ્યાનની યોગ્યતા પ્રાપ્ત કરવા સર્વાત્મભાવનું ધ્યાન અનિવાર્ય છે.

આત્મા આત્માને યાદ ન કરે અને ઉપેક્ષા કરે,
ત્યાં શુદ્ધ આત્માને કેવી રીતે પામે?
જગતના આત્માની ઉપેક્ષા એ સ્વાત્માની જ ઉપેક્ષા છે,
જગતના આત્માનો આદર એ સ્વાત્માનો જ આદર છે,
કેમકે ત્યાં પરસ્પર સજાતીયતાનો સંબંધ છે.
દેશ અને કાળ ઉભયાવચ્છેદેન આત્માનું
અસ્તિત્વ જાણનારો જ આત્મતત્ત્વને જાણનારો છે.
દેશાવચ્છેદેન આત્માનું અસ્તિત્વ જાણવું,
તે શુક્લધ્યાનનો પ્રથમ ભેદ છે અને
કાળાવચ્છેદેન આત્માનું અસ્તિત્વ જાણવું,
તે શુક્લધ્યાનનો બીજો ભેદ છે.
એકમાં સર્વાત્મભાવ છે, જગતમાં પરમાત્મભાવ છે.
એકમાં સર્વ આત્માને નિજાત્મ સમાન અનુભવવાનું છે.
મનને જીતવાનો, ચિત્તને નિર્મળ બનાવવાનો અને
આત્માને ઉજ્જવળ કરવાનો માર્ગ છે.
જગતમાં નિજ આત્માને પરમાત્મ સમ અનુભવવાનો છે.
'સર્વ જીવોને આત્મતુલ્ય જાણો અને આત્માને પરમાત્મ-
તુલ્ય અનુભવો' એ જ સર્વ ધર્મશાસ્ત્રનો સાર, એ જ
પરમ ધર્મ છે અને એના આધારે જ વિશ્વ ટકી રહ્યું છે.

અધ્યાત્મ ધર્મભાવના કહે છે કે:

આટલી અવ્યવસ્થા વચ્ચે પણ જે વ્યવસ્થા દેખાય છે,
તેની પાછળ નિશ્ચિત યોજનાનો સર્વોત્તમભાવ અને
પરમાત્મભાવ નિશ્ચિતપણે રહેલો છે, તેનો પ્રભાવ છે.

(૨૨૬) કરેલાં કર્મોનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. આપણે
પૂર્વજન્મમાં જે કાંઈ કર્યું, તેના લીધે આ જન્મ પામ્યા.
હવે આ જન્મમાં એવાં કામ કરવા જોઈએ,
કે જેથી વધારે સારું જીવન પામીએ.
જગતમાં જે આટલી જુદાઈ દેખાય છે, તે કર્મને આધીન છે.
એક શ્રીમંત, એક નિર્ધન, એક સંસ્કારી, એક અસંસ્કારી,
એક બુદ્ધિમાન, એક સામાન્ય વગેરે કર્મનાં કારણે છે.
જો આ સિદ્ધાંતને બરાબર સમજી લઈએ, તો આપણી
વર્તમાન પરિસ્થિતિ અંગે એક પ્રકારનું સમાધાન સાંપડે છે.
એક બાજુ ગૃહસ્થોને એવી શિક્ષા મળે છે કે
આપે જે કાંઈ કરીએ છીએ, તે અનુચિત છે.
બીજી બાજુ તેઓ ત્યાગી કે સંન્યાસી થઈ શકતા નથી,
આથી તેમના મનમાં એક જાતનો અસંતોષ રહ્યા કરે છે.
તેના સમાધાનનો કોઈ ઉપાય છે કે નહિ?
એમણે શું કરવું જોઈએ કે જેથી આ ગૃહસ્થોને પણ

પૈસાના જીવનમાં કાંઈક કર્યાનો સંતોષ થાય અને ગૃહસ્થ તરીકે પોતાનું જીવન ઉત્તમ રીતે ગાળી શકે?

ગૃહસ્થાશ્રમ એ બધાનો આધાર છે.
સાધુ-સંન્યાસીઓ પણ તેના ઉપર જ છે,
તેથી તેની સ્થિતિ સુધરવી જોઈએ.

કાશીમાં બધાં ધર્મોનાં સ્થાન અને લોકો છે. ગંગાસ્નાન, ઈશ્વરની ભક્તિ વગેરે રોજ કરે છે, પણ ધંધો કરવા બેસે, ત્યારે બધા જ આદર્શો વિસરી જાય છે. સાંજે પાછા મંદિરે જાય, કથાઓ સાંભળે, સત્સંગ કરે, પરંતુ આખા દિવસે જીવનની અસર ઘરકે ચાલુ રહે છે એટલે તેને અધ્યાત્મ શિક્ષણ મળવા જોઈએ કે જેથી તેમનાં જીવનમાં પરિવર્તન થાય અને વધારે ઊંચું જીવન જીવે.

(૨૨૭) આત્મા-આત્માને નજીક લાવવારૂપ મહાકરુણાના આલંબને અને તેના પરમ પ્રભાવે જે ઉપકારો થતાં રહ્યા છે, તેમાં સર્વદા, અકર્તૃત્વનો આરોપ કરવાની પાપોદયના કુટેવે જે અવળી મતિ જન્મી, તે મતિએ જ આપણને દેવ-ગુરુના નિઃસીમ ઉપકારોમાં ઔપચારિકતાનો આરોપ કરવા તેમ જ સ્વકર્તૃત્વાભિમાનમાં મગ્ન રહેવા શીખવ્યું, તે ઘડીથી જ સંઘનો પુણ્યોદય મંદ થવા લાગ્યો.

(૧૨૮)નૈષ્ઠિક આગમમાં દેવાધિદેવના પરમ પ્રભાવનો અભેદ વર્તાય છે, તે અભેદભાવમાં જીવનાં અનંત મમતાજન્ય પ્રયત્નોના ઉચ્છેદ ભેદ પડે છે. ધર્મ મહાસત્તાના નિગ્રહના પ્રભાવે તે ભેદ-અભેદભાવરૂપ અનુગ્રહમાં એકરૂપ થાય છે.

'પાંદડું કુંપળ પીળાપણા પ્રયત્ન વડે જ ટાળી શકે છે'

અહીં કહેવાય તો જીવમાં સામાન્ય ફુરાઈ રહેલા

'સર્વ તંત્ર સ્વતંત્રતા' સિદ્ધ થાય.

અહીં થકી અનંત નિશ્ચયનું અનર્થકારક પ્રતિપાદન થાય અને વ્યવહારમાં ક્યાંય કશાય અવસ્થા, નહિ અહીં ખોટું પ્રતિપાદન થઈ જાય. વ્યવહારમાં જે અવસ્થા પ્રવર્તમાન છે, તેના મૂળમાં સર્વ જીવના હિતના સર્વોચ્ચ આત્મભાવ રૂપી ધર્મની મહાસત્તા અગોચરપણે કામ કરતી હોય છે.

જીવને નરકમાં કે સ્વર્ગમાં કે મોક્ષમાં જવા પાછળ

એક જ અવસ્થાનો આધાર હોય છે.

બીજ ગતિ અને સ્થિતિના યોગે જીવની પ્રગતિ, તેમ નિગ્રહ અને અનુગ્રહના પ્રભાવે જીવનો વિકાસ થાય છે.

નિગ્રહ સિવાય અનુગ્રહ અને અનુગ્રહ સિવાય નિગ્રહ હોય નહિ. કર્માદિનો બંધ તે નિગ્રહનું ઉત્તમ સ્વરૂપ. સમરસીભાવનો સહજ અનુભવ તે અનુગ્રહનું ઉત્તમ સ્વરૂપ.

આબુજી, ચૈત્ર વદ-૩, ભોમ

જીવનો મૂળ સ્વભાવ છે જીવને અભય આપવો તે.
એટલે જ પૂરેપૂરા અભયની સ્થિતિ અર્થાત્
મોક્ષ સિવાય તે એક ઘડીવાર જંપીને બેસી શકતો નથી.

અહીં 'મોક્ષ' એટલે સ્વના વિચારમાંથી સર્વથા મુક્તિ.
પરને અપાતા શુભભાવ વડે સ્વના દુર્ભાવનો ક્ષય થાય છે
એ અપેક્ષાએ અહીં કહી શકાય કે એક જીવને અપાતો
શુભભાવનો લાભ જગતના બધા જીવોને અનાયાસે મળે છે
નહિ, એ જ રીતે અશુભભાવ પોતાનો ભાગ ભજવે છે.

(૧૨૯) 'મન'માં મમતા અને 'નમ'માં સમતા વસે છે.

મમતાના પ્રતિકાર માટે સમતાની જેટલી જરૂર છે,
તેટલી જ મનના વિજય, મનની અવળી ગતિના નિગ્રહ
અને બહિર્મુખ ચંચળતાને નિવારવા 'નમ'ની જરૂરત છે.

'મન' વ્યક્તિગત છે, 'નમ' સમષ્ટિગત છે.

મન વડે આત્મા સ્વનો અને 'નમ' વડે સર્વનો બને છે.
સર્વનો બન્યા વિના સ્વનો મટી શકતો નથી અને ત્યાં
સુધી મોહ-મમતાને તથા આર્તરૌદ્રને જીતી શકતો નથી.
જે નમતો નથી, તે આર્તધ્યાનમાં અને જે નમે છે, તે
ધર્મધ્યાનમાં આવી સર્વ પ્રત્યે સમત્વભાવ ભજે છે.

લૌકિક કર્મોથી છૂટવા અને લોકોત્તરમાં જવા માટે
મનને 'નમ'માં પરિણમતાં શીખવવું જોઈએ.
<u>મનમાં 'નમવું' ભાવ આવે, ત્યારે મન ક્લેશનું કારણ</u>
<u>બનતું અટકી જાય અને વિશુદ્ધિનું કારણ બને છે.</u>
સર્વ જીવો જ્યારે આત્મસમાન છે, ત્યારે
પોતાના એક જ જીવને આત્મા માની અને અન્ય
સર્વ જીવોને અનાત્મા માનીને મનનું પરિણમન કરવું
તે અનંત ક્લેશનું કારણ બને એમાં આશ્ચર્ય જ શું છે?
સર્વને નમનારી, આત્મ સમ ગણનારી અરિહંતને નમે છે.
અરિહંતને નમનારી સર્વને નમે છે.

(૬૨૦) અનંત કર્મોની પકડમાંથી છૂટવા માટે
સૌને અનંત જીવોની સહાયની જરૂર છે.
જીવો ઉપરનો દ્વેષ કર્મને બંધાવે છે.
જીવો ઉપરનો પ્રેમ કર્મથી છોડાવે છે.
પુદ્ગલ ઉપરનો રાગ કર્મને બંધાવે છે.
જીવ ઉપરનો રાગ કર્મથી છોડાવે છે.
વિજાતીય બંધોની પકડમાંથી મુક્ત થવા માટે
સજાતીય એવા આત્મતત્ત્વને
સાચો ભાવ આપવો જોઈએ.

(૯૨૪) 'નમવું' એટલે સર્વને નમવું, સર્વને સમાન માનવું, પ્રાપ્ત થયેલ ઔદયિકભાવને આપણા ચિત્તમાંથી વિસર્જન કરવા, શુદ્ધ પારિણામિકભાવ ઉપર દૃષ્ટિ રાખવા, બાહ્ય-ભાવોને નમાવવા અને આંતરભાવોને વિકસાવવા. સર્વને સમાન માનવાથી અસમાન માનવારૂપ પાપ નાશ પામે, તેથી શુદ્ધ થયેલો આત્મા પોતાના શુદ્ધસ્વરૂપ જોવા સમર્થ થાય. પંચ પરમેષ્ઠિ એ પોતાના આત્માનું જ શુદ્ધસ્વરૂપ છે,

તેથી તેમાં પોતાનો આત્મા પરિણામ પામે છે.

પંચપરમેષ્ઠિરૂપ શુદ્ધ આત્માની પરિણતિ જે પોતાના આત્મામાં ઉત્પન્ન થાય, તે સર્વ મંગળોનું માંગલ્ય છે, સર્વ કલ્યાણોનું કારણ છે, સર્વ ધર્મોમાં પ્રધાન ધર્મ છે.

ધર્મ એ વ્યક્તિગત વસ્તુ નથી.

સૂર્ય, ચંદ્ર, મેઘની જેમ ધર્મ એ પણ સર્વની પુંજ છે, યોગ્યતા મુજબ સર્વને સરખો લાભ આપનારી વસ્તુ છે.

ધર્મ ત્યારે જ ધર્મ બને છે,

જ્યારે તે વ્યક્તિગત રહેતો નથી, સમષ્ટિગત બને છે. વ્યક્તિગત ભેદની દિવાલ તોડવા માટે ધર્મનું વિધાન છે. અભેદભાવ પામવાના સાધનરૂપે ધર્મ ઉપદેશાયો છે. તે વડે પણ જેઓ વ્યક્તિગત માન - સન્માન - સુખ - વૈભવ ઇત્યાદિ ઇચ્છે છે, તેઓ દુર્લભબોધિ બને છે.

શ્રી બૃહત્કલ્પ સૂત્રના ભાગ ૪, ગા-૪૫૮૪માં ફરમાવ્યું છે કે:

जं इच्छसि अप्पणतो, जं च ण इच्छसि अप्पणतो ।
तं इच्छ परस्स वि य, एत्तियगं जिणसासणं ॥

અર્થાત્: પોતા માટે જે ઇચ્છે છે, તે બીજા માટે ઇચ્છ.
પોતા માટે જે ઇચ્છતો નથી, તે બીજા માટે પણ ના ઇચ્છ.
આટલું જ જિનશાસન છે.

શ્રી જિનની આજ્ઞા આટલામાં સમાવેશ પામી જાય છે.
બીજાથી પોતાને જુદો પાડવો તે 'આશ્રવ' છે.
બીજાથી પોતાને જુદો ન માનવો તે 'સંવર' છે.
આશ્રવ અને સંવરના બીજા સર્વ ભેદો
આ બેના જ પેટા ભેદો સમજવા.

(૯૨૨) પંચપરમેષ્ઠિ નમસ્કારરૂપ શ્રી નવકાર મંત્ર
સર્વ પાપનો નાશ કરનાર, સર્વ મંગળનું મંગળ બને છે.
સર્વ પાપનું પાપ છે:
સર્વને અસમાનદૃષ્ટિથી અને ભેદબુદ્ધિએ નિહાળવા તે.
સર્વ મંગળનું મંગળ છે:
સર્વને સમાન દૃષ્ટિથી અને અભેદબુદ્ધિએ નિહાળવા તે.
અસમાન દૃષ્ટિ અને ભેદબુદ્ધિ હિંસાદિ આશ્રવોના હેતુ છે.
સમાનદૃષ્ટિ અને અભેદબુદ્ધિ અહિંસા-ક્ષમાદિ સંવરના હેતુ છે.

# ધર્મનું ફળ શું ?

આશ્રવનો પરિહાર અને સંવરનો સ્વીકાર તે.
નમસ્કારભાવ એ સામાયિકભાવને ઉત્તેજે છે.
સામાયિકભાવ નમસ્કારભાવને સાર્થક કરે છે.
સમત્વને વિકસાવવા માટે નમસ્કાર છે.
નમસ્કારને સફળ બનાવવા માટે સામાયિક છે.
સામાયિક કાર્ય છે, નમસ્કાર તેનું કારણ છે.
સામાયિક ફળ છે, નમસ્કાર તેનું બીજ છે.
સર્વ પાપનો નાશ કરનાર સામાયિક છે.
સર્વ મંગળોમાં પહેલું મંગળ નમસ્કાર છે.
અભેદબુદ્ધિ વિકસાવવા તે જેમને સિદ્ધ થઈ છે,
તેમને તે હેતુથી નમસ્કાર કરવાનો છે.
નિજના આત્મા સમાન સ્વાત્માને બનાવવાનો અભ્યાસ છે.
જે આત્મા જેને નમે છે, તે આત્મા તેને ગમે છે.
જે વસ્તુ જેને ગમે છે, તે વસ્તુને તે નમે છે
અહીં નમવું અને ગમવું પરસ્પરાનુવિદ્ધ છે.
ગમે છે માટે નમે છે, નમે છે માટે ગમે છે.
અભેદબુદ્ધિ ગમે છે માટે અભેદબુદ્ધિવાળાને નમે છે.
અભેદબુદ્ધિવાળાને નમે છે કેમકે અભેદબુદ્ધિ ગમે છે.

અભેદબુદ્ધિ સમાન પરિણામ છે.
સમાન પરિણામ સમત્વને પોષે અને મમત્વને તોડે છે.
મમત્વ એ સંસાર છે. સમત્વ એ મોક્ષ છે.

<u>આપણો પરમ ધર્મ શો?</u>

મોક્ષનું અનન્ય સાધન સમત્વ છે, તેથી તેને પ્રાપ્ત કરવા સમત્વને વરેલા મહાસત્ત્વોને નમવું એ પરમ ધર્મ છે. એ ધર્મ સર્વને સુખકારક છે, કેમકે તેમાં કોઈ એકને જુદો પાડીને તેનું જુદું સુખ ઇચ્છવામાં આવતું નથી. સર્વને સમાન સુખી બનાવવાની ઇચ્છા એજ એક અચિંત્ય પ્રબળ ચૈતન્ય શક્તિ છે કે તેના પ્રભાવે જ સમગ્ર વિશ્વ નિરાધાર, નિરાલંબન હોવા છતાં ય ટક્યું છે અને નિયમ મુજબ પરિવર્તન પામી રહ્યું છે.

'નિયમ'નો અર્થ જ નિયમમાં આવવું તે છે.
'નિયમમાં આવવું' એટલે જે નિયમના આધારે વિશ્વ વ્યવસ્થિત ચાલી રહ્યું છે, તે નિયમને શરણે રહેવું.
<u>એ નિયમ બીજો કોઈ જ નહિ, પણ એક જ છે કે:</u>
<u>સૌને સમદૃષ્ટિથી જોવા, સૌનું સમાન સુખ ઇચ્છવું.</u>
<u>સૌને આત્મદૃષ્ટિએ નિહાળવા.</u>
<u>પોતાનું જ નહિ પણ સર્વનું દુઃખ ટળે તેવી સાધના કરવી.</u>

સર્વનું દુઃખ ટળે એવી બુદ્ધિપૂર્વક થતી સાધના પોતાનું દુઃખ તો ટાળે જ છે પણ સર્વને સુખ પહોંચાડનાર થાય, કેમકે એવા સત્ત્વશાળી મહાપુરુષોની સાત્ત્વિક ભાવનાના પ્રતાપે જ વિશ્વ નિયમબદ્ધ વર્તી રહ્યું છે.

(૧૨૩) જીવ ઉપર સંજ્ઞાઓનું દબાણ એટલું બધું છે કે તે ન ઇચ્છે, તો પણ તેને વિષય-કષાયમાં ખેંચાવું પડે છે.

ઇંદ્રિયોના તુચ્છ અને અસાર વિષયોમાં તેને હંમેશા માટે મહત્ત્વ અને સારભૂતતા ભાસે છે.

ક્રોધાદિ કષાયો વિષ સમાન હોવા છતાં તેનું પાન કરવા માટે તે સદા ય તલસે છે તથા તેમાં કાંઈ ખોટું કરું છું તેવું ભાન સુદ્ધાં તેને રહેતું નથી.

એ રીતનું સંજ્ઞાઓનું દબાણ હંમેશા તેને નીચે પડવામાં સહાય કરી રહ્યું છે.

બીજી બાજુ નવકારવાળી તેને ઉંચે લઈ જવા દબાણ કરીને ઇંદ્રિયોના વિષયોમાં નહિ, પણ આત્મગુણોમાં સારભૂતતાનો ખ્યાલ આપ્યા કરે છે.

ક્રોધાદિ કષાયોમાં નહિ, પણ જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવોમાં તે અમૃતતુલ્ય આસ્વાદનો અનુભવ કરાવવા તલસે છે.

કારણ કે કષાયો તો કટુક વિપાકને આપવાવાળા છે અને

ધૈર્યાદિ ભાવો આત્મતત્ત્વને - આવરણમરપણાને ખપાડે છે,
એટલું ભાન તેને ક્વચિત્
સત્સંગતિ અને સત્શાસ્ત્રોના જોરે થયા કરે છે.
એ રીતે સત્બળ અને તદાલંબન
બંને પરસ્પર વિરુદ્ધ વૃત્તિઓને પેદા કરે છે.
સત્બળનું દબાણ જેમ જેમ અનુભવાય, તેમ તેમ તેના
તરફ વૈરાગ્ય ભાવ વધે અને ભવાંત ભાવનો તિરસ્કાર
કરનારા આલંબનો તરફ અનુરાગ ભાવ વધતો જાય છે.
જગતની વસ્તુઓના પરના ઉત્સાહો વિરમે છે.
જગતની આત્મીઓના સ્થાના ઉત્સાહો રહેલા છે.
આ વિચાર મુક્તિમાર્ગમાં પરમ સહાયક છે.

o

They are contrary but not contradictory.
Their conflict becomes always trouble-
some and tiresome at the first view.
At last, they become
complimentary and by their
contrary force, they become
instrumental to reach the
highest peak of soul-development.

કષાય હંમેશા પરની ભૂલને વિચારવાથી થાય છે
નહિંતર કષાયનું કોઈ નિમિત્ત રહેતું નથી.
સ્વની ભૂલ જોનારનો કષાય શમી જાય છે,
પરથી તો હંમેશા ગુણ જ થાય છે.
પછી તે પર અનુકૂળરૂપે કે પ્રતિકૂળ રૂપે વર્તતું હોય.
અનુકૂળ રૂપે વર્તતું તો સહાયક છે જ પણ પ્રતિકૂળરૂપે
પરિણમતું પર પણ કષાયનો પરિપાક કરવા માટે અને
અજ્ઞાનના બંધનમાંથી છૂટવા માટે અવશ્ય સહાયક છે.
આ દૃષ્ટિબિંદુ આપણને પર પ્રત્યે કૃતજ્ઞતા ભાવવાળા
તથા સ્વ પ્રત્યે કઠોરતા ભાવવાળા બનાવે છે.
સ્વ પ્રત્યે કઠોરતા અજ્ઞાનનો ધ્વંસ કરે છે.
પર પ્રત્યે કૃતજ્ઞતા લઘુત્વભાવનો વિકાસ કરે છે.
પર ગુણ અને સ્વદોષ એટલા માટે વિચારવાના છે કે
સ્વ એ અજ્ઞાનભાવે દોષથી ભરપૂર છે.
પર એ પરને ગુણ કરનાર જ થાય છે,
પછી ભલે પોતાને દોષરૂપ પણ બનતું હોય.
જગતનો સ્વભાવ જ એવો છે કે
પદાર્થમાત્ર દૂષિત સ્વના અને શુદ્ધ પરના કારણે બને છે.
મેલાં કપડાંની શુદ્ધિ સ્વથી નહિ પણ પરથી જ થાય છે.

અશુદ્ધિ પર પડે છાયા છે પણ પરિણત થતી નથી.
મેલ ચઢવામાં કારણ મેલ નહિ પણ વસ્ત્રની ચીકાશ છે.
મેલ ઉતરવામાં કારણ સ્વ નહિ,
પણ સ્વભિન્ન જલ-સાબુ-સોડા-અરીઠા વગેરે છે.
એ નિયમ સર્વ પદાર્થોમાં એકસરખો કામ કરે છે.
તેને આત્મદ્રવ્ય માટે ઘટાવતાં શીખવું એ અપવિત્રતામાંથી
છુટવાનો અને પવિત્રતાને વિકસાવવાનો એકમાત્ર ઉપાય છે.

(૯૨૪)મંથન કરતા એક વિચાર એટલો બધો દૃઢ થઈ રહ્યો છે
કે જેને જગતનાં સર્વ શાસ્ત્રો વર્ણવી રહ્યાં છે, તથા
જેને 'પરમાત્મા' વગેરે નામોથી તેઓ સ્તવે છે,
તે તત્ત્વ આપણા આત્મા સિવાય બીજું છે જ નહિ.
જૈન સિદ્ધાંતની વિશેષતા એ છે કે સર્વ જીવોમાં રહેલ
પ્રત્યેક આત્મા જ સર્વજ્ઞ વર્ણવાઈ રહ્યો છે, જે પણ
વર્ણોનો સંસ્થાનાદિના છે, તે બધાનું પ્રયોજનભૂત તત્ત્વ એ
જ છે. આપણા વર્તમાન પર્યાયની અંદર રહેલું સ્વયંભૂ
ધ્રુવતત્ત્વ તે પરમાત્મા છે, તે જ સર્વજ્ઞ ગવાઈ રહ્યું છે.
સર્વજ્ઞ એ તત્ત્વનાં દર્શનથી જે આનંદ થઈ રહ્યો છે,
તેને શી રીતે વર્ણવી શકાય? જગતના સંચાલનમાં ધર્મી
પુરુષોની ધર્મભાવના જ કારણભૂત છે, એ બરોબર છે.

વધુ સૂક્ષ્મમાં ઉતરતાં એમ લાગે છે કે
પ્રત્યેક જીવમાં રહેલું સ્વયં સંપૂર્ણ, સનાતન, ધ્રુવ,
સુસ્થિત અને મહાપુરૂષ જેને અનેક વિશેષણોથી સ્તવે છે,
તે મહાતત્ત્વ જ જગતને ચલાવી રહ્યું છે, તે જ ઉત્પાદ,
સ્થિતિસ્થાપક અને વ્યયાત્મક મહાપરમાત્મ તત્ત્વ છે.
એજ ઉપમિતિકારના સુસ્થિત મહારાજા છે.
એની અચિન્ત્ય શક્તિઓની આગળ ધર્મલાભ તો
મેરૂની આગળ રાઈના દાણા જેવો છે.
ધર્મલાભ એ તેનો એક પર્યાય છે.
જ્યારે તે પોતે અનંતાનંતપર્યાયાત્મક છે.
સર્વ આલંબનોને સ્વયં ખેંચી
લાવનારું અંદરનું ધ્રુવ-સનાતન તત્ત્વ 'અરિહંત' જ છે.

(૧૨૫) तत्त्वार्थ २/४ : मूलसूत्र:

ज्ञान-दर्शन-दान-लाभ-
भोगोपभोग-वीर्याणि च ।

टीका: दानांतरायस्य अत्यंतक्षयाद् अनन्त-
प्राणिगणानुग्रहकरं क्षायिकमभयदानम् ।
पूर्वोक्तानां सप्तानां प्रकृतीनां अत्यंतक्षयात्
क्षायिकं सम्यक्त्वम् । चारित्रमपि तथा ।

(પરિશિષ્ટ-૧૫)

તીર્થંકરોને પ્રાપ્ત થતી ઋદ્ધિઓમાં
આ સાતનો આત્યંતિક ઉદય કરતું છે.
સિંહાસનાદિ વિભૂતિઓ ઉપભોગાંતરાયાદિના
આત્યંતિક ક્ષયથી છે.
એ વિભૂતિઓ તીર્થંકરના દેહને સાપેક્ષ છે.
સિદ્ધોને દેહ ન હોવાથી તે પ્રકૃતિઓના ઉદયનું કાર્ય પરમ
અનંતવીર્ય અને અવ્યાબાધ સુખમાં પરિણામ પામે છે.

(૧૨૬) તપની ક્રિયા સંયમ અને સમભાવથી શોભે છે.
તપની ચરિતાર્થતા સંયમ અને સમભાવથી છે.
સત્ય નમ્રતાથી શોભે છે.
તેની ચરિતાર્થતા નમ્રતા, અન્ય પ્રતિ પૂરા આદર તથા
વર્તન અને વ્યવહારની પૂરી સૌમ્યતામાં રહેલી છે.
સામાન્ય રીતે તપ સાથે ક્રોધ અને સત્ય સાથે શેખાઈ
કે 'હું જ સાચો' એવી શેખી જોડાયેલી હોય છે,
પરન્તુ તે તપ અને સત્યનું અવિકૃત સ્વરૂપ નથી.

○ સર્વ કર્મબંધ હેતુઓમાં મોહ મુખ્ય છે.
મિથ્યાત્વને તેનું મંત્રીપણું જ સ્વીકાર્યું છે.

○ વીતરાગોઽપ્યયં દેવો ધ્યાયમાનો મુમુક્ષુભિઃ ।
સ્વર્ગાપવર્ગ-ફલદઃ શક્તિસ્તસ્ય હિ તાદૃશી ॥૧૨૯॥
(પરિશિષ્ટ-૧૬)

## મૂર્તિપૂજાનું રહસ્ય

મૂર્તિ સચ્ચિદાનંદના સ્મારકરૂપ છે.
મૂર્તિ મૂર્તિમાનના અનુસંધાન માટે દ્વારરૂપ છે.
ચિત્તનો સ્વભાવ જાણનારાઓ
મૂર્તિ દ્વારા જ ઇષ્ટનું આરાધન કરવાનું કહે છે.
મૂર્તિ મુખ્ય નહિ, છતાં વ્યર્થ નહિ.
કરવાથી જ કાંઈક થાય, કેવળ વિચારવાથી નહિ.
ચિંતક હંમેશાં કાળની મદદ ઇચ્છે છે.
જેમના ઉપર દુનિયાના જડ કે ચેતન પદાર્થોની પકડ નથી,
તેઓ જ માનસ અર્ચન માટે અધિકારી છે.

'ये च एते मैत्र्यादयश्चिनां विहाराः ते बाह्य-साधन-निरनुग्रहात्मानः प्रकृष्टं धर्मं अभिनिवर्तयन्ति ।'

– योगशास्त्र (પરિશિષ્ટ-૧૭)

સચ્ચાઈ, સહૃદયતા, ભાવ, તીવ્રતા અને તાલાવેલી હશે,
તો દેવદર્શનની વાર નથી.

પ્રભુ ભાવના ભૂખ્યા છે, પદાર્થના નહિ; પ્રેમના ભૂખ્યા છે, દ્રવ્યના નહિ. પ્રસન્નતાનું કારણ ભાવ છે, દ્રવ્ય નહિ. કરવા, ન કરવા કે કરેલું ફેરવવા ભગવાન સમર્થ છે. આલિંગનાદિ = પ્રેમવિકારો, મસ્તકસ્પર્શાદિ = ભાવવિકારો.

પ્રેમલક્ષણાનાં ઉભરા વિરહમાં જીવને શાતા નહિ વળતી.
રોમાંચ, કંપ, વૈવર્ણ્ય ન જણાય ત્યાં સુધી મન દ્રવવું નહિ, પ્રવાહી થવું નહિ. ગાંઠો છે ત્યાં સુધી ખૂંચ્યા કરે છે.
આત્મલક્ષણું મૂર્છા વિસ્મરણ અને પરમાત્મલક્ષણું મૂર્છા સ્મરણ જ પરમપ્રેમ, ભક્તિની છેવટની હદ છે.

એમાં જ્યારે પ્રવાહીતા આવે, ત્યારે
અંતરમાં જ્યોતિર્મય પરમાત્માનું સ્વરૂપદર્શન થાય.

ભેદબુદ્ધિના સંસ્કાર પરમાત્મામાંથી ખેંચી કાઢી વિષયોમાં ઘેરી નાખે છે, માટે આપણું ચિત્ત છેવટ સુધી પ્રભુમાં ઓગળી ન જાય, ત્યાં સુધી પ્રયત્ન છોડવો જોઈએ નહિ.
અંશમાત્ર પણ ચિત્ત રહેવું ન જોઈએ.

સર્વાત્મભાવ એ પરમાત્માનું અભિધાન છે.
આ અભિધાન પાડનારું નહિ, પણ જન્મ ખૂંચવી લેનારું છે.
અદ્વૈતનો અનુભવ તે આ છે.

જે સૌની મોજ ચાહે તે જ વૈકુંઠમાં જઈ શકે.

સાધુતાના રક્ષણ માટે, દુષ્ટતાના દમન માટે અને ધર્મની આણ પ્રવર્તાવવા માટે પરમાત્માના અવતાર છે.
ધર્મ = ધારકબળો. અધર્મ = વિધ્વંસને ઇંધતાં પરિબળો.
સાધુતા = ઈશ્વરમયતા અને દુષ્ટતા = સેતાનીયત.

'ધર્મની આજ્ઞા' એટલે ઈશ્વરના મોકળા માર્ગ.
ઈશ્વર અસંગ છે એટલે ઘાતકી છે એમ નહિ પણ
દયાળુ છે, તેમ જીવો ઉપર ઉદાસીન નહિ, પણ મધ્યસ્થ
છતાં દયાળુ છે, કેમકે સર્વસમર્થ છે અને બધા જીવોને
ભવસાગરથી છોડાવવાના સ્વભાવવાળાં છે.
જે અસંગ હોય, તે જ સાચો દયાળુ હોઈ શકે છે.
જેને આસક્તિ છે, તે જાત ઉપર પણ દયા નહિ કરી શકતો,
તો બીજા ઉપર તો ક્યાંથી જ કરે?
પરમાત્મા અનાસક્ત હોવાથી જ પૂરા દયાળુ છે.
અસંગતા, દયાળુતામાં વિરોધ નહિ, પણ સહચારિતા છે.
પરમાત્માનું નિવાસસ્થાન હૃદય છે.
હૃદય સૌ પદાર્થોમાં અધિક સ્વચ્છ હોય છે.
જ્યાં જ્યાં સ્વચ્છતા, ત્યાં ત્યાં પરમાત્માની વિશેષ નિકટતા.
સૂર્યનો પ્રકાશ બધે પડે છે,
છતાં દર્પણમાં વિશેષ કેમકે તે સ્વચ્છ છે.
જ્યોતિ સ્વરૂપે પરમાત્માનું ચિંતન ઘટે છે.
ધ્યાન જ પરમાત્માનું મોટામાં મોટું અર્ચન છે.
ભૌતિક જ્યોતિ નહિ પણ ચૈતન્યસ્વરૂપ જ્યોતિ
સંસારની આગને ઠારનારી છે.

પ્રકૃતિને પ્રેરક ચૈતન્ય તે જ્યોતિ જ્ઞાનસ્વરૂપ છે.
પ્રકૃતિનાં તમામ કાર્યો ચૈતન્યથી પ્રેરાયેલાં છે.
શરીર જીવાત્માના ચૈતન્યથી જ ચૈતન્યવંત અને પ્રેરાતું છે.
જડ એ ચેતનોનું પણ ચૈતન્ય છે.
લોહચુંબકનું પ્રેરકપણું બુદ્ધિપૂર્વક નથી.
બુદ્ધિપૂર્વકનું પ્રેરકત્વ ચૈતન્યમાં જ છે.
વૃત્તિયુક્ત જ્ઞાન વિનશ્વર છે.
વૃત્તિજ્ઞાન, બુદ્ધિ અને અંતઃકરણનો ધર્મ એટલે
વૃત્ત્યાત્મક જ્ઞાનની ઉત્પત્તિ.
વિનાશને પણ જાણનારું એક અખંડ આત્મજ્ઞાન છે.
વિષયના અભાવે ઊંઘમાં કે સમાધિમાં પણ આનંદ
રહે છે, તે આત્માનો છે. વિષયાનંદથી તે જુદો છે.
વિષયોનો સંયોગ ચિત્તને પળભર એકાગ્ર કરે છે.
એકાગ્રતા થતાવેંત આત્માને આનંદ થાય છે,
એકાગ્રતા દ્વારા વ્યંજના થાય છે.
પ્રભુ અંતર્યામી ચૈતન્ય સૌનો ઈશ છે.
વસ્તુમાત્ર વિશ્વકર્તાનું વિચાર પ્રત્યક્ષ છે.
अदृष्टविग्रही देवो, भावग्राह्यो मनोमयः ।
तस्योंकारः स्मृतो नाम, तेनाहूतः प्रसीदति ॥१॥
-યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ (પરિશિષ્ટ-૧૮)

ભગવાનના ૧,૦૦૦ નામ ગોતી કાઢનાર દેશ છે ભારતવર્ષ.
ઋષિ, છંદ, દેવતાઓ નહિ, શ્રદ્ધા - ભક્તિ મુખ્ય છે.

ઇદમિત્થમેવેતિ યત્નં શ્રદ્ધા ।

૦ વિધિ માટેનો આગ્રહ એ જ વૈજ્ઞાનિકતા. પ્રભુ જાતે સાકાર સ્વરૂપ લઈને ભાષામાત્રના શાસ્ત્રમાત્ર તેના જ કહેનારા છે. આધિરક્ષા મહાત્મા ય કર્તવ્યભ્રષ્ટ ન હોય તો પ્રભુ કેમ હોય? પ્રભુનું કર્તવ્ય ભક્તનું રક્ષણ - યોગક્ષેમ - ભવોદધિપાર.

મન તેલના ટીપા જેવું છે. પાણીમાં પડે તો ચોમેર પ્રસરે.
સંસારના વિષય - કષાયના પાણીમાં પડ્યું કે
ચોમેરથી પટોળું થઈ જાય. એવા પ્રસરતાં મનને સંકુચિત કરવા માટે પરમાત્માના મહિમામાં મનને વાળવું ઘટે.

ભગવાનના નામમાં ભીંજાવાનું એ
મોટા સમુદ્રમાંની એક નાની માછલી જેટલું પણ નહીં.

'પ્રભુ સર્વના હૃદયમાં અને સર્વ પ્રભુના હૃદયમાં છે'
એવી પ્રેમમય, સત્યસ્પર્શી ભાવના કરવી.

એથી ચિત્તની પ્રસરી જવાની શક્તિ ઘટતી જશે અને ઘીના ટીપાની જેમ સંગઠિત થઈ જવાની શક્તિ વધતી જશે.

આચાર્યાદેવ વિદ્યા વિદિતા સાધિષ્ઠં પ્રાપયતિ । અર્થઃ આચાર્ય ભગવંતો પાસેથી ભણાયેલી વિદ્યા જ સ્થિરતા પ્રાપ્ત કરે છે.

ગુરૂની જરૂર એટલા માટે કે સળગેલો સળગાવી શકે.
મરવા આવે એટલે મોર ખરી પડે પણ તે પહેલાં ખરી પડે તો
આંબો નિષ્ફળ નિવડે. ફળ આવતાં ફુલ આપમેળે ખરી પડે.
સિદ્ધપુરુષ પણ કર્મ કરે તેમાં કારણ લોકસંગ્રહ-પ્રાયશ્ચિત.

લોકસંગ્રહ એ મહાત્માઓનો સ્વભાવ છે.

0 ઋણ, હત્યા અને વેર કોઈને ચેન ન પડવા દે.

0 માનવમાં પણ વાનરની પેરે અનુકરણ સહજ છે.

0 સૂક્ષ્મમતિ અને દૃઢ વિશ્વાસ વેચાતાં ન મળે.

ચિત્ત ખળભળાવે કે ધ્યેયથી ગબડાવે તેવાં કર્મો ત્યાજ્ય છે.
અધિકારી ભેદે શાસ્ત્રે બતાવેલા વસ્તુઓ ઉપયોગી છે.

0 ભગવાન તો નિષ્કામ ભાવે સૌને ભજી રહ્યાં છે

અને

સૌનાં સુહૃદ એવા એ પ્રભુ

અનન્ત પ્રેમમય, અનંત દયામય, અનંત સૌન્દર્યમય છે.

રાગને લઈ જીવ પરાધીન છે.

રાગ = અતિશય રુચિ, દેહાદિ ઉપર અતિ પ્રીતિ, અતિ રાગ.
તે દુઃસંગ જન્માવે. રાગરહિત થવાનો ઉપાય સ્વરૂપની
સમજ, તેનો સંગ, રંગ, સાધના - આરાધના હો, કિન્તુ
ભાવાનુભવ તો સૌને એકસરખો જ હોય.

तद् विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः॥ (परिशिष्ट-१९)

श्रद्धावान् लभते ज्ञानं... -गीता

दुःसंग शरूमां तरंग जेवो, पछी समुद्र जेवो थाय छे.
अभिमान आयो अंत्यज छे, तेथी ज आप बुद्धिनुं अभिमान त्यजो छे. संशयादिरहित ज्ञान ते विज्ञान छे.
पूर्ण तत्त्वज्ञान प्रभुनी आराधनाओ ज थाय.
भक्त्या मां अभिजानाति। अर्थः भक्ति वडे मने ओळखे छे.
तत्त्वज्ञान माहितीरूपे मेळववानी चीज नथी.
संसारनी वासना ज्ञानना अभ्यासमात्रथी चाली जती नथी.
कर्मोना आत्मज्ञानने कोई न मळे.

'ज्ञानमुत्पद्यते पुंसां क्षयात् पुण्यस्य कर्मणः।'
अर्थः पुण्यकर्मोने पुण्य-कर्मना क्षयथी ज्ञान उत्पन्न थाय छे.
o शरीर जाय पण संस्कार जतां नथी. सारुं के नरसुं जे कांई आपणे इरादापूर्वक, बुद्धिपूर्वक करीए, ते ते काम पोताना अक्षरो संस्कार चित्त पर कोतरे छे.
भींत उपर छबानी जेम चित्त उपर ते कोराय छे.
शरीरना नाशे चित्तनो नाश थतो नथी. तेने उद्बुद्ध थवा माटे अभिव्यंजक - निमित्तो मळे तेम जाग्रत थाय.

અનાહૂત કે અકસ્માત એ બુદ્ધિની મૂઢતા છે.
યોગાભ્યાસ એ સાધનરૂપ ચૈતન્ય છે. સાધનરૂપ ચૈતન્યનો
સાધનરૂપ સ્મૃતિની સર્જન કરે છે. યોગાભ્યાસ વિશિષ્ટ
સ્મૃતિને ઉપજાવે છે. જેને જેવું અદૃષ્ટ તેને તેવું ચૈતન્ય
કારણ મળી રહે છે. ઈશ્વર સદા કર્તવ્યપરાયણ છે.

<u>જીવ પુરુષાર્થે સ્વતંત્ર છે, પ્રારબ્ધે પરવશ છે.</u>

શુભાશુભાભ્યાં માર્ગાભ્યાં વહન્તી વાસના-સરિત્ ।
પૌરુષેણ પ્રયત્નેન યોજનીયા શુભે પથિ ॥
ન તદસ્તિ જગત્કોશે શુભ-કર્માનુપાતિના ।
યત્પૌરુષેણ શુદ્ધેન ન સમાસાદ્યતે જનૈઃ ॥

ઉત્તિષ્ઠત, જાગ્રત, પ્રાપ્ય વરાન્ નિબોધત । (परिशिष्ट-२०)
સાચી સમજ મેળવો.

સાલોક્ય = સમાનલોકે, સાયુજ્ય = જીવસેવા,
સામીપ્ય = ભગવાનની સમીપ, સારૂપ્ય = જીવ સ્વરૂપ.

o યથા નદ્યઃ સ્યન્દમાનાઃ સમુદ્રે
અસ્તં ગચ્છન્તિ નામરૂપે વિહાય ।
તથા વિદ્વાન્ નામરૂપાદ્વિમુક્તઃ
પરાત્પરં પુરુષમુપૈતિ દિવ્યમ્ ॥ (परिशिष्ट-२१)

o 'નિરંજનં પરમં સામ્યમુપૈતિ ।'
<u>અર્થાત્</u>: નિરંજન પરમ સામ્યને પામે છે.

## પરિપક્વતાની કસોટી

(૧) હૃદયની શુદ્ધિ (૨) ઉપાસ્ય ગુણોનો આવિર્ભાવ.

## હૃદયશુદ્ધિનાં ૬ લક્ષણો

(૧) બૂરો વિચાર ન આવે. (૨) મતિ પાપમાં ન લાગે.
(૩) સાંસારિક ભૂખ-તૃષા ટળે. (૪) વાસનાઓ ધોવાઈ જાય.
(૫) પ્રાણીમાત્રમાં આત્મા દેખાય. (૬) પ્રેમની મૂર્તિ બને.

## ઉપાસ્યના ૬ ગુણ

(૧) સત્ય સંકલ્પતા (૨) અમોઘ વચનિતા
(૩) ઇચ્છામાત્રથી પદાર્થ સંયોગ (૪) સ્વપ્નમાં ઈશ્વરદર્શન
(૫) ઋષિમહર્ષિઓનાં દર્શન (૬) મહાત્માઓનાં દર્શન.

## મોક્ષ મેળવવાના ૬ સોપાન

(૧) પ્રભુકૃપા (૨) સત્સમાગમ
(૩) ઈશ્વરનું આરાધન (૪) શરણાગતિ
(૫) જડ ચેતનનો વિવેક (૬) સત્શાસ્ત્રની પ્રાપ્તિ.

કૈવલ્ય દશામાં જીવની ઉપાધિઓનો વિરહ થતો હોવાથી
જીવ અને ઈશ્વરની એકતા થાય છે.
કારણ અવસ્થામાં પ્રકૃતિ વ્યાપક હોવાથી
એ જીવની ઉપાધિ તરીકે ન સંભવે.
જે કામના કરતો નથી, તેથી અકામ, નિષ્કામ, આત્મકામ

અને આદિ જ આત્યંતિક છે. તેને લોકાંતરગમન નથી.

ઈશ્વર કારણ ઉપાધિવાળો હોવાથી નિયામક છે.

જીવ કાર્ય ઉપાધિવાળો હોવાથી નિયમ્ય છે.

## પ્રાણ અને ચૈતન્ય

પ્રાણની નિકટતામાત્રથી જ જો સૃષ્ટિ થયા કરતી હોય, તો તો સદા સૃષ્ટિ જ રહે. કદી પ્રલય આવે જ નહિ. અંતઃકરણમાં ગોંધાયેલું ચૈતન્ય જ જીવ છે. લિંગ શરીર વિશ્વરૂપનાં કેવળ અવિદ્યાની ઉપાધિવાળાં પ્રાણને જીવ માનવો ન ઘટે. જગતનું ઉપાદાન કારણ વ્યાપક અવિદ્યા છે. તે નિરવયવ છે, માટે જ આકાશ જેવા નિરવયવ પદાર્થોનું તે કારણ છે. કારણ સાવયવ હોય અને કાર્ય નિરવયવ હોય તે બની શકે નહિ. કારણ નિરવયવ અને કાર્ય સાવયવ હોઈ શકે, જેમકે આકાશ તે વાયુનું કારણ છે.

આવરણ કરવું તે અજ્ઞાનનું કાર્ય છે, સ્વભાવ છે.

પ્રાણ અજ્ઞાનની વૃત્તિની પાછળ પાછળ ચાલે છે અને તે અજ્ઞાનના કાર્યરૂપ અંતઃકરણ વગેરેને પોતાના માની લઈ અંતઃકરણના સુખને પોતાના માની મલકાય-મરડાય છે. વગર દોરડાંએ જીવપશુ બંધાય છે.

તત્ત્વજ્ઞાન = પ્રકૃતિ-પુરુષના યથાર્થ ભિન્ન સ્વરૂપની સમજ.

તત્ત્વજ્ઞાનથી પુરુષ અને પ્રકૃતિના અંતઃકરણની તદ્રૂપતા આણનારી ગેરસમજ દૂર થઈને કૈવલ્ય પદ મળે છે.

નિરહંકાર જીવ જેટલો સુંદર કોણ?

સુભગ, શાંત, આકર્ષક, કાન્તિમાન કોણ?

'મનુષ્યાણાં સહસ્રેષુ કશ્ચિદ્ યતતિ સિદ્ધયે ।'

હજારોમાંથી કોઈ યત્ન કરે અને એમાંથી કોઈ સિદ્ધિ પામે.

સર્વભૂતાત્મભૂતસ્ય સર્વભૂત હિ તસ્ય ચ । અર્થાત્:

જે સર્વ જીવોને આત્મસમાન માને, સર્વ જીવો એના છે.

સમાધિ = વૃત્તિ વિનાની ચિત્તની સ્થિતિ.

સવિકલ્પ સમાધિના બે પ્રકારો

દૃશ્યાનુવિદ્ધ = કામાદિચિત્તવૃત્તિનો સાક્ષીભાવ.

શબ્દાનુવિદ્ધ = અસંગોઽહમ્ ઇત્યાકારક.

નિર્વિકલ્પ સમાધિ એટલે

સ્વાનુભૂતિ રસાવેશ, નિવાત સ્થિત દીપવત્.

'લોકાઃ સમસ્તાઃ સુખિનો ભવન્તુ ।'

'સ્વાત્મારામઃ પરહિતબુદ્ધિઃ ।'

નિર્વિશેષે પરબ્રહ્મણ્યાત્મ-ચિત્તસ્થિરીકૃતિઃ ।

ઉપાસનમિતિ પ્રોક્તા તદ્ભિન્ના કો નુ કથ્યતે ॥ (परिशिष्ट-२२)

યોગ = વૈરાગ્ય, અભ્યાસાદિ સાધનોથી બાહ્યાંતર પદાર્થમાત્રનાં ચિત્રણને હૃદય પરથી ભૂંસી સ્વરૂપનિષ્ઠ કરવાનો પ્રયોગ.

વૃત્તિ = સુખ, દુઃખ, મોહાત્મક વૃત્તિ.

અક્લિષ્ટ = ક્લેશનાશિની = ક્લેશવિદારિણી.

પ્રેમ હંમેશાં અવિરોધી, વિરોધશામક,
સમન્વય સાધક નહીં, સમન્વય પ્રધાન હોય છે.

પ્રેમ ચંદન છે, જેમ ઘસાય તેમ સુગંધ આપે.

સમાહિત કે અસંગ વૃત્તિઓનો ઠરેલ અનુભવ
સુખદાયી, દુઃખદાયી કે મોક્ષ તરફ લઈ જનારી હોય છે.

આત્માને ધ્યાનનો ઉપહાર સૌથી વધુ પ્રિય છે.

જીવનનો મોટો ભાગ કેવળ ઉદ્દેશ્યનિષ્ઠ હોઈને
અને ઉદ્દેશ્ય કેવળ સમાધિગામ્ય જ હોઈને
શાસ્ત્ર પ્રમાણ બળવત્તર છે.

*Familiarity breeds contempt.*

સમાધિસુષુપ્તિમોક્ષેષુ બ્રહ્મરૂપતા । સાંખ્ય:
મોક્ષમાં સમાધિપૂર્વકની સુષુપ્તિ
અર્થાત્ ઉજાગર દશા સ્વરૂપ બ્રહ્મરમણતા હોય છે.

વૈરાગ્ય વિષયને રોકે, અભ્યાસ વિવેકને પ્રકટાવે છે.

વિશ્વશાંતિ અભ્યાસ અને વૈરાગ્યમાં છુપાઈ છે.

યમ-નિયમનો અભ્યાસ એ ચિત્તની સ્થિરતા લાવે છે.

સાત્ત્વિકવૃત્તિની અખંડિતતા અથવા

કુવિચવૃત્તિ રહિતતા માટેનો અભ્યાસ એ યોગ જ છે.

અભ્યાસનું કારણ ઉત્સાહ, તેનું કારણ તીવ્રેચ્છા અને

તેનું કારણ મુમુક્ષુતા છે.

વિષય પ્રતિબિંબિત આનંદ સ્વનો જ પ્રતિબિંબિત છે.

સત્કાર એટલે શ્રદ્ધાપૂર્વક, સમજપૂર્વક, સંયમપૂર્વક

વિરસતા એટલે અંતરરસતાનો અભાવ.

આત્મપ્રેમના પરિણામે વિષયો પ્રત્યેની ઉપેક્ષાબુદ્ધિ જન્મે.

વિષયોનો મનમાં કે મનનો વિષયોમાં ધસારો?

વિષયો ઈંદ્રિય પ્રણાલિકા દ્વારા ચિત્ત પર ધસારો કરે છે.

ઈંદ્રિયોને વિષયોમાં કોણ ધકેલે છે?

મનમાં રહેલા દોષો ચિત્તને ચંચલ કરીને ૫ ઈંદ્રિયોને

બળાત્ વિષયોમાં ધકેલે છે.

મનના મેલોને ધોઈ નાંખનારા ઉપાયોનું સતત

આચરણ કરવું તે 'યતમાન' નામનો વૈરાગ્ય છે.

પ્રભુનું કે પિશાચનું કારખાનું છેવટે મન જ છે.

રાગ-દ્વેષ, ઈર્ષ્યા, અસૂયાને ધોનાર સદ્ભાવનાઓ છે.

o વ્યતિરેક-પાડેલા અને કાચા દોષોનો વિભાગ.

## ઈશ્વર પ્રણિધાન શું કરે?

પરમાત્મા ઉદાસીન છે તેથી તે નિર્દય છે એવું નથી,
ભૂતાનુગ્રહ પ્રભુનો સહજ સ્વભાવ - એનું પ્રવર્તન છે.
પરમાત્મા સમદર્શ - સમદૃષ્ટિ છે, તેથી તેમનો અનુગ્રહ
સૌ ઉપર સરખો છે. એ અનુગ્રહ સમજવા જે લાયકાત
જોઈએ, તે આપણને ઈશ્વર પ્રણિધાન સમર્પે છે.

જાણ લેવાયેલા પ્રકૃતિ આપમેળે ચાલ્યા જાય છે.

એકોઽપિ મંત્રસ્તસ્ય નામાનિ યાનિ। કર્માણ્યેકં તસ્ય
દેવસ્ય સેવા। અર્થાત્: જેના જેટલા નામો છે તે એક
મંત્ર છે. તે દેવની સેવા તે એક ધર્મ છે.

સેવા વિના સેતાન શાંત થતો નથી, સંત સ્ફુરતો નથી.
સેવા વિના ફળ ખપતી નથી, હૃદયમાં ફણતર થયા કરે છે.
સેવા કહેવાય પરોપકાર, પણ તેનો શુદ્ધ અર્થ છે શુદ્ધ સ્વાર્થ.
સેવક સમાજ પર નહિ, સમાજ સેવક પર ઉપકાર કરે છે.
સેવાની તક આપીને સમાજ સત્ત્વશુદ્ધિની તક આપે છે.

સત્ત્વશુદ્ધિ સીધી પ્રભુસ્ફુર્તિમાં પરિણમે છે.
પ્રભુસ્ફુર્તિ નિરૂપાધિક આનંદ જન્માવે છે.
એ આનંદ પૈસા ખર્ચવાથી ક્યાંથી મળે?
સત્ય સમજવા સમજણપૂર્વક સેવામય થઈ જવું ઘટે.

## અણીશુદ્ધ હૃદય

તત્ત્વદર્શન-તત્ત્વાનુભવને ચિત્ત-હૃદયશુદ્ધિ સાથે સંબંધ છે, કેવળ વિદ્યા સાથે નહિ.

સર્વે વિદ્વાનો તત્ત્વાનુભવી હોય જ એવો નિયમ નથી.

શુદ્ધિ એ પ્રાણવાયુ જેવી આત્માની ચાહ છે. શાસ્ત્રના જ્ઞાન પછી પણ શુદ્ધિના અભાવે સમાધાન ન થતું હોઈને ઈશ્વર વિરોધી બની જવાય છે, માટે હૃદય અણીશુદ્ધ જોઈએ. મોટી અશુદ્ધિ રાગ-દ્વેષની છે, તેના જ સંતાનરૂપે ઈર્ષ્યા, અસૂયા, ઘૃણા, અમર્ષ વગેરે છે.

ઈશ્વર પુરુષાર્થ પક્ષપાતી છે. પુરુષાર્થ ઈશ્વર પક્ષપાતી છે.

જગતની બુરાઈ ધોવા પ્રેમની ગંગા નિરંતર વહી રહી છે.

મનનાં મેલ ધોવા માટેનો શ્રેષ્ઠ ઉપાય વિચાર-વિવેક છે, શાસ્ત્રાભ્યાસ, સત્સંગ અને સ્વરૂપસ્મરણ છે.

મૈત્રીભાવનાનાં સાર્વત્રિક પ્રચાર, સ્વીકાર અને આચારમાં અનેક અનેક પ્રશ્નોનો ઉકેલ રહેલો છે.

મૈત્રીભાવના દિલનાં દુઃખનો મલમ છે.

અભાવવિદ્ધ પ્રાણીમાત્ર દયાનાં પાત્ર છે.

દયા એ સાર્વજનિક, સર્વદેશીય અને સર્વકાલીન ધર્મ છે.

ઈશ્વર ગુરુઓનો પણ ગુરુ હોઈ કરુણાનો દરિયો છે.

ઈશ્વર માફ કરતો જ રહેય છે.

એની સજામાં પણ કરૂણા રહેય છે.

દયા, મૈત્રી, પ્રેમથી હૃદય ધોવાય છે.

મુદિતા વડે સ્વભાવ અને સત્વ વિશાળ બને છે તથા તામસ સંકીર્ણ કે રાજસ દંભ વિસરી જવાય છે (ઉપેક્ષા).

પાપનું અચિન્તન પાપ છે જ પણ તેનું ચિંતન નિષિદ્ધ છે.

તેના ચિંતનથી પ્રથમ માનસ સ્પર્શે, પછી સ્થૂલમાં ઉતરે અને પછી એ સ્વભાવમાં રૂઢ થઈ જાય, આથી પાપ છે, છતાં તેને ધ્યાનમાં લેવાય નહિ.

અપૂર્ણ ચિન્તનનો તેને આશ્રય આપવો નહિ,
એ જ એનાથી અસ્પષ્ટ રહેવાનો રાજમાર્ગ છે.

ઈર્ષ્યા-અસૂયાદિ ધોવાતાં રાગ-દ્વેષાદિ ક્લેશો નિર્બળ થાય.

મેલ વિનાનું મન સુપ્રસન્ન અને ઝટ એકાગ્ર બનીને ઈશ્વર પ્રણિધાન તથા ઉપાસનાથી સમાધિમય બને છે.

સમાધિમય મન આત્મગ્રહણ માટે શિઘ્ર યોગ્ય બને છે અને તેને પરિણામે કૈવલ્ય પ્રાપ્ત થાય છે.

આમ કૈવલ્ય એ
શુદ્ધિનો જ પ્રકર્ષ અથવા શુદ્ધિનો ભૌતિક વિકાસ છે.

સંશય = સંસાર = સંશયનો અતિ વિસ્તાર.

० ચિત્તને શુદ્ધ કરવાનો ઉપાય મૈત્ર્યાદિભાવો છે,
સ્થિર કરવાના ઉપાયો ઈશ્વર પ્રણિધાનાદિ અનેક છે.

સુખીને જોઈને મૈત્રી, પણ ઈર્ષ્યા નહિ.
દુઃખીને જોઈને કરુણાર્દ્રતા, પણ તટસ્થતા નહિ.
ગુણીને જોઈને અનુમોદન, પણ દ્વેષ નહિ.
પાપીને જોઈને ઉદાસીનતા કેળવો, પણ તિરસ્કાર નહિ.

તમામ ઈંદ્રિયોનું પ્રવર્તન પ્રાણના સ્પંદનને આધીન છે.
જેમ રાજા જતાં સૈન્ય, તેમ
પ્રાણ જતાં ઈંદ્રિયો કાબુમાં આવી જાય છે.

યોગ એ પ્રયોગ

યોગનો નેતા વિશ્વાસ છે,
તે કેળવવા ખાસ ઉપાયો પણ વિહિત છે.

જીભના મૂળમાં શબ્દ છે.
જીભના મધ્યમાં સ્પર્શ છે.
જીભના અગ્રભાગમાં રસ છે.
જીભના તાળવામાં રૂપ છે.
જીભના નાસિકાગ્રમાં ગંધ છે.
} યોગ પ્રયોગ છે, ચર્ચા નહિ.

વિષયવતી પ્રવૃત્તિના અનુભવથી
શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિના પ્રતિબંધકો ટળી જાય છે.

0 હૃદયમાં મન છે.

મનની મધ્યમાં ૐકારની અ માત્રા
(જાગ્રત અવસ્થા, સૂર્યમંડળ),
તેની ઉપર ૐકારની ઉ માત્રા
(સ્વપ્ન અવસ્થા, ચંદ્રમંડળ),
તેની ઉપર ૐકારની મ માત્રા
(સુષુપ્તિ સ્થાન, વહ્નિમંડળ),
તેની ઉપર પરમ આકાશ સ્વરૂપ બ્રહ્મનાદ - અર્ધમાત્રા
(ચતુર્થ - તુરિય સ્થાન),
એની ઉપર સુષુમ્ણા નાડી આવેલી છે, જેના દ્વારા
બહારના સૂર્યાદિમંડળો પણ વ્યાપ્ત છે.
સુષુમ્ણા = બ્રહ્મનાડી, તે મનનું સ્ટેશન છે.

'મૈત્ર્યાદિ ભાવો ધર્મધ્યાનનું રસાયણ' એનો અર્થ છે કે:

શુદ્ધ ચિત્ત જ ચિત્તને સ્થિર કરનારી
અન્ય વસ્તુઓનું ધ્યાન કરવાને સમર્થ થાય છે.
શુદ્ધ ચિત્તવાળાને જ ધ્યાનનો અધિકાર છે.
અશુદ્ધ ચિત્તવાળાની શુદ્ધધ્યેયને વિષે ય એકાગ્રતા થતી નથી.
થાય છે તો અર્થકારી નહિ પણ અનર્થકારી નીવડે છે,
તેથી સર્વત્ર ચિત્તશુદ્ધિ અનિવાર્ય છે.

અધ્યાત્મ એ ચિત્તશુદ્ધિનું વિજ્ઞાન છે.

યોગ એ ચિત્ત એકાગ્રતાની પ્રક્રિયા છે.

સંસાર અને તેના વિષયોમાં ભવમાત્ર સંબંધ છે,

ધારણા-ધ્યાન-સમાધિવાળો યોગ છે જ.

ચિત્તની સ્થિરતાની પ્રતિષ્ઠા પરમાત્મનિષ્ઠામાં છે.

ચિત્તની સ્થિરતા માટે અભ્યાસ-શુદ્ધતાર્થે વૈરાગ્ય છે.

અભ્યાસમાં ઉત્સાહ અને વૈરાગ્યમાં વિવેક કારણ છે.

વિવેક વિચારથી જન્મે છે.

'અનાત્મપદાર્થ સુખરહિત છે અને આત્મપદાર્થ સુખના ગુણવાળો છે' એ વિચાર જડ પ્રત્યે વિપરીત રાગને અને ચેતન પ્રત્યેના વિશિષ્ટ રાગને પેદા કરે છે. વૈરાગ્ય એ વિપરીત રતિ અને વિશિષ્ટ રતિ એમ બે અર્થનો બોધક છે. વૈરાગ્યનો હેતુ ત્યાગ કર્યો અને અભ્યાસનો હેતુ પ્રયત્ન કર્યો. પ્રયત્નથી ચિત્ત સ્થિર થયું અને ત્યાગથી શુદ્ધ થયું. 'જડ પદાર્થો આત્મભિન્ન છે' એમ જાણ્યા પછી પણ તેનું આકર્ષણ ન મરવાનું કારણ દેહાધ્યાસ છે, તે ટાળવા માટે આત્માભ્યાસ વધારવો જોઈએ. સૌ પહેલાં બધાને આત્મદૃષ્ટિએ અને પછી પોતાને પરમાત્મદૃષ્ટિએ જોતાં શીખવું જોઈએ.

એથી વૈરાગ્ય પરિપક્વ - અભ્યાસ ફળીભૂત થાય છે.
'સર્વ જીવો આત્મસમાન અને પરમાત્મરૂપ છે'
તે ભાવનાથી પરમાત્મપ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે.
જીવનમાં જે પોતાની જાતના દાખલાથી વર્તે છે,
તે સર્વશ્રેષ્ઠ મનુષ્ય છે.
ચિત્તની વિપરીત ગતિ રોક્યા વિના અવિપરીત ગતિ ન થાય.
ચિત્તની વિપરીત ગતિને રોકવી તે 'વૈરાગ્ય' છે.
ચિત્તની અવિપરીત ગતિને ચલાવવી તે 'અભ્યાસ' છે.
વૈરાગ્ય એ શુદ્ધ સમજની સ્થિર દિશા તથા
સત્કર્મની એ કઠોર પણ પરિણામે મહામધુર સાધના છે.
અપર વૈરાગ્યથી રજોગુણ, તમોગુણવૃત્તિઓ નિર્બળ બને
અને સાત્ત્વિકવૃત્તિ સબળ અને વીર્યવતી બને છે.
તેનો અખંડ પ્રવાહ વહેતો થાય છે અને
પરિણામે તે સંપ્રજ્ઞાત યોગનું સાધન બને છે.
પર વૈરાગ્ય એ અસંપ્રજ્ઞાત યોગનું અંતરંગ સાધન છે.
એનાથી સાત્ત્વિકવૃત્તિ પણ રોકાય છે.
પર વૈરાગ્ય પુરુષને સ્વસ્થ કરે છે.
ક્લિષ્ટવૃત્તિ = રજો-તમોગુણને નિરોધ કરનાર સંપ્રજ્ઞાત છે.
અક્લિષ્ટવૃત્તિ = સત્ત્વગુણને નિરોધ કરનાર અસંપ્રજ્ઞાત છે.

० સમાપત્તિ એ સાત્વિક ચિત્તની તદાકારતા છે.

વિતર્ક એ વિચારગ્રાહ્ય સમાધિ છે.

સ્થૂલ દ્રવ્ય-પદાર્થ વિષયક

ચિત્તની એકાગ્રતા અને આનંદ એ ગ્રહણ સમાધિ છે

તથા અસ્મિતા એ ગૃહીતા સમાધિ છે.

એકાગ્ર ચિત્ત એ વિશ્વનું સૌથી મોટું ગ્રન્થાલય છે.

પ્રતિભામાત્રની એ વિચારભૂમિ છે.

જ્ઞાનોન્મેષની એ અક્ષય પુંજ છે.

વિરાગી યોગનો અને રાગી ભોગનો અધિકારી છે.

સ્વાર્થ અને પરાર્થને પણ 'ભવ' શબ્દથી સંબોધાય છે.

આત્મૈશ્વર્ય સમક્ષ લૌકિક ઐશ્વર્ય નશ્વર છે.

શ્રદ્ધા એ તીવ્ર અભિરુચિ તથા

પરોક્ષને પ્રત્યક્ષ કરવાની તાલાવેલી છે.

શ્રદ્ધાથી વીર્ય, ઉત્સાહ અને એ બેથી

સ્મૃતિ, પ્રજ્ઞા કે એકચિત્તતા જન્મે છે.

મોક્ષની ઉતાવળ નહિ સહજ પ્રમાદ પ્યારો છે.

અભાન દશામાં પર પ્રકૃતિને વશ.

ભાન દશામાં પર પરમાત્માને વશ.

અનુભવાત્મક ભાન = ક્રિયામાં પરિણમેલ સમજ.

અર્હદ્ પુરુષાર્થ પુરો થાય છે,
ત્યાંથી કૃપાની શરૂઆત થાય છે.
મહાત્માને માપવાનો દંડ વિવેક છે.
દુઃખવાચક શબ્દોનો મોટો ભાગ નપુંસક અને સ્ત્રીલિંગે છે.
શાસ્ત્રપ્રમાણ = શ્રવણ, અનુમાનપ્રમાણ = મનન.
ભાવનાત્મકજ્ઞાન પ્રત્યક્ષ અજ્ઞાનને છેદતું નથી.
સંસ્કારો સુષુપ્ત નથી, અનાદિના વૈરી છે.
સંસ્કારોની સબળતા-નિર્બળતાનો આધાર સત્યાસત્ય છે.
અંધારું એમ અજવાળાથી તેમ
તત્ત્વસ્પર્શી અને એથી જ સબળ એવા પ્રશમ સંસ્કારોથી
વ્યુત્થાન સંસ્કારો મહાત થઈ જાય છે.
ચિત્ત નિરંતર સમાધિમયતા વડે ભોગથી નિર્વેદ પામે છે.
નિર્વેદ પામેલું ચિત્ત
ભોગલાલસ થઈને સંસાર માટે લલચાતું નથી
ઊંડે સત્ય જ્ઞાનને જન્માવે,
ત્યાં સુધી જ આપણા ચિત્તની ચેષ્ટા રહે છે.
એક વખત સત્ય જ્ઞાન જન્મ્યું કે
પછી ચિત્તને ચેષ્ટા માટે પ્રયોજન રહેતું જ નથી.
નિરિન્ધન અગ્નિની જેમ સ્વયમેવ શાંત થઈ જાય છે.

'માતા' એટલે પ્રજાની નિર્માતા. તે બગાડે એટલે વર્ણ, વિચાર અને આચારનો સંકર અનિવાર્ય જ બને.

એ સંકરતા સિદ્ધિ નહિ, પણ પતન છે.

'નરક' એટલે ગંદી જગ્યા, ગંદુ જીવન.

લાગણી અને લગ્ન વિનાનું અન્નદાન, જલદાન ભાવથી લગ્નનું લડ્ડુ સારું, લગ્ન વિનાના મિષ્ટાન્ન વિષાન્ન છે. વંશ પરંપરાનો લોહીનો ગાઢ સંબંધ પણ ભાવોત્પત્તિમાં પરમ નિમિત્ત છે. વર્ણસંકરને ભાવનાનું સૌંદર્ય ન સમજાય. હું કરતાં મારું - તારું અનેરું કીમતી છે. ભેદને અભેદ અને અભેદને ભેદ માનવું તે મોહ છે.

'મોહ' એટલે વિપરીત સમજ.

અસત્, અજ્ઞાન અને દુઃખની પ્રતીતિ ખોટી છે.

સ્વજન રક્ષણ કરતાં સ્વધર્મ રક્ષણ ઉંચું છે.

મુહ્યતે વિપરીતં પ્રતિપદ્યતે ઇતિ મોહઃ ।
હેયેતરાધિગમ-પ્રતિબન્ધ-વિધાનાન્મોહઃ ।
યદા પશ્યઃ પશ્યતે રુક્મવર્ણં
કર્તારમીશં પુરુષં બ્રહ્મયોનિમ્ ।
તદા વિદ્વાન્ પુણ્ય-પાપે વિધૂય
નિરંજનઃ પરમં સામ્યમુપૈતિ ॥ -મુંડકોપનિષત્

(પરિશિષ્ટ-૨૩)

પાંડિત્ય = જ્ઞાનનો પ્રકાશ, સત્કારાધન.
પંડિત ક્યારેય નિષ્ફળ ક્રિયા ન કરે.

જ્ઞાન = તત્ત્વના વિવેચનને અંતે જન્મેલ તત્ત્વનિષ્ઠા.

શોક = અવિવેચનને કારણે જન્મેલ અતત્ત્વનિષ્ઠા
તથા અજ્ઞાનનો અંધકાર.

ઉદાર = નાશ પામનારી વસ્તુ નાશ પામે તે પહેલાં
તેનો સત્કર્મમાં ઉપયોગ કરી દે તે.

સત્ = હોનાર, ત્રણે કાળમાં રહેનાર.

અસત્ = ન હોનાર, ત્રણે કાળમાં ન રહેનાર.

અવિવેક = આત્મદોરડીમાં દોરે સર્પ કલ્પી દુઃખી થવું તે.

સ્પર્શ = સંબંધ, અમૃતત્વ = અમરત્વ.

લાકડા અને લોખંડના મળી ગયેલા વેર જુદા
પાડવા હોય, તો તે લોહચુંબક યા અગ્નિથી બને.
પરાભક્તિ એ લોહચુંબક અને જ્ઞાન એ અગ્નિ સમજવી.

કીર્તિ સ્વચ્છકર્મની સ્વયંભૂ કાંતિ છે.

સત્સ્વરૂપ આત્માનો પ્રકાશ સત્કર્મથી પ્રગટે,
અસત્ કર્મથી અવરાય. સ્વધર્મ તજવાથી સ્વતેજ જાય.

૦ આત્મા સદા ટકનારી વસ્તુ છે, અનાત્માનો સંબંધ
સદા ટકનારો નથી, એ વસ્તુ ભલે ટકનારી હોય.

વસ્તુ અનિત્ય નથી, નિત્યાનિત્ય છે.

માત્ર સંબંધ નિત્ય નહિ, પણ અનિત્ય છે.

જન્મનારી વસ્તુના ૬ ભાવવિકારો:

જન્મવું, સત્તામાં આવવું, પરિણામ પામવું,

વધવું, ઘટવું, નાશ પામવું.

ક્રિયાનો કરનાર તે કર્તા, ક્રિયા જેના પર થાય તે કર્મ.

સત્યનું બળ સંખ્યા ઉપર નહિ, પણ પોતાના ઉપર છે.

જે આત્માને અજ, અવિનાશી, અછેદ્ય જાણી,

તેને એ જ્ઞાનના પરિણામે અહંભાવ સ્ફુરતો નથી.

તેને હું કર્તા, મેં કર્યું, મને કર્મફળ મળ્યું,

એવો ભાવ સ્ફુરતો નથી.

તે પોતાના મૂળ સ્વરૂપમાં જ નિમગ્ન રહે છે.

પ્રિયના વિયોગનું નામ શોક છે, આત્મા એ પ્રિયતમ છે.

તેનો તો વિયોગ છે જ નહિ,

પણ જાણનારને તો શોકનું અસ્તિત્વ જ મટી જાય છે.

પ્રિયતમ આત્મા જ સૌનું સ્વરૂપ છે.

સૌમાં એક અને એકરસ છે.

તેનો વિયોગ કોઈ શસ્ત્રો પણ કરાવી શકતા નથી.

રડવું - કરવું પર્યાયવાચક છે.

# સુખ-દુઃખની સમજણ

સુખ-દુઃખનું સમીકરણ એ જીવનનું અવગાહિત છે.
અનુકૂળતા-પ્રતિકૂળતાની પાછળ રાગ-દ્વેષ છુપાયેલાં છે.
રાગ-દ્વેષ વડે જ અનુકૂળ-પ્રતિકૂળ વેદન થાય છે
અને તેનું નામ જ સુખ-દુઃખ છે.
'સુખ-દુઃખનું' સમીકરણ એટલે રાગ-દ્વેષનું સમીકરણ.
રાગ-દ્વેષ એ કર્તવ્યકર્મમાં પ્રતિબંધક છે,
એ આત્માની પ્રકૃતિ નહિ, પણ વિકૃતિ છે.
એ સંપત્તિ નહિ, પણ વિપત્તિ છે.
અવિવેકના કારણે ઊભી થયેલી તે મિથ્યા કલ્પનાઓ છે.
આ જગતમાં સારું કે ખોટું કોઈ છે જ નહિ, દરેક વસ્તુ
સ્વભાવમાં રહેલી છે. તેને સારી-ખોટી માનવી એ ગુન્હો છે.
સ્વાર્થ જ તેવી બુદ્ધિ કરાવે છે, તેથી તેની પર જવું.
તે માટે સર્વને આત્મતુલ્ય સમજવા જોઈએ.
એ દૃષ્ટિએ જે કર્તવ્યકર્મ હોય તેને કરવું જોઈએ.
સ્વાર્થ દૃષ્ટિ જ રાગ-દ્વેષની ઉત્પત્તિનું કારણ છે.
તેને પલટ્યા વિના રાગ-દ્વેષની મિથ્યાકલ્પના કપાતી નથી.
તેને પલટવાનો ઉપાય એક જ છે:
'સર્વને સમાન ગણવા અને વ્યવહાર કરવો'.

मत्वा कर्माणि सीव्यतीति मनुष्यः।

વ્યુત્પત્તિ: જે સમજીને કર્મ કરે તે 'મનુષ્ય'.

મનુષ્યમાં ૨ પ્રધાન અંશો: સમજણનો અંશ, કર્તવ્યનો અંશ.

જ્ઞાનાંશ અને કર્માંશ મળીને 'માનવ' થાય છે.

વિશ્વની આંતરવ્યવસ્થા, મંગળમય, શાશ્વત, ન્યાયી છે.

'કર્મમાં અધિકાર છે, ફળમાં નહિ' તેનો અર્થ:

પોતાને માટેના ફળ માટે કર્મ નહિ, પણ જગત અને તેના નિયંતા એવા ઈશ્વર માટે જ કર્મ કરવાનું છે. 'જગત અને ઈશ્વરનું ઋણ ઉતારવા કર્મ કરવાનું છે' એ વિચારે ફળાશંસા રહેતી નથી.

પરમાત્માએ જગતના તમામ જીવોના હિતની યોજના કરી તેનું પાલન કરવું એટલું જ કર્તવ્ય છે. તેનું પાલન જગતને અને મને એકાંત લાભદાયી થવાનું જ છે. કેવળ મને જ લાભ થાય એવો હેતુ ત્યાજ્ય છે.

સાધનનો ઉત્કર્ષ તે જ સાધ્ય.

લાભ-અલાભ, જય-પરાજય, સુખ-દુઃખને ઉપેક્ષાથી જોવાં તે સમત્વ યોગ.

યોગઃ કર્મસુ કૌશલ્યમાદધાતિ-સ્થાપયતિ। આ સૂત્ર કર્મબંધન ન થાય તે રીતે કર્મ કરતાં શીખવાડે છે.

## આત્મપરાયણતાથી શું થાય?

ભય, સુખ-દુઃખ અને સ્વાર્થપરાયણતા.
જે બુદ્ધિ વડે વિષયોનું ચિન્તન કરાય છે, તે બુદ્ધિનો જ
સંગ, કામ, ક્રોધ, સંમોહ અને સ્મૃતિવિભ્રમ વડે
વિષયો નાશ કરે છે અને પ્રસન્નતા ખોવાય છે.
સત્ત્વગુણનો સતત વહેતો પ્રવાહ એ પ્રસન્નતા.
ગુરુકુલવાસ, સ્વાધ્યાય, યમ-નિયમોનું પાલન, સત્સંગાદિ
પ્રસન્નતા મેળવવાના ઉપાયો છે.
પ્રસન્ન મતિ સમજે છે કે રાગ-દ્વેષની જરૂર નથી,
માટે સેવવા યોગ્ય નથી.
પારકાનું ભલું કરવામાં જ પોતાનું ભલું અને
પારકાનો અર્થ સાધવામાં જ પોતાનો અર્થ સધાય છે.

## બ્રાહ્મીસ્થિતિ એટલે શું?

વસ્તુમાત્રમાં પ્રતિ સમય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થવા છતાં
તેમાં હર્ષ, શોક કે અહંકારની લાગણી ન હોવા તે,
નિર્મમ, નિરહંકાર અને નિઃસ્પૃહ એવા મનની સ્થિતિ.

## લોકસંગ્રહ એટલે શું?

લોકોને કરવા યોગ્ય કાર્યોમાં પોતાના
દૃષ્ટાંતથી જે સારી પેઠે પકડી રાખે તે,
ઉન્માર્ગે જતાં અટકાવી સન્માર્ગમાં દૃઢ કરવાની ક્રિયા.

# કર્મયોગનો મહિમા

પોતાની જાતને ભળવું,
પોતાની જાતમાં નિરંતર રહેતા પરમાત્માને ભળવું અને
જાતને વિસ્તરવાની જરૂરિયાતે જગતને ભળવું
ભાન મેળવી તેને અનુરૂપ રીતે કર્મ કરવાથી જ
નિઃસ્વાર્થતા, અનાસક્તિ અને ત્યાગશીલતા ફળે છે.
સર્વના આત્મારૂપ પરમપિતાનું
સર્વભાવે તર્પણ કરવું એ જ કર્મનું રહસ્ય છે.
કર્મ પ્રધાન નથી, તેની પાછળનું પ્રયોજન પ્રધાન છે.
પ્રયોજન પ્રભુપ્રસન્નતાનું તથા આત્મશુદ્ધિનું હોવું જોઈએ.
દરેક કર્મને ફળવા માટે દેશ, કાળ અને
નિમિત્ત નિયત હોય છે.
શાસ્ત્રોક્ત કર્મ તે 'શુભકર્મ.'
નિરાશંસભાવે થતું તે 'અકર્મ.'
શાસ્ત્રનિષિદ્ધ કર્મ તે 'વિકર્મ.'
'પર' એટલે પરમાત્મા, તેને તુષ્ટ કરવો એટલે
અનાસક્તભાવે ભક્તિનાં કર્મ કરવા.
'પરાશિષ' એટલે નિઃસ્વાર્થભાવે કર્મ કરવાથી
પ્રાપ્ત થયેલ હૃદયશુદ્ધિ અને પવિત્રતા.

0 'સાચી વિદ્યા' એટલે આત્મજ્ઞાન.

જેણે આત્મદર્શનની મધુરિમા અનુભવી છે,
તેને જ વિષયરસની કટુતાનો દૃઢ નિશ્ચય થાય છે.

જીવ અનીશ્વર છે, પરમાત્મા સર્વેશ્વર છે.

અજ્ઞાનને મર્યાદા છે, જ્ઞાનને નહિ.

(૧) ધૂમ (૨) મેલ (૩) મેલા = ગર્ભની ચામડી એટલે?
(૧) આત્મજ્ઞાનનું આવરણ એટલે અગ્નિ ઉપર ધૂમ.
(૨) અનાત્મજ્ઞાનનું આવરણ એટલે દર્પણ ઉપર મેલ.
(૩) જ્ઞાનમાત્રનું આવરણ એટલે ગર્ભ ઉપર આચ્છાદન.

કામને વસવાનો ગઢ ઇંદ્રિયો, મન અને બુદ્ધિ.

જીવાત્મા અને પરમાત્મા એક જ પીંછાવાળા પક્ષી છે.

'પ્રભુ સાધુના સંરક્ષક અને અસાધુના સંહારક છે'
અર્થ જે જાણી તે સાધુતાને વધારવા કોશિષ કરે.

પ્રભુની આજ્ઞાને પાળવા માટે જ જીવન ગાળવું જોઇએ,
કેમકે તેથી રાગ-દ્વેષ દૂર થાય છે.

રજોમિશ્રિત તમોગુણમાંથી અવિવેક તથા
તેમાંથી જ કામ, ક્રોધ અને ગાઢ અજ્ઞાન જન્મે છે.

ધર્મ = જગનું ધારણ-પોષણ કરવાના મંગળમય નીતિનિયમો.

શ્રદ્ધા સત્વમાંથી પેદા થાય છે.

કર્તાપણાનો સ્વાદ લાવનાર ફલાસક્તિ છે.

વાણી મિતાક્ષર હોય, પણ અમિતાશયવાળી હોવી જોઈએ.

સેવામાં સામાને પીગાળવાનું બળ છે.

જ્ઞાનનો સાદો અને સરળ અર્થ સમજ છે.

'દૃષ્ટિ તેવી સૃષ્ટિ' કહેવતમાં અસત્યની પૂજા છે.

'સૃષ્ટિ તેવી દૃષ્ટિ'માં સત્યનિષ્ઠા અથવા સત્યજ્ઞાન છે.

મોંઘી અને મહામૂલી વસ્તુ ગમે તેવાને ન અપાય,
ગુપ્ત અને રહસ્યમય વાત ગમે તેને ન કહેવાય.
તે કહેવા અને આપવા માટે સાંભળનાર અને લેનારની
પાત્રતા જોવી જ જોઈએ. એ પાત્રતા બે પ્રકારની:
સામી વ્યક્તિ મિત્ર અથવા ભક્તિપૂર્ણ હોવી જોઈએ.

## સંયમમાં જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો

શ્રદ્ધા, ક્રિયાતત્પરતા, સંયમ ભાવપૂર્વક પ્રણિપાત-
શિષ્યભાવ, પરિપ્રશ્ન - ઉહાપોહ અને ગુરુસેવા.

સંયમ એ આત્મજ્ઞાનરૂપી ગંભીર, પ્રસન્ન અને મહાન
સરોવરની પાકી પાળ છે, તેમાં શક્તિનો સંચય છે.

સંન્યાસી = પરમવિરાગી અને પરમપ્રેમી.

વિરાગ વડે રાગ જાય, પ્રેમ વડે દ્વેષ જાય.

સંન્યાસીનાં ૨ લક્ષણો: રાગ સંન્યાસ અને દ્વેષ સંન્યાસ.

જાણપણું, વદવું અને સમજવું પણ રહેલ છે.
વાદ તરફ નહિ, પણ કાર્ય તરફ વલણ રહેવું જરૂરી છે.
કરવાથી કાંઈ મળે છે, કેવળ વિચારવાદ નહિ.
સંન્યાસનો પાયો યોગ છે.
યોગથી કર્મફળમાં અલિપ્ત રહેવાની શક્તિ મળે છે.
'સંન્યાસ' એટલે સાધ્ય. 'યોગ' એટલે ધ્યાન.
ધ્યાન વડે જ સાધ્ય નિષ્કંપ બને છે.

સાંખ્યબુદ્ધિ તથા યોગબુદ્ધિ એટલે શું?

સમ્યક્ ખ્યાયતે જ્ઞાયતે अनेन आत्मतत्त्वं इति
સાંખ્યં आत्मज्ञानं तन्निष्ठा बुद्धिः इति સાંખ્યબુદ્ધિ ।
સદ્બુદ્ધિ: આત્મજ્ઞાન, તેમાં નિષ્ઠા, અચળ સ્થિરતાવાળો
નિશ્ચય તે સાંખ્યબુદ્ધિ. આત્મદર્શનજન્ય આંતર દૃઢ બોધ.
યુજિર યોગે: કર્મમાં જોડાવાની દૃઢ નિષ્ઠા તે યોગબુદ્ધિ.
આત્માનું પરમાત્મા સાથે જોડાણ અને તેમાંથી ઉપજતું
વ્યવહાર ભૂમિમાં આત્માનું જગત સાથેનું જોડાણ.
પરમાત્માના નિત્ય સંપર્કવાળા કર્તવ્યકર્મોમાં આત્માનું
નિત્ય જોડાણ રહેવું જોઈએ એવો અચળ નિશ્ચય
તથા આત્મજ્ઞાનપૂર્વક, ભક્તિ અને શ્રદ્ધાસહિત,
કર્તવ્યકર્મોમાં સક્રિયમતિ તે 'યોગબુદ્ધિ'.

જીવાત્માનું પરમાત્મા અને પરમાત્માના સમાનધર્મા
જીવાત્મા સાથે જોડાણ તે 'યોગબુદ્ધિ'.
'નિષ્કામ કર્મયોગ' એટલે જીવતું જોડાણ.
કર્મમાં હૃદયપાત્ર ઉપર કાટ ચઢાવવા-ધોવાની શક્તિ છે.
ભોગી કાટ ચઢાવે છે, ત્યાગી કાટ ધુવે છે.
'ભોગી' એટલે કર્મ અને તેના ફળનો અહંકારી.
'ત્યાગી' એટલે બંનેના અહંકારને છોડનારો.

## જ્ઞાનનું ફળ

આત્મામાં આત્મબુદ્ધિ, મન, નિષ્ઠાપરાયણતા પેદા કરવા તે.
એ જ્ઞાન મુક્તિ અપાવે છે.
'મુક્તિ' એટલે સમૂળ ક્રાંતિ, પરિવર્તન.
પાંડિત્યનું મૂળ આત્મદર્શનમાં છે.
બ્રહ્મનિષ્ઠા અનિવાર્ય છે, શ્રોત્રિયતા નહિ.
'સમદર્શિતા' એટલે અનુભવાત્મક એવી સમજ, કે
એક જ આત્મા અનન્ત દેહોમાં નિવાસ કરે છે.
દેહભેદને લીધે આત્માનો ભેદ થતો નથી.
આત્મૈક્યનું સાક્ષાત્ દર્શન તે સમદર્શિતા છે.
ઘોડાને ઘોડો અને ગધેડાને ગધેડો જાણવા છતાં
બંનેમાં રહેલ આત્માને પણ જાણે તે સમદર્શી છે,
વિષમદર્શી માત્ર ભેદને જ જાણે છે.

## ४ प्रकारना आत्मा

(१) जितात्मा = मन उपर काबु राखनार.

(२) विशुद्धात्मा = मननी निर्मळता धरावनार.

(३) जितेन्द्रियात्मा = ५ इंद्रियो उपर काबु धरावनार.

(४) सर्वभूतात्मभूतात्मा = तमाम जगने पोताना ज आत्मानी जेम ज अने आत्मदृष्टिए अभेद जोनार.

## व्यवहारमां तत्त्वज्ञान

(१) करवा छतां करतो नहि.

(२) भोगवतो होवा छतां भोगवतो नहि.

(३) समर्पण ते कर्ममात्रनुं समर्पण.

(४) अनासक्ति ते फळमात्रनो त्याग.

शांति = राग-द्वेषनी निवृत्ति.

## शांतिना ३ उपायो

(१) कर्मफळमां अविचळ विश्वास.

(२) परमात्मानी भक्ति उपर अनुग्रह शक्ति.

(३) परमात्मा सौना सुहृद,

प्रत्युपकारनी आशा विना उपकार करनारा.

समता विना कर्तव्यकर्मनो यथार्थ निर्णय न थई शके केमके राग द्वेष न जोवा दे, दोष गुण न जोवा दे.

આત્મનિષ્ઠાથી
વિષયવિરસતા આવે,
ચિત્ત સ્થિર બને,
સર્વત્ર પરમાત્મદર્શન થાય,
અને પ્રાન્તે અતીન્દ્રિય સુખાનુભવ થાય.
'યોગ' એટલે પ્રકૃતિ અને તેના દુઃખોનો વિયોગ.
બહારનું સુખ એ અંતરના સુખનો જ વાસી સ્વાદ છે.
પ્રભુ પ્રાપ્તિના પ્રભાવે
બહિઃસુખ, બહિઃઆરામ અને બહિર્જ્યોતિમાંથી ટળી
અંતઃસુખ, અંતઃઆરામ અને અંતર્જ્યોતિ બને છે.
જે રીતે ભોજવાથી આરોગ્ય સિદ્ધ થાય, તે રીતે ભોજવું.
અત્યાચાર, મિથ્યાચાર અથવા
અલ્પાચારને ટાળી યુક્તાચારવાળા થવું.
હૃદયની પવિત્રતા પછી આત્મદર્શન અને
તેનાથી સમસ્ત સદ્‌ગુણોની સ્થિરતા થાય છે.
અનાત્મ ભાવોમાં તૃષ્ણાનો અભાવ અને આત્મામાં
પરિપૂર્ણ રતિ એ વૈરાગ્ય છે. આત્મપ્રેમને લઈને
અનાત્મા ઉપર સ્ફુરતિ જે દૃઢ અસંગબુદ્ધિ તે વૈરાગ્ય છે.
એ પ્રાપ્ત કર્યા પછી થતાં આત્મસાક્ષાત્કારના પરિણામે

અનાત્મા ઉપર અત્યંત અપ્રીતિ એ પરવૈરાગ્ય છે.
તે અભાવાત્મક નહિ, પરિપૂર્ણ ભાવાત્મક સ્થિતિ છે.

<u>કર્મની બીજશક્તિ એટલે શું?</u>

રાગ-દ્વેષાદિ ક્લેશો એ કર્મની બીજશક્તિ છે.
એ બધાનો ચક્રવર્તી મોહ-અજ્ઞાન છે.
તેનો નાશ કરવાથી જન્મચક્રનો અંત આવે છે
અને તેનો નાશ સ્વસ્વરૂપમાં
નિષ્ઠાત્મક સાક્ષાત્કારાત્મક જ્ઞાનથી થાય છે.
કર્મ અને પુનર્જન્મનો વિચાર
જીવને સમદર્શી થવામાં ખૂબ જ સહાયક છે.
મૃત્યુને
સમતાપૂર્વક આલિંગન થવામાં
ઈશ્વરાજ્ઞાનું પાલન છે
અને
એ જ સમતાનું સાધન છે.
ચોર અને ચોકીદાર વચ્ચે જેટલો તફાવત છે,
તેટલો જ શુભ અને અશુભ ભાવો વચ્ચે છે.

○

વિકારભાવ = Passionate mood.
ભક્તિભાવ = Worshipping mood.

## એકાંતવાદનો ત્યાગ

(૧) સાધકપક્ષના કદાગ્રહથી અને વ્યવહારનયના પક્ષને કરેવાથી એકાંત નિયતિવાદ આવે.

(૨) યોગ્યતાવાદનો કદાગ્રહ કરવાથી અને કર્મપક્ષને મિથ્યા માનવાથી એકાંત સ્વભાવવાદ આવે.

(૩) ઉપાદાનવાદનો કદાગ્રહ કરવાથી અને નિમિત્ત પક્ષને મિથ્યા માનવાથી અહેતુવાદ આવે.

(૪) નિશ્ચયવાદનો કદાગ્રહ કરવાથી અને વ્યવહાર પક્ષને મિથ્યા માનવાથી અદ્વૈતવાદ આવે.

સ્વભાવ - યોગ્યતા, નિયતિ - અકર્તૃતા,
ઉપાદાન - અહેતુતા, નિશ્ચય - અદ્વૈતતા.

ઉપાદાનની યોગ્યતા નિમિત્ત સાપેક્ષ છે
અને
નિમિત્તની યોગ્યતા ઉપાદાન સાપેક્ષ છે.

કાર્ય - કારણ ભાવ પરસ્પરની અપેક્ષાથી જ ચાલે છે.

નિર્લેપભાવે થતાં દરેક કાર્યો
મુક્તિના હેતુ બને છે.

આસક્તિ અને અહંકારપૂર્વક થતાં
ધર્મકાર્યો પણ સંસારના હેતુ બને છે.

## ત્રણે જગતના નાથ એવા પ્રભુ સાધવા
## : ભગવાનને પામવાના ૩ ઉપાયો :

ભગવદાસક્તિ, યોગાભ્યાસ અને શરણાગતિ.

(૧) ભગવદાસક્તિ:

અનાત્મામાં અનાસક્તિ અને પરમાત્મામાં આસક્તિ, અનાત્મપદાર્થોમાં તત્ત્વથી નિરસતા અને ભગવાનમાં તાત્ત્વિક રસમયતા છે. પરમાત્મા જ એક માત્ર પ્રીતિ કરવા લાયક પદાર્થ છે એવો દૃઢ નિશ્ચય.

(૨) યોગાભ્યાસ:

યોગ, એકાગ્રતા, મૂઢતા, ચંચળતા અને વિક્ષેપથી રહિતચિત્તતાનો પ્રતિદિન અભ્યાસ. યોગ એ તો પ્રભુનો સંયોગ અને પ્રકૃતિનો વિયોગ છે. પ્રકૃતિનો સદાને માટે વિયોગ અને ભગવાનનો સદાને માટે સંયોગ સાધવા યોગાભ્યાસ અનિવાર્ય છે.

(૩) શરણાગતિ:

ભગવત્ પ્રપત્તિ, પ્રભુની ઇચ્છાને નિષ્કપટભાવે આધીન રહેવાની વૃત્તિ. શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમપૂર્વક બાળકની જેમ પ્રભુને સમર્પિત થઈ જવાની સાધકની સહજવૃત્તિ એ શરણાગતિ છે.

० જાણવા જેવી છે પોતાની જાત અને તેમાં રહેલા પરમાત્મા અર્થાત્ કે પોતાનો જ પરમાત્મભાવ, તે સિવાય બાકીનું જાણવા યોગ્ય જ નથી. આત્માનું જ્ઞાન દુર્લભ નથી, મોહને મારવો એ દુર્લભ છે. ભક્તિ અને પુરુષાર્થતા સહચારી છે. એકભાવ વિના ન રહી શકે.

० 'ઇત્થંભૂતગુણો જિન: ।' જ્ઞાનીની ભક્તિમાં જ્ઞાનના મૂલ્યાંકન છે. સ્વાર્થ સંકુચિત છે, તેથી તેમાં આત્માનું રૂંધન છે. વાસુદેવ: સર્વમ્‌નો અર્થ સર્વત્ર આત્મદર્શી ભક્ત સુદુર્લભ છે. પુરિશેતેનો અર્થ દેહ કે દેહરૂપી નગરીમાં આત્મારૂપી શય્યા પડે સૂતેલો તે પુરુષ છે.

'પોતે કર્તા છે' એમ ન સમજતાં
'પોતે નિમિત્ત છે' એમ સમજે તે પુરુષ સાચો સેવક છે.

'બુદ્ધિ' અર્થાત્ કર્તવ્યાકર્તવ્યનો વિવેક.

'જ્ઞાન' અર્થાત્ આત્મા વગેરે પદાર્થોનું વાસ્તવિક જ્ઞાન.

પવિત્રતા ચિત્તની એકાગ્રતામાં પરિણમે છે અને
તેમાં સૂક્ષ્મતમ પદાર્થોને જોવાની અદ્ભુત શક્તિ હોય છે.

'હું કાંઈ કરું છું' એવી વેદના અહંકારમાંથી જન્મે છે.

કામ, ક્રોધ, લોભ એ ત્રણે તમોદ્વાર છે.

મમતા અને અહંકાર આસક્તિ વિના જીવી શકતાં નથી.

## ભગવાનની આજ્ઞાનો મહિમા

ભગવાન કોઈનામાં નથી = ભગવાન કોઈના આધારે નથી.

'ભક્તિ' એટલે સેવા, આજ્ઞાપાલન.

ભગવાનની આજ્ઞા ભગવત્સ્વરૂપ થવાની છે.

જાતને ભગવાન સાથે જોડી દેવાની આજ્ઞા છે.

સર્વત્ર સર્વભૂતોમાં ભગવાનને જોવાની આજ્ઞા છે.

ઘટ-ઘટમાં એક જ પરમાત્માની મનઃકામના છળી છે,

એનો સાક્ષાત્ અનુભવ કરવાની આજ્ઞા છે.

એ માટે અહિંસાદિનું દૃઢપણે પાલન કરવાની આજ્ઞા છે.

અહંભાવનો મૂળથી અભાવ એ પ્રભુની આજ્ઞા અને ભક્તિ છે. એ રીતે પોતાની જાતને ભગવાન સાથે જોડનાર છેવટે ભગવત્સ્વરૂપ થાય છે. નામ અને રૂપરૂપી બે કિનારાવાળી સચ્ચિદાનંદમયી ગંગા એ પતિતપાવની તીર્થભૂમિ છે. તેમાં સ્નાન કરનાર શુદ્ધ થયા વિના ન રહે.

ભગવાન કરતાં બીજા નંબરે બળવાન

આ વિશ્વમાં કોઈ હોય, તો તે 'અજ્ઞાન' છે.

તેને મહાત કરવા ભગવાન સિવાય કોઈ સમર્થ નથી.

સ્યાદ્વાદ નિરાગ્રહીપણાનાં કારણે સર્વોત્તમ છે.

કર્મથી વાસના અને વાસનાથી કર્મ થતાં જ રહે છે.

o ભગવાનનો અનુગ્રહ એટલે બુદ્ધિયોગ.

o સમજશક્તિ એટલે ભગવાન પાસે પહોંચાય તેવી,
અજ્ઞાનનો ધ્વંસ કરનારી, જ્ઞાનનો પ્રકાશ પ્રગટાવતી,
ચિરશાંતિ બક્ષનારી અનુપમ શક્તિ.
અજ્ઞાનનો અસ્ત-જ્ઞાનનો ઉદય એ જ જીવનની કૃતાર્થતા.

o 'अस्ति इत्येवोपलब्धव्यः ।' અર્થાત્:
'આ આત્મા છે' એમ જ સાક્ષાત્કાર કરવો યોગ્ય છે.

o સૃષ્ટિ પરમાત્માનું સ્પષ્ટીકરણ અને પ્રકટીકરણ છે.
નામ અને રૂપ એ સૃષ્ટિરૂપી કાવ્યના શબ્દ અને અર્થ છે.
તે માત્ર પરમાત્માના જ વાચક, લક્ષક, વ્યંજક છે. એ બધાનું
તાત્પર્ય પ્રભુ છે. એ બધાના સ્ફોટમાંથી પ્રભુ નીકળે છે.

'હું સુખી, હું દુઃખી, હું મૂઢ'
આ જાતિનો પ્રલાપ તે અજ્ઞાનજન્ય અસ્મિતા છે.
ભક્તિમાં વિભક્તિ નિઃસાર છે.

o વિભુ એટલે વિવિધરૂપે ઘણા થવાની
અકળ, અતર્ક્ય, અચિન્ત્ય શક્તિવાળા થવાની યોજના.
વિવિધરૂપે પ્રકટતી વિભૂતિ ત્રણ રીતે ઓળખાય:
ઐશ્વર્ય, શ્રી અને બળ.
વસ્તુમાત્રમાં તે ત્રણે રહેલાં છે (તારતમ્ય ભલે હોય).

દિવ્યદૃષ્ટિ એટલે અર્થમાત્રને પ્રકાશિત કરનારી સાત્ત્વિક એકતાન વૃત્તિ - ધ્યેયની તન્મયતા - પર પ્રત્યક્ષ - સમાધિ.

o શ્રદ્ધા એટલે આસ્તિક્ય = અસ્તિ એવી મતિ.

o ઉપાય એ ઉપેયની પૂર્વ ભૂમિકા છે
અને ઉપેય એ ઉપાયની ચરમ ભૂમિકા છે.

સર્વમાં ઈશ્વરમયતાનો અનુભવ એ વિશ્વરૂપ દર્શન છે.

o જે કર્મોથી અંતરાત્મારૂપ પરમાત્મા પ્રસન્ન થાય તે મુક્તિમાં પરિણમે છે. તેને જ 'પ્રભુપ્રીત્યર્થ કર્મ' કહે છે.

હૃદયશુદ્ધિ માટે નિઃસ્વાર્થ કે પરમાર્થ ભાવે
થતા કર્મ તે 'પ્રભુપ્રીત્યર્થ કર્મ' છે.

o 'બધામાં હું છું' એ ભાવ દૃઢ થયા પછી જ
'મારામાં બધા છે' એ સાધના સત્યરૂપે થાય છે.
પહેલી છે વ્યક્તોપાસના, બીજી છે અવ્યક્તોપાસના.

o ત્યાગ = આત્માને પકડવાથી અનાત્મા છૂટી જાય તે.
ત્યાગની છેવટની હદ તે શાંતિ.

o દ્વેષ એ અભાવનું અને પ્રેમ એ ભાવનું રૂપ છે.
ભેદદૃષ્ટિ દ્વેષને અને અભેદદૃષ્ટિ પ્રેમને જન્માવે છે.
સ્વ પૂરતો જ પ્રેમ, તે બીજાને પ્રેમથી વંચિત રાખે છે.
સત્પ્રવૃત્તિ માત્ર કરુણાનું જ પાસું છે.

જીવ, જગત અને ઈશ્વરને લગતો સત્ય અને બોધ જ
સાચો નિશ્ચય અને એ નિશ્ચયને અનુસરીને થતાં સર્વ
ક્રિયાના પ્રત્યાંકનો અને તેને છેવટ સુધી વફાદારીથી
વળગી રહેવાની શક્તિ, તે 'દૃઢ નિશ્ચય' કહેવાય છે.

0 દ્વૈતની અભાવ દશા તે 'લય' છે.

ઉદાસીનતા એટલે પર્વતની ટોચ સમે ઊંચે બેસવું.
તટસ્થતા ગુણ એટલે સમુદ્રનો તટ સમા કિનારે રહેવું.
મધ્યસ્થતા એટલે ત્રાજવાની દાંડી સમ વચ્ચે રહેવું.
આત્મદર્શન થતી શત્રુ-મિત્ર, માન-અપમાનાદિ જેવા
વિષમ ભાવો ટળે છે અને સમ ભાવો આવે છે.
ત્યાગમાં સ્વાર્થનો નિષેધ છે અને પરમાર્થનું વિધાન છે.
સર્વારંભપરિત્યાગ = સ્વાર્થ ત્યાગપૂર્વક પરમાર્થમાં પ્રવૃત્તિ.

0 આચરણની આબરૂ મોટી છે.

આચરણ વિનાના વિચારો સુંદર હોય તો પણ વંધ્ય છે.

ક્રિયા દ્વારા જણાવ્યું તે 'આચરણ' છે,
વાંચીને જાણી શકાય તે 'અસ્પષ્ટ' હોય છે,
કરીને જે જણાય તે 'સ્પષ્ટ' હોય છે.

મનુષ્યનો મહોદય થવાનો હોય, ત્યારે તેને અહિંસા સૂઝે.
અહિંસા = આત્મદર્શનનો અમલમાં ઉતરેલો મહાપ્રભાવ.

પરમાત્મા = દેશકાળનો અને કાર્યકારણનો પરિચ્છેદ કે મર્યાદા જેને નથી તે પૂરણ વસ્તુ.

આપણો આત્મા જ જ્યારે પોતાના મહિમામાં વિહાર કરતો હોય, ત્યારે તે 'પરમ+આત્મા' ઇત્યાદિ.

બ્રહ્મ = અપરિચ્છિન્ન વસ્તુ.

બ્રહ્મભાવ = પોતાની અભેદ વિશાળતાનો અનુભવ.

અવ્યભિચારી ભક્તિ = આત્માનું નિરંતર પાલન.

બંધન = સ્વરૂપની વિસ્મૃતિપૂર્વક પરરૂપમાં સમાધિ.

'निखिलदेहिनामन्तरात्मदृक् ।'

અખિલ: પ્રાણીમાત્રના અંતરાત્માનો સાક્ષી.

સનાતન = દરેક દેશ, કાળ, માનવને લાગુ પડે તેવો ધર્મ.

વેદો અને શાસ્ત્રોનું પર્યવસાન પરમાત્મામાં થાય છે.

અહંતામાંથી કર્તાપણાનું અને મમતામાંથી ભોક્તાપણાનું અભિમાન પ્રગટે છે. અવિવેકમાંથી સંગ અને સંગમાંથી જે અહંતા અને મમતા ઉપજે છે, તે જ સંસાર છે.

તેનો અભાવ નિપજાવનારું આત્મનું ભાન અને તેમાંથી ઉપજતા સાત્ત્વિક વિવેકનું નામ 'અસંગ' છે.

'અનાસક્તિ' એ સૂક્ષ્મ અને પરમ ત્યાગ છે.

સંસારમાં અનાસક્ત પુરુષ જ પ્રભુમાં આસક્ત થઈ શકે.

શાસ્ત્રો તો અક્ષરમાં રચવાઈ રહેલા
જીવમાત્રના સાચા હિતૈષી, મૃત્યુંજય સંતો છે.
આચરણમાં ઉતરેલું સાચું જ્ઞાન એટલે 'શાસ્ત્રીય વિધિ.'

પ્રપત્તિ અથવા શરણાગતિ

ઇંદ્રિયોને મનોમય, મનને હૃદયમય અને હૃદયને સ્વસ્થ કરી પ્રભુનું જ શરણ લેવું. પ્રભુ જેવા છે, જ્યાં છે તેની જાતે કલ્પના ન કરતાં પ્રભુ પોતે જ પ્રગટી પોતાને લાગતું જ્ઞાન આપે તેમ વર્તવું, આનું નામ પ્રપત્તિ, શરણાગતિ. સમસ્ત દુઃખોને નિવૃત્ત કરે એવી શક્તિને ખોળે નિષ્કપટભાવે પોતાની જાતને ધરી દેવી.

સંપત્તિના પ્રકારો

સદ્ગુણ વિકાસ એ 'સાચી સંપત્તિ.'
શુભવૃત્તિઓનો સ્થિરભાવ તે 'દૈવી સંપત્તિ.'
અશુભવૃત્તિઓનો સ્થિરભાવ તે 'આસુરી સંપત્તિ.'
એક નરને નારાયણ બનાવે અને બીજી નરને પશુ બનાવે.

સમજના પ્રકારો

(૧) તમોગુણપ્રધાન અવળી સમજ, જે અસુરોને હોય.
(૨) રજોગુણપ્રધાન આંધળી સમજ, જે માનવોને હોય.
(3) સત્વગુણપ્રધાન સાચી સમજ, જે દેવોને હોય.

## શ્રદ્ધા અને નિષ્ઠા

બુદ્ધિના નિર્ણય અંશનું નામ જ 'શ્રદ્ધા' છે. સાત્વિક બુદ્ધિ શ્રદ્ધા સ્વરૂપિણી છે. સત્વપૂત મતિ એ શ્રદ્ધા છે.

સત્યનિષ્ઠામાં શ્રદ્ધા અને બુદ્ધિનું મિલન છે.

બધામાં શ્રદ્ધા, આસ્તિ, બુદ્ધિ એક જ છે.

શ્રદ્ધા માતા, નિષ્ઠા દીકરી છે.

જેની જેવી શ્રદ્ધા, તેની તેવી નિષ્ઠા.

જ્ઞાત્મ જ્ઞાનપૂર્વક, અનન્ય ભક્તિભાવે, પરમશ્રદ્ધાએ, નિષ્કામભાવે, લોકશાસ્ત્ર સંમત, જાતિ, દેશ, આત્માની ઉન્નતિ કરે તેવાં તમામ કર્મોને નિષ્કામભાવે એટલે કર્તવ્ય બુદ્ધિથી કરવા એ સાચા જીવનનો અર્થ છે.

કર્મથી ટેવ, ટેવથી આચાર, આચારથી જીવન.

મનને જેવો વળાંક આપો તેવો તે લે છે.

કથિર મટી કંચન કે પત્થર મટી પારસ બની શકે છે.

માનવજીવનમાં વિવેકત્યાગ એ આત્મઘાત
અને પોતાનું જ અપમાન છે.

જીવન અતિ કીમતી વસ્તુ છે, તે એળે ન જવું જોઈએ.

જીવને બાંધનારી સાંકળ કોઈ ધાતુની નહિ,
પણ અહં-મમ ભાવની બનેલી એ અદ્ભુત સાંકળ છે.

સ્ખલિત શત્રુને કહેવું જ શું?

શાસ્ત્રીય કર્મ ત્યાગ = સ્ખલિત ન ફરવાની વૃત્તિ.

ત્યાગ ભાવાત્મક અને ઉત્કૃષ્ટ જોઈએ.

શરીર, જીવ, ઇંદ્રિયો - આ બધાની ચેષ્ટા અને દૈવ એમ એ પાંચ મળીને જ કોઈપણ કર્મ થાય છે, તેથી એકલાએ કર્તાપણાનું અભિમાન ન લેવું જોઈએ કે પાંચમાંથી પોતે નીકળી જાય તો બધું અટકી જાય, માટે પોતાનો અંશ (અહં) તેમાંથી લઈ લેવા યત્ન કરવો જોઈએ.

યંત્રારૂઢ = દેહરૂપી યંત્ર ઉપર આરૂઢ - દેહાત્મબુદ્ધિ.

નિયતકર્મ = શાસ્ત્રે અને સ્વભાવે નક્કી કરેલાં કર્મ.

સત્ સંગ = પરમાત્મા ઉપરનો આત્મીય પ્રેમ.

અશ્વત્થ = અ + નહિ, શ્વ + આવતીકાલે, ત્થ + રહેનાર.

મનની નદી સંસાર તરફ કે પ્રભુ તરફ, જ્યાં વાળીએ ત્યાં વળે, તો પ્રભુ તરફ જ કેમ ન વાળવી?

अ + उ + म } જીવ એ બ્રહ્મની છાયા છે,<br>
अ + ह + म } અહં એ ૐની છાયા છે.

ॐमित्येकाक्षरं ब्रह्म ध्येयं सर्वमुमुक्षुभिः ।<br>
अर्धमात्रा समायुक्तं प्रणवो मोक्षदायकः ॥<br>
प्रकर्षेण नूयते स्तूयते अनेन इति प्रणवः ।

प्रणमदतीति प्रणवः । प्रणतं अवतीति प्रणवः ।
सर्वेषां मंगलानां च बीजं प्रणव एव हि ।
(પરિશિષ્ટ-૨૪)

'ॐकारः प्रणवो ब्रह्म सर्वमंत्रेषु नायकः ।'
અર્થાત્: ૐકાર પ્રણવબ્રહ્મ સર્વ મંત્રોમાં નાયક છે.
'एतद् आलंबनं श्रेष्ठं एतदालंबनं परम् ।'
અર્થાત્: આનું આલંબન શ્રેષ્ઠ છે, આનું આલંબન ઉત્તમ છે.
પ્રણવ નમ્રતાસૂચક અને ભક્તિપ્રેરક છે.
એથી પ્રભુમાં પ્રેમ અને ભક્તિ આવિર્ભાવ પામે છે.
'પ્રેમ કરવો' એટલે પોતાના આત્માનો આવિષ્કાર કરવો.
'સર્વત્ર વ્યાપ્ત રહેલા ચૈતન્ય સાથે મારો અભેદ છે'
એવું ભાન અગત્યનું છે. પ્રાણીમાત્ર ઈશ્વરનો ભગવાન
પ્રેમ પણ સામર્થ્યોને જાગ્રત કરવાનું ભગવાન સાધન છે.

○ 'આંદોલનનો નિયમ' એટલે દૃશ્ય જગતમાં
પ્રત્યેક વસ્તુના પૃષ્ઠભાગમાં રહેલું સામર્થ્ય.
માનસિક આકૃતિઓને તે નિયમની સાથે સંબંધ છે.

○

*Length is measured with Body,*
*Breadth with Mind and*
*Height with Soul.*

## મુદ્રા તથા પ્રત્યાહારના ૯ પ્રકારો

(૧) મહા મુદ્રા : અનુલોમ - વિલોમ, નેતિ.
(૨) મહાબંધ મુદ્રા : સૂર્યભેદન - ચક્રો, ધોતી.
(3) મહાવેધ મુદ્રા : શીતળી - મૂલાધાર, જલદાતણ.
(૪) ખેચરી મુદ્રા : ઉજ્જાયી - સ્વાધિષ્ઠાન, બસ્તિ.
(૫) ઉડ્ડીયાન મુદ્રા : સિત્કારી - મણિપુર, નૌલિ.
(૬) મૂલબંધ મુદ્રા : ભસ્ત્રિકા - અનાહત, ત્રાટક.
(૭) જાલંધર મુદ્રા : મૂર્છા - વિશુદ્ધિ, કપાલભાતિ.
(૮) વજ્રોલી મુદ્રા : પ્લાવિની - આજ્ઞા, ગજકરણી.
(૯) યોનિ મુદ્રા : ભ્રામરી - સહસ્ત્રાર, માતંગિની.

o ક્લેશા ઇતિ પંચ વિપર્યયા: | ક્લેશ = પાંચ વિપર્યય.
જેમ આખું ઝાડ ચૂલાની અંદર પેસે નહિ, બાળવું કઠણ પડે તેને ચીરી, ટુકડા કરી બળાય, તેમ બળવાન ક્લેશોને સૂક્ષ્મ કરીને પછી જ સમાધિ દગ્ધબીજ કરાય છે.
નિર્મળી નામના દવા કણીયા જળને સ્વચ્છ કરી પોતે પણ તળીયે બેસી જાય છે, તેમ સમાધિ પણ ક્લેશોને દગ્ધબીજ કરી લય પામી જાય છે.

o તપ = ઇંદ્રિયોને જીતવા માટેનું અનુષ્ઠાન.
ઇંદ્રિયોને સ્વાધીન કરવા જે કષ્ટ ભોગવવું પડે તે તપ.

o અવિદ્યાથી રાગ-અગાધદ્વેષ, રાગ-દ્વેષથી કર્મમાં પ્રીતિ, કર્મથી જન્મ, જન્મથી ક્લેશ, ક્લેશથી કર્મ... એ પ્રમાણે સંસારચક્ર ચાલે છે. શરીર દ્વારા સત્કર્મ અને ઈશ્વર ભજન એ નફા ખાતે, બાકી બધું ખોટ ખાતે, ઘસારા ખાતે છે.

o 'स्थानाद् बीजादुपष्टंभात् निष्यंदान्निधनादपि ।
कायमाधेय शौचत्वात् पंडिता ह्यशुचिं विदुः ॥'

અશુચિ: આધેય = આત્માની વિચારણા થતી હોવાથી કાયાને પંડિત પુરુષો અશુચિ સ્વરૂપ કહે છે.

o સ્વરસવાહી = સ્વવાસનાનાં બળથી સ્વભાવસિદ્ધ.

o રાગ એટલે સુખનો સંસ્કાર, તેથી ઉત્પન્ન થતી ચિત્તની વૃત્તિ અને અનુભવેલા તરફ પ્રીતિની લાગણી.
દ્વેષ એટલે અનુભવેલા તરફ અપ્રીતિની લાગણી.

o

Attachment is that which dwells on pleasure - enjoyment.
Aversion is that which dwells on pain or misery.
મોહ = The clinging of life.
It flows through its own nature.
consciousness = ચિતિ, ભાન, વિજ્ઞાન.

o સ્થૂળ ક્લેશોનો ક્રિયાયોગ દ્વારા,
સૂક્ષ્મ ક્લેશોનો ધ્યાનયોગ દ્વારા અને
દગ્ધબીજ ક્લેશોનો અસંપ્રજ્ઞાત સમાધિ દ્વારા લય કરવો.
વાસણ ફૂટી જવાથી પાણી ચાલ્યું જાય,
તેમ બીજ લય દ્વારા ક્લેશો ચાલ્યા જાય છે.

o કર્માશય = કર્મોનો ભંડાર, કર્મોનો સમુદાય.
તેને ધર્માધર્મ, અદૃષ્ટ પણ કહેવાય.
નિષ્કામ કર્મોથી ધર્માધર્મ ઉત્પન્ન થતા નથી,
રાગ-દ્વેષ રૂપ સકામ કર્મોથી જ ધર્માધર્મ થાય છે.

o આયુ = દેહ અને પ્રાણોનો સંબંધ.
ભોગ = સુખ-દુઃખાનુભવ કરનારી ચિત્તવૃત્તિઓ.
વાસના = સ્મૃતિના હેતુભૂત સંસ્કારો.
દેહનાં સુખ વિષયથી યુક્ત હોય છે.
આત્મિક સુખ નિષ્કામ કર્મ, જ્ઞાન, ભક્તિથી યુક્ત હોય છે.

o अक्षिपात्रकल्पो हि विद्वान् ।
અક્ષિ : આંખની જેમ યોગી તીવ્ર લાગણીવાળો હોય છે.

o

Never yet was there a great soul, who had not to reject sense pleasures & enjoyments to acquire his greatness.

વિષયસુખ માત્ર રાગાદિ મિશ્રિત હોય છે,
રાગ સંયોગબુદ્ધિનું કાર્ય છે.
યોગની ક્રિયાઓ દ્વારા ચિત્તવૃત્તિઓને શાંત
અને એકાગ્ર કર્યા વિના તત્ત્વજ્ઞાન થતું નથી.
દેહ જડ છે, તેને ગતિ આપનાર ચેતન આત્મા છે.
દાન લેનારો આપનારનું પાપ લે છે.
તેને ધોવાની શક્તિ ન હોય તો લીધેલું દાન ભારે પડે છે.
વિચારની શુદ્ધિ શાસ્ત્ર અને સદ્ગુરુથી થાય છે.
નીતિ અને વૈરાગ્ય વિચારશુદ્ધિના પાયા છે.
જેમ ખટાશ ગોળ સાકર માગાદિ ઓછાં થાય છે,
તેમ લાભાદિ દોષ ગળે છે.
દ્વેષ ક્રોધની અને ક્રોધ હિંસાની માતા છે.
કોઈને ગાળ દઈએ તો તુરત કજીયો અને
કોઈના વખાણ કરીએ તો તુરત પ્રસન્નતા
એ શબ્દશક્તિનું સામર્થ્ય સૂચવે છે.
અશુભમાં શુભનું અને અનર્થમાં અર્થનું
ભાન પણ અવિદ્યાનો જ વિલાસ છે.
0 જંગલના પ્રાણીઓને ઓક્સીજનની અને
સ્થાવર પ્રાણીઓને નાઈટ્રોજનની જરૂર પડે છે.

સમદૃષ્ટિ એ સર્વદૃષ્ટિ બની શકે છે.

ક્ષણિક મજાની અનંત સજા એ ૫ વિષયોનો વિપાક છે.

<u>વિષયો આપણને તજે તો અતુલ પરિતાપ, આપણે</u>
<u>વિષયોને તજીએ તો અનંત આનંદનો વારસો મળે.</u>

રાગ એટલે ઉત્કટ ઇચ્છા - જોઇએ જ.

દ્વેષ એટલે ઉત્કટ અનિચ્છા - ન જ જોઇએ.

રાગમાં લેવાની અને દ્વેષમાં ત્યાગવાની તીવ્ર ઇચ્છા છે.

રાગ = પ્રિય સંયોગની - અપ્રિય અસંપ્રયોગની ઇચ્છા.

દ્વેષ = અપ્રિય સંયોગની - પ્રિય અવિયોગની ઇચ્છા.

જ્યાં રાગ-દ્વેષ નથી, ત્યાં સુખ - દુઃખાનુભવ નથી.

સુખ માત્રનો અનુભવ રાગાદિ ખરડાયેલ હોય છે.

અદેવમાં દેવ, અગુરુમાં ગુરુ અને
અધર્મમાં ધર્મબુદ્ધિ પણ અવિદ્યા જ છે.

સ્વરૂપની વિસ્મૃતિ, પરરૂપની સ્મૃતિ
એ જ અપસ્મારનો મૂલ વ્યાધિ છે.

o ધ્યાનયોગ = ધ્યેયના સ્મરણપૂર્વક વિવેકમાર્ગે અને
દૃઢતાથી ચાલવાનો અભ્યાસ,
મહાન આદર્શોનું સદા સ્મરણ અને તન્મયતા માટેનો પ્રયોગ.

સત્સંગ સમું હૃદયશુદ્ધિનું અન્ય કોઈ સાધન નથી.

વિવેકજ રાગાદિ ક્લેશોની સૂક્ષ્માવસ્થા બંધવાઈ થાય.
તેનું દૃઢતમ આચરણ એ જ વાસનાનાં નાશનો ઉપાય છે.
ભોગના મૂળમાં વાસનાઓ અને એના મૂળમાં ક્લેશો છે.
ગહના કર્મણો ગતિઃ। પરોહિ યોગો મનસઃ સમાધિઃ।
કર્મની ગતિ ગહન છે. મનની સમાધિ એ શ્રેષ્ઠ યોગ છે.

સંયોગ એ આધિદૈવિક અથવા કાલ્પનિક છે.

સ્વરૂપની વિસ્મૃતિમાંથી સંયોગગ્રંથી અને
સ્વરૂપની સંસ્મૃતિમાંથી જ એનો છેદ થાય છે.

આત્મા આપ્તકામ, સમાપ્તકામ, અકામ છે.

સત્ત્વ રજ તમ = અગ્નિ (સત્ત્વ), દીવેટ (રજ), તેલ (તમ).

0 શુદ્ધતમ ભાવનાપ્રધાન બુદ્ધિ જ હૃદય છે.
બુદ્ધિ હૃદયમય થાય, ત્યારે શ્રદ્ધાનું સ્વરૂપ પકડે છે,
પરિપક્વ બુદ્ધિ તે શ્રદ્ધા. સમર્પણ શુદ્ધ બુદ્ધિનો પ્રયોગ છે.
સમર્પણ તે સંસારી આત્માનો મૂળ સ્વભાવ છે, કેમકે
તે પ્રકૃતિને સમર્પણ થઈને જ સંસારમાં ભટકે છે.
એની સમર્પણની દિશા જ પલટવાની રહે છે.

સૌ શાસ્ત્રના એકમાત્ર સારરૂપ ભગવન્નામ
સ્મરણરૂપી મહાશાસ્ત્રનો સ્વાધ્યાય શ્રેષ્ઠતમ છે.
ભગવન્નામ એ સ્વાધ્યાયોનો પણ પરમસ્વાધ્યાય છે.

## આત્મરમણતા તથા પરહિતરતતા

વિ + રમણ = વિરતિ, વિશિષ્ટ પ્રકારની રમણતા.

તે પાપ નહિ કરવા, કરાવવા અને અનુમોદવાની પ્રતિજ્ઞા વડે જ સિદ્ધ થાય છે, તે સિવાય વિશિષ્ટ આત્મરમણતા સિદ્ધ થતી નથી અને તેના વિના પાપ નહિ કરવા, કરાવવા અને અનુમોદવાની પ્રતિજ્ઞા ટકતી નથી.

વિશિષ્ટ આત્મરમણતાનો ઉપાય પરહિતરતતા છે.

પ્રતિજ્ઞાનો ભંગ કરાવનાર છે સ્વાર્થનો ભાર.

સ્વાર્થ અણુમાં વહેંચાય તો એટલી હળવાશ આવે અને દેવાધિદેવની મહાકરુણાના ધ્યાનના અલૌકિક પ્રભાવે પરહિતરતતા અને તેના પરિણામે પ્રગટ થતી વિશિષ્ટ આત્મરમણતા સહજ બને છે.

સ્વનો સર્વ સાથે સંબંધ બાંધી આપનારા મહામૂલ તત્ત્વરૂપી વારસાનો નિષેધાત્મક દૃષ્ટિકોણથી પશ્ચિમે ઉપયોગ અનર્થ કરનારો થયો છે.

નમસ્કાર બધાને સાચા રાહે લાવી મૂકશે એવી શ્રદ્ધા છે.

o નિરંકુશતા = પ્રભુશૂન્યતા.

સ્વ + અધ્યાય = આત્માનું વાચન.

અ + દેખાઈ = દેખવાની શક્તિ છતાં અંધાપો.

સૃષ્ટિ એટલે ગુણવૈષમ્ય.

પ્રલય એટલે ગુણસામ્ય.

પ્રકૃતિનું દર્શન એ ભોગ, પુરુષનું દર્શન એ મોક્ષ.

સ્થળાંતર, કાળાંતર, ભવાંતર ભલે થાય પણ
હૃદયાંતર, આદર્શાંતર, ધ્યેયાંતર ન થવું જોઈએ.

'સંયોગ' એટલે પરસ્પરના સંબંધમાં આવવાની યોગ્યતા. ભોક્તા - ભોગ્ય, દ્રષ્ટા - દૃશ્ય, સ્વામિત્વ - સ્વત્વ થવાની યોગ્યતા અનાદિની છે. તેમાં અવિદ્યા અને અજ્ઞાન તો નિમિત્ત છે, એટલે તો તે યોગ્યતાનો પણ અંત આવે.

<u>વિવેકખ્યાતિ</u>

વાચિક કે શાસ્ત્રીય જ્ઞાન નહિ,
પણ સાક્ષાત્કારી જ્ઞાન - અવિપ્લવા વિવેકખ્યાતિ છે.

મુત્સદ્દીઓ પાસે વિવેકખ્યાતિની ઉણપ છે.

વિવેકખ્યાતિ, પ્રકૃતિ પુરુષનું ભેદજ્ઞાન તથા પ્રસંખ્યાન એ કેવળ શ્રુત અને અનુમાનથી પ્રાપ્ત થતી પ્રજ્ઞારૂપ નહિ, કિન્તુ યોગજ અનુભવ પ્રત્યક્ષ પ્રજ્ઞારૂપ સમજવું.

જેમ શારીરિક આરોગ્ય માટે ડૉક્ટર,
માનસિક આરોગ્ય માટે વકીલની જરૂરત છે, તે રીતે વિદ્યા - વિવેકખ્યાતિ માટે સમ્યગ્ દર્શન - સમ્યગ્ જ્ઞાનની.

## ઇચ્છા થકી કાર્યમુક્તિ અને ચિત્ત વિમુક્તિ

(૧) જિજ્ઞાસા : જાણવાની ઇચ્છા (સંસાર છેદ છે).
તે અવિદ્યાની વિરોધ વિદ્યા છે.
(૨) જિહાસા : ત્યાગ કરવાની ઇચ્છા (તેના કારણો છેદ).
તે અસ્મિતાનો વિરોધ વિવેક છે.
(3) પ્રેપ્સા : પ્રાપ્ત કરવાની ઇચ્છા (જ્ઞાનનો વિવેક).
(૪) ચિકીર્ષા : કાર્ય કરવાની ઇચ્છા (વિવેકખ્યાતિ).
(૫) શોક : બુદ્ધિના અધિકારની નિવૃત્તિ.
(૬) ભય : નિર્વિચિકિત્સા - નિઃસંશયતા.
(૭) વિકલ્પ : સ્વરૂપાવસ્થાનનો અભાવ, વિપરીત કલ્પના.

પ્રથમની ૪ વસ્તુ થવાથી કાર્યમુક્તિ થાય છે.
છેલ્લી 3 વસ્તુ થવાથી ચિત્ત વિમુક્તિ થાય છે.
સમપ્રમાણતા એ કળાના સૌન્દર્યનો પાયો છે.
જીવનકળા માટે પણ તેમ જ સમજવું.
યોગ=કર્તવ્યમાં અખંડ એકાગ્રતા, ફળમાં અખંડ અનાસક્તિ.
જ્ઞાનનો ઉપાય વિવેકખ્યાતિ - પરિપૂર્ણ.
સમ્યગ્ જ્ઞાનની નિર્મળ અભિવ્યક્તિ.
યોગાંગથી શુદ્ધિ અને શુદ્ધિથી આત્મજ્ઞાન.
વિકાર કરતાં વિચાર કીમતી છે.

૦ અભ્યાસમાં સમાધિનો, સંતોષમાં વૈરાગ્યનો, તપ-સ્વાધ્યાયમાં શ્રદ્ધા, ધૈર્ય, સ્મૃતિ વગેરેનો અને ધ્યાનમાં મૈત્રી-કરુણાદિ મહાભાવોનો સમાવેશ થાય છે.

રમન્તે ઉપરમન્તે મનસાસહ ઇન્દ્રિયાણિ
સ્વવિષયેભ્યઃ યૈસ્તે યમાઃ । (પરિશિષ્ટ-૨૫)

૦ 'હેતનું લીધું' એટલે હેતાભિમાનનું લીધું.

૦ પરમપ્રેમ-પ્રાણીમાત્રમાં આત્માના દર્શને જન્મતો પરમ આત્મપ્રેમ અને તેના જ નિર્બાધ આવિષ્કાર રૂપ દયા, કરુણા, પ્રેમ અને દયાના નિરવધિ વિસ્તારમાં જ બધા સાધનો ઉપયોગ થઈ જાય છે. અહિંસા, આત્મપ્રેમ, આત્મદયામાં ગુણમાત્રનો સમાવેશ થઈ જાય છે. જીવમાત્ર પ્રેમનો ભૂખ્યો અને દયાનો તરસ્યો છે. સૌની પ્રેમભૂખ અને દયાની તરસને ટાળવાનું નામ 'મોક્ષ' છે. વિવેકખ્યાતિ, પરમાત્મમિલન, બ્રહ્માનંદ, કૈવલ્ય એ બધાં પ્રેમની જ અવધિની જુદી જુદી અવસ્થાઓ છે.

૦ અસ્તેય = ભેદ પ્રવૃત્તિનો ત્યાગ.

૦ બ્રહ્મચર્ય = વિદેહ આત્માનો સ્વીકાર.

૦ અપરિગ્રહ = સ્વીકારેલા આત્માનું સંવૃદ્ધિ, રક્ષણ, ચોમેરથી પકડનો અભાવ.

આપણા હૃદય ઉપર ચોમેરથી પદાર્થોની પકડ છે, તેને દયાળ આત્માનું રક્ષણ કરવું તે કળાનું નામ 'અપરિગ્રહ'. પદાર્થોના પરિગ્રહમાં અર્જન, ક્રય, રક્ષણ, સંગ, હિંસાદિ દોષોનું અનુસંધાન અને તેના પરિણામે નિપજતો સર્વ પદાર્થોનો સુદૃઢ અસ્વીકાર તે દોષદર્શનથી શક્ય છે. દેહયાત્રાથી વ્યતિરિક્તનો અસ્વીકાર અને દેહયાત્રાના સાધનોમાં નિઃસંગ નિર્મમતા એ 'અપરિગ્રહ વ્રત' છે. જીવની પ્રત્યેક ક્રિયા જીવની અલ્પશક્તિપણાની અને તેનું દરેક કામ એની અલ્પજ્ઞતાની જ સાબિતી રૂપ છે અને છતાં પણ 'આપણે અલ્પશક્ત અને અલ્પજ્ઞ છીએ' એ સ્વીકારતાં અચકાઈએ છીએ.

આપણા જીવનમાં સભાનપણે સ્વીકાર કરીશું,
ત્યારે જ સાચી સાધનાનો પ્રારંભ થશે.

## અહિંસાના ૫ પ્રકાર

| | | |
|---|---|---|
| સમય, સંકેત, શરત વડે હિંસાત્યાગ | - | અવચ્છિન્ન |
| નિરપેક્ષનો હિંસાત્યાગ (સાપેક્ષે છૂટ) | - | કાળાવચ્છિન્ન |
| નિરપરાધીનો ત્યાગ (અપરાધીની છૂટ) | - | દેશાવચ્છિન્ન |
| સંકલ્પપૂર્વકનો ત્યાગ (આરંભે છૂટ) | - | સમયાવચ્છિન્ન |
| ત્રસ જીવોની હિંસાનો ત્યાગ | - | જાતિઅવચ્છિન્ન |

नियम्यन्ते अवश्यकर्त्तव्यतया विधीयन्ते इति नियमाः ।

અર્થ: જે અવશ્ય કર્તવ્ય તરીકે કરાય છે, તે નિયમ કહેવાય.

યમો સામાન્યરૂપ છે, નિયમો વિશિષ્ટરૂપ છે.

બંનેનું પ્રયોજન સમાન છે.

યમથી આસ્રવ અને નિયમથી વિચારો નિયમાય છે.

નિયમો પણ અહિંસાની જ શુદ્ધિ માટે છે.

તેનું અપાલન એ અહિંસાની જ અશુદ્ધિ છે.

નિયમ એટલે...

અવશ્ય કર્તવ્ય, નિરૂપવાદ આવશ્યક જીવનના મર્યાદા.

શૌચ = સત્ત્વસંશુદ્ધિ, અસ્તિત્વમાત્રની શુદ્ધિ.

તપ = તિતિક્ષા, વિચારપૂર્વકનું વર્તન, સમત્વની સાધના.

તપના મૂળમાં વિચાર અને જ્ઞાન છે.

<u>સ્વાધ્યાયની પ્રશસ્ત ટેવ</u>

સઘળાં ય શાસ્ત્રોના એકમાત્ર સારરૂપ ભગવન્નામ સ્મરણરૂપી મહાસ્વાધ્યાય એ સ્વાધ્યાયોનો પણ પરમ સ્વાધ્યાય છે, કેમકે પ્રૌઢ ચિન્તનને અંતે સમજાય છે કે 'સૌથી સાચું ભગવન્નામ છે'. એ સમજાઈ ગયા પછી ચોવીસે કલાક જાપ એ 'મહાસ્વાધ્યાય' છે. સ્વાધ્યાયની પ્રશસ્ત ટેવથી વ્યવસ્થિત વિચારની તાકાત પેદા થાય છે.

યમના આચરણમાં અને નિયમના વિચારમાં
સંપૂર્ણ ધર્મો સમાઈ જાય છે.
ધર્મ કેવળ માનવાની નહિ, જીવવાની ચીજ છે.

ઈશ્વર પ્રણિધાન એટલે...

પરમાત્માના ચરણોમાં આત્માનું પરિપૂર્ણ સમર્પણ.
જે કાંઈ થાય તે બધું તદર્થ, તેની આરાધના અર્થે થાય.

સુખ-દુઃખનું મૂળ

હિંસા, જૂઠ આદિમાંથી કદી સાચું સુખ કે શાંતિ ન પ્રગટે.
પાપમાંથી દુઃખ અને તમોગુણમાંથી અશાંતિ પેદા થાય છે.
દુઃખનું મૂળ લોભ, ક્રોધ અને મોહ છે.
આત્મીય એકતામાં રમવાથી વૈર-વિરોધ ભૂલી જવાય.
આત્મએકત્વની અનુભવ ભૂમિકા એ અહિંસાની પ્રતિષ્ઠા.
પ્રેમ અને દયા એ તો અહિંસાનું સક્રિય સ્વરૂપ છે.
પરમાત્મા સ્વયં અહિંસક છે,
એથી જ પ્રેમ અને દયાના સાગર છે.
નિર્વૈર થવું એ જ આત્માની સાચી ઉપલબ્ધિ છે.
નિર્વૈર સ્થિતિ એ આંતરમંગલમયતાનો બહિઃપ્રકાશ છે.
ધર્મ=જીવનનું ધારણ, પોષણ, શોધન કરનાર આચારવિચાર.
અહિંસા= પ્રેમ-દયા, જગતનું ધારક, પોષક, શોધક તત્ત્વ.

સત્ય હંમેશાં પ્રકાશ પર છે.

સર્વસત્તા પૃથ્વીને માત્ર જૂઠનો જ ભાર લાગે છે.

અસ્તેયનું મૂળ નિઃસ્પૃહતા છે.

સોનું કે હીરા એ સાચાં ભૂષણ નથી, પણ
સદ્ગુણ વિભૂષણ એ જ સાચાં ઘરેણાં છે.

માનવના તન, મન, મતિ જાતવિચારની સફળતા છે.

'સંતોષમૂલં હિ સુખં દુઃખમૂલં વિપર્યયઃ।' અર્થાત્:
સુખનું મૂળ સંતોષ અને તેનાથી વિપરીત તે દુઃખનું મૂળ છે.

એકની ભૂલ જાણવાને માટે નિઃસ્વાર્થ દયાનું નિમિત્ત છે.

'હું' જેટલો આકર્ષક, સ્વસંરક્ષક કે સ્વચિંતાકારક
જાણે કોઈ પદાર્થ આ જગતમાં નથી.

ક્લેશરૂપ રજોગુણ-કર્મરૂપ તમોગુણથી પ્રકાશ આવરાય છે.

ધારણા = સત્ત્વગુણ આલંબને ચિત્તની અચલ સ્થિરતા.

પ્રત્યાહારથી મનનું વળણ સ્થૈર્ય તરફ થાય.

તેનાથી સત્ત્વગુણ પ્રકાશ, પ્રસાદ, શરીરલાઘવતા,
પાંચે ઇંદ્રિયાદિનું હલકાપણું, સુખમયતા, પ્રસન્નતા તથા
વિષયોપભોગમાં રહેલ દુઃખગર્ભિતાનો સાક્ષાત્કાર થાય છે.

ઇંદ્રિયો બહિર્મુખ સ્વભાવી હોય છે, ચિત્ત તત્ત્વનિષ્ઠ હોય છે.

તત્ત્વ પ્રત્યે પ્રેમ એ ચિત્તનો સ્વભાવ છે, ઇંદ્રિયોનો નહિ.

મન તો ઇંદ્રિયોનો સરદાર છે.

## ઇંદ્રિયજય કઈ રીતે થાય?

(૧) મધ્યસ્થભાવે જ્ઞાનમાત્ર રાખવાથી.
(૨) વિષયોમાં સ્વેચ્છાએ પ્રવર્તન, નિવર્તન કરવાથી.
(૩) અનાસક્તિપૂર્વક બહુ સંબંધનો અભાવ રાખવાથી.
(૪) અવિરુદ્ધ વિષયોનું સેવન, વિરુદ્ધનો ત્યાગ કરવાથી.
(૫) વિષયોમાં આસક્તિના અભાવથી (૬) પૂર્ણ અપ્રવૃત્તિથી.

૦ બળતરા કરવી એ
કુદરત સામે બળવો પોકારવા જેવું છે.
બળવાખોરવૃત્તિ બેચેન બનાવે છે, માટે ત્યાજ્ય છે.
જ્યારે ભક્તિ એ અનાથ, દીન અને દુઃખીજનો સાથે
સહાનુભૂતિ કેળવવાનો યોગ છે.

બીજાનું દુઃખ હળવું કરવાની વૃત્તિ થવી અને
તે પ્રમાણે અમલ કરવો, એનું નામ 'ચિત્તશુદ્ધિ'.
આવા શુદ્ધ થયેલા ચિત્તમાં જ ભગવાનનો પ્રકાશ થાય.
જેઓનું અંતઃકરણ દ્રવીભૂત છે, જેઓને પોતાના કંઈ
અહંકાર અને મમકાર રહ્યાં નથી, જેઓનું હૃદય વિષયોથી
વિમુખ અને પરમેશ્વરની સન્મુખ છે, તે જ પરમાત્માનો
પ્રકાશ મેળવી શકે છે. બીજાનું દુઃખ હળવું ન કરી
શકવાથી ચિત્તમાં જે ખેદ થાય અને તે સાથે બીજાનું દુઃખ

ટળવું થશે એવી તીવ્ર આકાંક્ષા જન્મે એ પણ ચિત્તશુદ્ધિ જ છે, ત્યાં પણ પ્રભુનો પ્રકાશ સદા અવશ્ય ફેલાય છે.

## ચિત્તનો પ્રકાશ ક્યારે લાગી જાય?

કોઈનું દુઃખ ટળવું કરવાને જેનામાં કાંઈક ગર્વ અથવા તો ઉપકાર કર્યાનો ભાવ પ્રકટ થાય અને જાહેરાતની ઇચ્છા ઊભી થાય છે ત્યારે, કોઈક ચિત્તનો અહંભાવ એ ઈશ્વરભાવની તદ્દન વિરુદ્ધની વસ્તુ છે.

‘અંતઃકરણની નિર્મળતા’ એટલે નિરહંકાર.

મોહનાશ થવો જોઈએ, સાચી વાત યાદ રહેવી જોઈએ તથા સંદેહરહિત ચિત્ત થવાથી ચિત્તનો પ્રકાશ ન લાગે.

ભક્ત થવાની મુખ્ય શરત અહંકારની કાંચળી ઉતારવી તે.

તેના અશાન્તિના કારણો જ્ઞાની બનવાની વાતોમાં અહંકારનો આવેગ રહેલ છે.

બુદ્ધિને પેલે પાર આનંદમય સ્વરૂપનો સાગર ઉછળે છે, એ સ્થિતિ મનની નિસ્તરંગ અવસ્થા છે.

નિરાકાર વસ્તુની ભક્તિ થઈ શકતી નથી, ફક્ત કલ્પના જ સંભવે છે. મનનું ઘડતર જ એવું છે કે તે અપ્રકટને ગ્રહણ કરી શકતું નથી, પ્રગટને જ ગ્રહણ કરી શકે છે.

સાકાર-નિરાકાર, સગુણ-નિર્ગુણ.

મમત્વ સ્થાન પ્રત્યે નહિ, પ્રભુ પ્રત્યે કેળવવું જોઈએ.

ધર્મ પાલન છે, ઈશ્વર સાધનાનું છે.

તત્ત્વ એટલે પરમાત્માની શોધ. એ જ મુખ્ય વસ્તુ છે.
દાનની પાછળ અનુકંપા - ત્યાગની પાછળ સ્નેહ હોય,
પ્રેમની ભાવના હોય, તો તે ઉદારતાની નિશાની ગણાય.
બીજાના સ્વાર્થમાં ય પોતાના સ્વાર્થ જેટલો જ સુખાનુભવ
થાય, ત્યારે જ હૃદયની વિશાળતા સિદ્ધ થઈ ગણાય છે.
દાનની પાછળ અહંકાર કે બદલો મેળવવાની ઈચ્છા ન હોય,
તો જ તે ઉદારતા ગણાય. અનુકંપાથી હૃદયનાં તાર
જોડાય છે, તેવી જ રીતે પ્રેમથી પણ થાય છે. દાન
લેનાર દુ:ખી લોકોને આપણા હૃદયમાં સ્થાન આપવા
સિવાય બીજી કોઈ અપેક્ષા ક્યારેય ન રાખવી જોઈએ.
જે હૃદયમાં સ્થાન પામે તે પ્રિયજન - સ્વજન ગણાય.

અનુકંપા પ્રેમની ભાવનામાં પરિણમવી જોઈએ.

પ્રેમ પ્રકાશમય અને આનંદમય હોય છે.

'પરમાત્માની દૃષ્ટિ' એટલે અનંતની દૃષ્ટિ.

વિચારમાં શક્તિ હોય છે, બીજી કોઈ ચીજમાં નહિ.
સૂક્ષ્મને જુઓ સ્થૂળને નહિ. દૃષ્ટિ દીર્ઘ રાખો, ટૂંકી નહિ.
સેવા હોય છે નૈતિક, એનું મૂલ્ય ભૌતિક કેમ હોઈ શકે?

થર્મોમિટરને પોતાને તાવ નથી આવતો,
માટે જ એ બીજાના તાવને માપી શકે છે.

વ્યક્તિની ખોજ માટે વિજ્ઞાન,
અવ્યક્તની ખોજ માટે આત્મજ્ઞાન.

સૃષ્ટિ સાથે એકરૂપ થવું એ તો એક મહાન શક્તિ છે.
માનવને દિલ એવું મળ્યું છે કે જે
પ્રાણીમાત્ર સાથે એકરૂપ થઈ શકે છે તથા
દિમાગ એવું મળ્યું છે કે તે સૌની સાથે દ્રષ્ટા તરીકેનો
વ્યવહાર રાખીને સાક્ષીભાવે જ દુનિયાને જોઈ શકે.

સંયમ એ હૃદયપ્રવેશની ક્રિયા છે.
દેહબંધન ઢીલું પડ્યા વિના હૃદયપ્રવેશ અશક્ય છે.
દેહબંધન ઢીલું પડે એટલે ત્યાગશક્તિ વધે,
તેનાથી જ બીજાના હૃદયમાં પ્રવેશવાની યોગ્યતા આવે.

શરીરમાં વિચારપૂર્વક યોજના અને
યોજનાપૂર્વક નિર્મોહ જરૂરી છે.

વિશ્વ જે નિયમોને આધારે ચાલે છે,
તે નિયમોનો જીવનમાં સાક્ષાત્કાર કરવો, તે 'ઋત' છે.
'ચૈતન્ય' એટલે ભગવાન કે કુદરત. નિર્ગુણ ચૈતન્યનું
સૂક્ષ્મરૂપ તે ઇચ્છા, તેનું સ્થૂળરૂપ તે જગત કહેવાય.
ચૈતન્ય એ જ તત્ત્વસ્વરૂપે સત્ય છે.

યોગેન યોગો જ્ઞાતવ્યઃ યોગો યોગાત્ પ્રવર્તતિ ।
યોઽપ્રમત્તસ્તુ યોગેન સ યોગે રમતે ચિરમ્॥ અર્થાત્:
યોગ વડે યોગ જાણવા યોગ્ય છે. યોગથી યોગ પ્રવર્તે છે. વળી
જે યોગ વડે અપ્રમત્ત હોય, તે યોગમાં ઘણો સમય રમે છે.

યોગથી આપોઆપ ખુશી આવે છે.

શરીર એ તો મનનું વાહનમાત્ર છે.

યોગ આત્મપ્રાપ્તિ માટે છે, સિદ્ધિઓની પ્રાપ્તિ માટે નહિ.

વિભૂતિ માટે યોગ એ યોગનો દુરુપયોગ છે.

સિદ્ધિઓનો લોભ ન રહેવો એ સૌથી મોટી સિદ્ધિ છે.

પવિત્રભાવોની સમૃદ્ધિ એ માનવની મોટામાં મોટી મૂડી છે.

બુદ્ધિનું સૌંદર્ય સરસ છે, પણ હૃદયનું તો અવર્ણનીય છે.

બુદ્ધિનો દુકાળ સહેવાય પણ હૃદયનો નહિ.

દૃષ્ટિ લાંબી રાખીને ઉપર નહિ, અંદર જુઓ.

વિશ્વાસથી જ કોઈપણ પ્રયત્ન તીવ્ર બનતો હોય છે.

આત્મવિશ્વાસ પેદા કરવા અને દેખાડવા
સિદ્ધિ ક્વચિત્ ઉપયોગી પણ છે.

વિવેક-વૈરાગ્યની વૃદ્ધિ માટે
ધારણા, ધ્યાન, સમાધિરૂપી સંયમ આવશ્યક છે.

ભોગની પ્રબળતાથી યોગ દુર્બળ બને છે,
યોગની પ્રબળતાથી ભોગ દુર્બળ બને છે.

માનવનો આત્મા કેટલો અપાર, અગાધ, વિશાળ
અને અનંત છે એ સિદ્ધિઓથી સમજી શકાય છે.
ચિત્ત પોતાના સ્વરૂપથી જ શુદ્ધ અને પ્રકાશક છે.
ચિત્ત અને આત્મા બંને વ્યાપક છે,
સંયોગનું કારણ તો કર્મ છે.
ભોગ એ આત્મા અને ચિત્તનો સંયોગ છે.
પરમાત્મા રહસ્યમય અને રહસ્યપ્રિય છે.
અમરત્વનું ભાન નિર્લેપત્વ પ્રગટાવે છે.
કારણનો સાક્ષાત્કાર થાય એટલે કાર્યનો સાક્ષાત્કાર થાય.
બધાના બધા અભિપ્રાય જાણવાથી
નિરભિપ્રાયી થવાય છે અને સ્યાદ્વાદી બનાય છે.
સંસ્કારો વાસનારૂપ અને ધર્માધર્મરૂપ હોય છે.
એનાથી સ્મૃતિ અને ક્લેશો,
જાતિથી જન્મ, આયુષ્ય અને સુખ-દુઃખનો ભોગ થાય છે.
'યોગ' એટલે રજોગુણ-તમોગુણરૂપી
સત્ત્વના આવરણને દૂર કરવાની કળા.
શબ્દના ૪ વાચ્ય : જાતિ, ગુણ, ક્રિયા, સંજ્ઞા.
ભાષાની બોલી તથા ઈશ્વરની બોલી જુદી જુદી હોય છે.
બુદ્ધિ-વૃત્તિ તે પ્રત્યય છે.

## પાંચે વાયુના સ્થાનો અને ઉદ્દેશો

પ્રાણ : નાસિકાગ્રથી હૃદયદેશ, જીવનક્રિયાનો હેતુ.

સમાન : હૃદયથી નાભિદેશ,
અન્નાદિના રસને તે તે સ્થાને પહોંચાડનારી.

અપાન : નાભિથી પગની પાની સુધી,
મલમૂત્રાદિ વિસર્જનમાં ઉપયોગી.

ઉદાન : નાસિકાગ્રથી બ્રહ્મરન્ધ્ર અથવા મસ્તકતલ સુધી.

વ્યાન : સમગ્ર શરીરવર્તી, દેહના ફુગાવવામાં કારણભૂત.

જીવો બ્રહ્મૈવ નાપરઃ। જીવ જ બ્રહ્મ છે, બીજો નહિ.

૨૭ નક્ષત્રો આપણા જીવન વ્યવહારના નિયામક છે.
સૂર્ય આપણા ભુવનમંડળનો નિયામક છે.

મનુષ્ય આખી સૃષ્ટિ સાથે ઈશ્વર સંબંધોથી સંકળાયેલ છે.
ઈશ્વરીય મહામહિમાનું ભાન
વિનમ્રતા બનવામાં ખૂબ ઉપયોગી છે,
નહિંતર અહંકાર આવતા વાર લાગતી નથી.
અહંભાવ એ શરીરને જકડી,
રજોગુણ - તમોગુણમાં બળાત્ ફેંકી દે છે.

ભાનના ૩ આવરણો : ક્લેશ, કર્મ, વિપાક.

સર્વભૂતાત્મભૂત + આત્મભાવ = સર્વત્ર આત્માનુભવ.

## શેનાથી શું પ્રાપ્ત થાય?

સ્થૂલસંયમથી અણિમા, મહિમા, ગરિમા, લઘિમા.
સ્વરૂપસંયમથી પ્રાકામ્ય - ઇચ્છાભંગનો અભાવ.
સૂક્ષ્મસંયમથી વશિત્વ - નિયામકતા.
અન્વયસંયમથી ઈશિત્વ - કર્તૃત્વ.
અર્થવત્વસંયમથી સત્યસંકલ્પતા, સાન્નિધ્ય પ્રાપ્તિ.

## નિરતિશય શુદ્ધિ

ઈશ્વરને માટેનો વિશ્વવ્યાપી નિયમ તે નિરતિશય શુદ્ધિ. અવિદ્યાદિ ક્લેશો અને તેમાંથી જન્મતાં પાપ - પુણ્યાદિ કર્મોની વાસનામાંથી મુક્ત થવું તે શુદ્ધિ છે.

0 સત્ય વિરુદ્ધ સંકલ્પ ફળે નહિ.

સત્ય ઘણીવાર કલ્પનાથી પણ અદ્ભુત, રમણીય હોય છે.

0 આસક્તિ વિરક્તિથી અને અહંકાર નમસ્કારથી વિરમે છે.

0 સ્વાધ્યાયાત્ ઇષ્ટદેવતા સંપ્રયોગઃ।
કાયેન્દ્રિય-સિદ્ધિરશુદ્ધિક્ષયાત્ તપસઃ।

0 નિરાશય = સકળભેદ સંગ્રહાર્થ.

હૃદયમાં જે યોગેશ્વર સૂવે છે, પડ્યા-પાથર્યા રહે છે, आ-समन्तात् शेरते अस्मिन् इति आशयाः। अकृतिः તે 'આશય' એટલે ક્લેશ અને કર્મની વાસનાઓ.

યજ્ઞાદિકર્મો ભિન્ન છે, કેમકે તેમાં
પરાનુગ્રહ અને પરપીડા એકસાથે છે.

કોઈપણ શાસ્ત્રનો સાર
નિષ્કામ, નિરાશય, અશુક્લ-કૃષ્ણ કર્મ છે.

ભજનની ગરિમા નહિ, પણ
પ્રેમની ગરિમા જ હૃદયશાંતિ અર્પે છે.

કર્મનો નિયમ નિષ્પક્ષપાતી છે, તેથી તે આદરભાવ અને ઉદારતાનો પ્રેરક છે. સર્વભૂતસમભાવ જન્માવે છે.

પુનર્જન્મ છે જ, તેથી સહુના પ્રત્યે આદરભાવ, સમભાવ, પ્રેમભાવ કે આદરભાવ તથા વિહિત છે.

પુનર્જન્મ એક અનાદિ હકીકત છે. રાગ-દ્વેષ, ધર્માધર્મ, સુખ-દુઃખરૂપી ૬ આરાવાળાં સંસારચક્રને ફેરવનાર
તો અવિદ્યા, મોહ અને અજ્ઞાન જ છે.

ઇંદ્રિયોરૂપી પરિણામ સત્ત્વપ્રધાન ગુણોનો છે અને
શબ્દાદિ વિષયોરૂપી પરિણામ
એ તમોગુણપ્રધાન ગુણોનો એક પરિણામ છે.

o વિશ્વાસ એ તો વિશ્વનો શ્વાસ છે.

પેટના શૂળની જેમ શંકાનું શૂળ
મનને કદી સ્વસ્થ રાખી શકતું નથી.

સંશયમાત્રને શમાવવાની તાકાત સાક્ષાત્કારમાં છે.
એ સાક્ષાત્કાર ગુરુ, આત્મા અને ઈશ્વરકૃપાથી થાય છે.
વિશ્વવિદર્શી એટલે વિવેકજ્ઞાનનો સાક્ષાત્કારી.
આત્મભાવ ભાવના એટલે આત્મજિજ્ઞાસા. ગુરુપાલિમુખ
જાણનારી પરમ પુરુષ તરફ અચલનિષ્ઠાથી જઈ શકે છે
તથા અધ્યાસ, માયા, પરિરંભ છૂટી જઈને
પરમાત્મ પરિરંભ શરૂ થાય છે. પરિરંભ = આલિંગન.
પરમાત્માની કૃપા, ગુરુદેવની દયા, સાધુસંતોના આશિષ,
માતા-પિતાનું પુણ્ય, જન્માંતર સંચિત સુકૃત્ય, વસુંધરાનું
ભાગ્ય એકઠા થાય ત્યારે વિરલ વિશ્વવિદર્શી પુરુષ પાકે છે.
માયામુખી મટી પરમાત્મમુખી થવું જોઈએ.
વિવેક તરફ વળેલા અને અધ્યાત્મ તરફ ખૂબ
આગળ વધેલા જીવોમાં પણ જ્યારે છિદ્ર પ્રવેશે છે,
ત્યારે અસાવધતા, પ્રમાદ વધી જાય છે.
રામ ન મળે, ત્યાં સુધી આરામ હરામ છે.
પ્રભુની પ્રાપ્તિ કરાવે તે 'વિદ્યા'.
જેનાથી પ્રભુ પ્રસન્ન રહે તે 'કર્મ.'
અયોગ્ય પદાર્થોમાં જઈને બેસવું તે 'કુત્સીત રાગ'.
વિવેકખ્યાતિ, પરવૈરાગ્યની સંધિ તે 'ધર્મમેઘ સમાધિ'.

સંપ્રજ્ઞાત યોગનું ફળ વિવેકખ્યાતિ, તેનું ફળ ધર્મમેઘ,
તેની પરાકાષ્ઠા પરવૈરાગ્ય - જ્ઞાનપ્રસાદ,
તેનું ફળ નિર્બીજ - અસંપ્રજ્ઞાત યોગ.

પરમાત્માની કૃપા પણ જ્ઞાનપ્રકાશની જેમ અનંત છે.
લઈને બેસે તે કૃપણ, જે આપી છૂટે તે જ નિસ્પૃહ થાય.
આત્માને સ્વરૂપે ત્યાગ જ લાવે છે.
ત્યાગ અને સમર્પણમાં જ આનંદ છે.
આત્મદાન એ સૌ દાનોમાં પરમદાન છે.
આત્મા સાથે જ બોલવા જેવું, સાંભળવા જેવું,
મનન કરવા જેવું અને ધ્યાન ધરવા જેવું છે.
કુશળ તન્મયતા ધ્યાન નહિ, સાત્વિક તન્મયતા ધ્યાન છે.
ધ્યાનનો ઉત્કર્ષ તે સમાધિ.
સમાધિનો ઉત્કર્ષ તે દર્શન - સાક્ષાત્કાર, ધ્યાનનું ફળ.
આસ્રવોનો અંતિમ ભંગ છે પ્રતિવેધ.
મત્સ્યવેધની જેમ લક્ષ્યવેધ તે 'ધ્યાન'.
અજ્ઞાનમાંથી મોહ જન્મે, તેમાંથી રાગ-દ્વેષાભિનિવેશ.
ઊંધું સમજાવે, સાચું વિસરાવે, સાચાને ખોટું ઠરાવે અને
ખોટાને સાચું ઠરાવે તે 'મોહ'.
સાચી સમજનું બહુરૂપી આવરણ તે 'મોહ'.

જે જેવું સમજે તેવું કરે અને જેવું કરે તેવું પામે.
સાચી સમજની કીંમત સૌથી મોટી છે.
મોહ કર્તવ્યમૂઢતા લાવે છે.
મોહને મચક આપવા કરતાં આત્માને ગુમાવવો.
મોહના રાજરોગના ભોગ બનારને રોગરહિત થવા માટે
આત્મજ્ઞાનની ગુટિકા જ જોઇએ.
'આત્મજ્ઞાન' કરતાં જાતને લગતી સાચી સમજ.
પાપાન્નિવારયતિ, યોजयते हिताय इति मित्रं ।
संघातपरार्थत्वात् त्रिगुणादिविपर्ययात् अधिष्ठानात् ।
पुरुषोऽस्ति भोक्तृभावात् कैवल्यार्थं प्रवृत्तेश्च ॥१॥
- सांख्यकारिका (પરિશિષ્ટ-૨૬)

0 કર્તવ્ય માત્ર તકો છે.
બુદ્ધિમાં જે ન બેસે તે હૃદયને ન સંતોષે,
માટે જ પ્રમાણ વિનાની વાત અમાન્ય કરે. જે નિત્ય,
નિરૂપાધિક અને નિરતિશય હોય તે આત્મનું સુખ છે.
આત્મજ્ઞાનનો વ્યવહારમાં અમલ એ કર્મયોગ છે.
વિષયોના ધ્યાનથી આત્મબુદ્ધિનો અને
આત્માના ધ્યાનથી દેહાદિ
અનાત્મબુદ્ધિનો કે વિષયબુદ્ધિનો નાશ થાય છે.

લોકો સ્વાર્થમાં જાગતા, રામની ઊંઘતા.
લોકો પરાર્થમાં ઊંઘતા, રામની જાગતા.
આત્મબુદ્ધિ પુરુષ નિઃસ્પૃહ, નિર્મમ, નિરહંકાર હોય.
આ ત્રણ હોય, ત્યાં શાંતિ હોય જ.

૦ મૃત્યુગ્રસ્તને આળસ શાનું? યોગ વડે જ સંન્યાસ અને રાગ-દ્વેષનો ત્યાગ સધાય છે. યોગથી હૃદય સ્વચ્છ, મન સ્વાધીન બને, ઇંદ્રિયો કાબુમાં આવે છે. સમદર્શી નિર્દોષ બને, નિર્દોષ આત્મા પરમાત્માને અનુભવે છે. પ્રાણીમાત્ર સાથે પ્રીતિના બળે અભેદ સાધવો જોઈએ. પહેલા યોગારૂઢ થવા કર્મ કરવું, પછી યોગારૂઢતાની કસોટી માટે કર્મ કરવું. તેથી પરાર્થ પણ સધાય છે.

પ્રભુ અર્થે કરેલું કર્મ જ સત છે, અબંધક છે.
તેલની ધારાની પેઠે ધ્યેયમાં સજાતીય વૃત્તિઓનો
એકતાન સાત્વિક પ્રવાહ એટલે 'ધ્યાન'.
સ્વરૂપલક્ષતા એ પ્રકૃતિ સાથેની મરીજાતની સજા છે.
આત્માને લગતી સંપૂર્ણ સાચી સમજ જ
અહિંસાના મહાકાયદાને જાળવવાનું બળ આપે છે.
આથી જ અહિંસા એ
કેવળ અભાવાત્મક સાધન નથી, કિન્તુ ભાવાત્મક પણ છે.

હિંસાથી પીછેહઠ + પ્રેમ + દયાનો ઉદાર વર્તાવ = અહિંસા.

અહિંસા એટલે સૌમાં આત્મદર્શન.

સ્થાવર - જંગમ સૌને આત્મીય ભાવે ચાહવાનું

અનંત, અખૂટ, અતૂટ બળ તે અહિંસા છે.

પ્રાણીમાત્રને આત્મપ્રેમે ચાહવાની મહાકળા તે અહિંસા છે.
એ આત્મદર્શને જન્મતો પ્રેમ, એ પ્રેમમાંથી પ્રગટતી અને
પ્રેમને પોષતી તથા વિશુદ્ધ કરતી જીવનસરણિની આદર્શ
સ્થિતિ મુક્તિની અવસ્થામાં જ પૂર્ણપણે સંભવે છે.
તેથી જ મોક્ષ એ માનવજીવનનો સર્વશ્રેષ્ઠ પુરૂષાર્થ છે.

નમો + ખમો + દમો + શમો ।

'ખમો ।'
ખામેમિ સવ્વ જીવે.............
સવ્વસ્સ જીવરાસિસ્સ........
સવ્વે જીવા કમ્મવસ.........
જં જં મણેણ બદ્ધં................
'દમો'
'નમો' 'શમો'

શિવમસ્તુ સર્વ જગતઃની ભાવનાથી ગણો ૧૨ નવકાર.

બીજાના અપરાધની ક્ષમા આપવી.

પોતાના અપરાધની ક્ષમા માંગવી.

આત્માના રક્ષણ માટે પાંચ ઈંદ્રિય અને મનને દમવું.
દમવા માટે બહાર ભટકતા મનને પરમેષ્ઠિઓમાં વાળવું.

ઘાણેરાવ, મહા વદી ૧૨

'શમવું' એટલે સ્વાર્થથી ઉપશમવું. સર્વ જીવોના હિતચિંતા વડે સ્વાર્થભાવથી વિરમવું. 'શમાવવું' એટલે સર્વ જીવો સ્વાર્થભાવથી વિરમો અને એ માટે પરાર્થભાવવાળા બનો એમ ભાવવું. શમવા અને શમાવવાથી હિંસાદિ આશ્રવો, ક્રોધાદિ કષાયો અને વેદાદિ નોકષાયો અટકવા અને તેથી સ્વ અને પરના આત્મહિતનું થવું. એ જ આરાધનાનો માર્ગ છે. ઉચિત પ્રવૃત્તિ વડે સર્વ જીવો અને આજીવોના આરાધક બનેલા પરમેષ્ઠિ ભગવંતોને ભાવથી ચિત્તમાં સ્થાન આપવું, ફરી ફરી બહુમાનપૂર્વક પોતાના હૃદયમંદિરમાં પ્રતિષ્ઠાપિત કરવા એ સર્વ આરાધનાનો સાર છે. મુક્તિરૂપી કન્યાને વરવા માટેનો સાજન-માજન સહિતનો એ સ્વયંવર મંડપ છે.

○ મા કરતાં પુત્ર કદી પહેલો ન જન્મે.

સર્વ પાપનો પ્રણાશ એટલે પાપના કારણરૂપ મનનો નાશ. મન એ જ શલ્ય છે, કેમકે તે અવિદ્યા સહિત છે, મિથ્યાત્વથી ભરપુર છે, તેથી તેનો નાશ એટલે પાપ-પ્રકૃતિજનિત ગુનાઓનો નાશ. સહજમળના કારણે આપણો જીવ હંમેશાં પાપપરાયણ અને પ્રકૃતિપરાયણ રહેલ છે.

પ્રકૃતિના અધિકાર તળે જીવો તે અધિકારનો નાશ નવકારથી સધાય છે. પ્રથમ મંગળ એટલે પુરુષનો પ્રકૃતિ ઉપર અધિકાર અને તથાભવ્યત્વનો વિકાસ. મનો ભવ એટલે જે સ્વાર્થથી ગાળે, સ્વાર્થરહિત, મમતારહિત કરે તે મંગળ અથવા 'મંગ' એટલે ધર્મ, શમની પ્રાપ્તિ કરાવે. 'ધર્મ' એટલે સમત્વભાવ, 'પાપ' એટલે મમત્વ ભાવ.

મમત્વભાવથી છોડાવી સમત્વભાવમાં જોડે,

એ પંચ નવકારનું ફળ છે, પ્રયોજન છે.

મમત્વભાવથી મુક્ત થવું તે સાધન છે.

સમત્વભાવને પ્રાપ્ત કરવો તે સાધ્ય છે.

ધર્મ સાથે તાદાત્મ્યભાવ કરાવે અને અનાદિસિદ્ધ અધર્મ સાથેના તાદાત્મ્યભાવને છોડાવે તે સાચો નમસ્કાર છે. 'અધર્મ' એટલે આત્મદ્રોહ, સ્વ-પર આત્મતત્ત્વનો વિરોધ. હિંસા વગેરે પરનો દ્રોહ છે અને ક્રોધાદિ સ્વનો દ્રોહ છે. બંનેનું મૂળ વિષયોની મમતા, ઇંદ્રિયોની પરાધીનતા છે. તેનો નાશ નમસ્કાર વડે થાય છે, કેમકે તે વિષયોની વિમુખ અને જીવને પરમેષ્ઠિઓની સન્મુખ બનાવે છે. પરમેષ્ઠિઓની સન્મુખતા મૈત્ર્યાદિ ભાવોને જગાડે છે, તેથી ક્રોધ - માન - માયા - લોભ સમા કષાયો જાય છે.

પરમેષ્ઠિ નમસ્કારનું પ્રયોજન, ઉદ્દેશ્ય અને લક્ષ્ય
કષાયોનું નિવારણ અને વિષયોનું વારણ છે.

વિષયોની મમતા અને કષાયોમાં અહંતાની મોહોદયજનિત કાલ્પનિક અવસ્થાનું નિવારણ નમસ્કારના પ્રકાશથી થાય. નમસ્કાર એ વિવેક-વૈરાગ્ય-સમ્યગ્ જ્ઞાન-ક્રિયારૂપ છે. એક 'નમો' પદ વડે અનેકાનેક અર્થો સૂચિત થાય છે. 'નમો' એ કૃતજ્ઞતાસૂચક, સર્વના ઉપકારની કબૂલાત અને ભક્તિનું આંતરસંગીત, ઉપકારના સ્વીકાર-અનુમતિરૂપ છે. 'નમો' વિશ્વવ્યવસ્થાના અનુમોદન, હર્ષ, પ્રમોદરૂપ છે. સર્વના ઋણનો સ્વીકાર કરવાથી જે કાંઈ થાય તે સર્વ ઋણમુક્તિ અર્થે બને છે એટલે અહંકાર, ગર્વ કે દૈન્યનો નાશ થાય છે, નમ્રતા-નિરભિમાનિતા-નિરાશંસતાનો પ્રાદુર્ભાવ થાય છે, વિશ્વવ્યવસ્થાની સામે થવાની તોફાની વૃત્તિનો અંત આવે છે. જે થઈ રહ્યું છે, તે તેના નિયમોને અનુસરીને જ થઈ રહ્યું છે, તેવી શ્રદ્ધા થાય છે.

નિયમ એ ઋત, સત્ય છે.

પરોપકારનો અહંકાર મૂળમાંથી જ નાશ પામે છે.

બીજાનું કરવાની શક્તિ બીજામાં જ છે, પોતાનામાં નહિ જ. 'પર' એટલે પરમાત્મા અને પોતા સિવાય

જગતઓનું કર્તૃત્વ પોતાના નામે ચઢાવવાની આદત અને લોલીવૃત્તિ નાશ પામે છે. પોતાનું તો માત્ર જ્ઞાતૃત્વ, સાક્ષિત્વ અથવા દ્રષ્ટૃત્વ જ અવશેષ રહે છે. વિશ્વની મહાનશક્તિઓની આગળ પોતાનું તુચ્છત્વ, ગણતીનત્વ અથવા પરાધીનત્વ સ્પષ્ટ જણાઈ આવે છે. આનું જ નામ ભાવ અથવા તાત્ત્વિક નમસ્કારભાવ છે.

'નમો' અને 'શમો'.

ખમિઅવ્વં ખમાવિઅવ્વં એ વેરવિરોધના શમનરૂપ છે. શમિઅવ્વં શમાવિઅવ્વં એ મૈત્રી-પ્રેમભાવનું ધોતક છે. જગતના અપરાધની માફી આપવી અને સ્વાપરાધની માફી માંગવી એટલેથી જ કંઈ આરાધના પુરી થતી નથી. પોતાના કામ જગત પાસે કરાવવા નહિ અને જગતના કામ પોતે જ કરવા ઈચ્છવા એ શમવું અને શમાવવું છે. પોતે શમવું એટલે નિરપેક્ષ, નિરાશંસ બનવું. જગતને શમાવવું એટલે પોતા પાસે જગતની અપેક્ષા હોય તે પુરી કરવી અને એ દ્વારા જગતને શાંતિ આપવી. એટલે મૈત્રીના બે પ્રકાર થયા: એકમાં અપરાધનો ત્યાગ અને જગતમાં ગુણનો સ્વીકાર અને તેમાંથી ફલિત થતો પરનો વ્યાપાર તે પરોપકાર છે. પોતે ભૂલ ન કરવી,

બીજાની ભૂલ ભૂલી જાવ. પોતે ગુણ લેવો નહિ બીજાને ગુણ કરવો એ રીતે ભગવત્તત્ત્વની આરાધના એ જ પ્રવચનની આરાધના છે. પ્રવચનનો સાર ઉપશમ છે. સ્વયં ઈચ્છારહિત થવા માટે સર્વની ઈચ્છાઓ સંતોષવી. બીજાઓની ઈચ્છા-સુખેચ્છાને સંતોષવાથી જ પોતાની સુખેચ્છા શમે અથવા પૂર્ણ થાય છે. એ માટે પ્રવચનનો સાર ખમવું એ નહિ, પણ શમવું એ કહ્યો છે. અપરાધની માફી આપીને પણ ઉપકાર કરવાની વૃત્તિ ન રહે, તો ફરી અપરાધ થાય છે. ઉપકારની ભાવનામાં જ એ સામર્થ્ય છે કે હંમેશ માટે અપરાધને શમાવે છે. તેથી જ કહ્યું છે કે:

'तत्त्वं धर्मस्य सुस्पष्टं, मैत्रीभावविकासनं ।'

અર્થાત્: મૈત્રીભાવનાં વિકાસથી જ ધર્મની સિદ્ધિ થાય છે.

'ધર્મ' એટલે અવ્યાબાધ સુખનું સાધન.

તે મૈત્રીભાવના વિકાસથી જ સિદ્ધ થાય છે.

'અર્થ' એટલે વૈષયિક સુખનું સાધન.

તે સ્વાર્થભાવનાં વિકાસથી જ સિદ્ધ થાય છે. તેથી અર્થને રૌદ્રપરિણામ અને કામને આર્તપરિણામ કહ્યો છે. મોક્ષ એ શુદ્ધ પરિણામ છે, તો તેના સાધનરૂપ ધર્મ એ શુભ પરિણામ છે. તે મૈત્રીભાવના વિકાસથી જ સુલભ છે.

મહા વદી ૧૩, સોમવાર

## નમો - ખમો - શમો - ગમો

નમો ચરણે ખમો અને શમો. સર્વ સાથે મૈત્રી કેળવો.
નમશો તે સર્વને ગમશો. ખમશો તે સર્વને ગમશો.
શમશો તે સર્વને ગમશો. નમવું, ખમવું, શમવું, ગમવું એ
સર્વ એકાર્થક છે, કેમકે તે બધામાં હૃદયનો વિસ્તાર છે.
હૃદયનો વિસ્તાર અને બુદ્ધિનો સંકોચ સહુને પ્રિય છે.
નમસ્કાર એ બુદ્ધિના સંકોચરૂપ, હૃદયના વિસ્તારરૂપ,
દ્રવ્યપ્રાણના દાનરૂપ, ભાવપ્રાણના સમર્પણરૂપ, સર્વને
અનુકૂળ થવાના સંકલ્પરૂપ, પ્રતિકૂળ થવાના વિસર્જનરૂપ,
સર્વ વિના અસહાયતાના પ્રકટનરૂપ, સર્વ વડે સંરક્ષણના
વિશ્વાસરૂપ, સર્વોપરિતાની સન્મુખતારૂપ અને સ્વાર્થની
વિમુખતારૂપ છે, તેથી જ એ મોક્ષમાર્ગમાં ધ્રુવના તારારૂપ
અને સર્વ સામર્થ્યના પાયારૂપ બને છે.
'નમો' એ શક્તિ મેળવવા માટે રસાયણના સેવનરૂપ,
તામ્ર-રજત-સુવર્ણ-મૌક્તિક-નીલમ-હીરાની ભસ્મરૂપ છે.
'નમો' એ મૌલિકમંત્ર, ઉડ્ડીયાન બંધ, કુંભક પ્રાણાયામ છે.
'નમો'ના બે અક્ષર આત્મરક્ષણના પાયારૂપ છે.
'નમો'માં નમ્રતા અને નિર્લેપતા રહેલા છે.

<u>પૂછવાના મહાવીર, મહા વડી આચાર્ય, બુધવર</u>

'સુમઇ સંપુચ્છણા બહુલેણ હોઅવ્વં|' અર્થાત્:
સુમતિ અને વારંવાર પૂછીને કાર્ય કરવાવાળા થવું.

| | | |
|---|---|---|
| સુમતિ | - મનયુક્ત | ત્રણે વડે પરહિતચિંતાનો ભાવ |
| સંપુચ્છણા | - વચનયુક્ત | સર્વે કષાયોને અવશ્ય |
| બહુલેણ | - કાયયુક્ત | શમાવનારો થાય છે. |

મૈત્રી: સ્વ-પરના પારિણામિકભાવ ઉપર રાખવા.
પ્રમોદ: સ્વ-પરના ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિકભાવ.
કરુણા: સ્વ-પરના મોહનીયના ઔદયિકભાવ ઉપર રાખવા.
માધ્યસ્થ્યભાવ: સ્વના બાકીના ૭ કર્મના ઉદય ઉપર રાખવો.
પરના મોહનીયના ઔદયિક ઉપર ઉપેક્ષાભાવ રાખવો.
અને પરના બાકીના ઔદયિકભાવો ઉપર કરુણા રાખવા.

ભૂલ - બીજાની ખમી ખાવી, પોતાની નહિ.

ગુણ - બીજાના વખાણવા, પોતાના નહિ.

'ખંતો દંતો સંતો ઉવસ્સારાહગો નરો હોઇ |
જો પુણ વિવરીઅ ગુણો ઉવસ્સ વિરાહગો સો ઉ ||'

અર્થાત્: નમો-ખમો-શમો. ક્ષાન્ત, દાન્ત, શાન્ત થવાનો ઉપાય 'નમો' મંત્રનું સતત અને અનવરત આરાધન છે. તે મનને દમે, ક્રોધ અને માનને વશ કરે, માયા-લોભને શમાવે, મૈત્રી વિકસાવે, પ્રમોદ પેદા કરે, કરુણા જગાડે,

માધ્યસ્થ્યને પોષે, આસ્તિક્યને લાવે, અનુકંપા જગાવે, નિર્વેદને પમાડે, સંવેગને વધારે, ઉપશમને સ્થિર કરે, સમિતિ, ગુપ્તિ અને મહાવ્રતોને વિકસાવે, સદ્ગુણોનું જાળ બને અને સર્વ દુર્ગુણોના જાળને બાળી નાંખે છે.

ફાગણ સુદ ૨, ૨૦૩૯

'નમો અરિહંતાણં' પદ વડે સર્વજીવોની આરાધના થાય છે. કોઈપણ જીવને નવકાર સંભળાવવાનો શાસ્ત્રકારોનો આદેશ છે અને તેનાથી ગમે તેવી અશાતામાં પણ જીવને શાંતિ મળે છે, તો પોતાનો જીવ પણ જીવ છે, તો નવકાર ગણવાથી કે સાંભળવાથી તેને પણ શાંતિ મળે જ, એમાં કોઈ શંકા નથી. આથી નવકારને જીવની સાથે અંતરંગ સંબંધ છે એ સિદ્ધ થાય છે અને એ સંબંધ હોવામાં કારણ બીજું કોઈ નહિ, પણ સકલ જીવોના હિતચિંતક અરિહંતાદિ પરમેષ્ઠિઓ હતા એ જ છે. સર્વ જીવોના હિતચિંતકોનું સ્મરણ કરવામાત્રથી સૌનાં જીવને શાંતિ - તુષ્ટિ મળે છે. સકલ જીવોનું હિત ચિંતવવાથી આપણું હિત થાય છે અને તે સર્વ જીવોનો આપણા ઉપર ઉપકારનો ભાર વધે છે, તેથી તેનું સ્મરણ જ ભાવ નમસ્કાર છે. એ ઉપકારનો ભાર

મુક્તિમાં ગયા બાદ જ બને છે, તેથી પણ 'નમનવૃત્તિ મુક્તિમાં પહોંચાડીને પછી જ બને છે' એ નવકારનો ઉપકાર છે. સર્વ જીવ પ્રત્યેનો કૃતજ્ઞતાભાવ ભરેલો આ ભાવ જ પરાપકાર કરતાં અટકાવી પરોપકારમાં જોડે. આમ કૃતજ્ઞતા અને પરોપકારવૃત્તિથી મુક્તિ અપાવનાર અને જગતના જીવોને રક્ષા કરનાર હોવાથી 'નમો' એ ધર્મ ગણાય છે. પ્રભુએ ધર્મને નમસ્કારમાં સમાવ્યો છે અને તેને જ સામાયિકનું ભાવાત્મક અંગ કહ્યું છે. સાવદ્યનો ત્યાગ અભાવાત્મક અંગ છે. તે ભાવાત્મકતામાંથી જ પોતાની પ્રેરણા મેળવે છે. આ નવકાર એ જગતના જીવો પ્રત્યે ભાવાત્મક હોવાથી જીવો પ્રત્યે અભાવાત્મક હિંસા, અસત્યાદિ પ્રવૃત્તિઓનો આપોઆપ રોધ થાય છે.

આ રીતે આ નવકાર એ

અશુભ મનરૂપી શલ્યને ખેંચી કાઢવા માટે શુભ અંતઃકરણરૂપી ચીપીયો છે અને દ્વેષાત્મક કાળા નાગરૂપ મનને પકડીને દૂર ફેંકી દેવારૂપ પ્રબળ સાણસો છે.

o દરેક વિચારોમાં વિજળી જેવું અત્યંત બળવાન સામર્થ્ય છે અને તેને જ્યારે ક્રિયામાં યોજવામાં આવે છે, ત્યારે તે અવશ્ય સ્થૂલ ફળને પ્રગટાવે જ છે.

૦ શરીર ન મળે તે માટે મોક્ષ અને મોક્ષ માટે ઈશ્વરદર્શન.
ઈશ્વરમય જીવન જીવ્યા વિના બીજો ઉપાય નથી.
વિવેકીએ મુમુક્ષુ થવું અનિવાર્ય છે. જ્યાં સુધી સહજે
મુક્તિનો અનુભવ ન થાય ત્યાં સુધી જીવને ચેન નથી.

ખાઈએ તેટલું આપણું નથી,
પણ ખાધામાંથી જેટલું જરે ને પચે તેટલું આપણું છે.
શરીરને ગુલામ રાખવું પણ તેના ગુલામ બનવું નહિ.
રાગમાં પ્રાપ્તિની અને દ્વેષમાં ત્યાગની ઉત્કટ ઈચ્છા રહેલ છે.
એક જ ઈચ્છા, વિષયભેદે રાગ-દ્વેષ બનીને ઊભે છે.
રાગનો વિષય સુખ, દ્વેષનો વિષય દુઃખ છે.
સુખ અને દુઃખ પદાર્થોમાં નથી, આપણા દૃષ્ટિકોણમાં છે.
ઈચ્છાને સત્યાનુકૂળ વળાંક આપવો,
એ જ એક રાગ-દ્વેષને નિવારવાનો ઉપાય છે.
પ્રેમની મૂંગી સત્યશક્તિથી દ્વેષનું બળ તૂટીને ભાંગી જાય.
સત્યના પ્રત્યેક અનુભવે શાંતિ સમૃદ્ધ થાય છે
અને રાગ-દ્વેષ દરિદ્ર બને છે.
તિતિક્ષામાં દ્વેષને ચીરી નાંખવાની તાકાત છે.
દ્વેષ ભય લાવે અને પ્રેમ ભયને નિવારે છે.
દેહ મૃત્યુથી અને મૃત્યુ આત્માથી અજ્ઞાત થાય છે.

## <u>ગુણાધિકાર એટલે...</u>

પ્રકૃતિ અને તેના બુદ્ધિ વગેરે કાર્યોનું સ્વામિત્વ.
જેમ રાગ અને દ્વેષને મચક આપીએ, તેમ
પ્રકૃતિ પુરુષ ઉપરનું પોતાનું સ્વામિત્વ જમાવતી જાય છે.
<u>પ્રસન્નતા એ જ સંતોષ, વૈરાગ અને સાચું સુખ છે.</u>
કર્મનો નિયમ ઋત, સત્ય અને અટલ છે.
વિશ્વ નિયમન સદા ન્યારી છે,
આત્માની પ્રાકૃતિકતાનું જ્ઞાન એ સત્યજ્ઞાન છે.
<u>કર્મના નિયમ, વિશ્વનું નિયંત્રણ અને આત્માનું જ્ઞાન</u>
એ <u>ત્રણમાં દૃઢ નિષ્ઠા સંતોષને જન્માવે છે</u> અને
સંતો<u>ષજન્ય તથા સમાધાનકારક સુખને આપે</u> છે.
સાચો સંતોષ એ જ્ઞાનનો પ્રસાદ અને ઉપલબ્ધિ છે.
તે વૈરાગની પરમપદ છે, તેથી તેમાં સુખનું મૂળ છે,
આત્મક્રીડ - આત્મરતિ છે.
આત્મા જ પ્રેમ કરવા જેવું સ્થળ અને રસનું ધામ છે.
<u>તૃષ્ણા અતલ છે,</u>
<u>આકાશનું ઊંડાણ તેના આગળ એક ગજ ગણાય.</u>
પુરુષોત્તમ કઈ રીતે બનાય?
દરેક વસ્તુની યુક્તતા, ઔચિત્ય અને મર્યાદા પાળવાથી.

## રાગના ૪ પ્રકાર

વિધુરનો (સ્ત્રી)રાગ પ્રસુપ્ત, વિયોગીનો વિચ્છિન્ન,
તપસ્વીનો તનુ અને કામીનો રાગ ઉદાર હોય.
સૂતેલો, તૂટેલો કે પાતળો પડેલો રાગ વળી ક્યારે ફરીથી
જાગે તે કહેવાય નહિ, માટે એ ચારે પ્રકારે હોય છે.
ઉદાર જેટલો જ પ્રસુપ્તાદિ રાગ પણ હોય છે.

આત્માર્થી મહાપુરુષ પર સુખે સુખી,
પર દુઃખે કરુણા અને પર ગુણે હર્ષ કમાય છે.

બહારના વહેવાર કરતાં આંતરજીવનના વહેવારનો
નફો - તોટો ગણવાની રીત જુદી જ છે.

સુખની વૃદ્ધિ ચાહનારો સાધક
તેના કારણભૂત ધર્મની જ વૃદ્ધિ ચાહે છે.
દુઃખ દૂર કરવાની ભાવનાવાળો સાધક
દુઃખના કારણભૂત અધર્મની જ હાનિને ચાહે છે.

કરુણા એ આધ્યાત્મિક આરોગ્યનું રસાયણ છે. અવૈર
ભાવનામાં સંલગ્ન મહાન પુરુષ આત્મમહિમા સમજે છે.

જીવન એક મહાન શુદ્ધિનો પ્રયોગ છે.
જગતના ધોબીઘાટમાં જાતને શુદ્ધ કરવા આવેલ મનુષ્ય
આંતરશૌચને વિના આળસે - પ્રમાદે સેવે, તો તરી જાય.
મુક્તિ એ નિરતિશય શુદ્ધિની જ અવસ્થા છે.

જે કોઈ આમાં પ્રમાદ કરે, તે ખોવાઈ જાય છે.

અશુદ્ધિનું બીજું નામ જ બંધન છે.

પદાર્થની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં હર્ષ કે શોકનો અભાવ તથા
ન સ્વીકારવાની કે ન તજવાની તટસ્થ મનોવૃત્તિ રાખવી.

આત્મા વસ્તુ મૂળથી જ પૂર્ણકામ, આપ્તકામ, સમાપ્તકામ છે.

સુખ અને દુઃખ જગત વ્યવહારનું ચલણી નાણું છે.

વિશ્વતંત્રમાં દોષારોપણ પાંગળા દર્શનનું પરિણામ છે.

'વિશ્વતંત્રમાં ક્યાંયે અન્યાય નથી' આ સમજ
અતિશય નિર્દોષ અને હૃદયને સમાધાનકારિણી છે.

વિશ્વતંત્ર જ્યારે ન્યાયપૂર્ણ જ છે, ત્યારે તેની પાસે
ખાસ સગવડ માંગવાનો કોઈ હક્ક જ રહેતો નથી.

સંતોષથી વર્તવામાં સત્યનિષ્ઠા છે,
તેથી ઊલટું વર્તવામાં અસત્યાચાર છે.

વસ્તુનો સ્પર્શાસ્પર્શ કર્મથી જ નિયમિત છે,
વળી તે સ્પર્શ-અસ્પર્શ સુખ કે દુઃખ આપે જ છે.
તો જે જાતે કરેલું અને જડેલું છે,
તેને પ્રસન્ન મને સહી લેવું એમાં જ શૂરવીરતા છે.

ફળની પ્રાપ્તિ એ ઈશ્વરાધીન અને કર્માધીન છે,
માટે વાટવાટ કે હાયહાય કરવાની જરૂર નથી.

નાડભાઈ, ફાગણ સુદ ૪, શનિવાર

તપનો મર્મ સમજાય તે માટે શાસ્ત્રોમાં વ્યાખ્યા છે કે:
શરીર, ઇંદ્રિયો અને મનની
વેડફાતી શક્તિને બચાવનાર 'તપ' છે.
તપ એ શરીર, ઇંદ્રિય, મનને શોધક અને પોષક છે.
જે તપસ્વી નથી, તે દુઃખી જ થાય છે.
તપસ્વીને દુઃખનું કારણ રહેતું જ નથી.
દુઃખનાં દર્શને દુનિયામાં દયા છે,
ત્યાં સુધી બાળને પણ દુઃખ થાય જ છે.
અધ્યાત્મ અનુભવ એ પરમસિદ્ધિ છે.
સંતોની વાણીમાં મેલ ધોવાનું અદ્ભુત સામર્થ્ય વસે છે.
મધુકરવૃત્તિથી શાસ્ત્ર અભ્યાસ કરવો.
સાચું જ્ઞાન ન સ્વીકારવાની ટેવ અવિવેક ગણાય.
આંખ દ્વારા મિલન છે ઈશ્વરદર્શન.
વિકારી-ઝેર અને અમૃત બંને છે. બંને ગ્રહણ ન કરવા.

ગ્રન્થોની ગરિમા

પુસ્તકો = મનની અક્ષરકાયા. શાસ્ત્રો = સંતોનો અક્ષરદેહ.
ગ્રન્થો એ પવિત્ર પુરુષોનું માનસિક મિલન છે.
મહાપુરુષોનો મેળાપ કદી નિષ્ફળ જતો નથી.

શાસ્ત્રસ્વાધ્યાય પરમ ઉપકારક છે. તે પરમ કારુણિક છે.

શબ્દમાત્રની વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્ય શક્તિ પરમાત્મામાં પર્યવસિત થાય છે. સૌ શાસ્ત્રોના વાચ્ય, લક્ષ્ય, વ્યંગ્ય, તાત્પર્ય રૂપ શબ્દો પરમાત્મવાચક 'ઓં' છે.

શાસ્ત્રજ્ઞાનનો નિરૂપયોગ સંચય એ પણ પરિગ્રહ જ છે.

વાઙ્મયમાત્રના સારરૂપ 'ઓં' છે.

ઈશ્વરના નામ-જપ-સ્વાધ્યાયમાળાનો તે મણકો છે.

પ્રણવાભ્યાસ માટે શ્રોત્રિયનો જ ખાસ અધિકાર છે.

પરમાત્માનું નામ સત્યનું પણ મહાસત્ય છે.

ઈશ્વરનો ઇન્કાર એ સૌ રોગના મૂળમાં છે.

એથી માનસિક મળો દુષિત થાય છે, માનસિક આરોગ્ય જોખમાય છે. માનસિક રોગનું ઔષધ છે: ઈશ્વરપરાયણતા. ભોગ અને મોક્ષ બંનેની પ્રાપ્તિ ઈશ્વરારાધનથી થાય છે. જીવ પરતંત્ર છે, એનો પુરાવો એ છે કે જીવ પોતાનું અહિત પોતે જ કરતો જોવાય છે. સ્વતંત્ર હોય તો તેમ કેમ કરે? અહિતનું આચરણ અને વિઘ્નોની પ્રાપ્તિ, એ જ પરતંત્ર દશાને સૂચવે છે. ઈશ્વર પ્રસાદથી જ બંને દોષો દૂર થઈ શકે, કેમકે તે હૃદયશુદ્ધિનું કારણ થાય છે.

શુદ્ધ હૃદય અહિતને ન આચરે એટલે વિઘ્ન ન આવે.

## આરાધનાનો આશય

આ = ચોમેરથી, રાધના = પ્રસન્નતા.

પતંજલિ કહે છે કે: ઈશ્વરની આરાધનાથી
આત્મલાભ અને અંતરાયનો અભાવ થાય છે.
શાસ્ત્રીય રીતે આરાધના કરવાથી ઈશ્વર પ્રસન્ન થાય છે.
ઈશ્વર કેવળ મનથી રીઝે, ભાવથી પ્રસન્ન થાય છે.
કેવળ ક્રિયાથી જ થતું આરાધન અટેલું છે,
તેમાં કેવળ એકાગ્ર મન જ જોઈએ.

આપણા મનની જેનાથી પ્રસન્નતા થાય તેનું નામ આરાધન. 'આરાધન' એટલે ભક્તિ. ભક્તિ તેના મૂળ અર્થમાં જોઈએ તો પ્રસન્ન કરનારી છે. 'ભક્તિ' એટલે સેવા, પરિચર્યા. સેવા મનથી, તનથી, વચનથી અને કર્મથી થાય છે, આથી ભક્તિ જ આરાધન. તન, મન, વચન અને કર્મથી ઈશ્વરની સેવા એ જ આરાધન.

પ્રમત્તતા = નાશનું સાધન.

અચેતન વસ્તુ કર્તૃત્વનો ભાર ઝીલી શકતી નથી,
કેમકે ક્રિયામાત્ર બુદ્ધિપૂર્વક જ હોય છે.

મંગળની ઇચ્છાવાળા બધા છે, માટે બધાએ
આરાધનાના પ્રારંભમાં મંગળાચરણ કરવું જ જોઈએ.

૦ જન્મે તેટલા બધાએ મોટા થવું જોઈએ એ નિયમ
નથી, પણ સારા થવું જોઈએ. 'મોટા એટલા સારા' એ
નિયમ નથી, પણ 'સારા એટલા મોટા' એ તો નિયમ જ છે.

સૌને શરીર નહીં, આત્માનું સ્વાસ્થ્ય મળો.

વસુધૈવ કુટુમ્બકમ્ । ઈશાનો લાભ જો
વિશ્વને કુટુંબ માની શકે એટલો બધાને પ્રસરી શકતો હોય,
તો જાણી જોઈને શાને તેને ટુંકાવવો અને સંકુચિત કરવો?

મોટામાં મોટું અને સાચું મહાભિનિષ્ક્રમણ

ચોમેરથી, હંમેશને માટે
આત્માને દેહાદિ ઉપરથી આત્મભાવ ઉઠી જવો અને
આત્મામાં જ આત્મભાવ કાયમ રહેવો તે.
દેહ વગેરેમાંથી ચાલી જવું, બહાર જવું,
તેમની સરહદ પર થઈ જવું, મુક્ત થવું તે.

હૃદયની શુદ્ધિનો એકમાત્ર ઉપાય ઈશ્વરની આરાધના છે.
ઈશ્વરની કૃપાને સમજની મર્યાદામાં લાવવાનો ઉપાય
ઈશ્વર ભક્તિ છે, પણ
પાપી હૃદયોને અશુદ્ધિને લઈને એ સમજાતું નથી.

બુદ્ધિ સત્ત્વની ક્રિયા છે.
સત્ત્વ સમક્ષ શિર ઝુકાવે તેને એ ત્રિભુવન ચાટે છે.

ઈશ્વરની આજ્ઞાનું અનુસરણ એ તો આપણી ભક્તિ કે
આપણું આરાધન થયું. ઈશ્વર અર્ચન ભક્તિનું આપણું છે.
પ્રત્યક્ષ વિના પ્રેમ પ્રકટી શકે નહિ. સ્થૂળમાં પ્રકટ થવા
માટે પ્રેમ સદા સ્થૂળ પ્રત્યક્ષ શોધે. પરમાત્મા ઉપરનો પ્રેમ
પણ પરમાત્માનું પૂજન કર્યા વિના પ્રફુલ્લ નહિ બને!

જ્યાં પ્રેમ, ત્યાં પૂજન આવે જ.

પ્રેમપાત્ર મહિમામય હોય, ત્યારે અર્ચન થયા વિના ન રહે.

ચોમેર મહિમા કોનો પ્રસર્યો છે? ઈશ્વરનો જ.

તો એ પ્રેમપાત્ર પરમાત્માનું સ્થૂળમાં જ્યાં સુધી
અર્ચન ન થાય, ત્યાં સુધી પ્રેમ પુષ્ટ થઈ શકતો નથી.

કાળ અનન્ત છે, આત્મા અમર છે.

શંકા અને શૂળ, શત્રુ અને શરીરવ્યાધિ,
દેવું અને દુષ્ટેન્દ્રિયને તો દૂર કરવા જ રહ્યાં.

ચિત્ત ચંચળ હોય, તેમણે બાહ્યઅર્ચનથી શરૂઆત કરવી.

ગૃહસ્થાશ્રમમાં યોગ સમા ચિત્તની એકાગ્રતા હોતી નથી.

પહેલાં ભારી વસ્તુને બાંધી શકાય, પછી ઝીણી.

મૂર્તિ કે આકાર તો સચ્ચિદાનંદના સ્મારક માત્ર છે.

ભાવ મુખ્ય છે, વિધાન, વિધિ કે ક્રિયા મુખ્ય નથી.

ભાવ અને વિધા અને વિધિ - ત્રણે મળે તો તો શ્રેષ્ઠ.

દેલવાડા - આબુ, ૫/૪/૧૯૬૧, ચૈત્ર વદી ૫, ૨૦૧૭

## ખમવું, દમવું અને શમવું

એ ત્રણ મળીને આરાધનાનો માર્ગ બને છે.
ખમવાની ક્રિયા સર્વ જીવો સાથે બગડેલા સંબંધ સુધારે.
દમવાની ક્રિયા ઇંદ્રિય અને મન તથા યોગ અને ઉપયોગના ઉન્માર્ગ ગમનને કાબુમાં લાવે. શમવાની ક્રિયાથી વિશ્વના જીવો સાથે અનુકૂળ સંબંધ બાંધવાની પ્રક્રિયા થાય છે.
પહેલી અને છેલ્લી ક્રિયાનું આલંબન સર્વ જીવો છે.

વચલી ક્રિયા માટે આલંબન
પંચપરમેષ્ઠિ ભગવંતો છે અથવા સર્વ ગુણીજનો છે.

ઇંદ્રિય, મન, યોગ અને ઉપયોગને
તેઓના ચિન્તન, મનન, સ્મરણ, ધ્યાન અને પૂજનાદિ
ક્રિયામાં જોડવાથી દમનક્રિયા સિદ્ધ થાય છે.

દુષ્કૃતગર્હા એટલે અનાદિ સહજમલની ગર્હા.
સુકૃતાનુમોદના એટલે સ્વભિન્ન સર્વના ઉપકારનું કૃતજ્ઞ ભાવે સ્મરણ. દુષ્કૃત માત્ર સહજમલના જોરે થાય છે, તેથી તેની સતત નિંદા-ગર્હા કરવી જોઈએ.
સહજમલથી બંધાયેલા પોતાના જીવની અયોગ્યતાનું સ્મરણ ક્ષણવાર પણ ભૂલાવું ન જોઈએ.

અયોગ્યતાના સતત સ્મરણથી ભૂલ થતાં અન્ય ઉપર રોષ થવાનું કારણ જ રહેતું નથી. એ રીતે પર વડે થઈ રહેલા સતત ઉપકારના સ્મરણથી કૃતજ્ઞતાભાવ જળવાઈ રહે છે તેથી અહંકાર માત્રનું બળ ભાંગી જાય છે.

એ જ સાચો નમસ્કાર છે.

પોતાની અયોગ્યતાની ગર્હા - બીજાના ગુણનું અનુમોદન

એ જ નમસ્કાર ભાવનું બળ છે.

સિદ્ધત્વને ઉત્પન્ન કરવામાં નિમિત્ત કારણરૂપે રહેલા ધર્મદેશના, પ્રભુપ્રતિમા, શ્રી જિનાગમ તથા શ્રી તીર્થંકરદેવો - ગુરુદેવો વગેરે ખૂબ ખૂબ પૂજનીય છે તથા પ્રશંસનીય છે, તો સિદ્ધત્વનું ઉપાદાન કારણ ભવ્યત્વ

સન્માનનીય કે પ્રશંસનીય કેમ નહિ?

સિદ્ધાવસ્થા સદાકાળપર્યંત આનંદમય સ્થિતિ જ લોકાગ્રે શ્રેષ્ઠતમ પદ છે, તેથી તેને પ્રાપ્ત કરાવનાર ધર્મસામગ્રીનો મહિમા પણ પુષ્કળ સ્વીકારેલો છે, તો પછી તે સિદ્ધત્વને પ્રાપ્ત કરનાર જે ભવ્યત્વ છે, તેનો મહિમા અપાર હોય

એમાં શંકા જ શું છે?

ભવ દુઃખરૂપ હોઈ જ્યાં ભવત્વ છે ત્યાં દુઃખ જ છે. દુઃખ છે તે કર્મ છે અને ભવીને એ કર્મ કાપવાનો ઉપાય બતાવનાર શ્રી તીર્થંકરોનો વિશ્વ ઉપર અસીમ ઉપકાર છે.

o ધ્યેયના સ્વરૂપમાં આવિષ્ટ-પ્રવિષ્ટ ધ્યાતા
પોતે જ પરમાત્મા અથવા ગરૂડ અથવા કામદેવ બને છે.
સમાપત્તિ જ ઉત્પત્તિઓનાં ફળ આપવાને સમર્થ છે.

માધ્યસ્થ્યં સમતોપેક્ષા વૈરાગ્યં સામ્યમસ્પૃહા ।
વૈતૃષ્ણ્યં પરમા શાન્તિરિત્યેકોઽર્થોઽભિધીયતે ॥૨૨૬॥
(પરિશિષ્ટ-૨૭)

પરમેષ્ઠિના ધ્યાનમાં સર્વ પ્રકારના સદ્ધ્યાન આવી જાય.
આત્મભિન્ન જાણું બધું અનુપયોગી છે.
પરવસ્તુની ચિંતાનો અભાવ તે સ્વવસ્તુના અનુભવરૂપ છે.
સ્વ વડે સ્વનું વેદકત્વ અને વેદ્યત્વ
તે જ સ્વસંવેદન, આત્માનુભવ અથવા આત્મદર્શન છે.
ઋજુસૂત્રનયથી બૌદ્ધદર્શન અને સંગ્રહનયથી વેદાન્તદર્શન છે.
અન્યાપોહથી આત્મા શૂન્ય છે, પરરૂપથી શૂન્ય છે.
બૌદ્ધો સ્વરૂપથી પણ અસત્ માને છે.
વેદાંતી પરરૂપથી પણ સત્ માને છે.
નૈરાત્મ્ય આત્મભિન્ન અન્ય વસ્તુઓના
અભાવરૂપ હોવાથી સ્વાત્મ સત્તારૂપ છે.
આત્માનું દર્શન એજ તાત્ત્વિક નૈરાત્મ્ય દર્શન છે.
આત્માને પરરૂપથી અસંપૃક્ત જોનાર અદ્વૈતને જુએ છે.

૦ આત્માની ભાવઅરિહંત રૂપે અર્ચના-ચિંતવના કરી શકાય છે. સ્ફટિક મણિની જેમ આત્મા પણ ધ્યાન વડે ધ્યેયમય બને કે પ્રત્યેક દ્રવ્યમાં તેના ભૂત-ભાવિ પર્યાયો વર્તમાનમાં દ્રવ્યતયા વિદ્યમાન હોવાથી વિદ્યમાન પર્યાયોનું ધ્યાન કરવામાં ભ્રાન્તિ નથી. જો ભ્રાન્ત હોય, તો કલ્પિત જલથી જેમ તૃષા શમતી નથી, તેમ ફલની પ્રાપ્તિ પણ ન થાય. ચરમશરીરીને મુક્તિ અને અચરમશરીરીને ભુક્તિ મળે છે. પોતાના આત્માને અરિહંત-સિદ્ધરૂપે ધ્યાવવાનું આ ફળ છે.

યોગી જે જે કર્મને કરવાની ઇચ્છા કરે,
તે તે સૌ કર્મના દેવતારૂપે સ્વયં બનીને
તે તે કર્મનું સંપાદન કરે છે.

અરિહંત અને સિદ્ધરૂપે બનેલા યોગીથી મોટા મોટા ગ્રહોનો પણ નિગ્રહ થઈ જાય છે, દુષ્ટ દેવો થરથરે છે.

એ રીતે સમરસી ભાવની સ્વરૂપતા દેખાય છે.

तन्मोहस्य माहात्म्यं विषयेभ्योऽपि यत्सुखम् ।
यत् पटोलमपि स्वादु श्लेष्मणस्तद्विजृम्भितम् ॥

ભાવાર્થ : તે મોહનો જ મહિમા છે કે જેથી વિષયોથી પણ સુખ લાગે છે. એ મહિમા તો શ્લેષ્મના પ્રભાવ જેવો છે કે જેથી કડવું કારેલું પણ સ્વાદિષ્ટ લાગે છે.

○ દેવાધિદેવની તારકતાનો મૂળ સંબંધ ભવતત્ત્વ સાથે છે.
તે તારકતાથી ભવને અલગ પાડી દેવામાં આવે એટલે શ્રી
જિનેશ્વર દેવની આસ્થા, ભાવનાથી યે અલગ પડી જાય.
ભવના હિતચિંતાની ગૌણતાવાળા ભવનમાં
જિનેશ્વર ભગવાન પ્રત્યે પરમ પૂજ્યભાવ ટકતો નથી.
દેવાધિદેવની તારકતાનો સંબંધ ભવના સંબંધે જ થાય છે.
જેમ તરનારો જળના આધારે જ તરી શકે છે,
પણ જો તે જળને અવગણે અથવા નફરત ગણે;
તો તેનું તારૂપણું ન ટકી શકે, ન વિકસી શકે...
તેમ ભવની હિતચિંતાના સંબંધ સિવાય પરમાત્માની
તારકતા સાથે ભવનો સંબંધ થઈ શકતો જ નથી.
પોતે પોતાનો જ સંબંધી બનીને રહેવાનો પ્રયત્ન કરે
એટલે સ્વના હિતનો શત્રુ બની રહે. સંબંધ બાંધવા
પૂર્વે સંબંધમાં બંધનો આરોપ કરવો તે મુક્ત તત્ત્વને,
ભવને પવિત્ર કરનાર તત્ત્વને કેદ માનવા સરખી વાત છે.
ભવમાત્ર શ્રી તીર્થંકરોની મહાકરૂણાના અંગભૂત છે.
મહાકરૂણાનું તે સામ્રાજ્ય સર્વ ભવને આભારી છે.
એવા ભવમાં આત્માના ભાવ સિવાયના ઈતરના ભાવને
આરોપવો તે અંદરની સ્થિતિના બગાડાનું સૂચન કરે છે.

## મંગલમય નવકાર

મંગલમય સમરો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર,
જેના મહિમાનો નહિ પાર, ભવજલધિ તારણહાર. ...(૧)
અરિહંત શાસનના શણગાર, સિદ્ધ અનંતા સુખ દેનાર,
સૂરિ પાઠક મુનિ ગુરુ મનોહર, છે પાંચે પરમેષ્ઠિ ઉદાર. ...(૨)
સતી શિરોમણી શ્રીમતી નાર, મન શુદ્ધે ગણતી નવકાર,
જેનું દુઃખ હરવા તત્કાલ, ફણીધર ફીટી થઈ ફુલમાલ. ...(૩)
સમડીને મરતાં નવકાર, દઈ મુનિએ કીધો ઉપકાર,
રાજપુત્રી થઈ કર્યો ઉદ્ધાર, સુદર્શનાએ સમડી વિહાર. ...(૪)
કમઠ કાષ્ઠમાં બળતો નાગ, દેખે પ્રભુ પાર્શ્વકુમાર,
સેવક મુખ દીધો નવકાર, ઇંદ્ર થયો તે નાગકુમાર. ...(૫)
અમરકુમાર જપતાં નવકાર, મહાકષ્ટથી થયો ઉદ્ધાર,
રાજા તેના પ્રણમે પાય, નવકારમંત્રનો મહિમા અપાર. ...(૬)
પાપ પ્રણાશક શ્રી નવકાર, મહામંગલ છે શ્રી નવકાર,
વિઘ્નવિદારક શ્રી નવકાર, શિવસુખદાયક શ્રી નવકાર.
મંગલમય સમરો નવકાર. ...(૭)

સર્વ પ્રાણીઓ સુખી થાઓ, સર્વે નિરોગી બનો.
સર્વ કલ્યાણને પામો, કોઈપણ પાપ ન આચરો.

## ६ दोहरे

પંખી પીએ જલ ના ઘટે, સાગર ઘટે ન નીર,
ધરમ કીયે ધન ના ઘટે, કહ ગયે પ્રભુ મહાવીર. - ૧

ક્ષમા ભલી કી મૈં કહું, મુઝે કરે સબ કોય,
સબ સે મેરી મિત્રતા, વૈર કહાં સે હોય? - ૨

નિંદા હમારી જો કરે, મિત્ર હમારા હોય,
સાબુ લાવે આપ કા, મૈલ હમારા ધોય. - ૩

બડે બડાઈ ના કરે, બડા ન બોલે બોલ,
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ. - ૪

બુદ્ધિહીન કો ના ભાવે, ભલી વસ્તુ કો ભોગ,
દ્રાક્ષ પકે જબ કાગ કી, હોત કંઠમેં રોગ. - ૫

ચિંતા સે ચતુરાઈ ઘટે, દુઃખ સે ઘટે સરીર,
પાપ સે લક્ષ્મી ઘટે, કહ ગયે ભક્ત કબીર. - ૬

ચાર સમાધિ લીન નર, ષટ્ શુભ ધ્યાન મઝાર,
તુષ્ણી ભાષ બૈઠા જ્યું દશ, બોલત દ્વાદશ ધાર:
ચાલત સોલસ સોવતાં, ચલત શ્વાસ બાવીસ,
નારી ભોગવતાં જાણજો, ઘટત શ્વાસ છત્રીસ.

ૐસિઆઉસા

# પરિશિષ્ટ સૂચિ

## પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૦)

મનના અભિપ્રાયથી થાય તે ધર્મ છે. માત્ર સમૂર્ચ્છન્ જેવી ક્રિયાવાળો અર્થાત્ ઉપયોગરહિત કરાતો ધર્મ એ વાસ્તવિક ધર્મ નથી. ધર્મથી ક્રિયાનું સમાનાધિકરણ એવું કાર્ય (ભવનિર્વેદ) થાય છે, જે ભવ્ય આત્મામાં હોય, અભવ્યોને નહીં. ખરેખર, આ લક્ષ્યપૂર્વકનો ધર્મ જ 'માર્ગાનુસારી' કહેવાય.

## પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૧)

અન્યના હિતવાળી હોય તે કરૂણા. સ્વાભાવિક જ પ્રીતિના સંબંધથી રહિત એવા પણ અન્ય સર્વ જીવો ઉપર કેવલજ્ઞાની ભગવંતોની જેમ ભગવંત અને મહામુનિઓને સર્વ અનુગ્રહમાં તત્પર હિતબુદ્ધિના કારણે ચોથી કરૂણા ભાવના હોય છે અર્થાત્ મધ્યસ્થ ભાવના પણ કરૂણાવાળી હોય છે.

## પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૩)

માધ્યસ્થપણું એ તત્વનો સાર છે. ઈષ્ટ-અનિષ્ટ વસ્તુઓમાં પરમાર્થથી રાગ-દ્વેષને ન કરતો, 'મોહવિકારથી ઉત્પન્ન થયેલાં એવા મારો જ અપરાધ છે' એમ વિચારતો અને પોતાના રૂપમાં રહેલી વસ્તુમાં અપરાધને નહીં જોતો, બાહ્યપદાર્થોમાં સુખ કે દુઃખનું કારણ નહીં માનવાથી આવું વિચારનારાને માધ્યસ્થ્યપણું પ્રાપ્ત થાય છે.

## પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૪)

જે મૂઢ આત્મા બાહ્યથી ઈન્દ્રિયોનો સંયમ કરીને મન વડે ઈન્દ્રિયોના પદાર્થોને યાદ કરતો રહે છે, તે મિથ્યા આચારવાન કહેવાય છે.

## પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૬)

સજ્જન પુરૂષોની સર્વ પ્રવૃત્તિ સ્વાર્થને ગૌણ કરનારી અને પરાર્થને મુખ્ય કરનારી હોય છે. પોતે રહેલા ધર્મસ્થાનની સિદ્ધિને અનુકૂળ દરરોજ કરવા યોગ્ય જે છે, તેવા વિષયવાળું ધ્યાન તે જ 'પ્રણિધાન' કહેવાય છે. તે અપ્રમાદની ભાવનાથી ઉત્પન્ન થયેલ, વિરૂદ્ધ પ્રયત્નોથી રહિત અને અકાલે ઉત્સુકતાથી રહિત હોય છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૪૭)**
મોક્ષ કર્મક્ષયથી અને કર્મક્ષય આત્મજ્ઞાનથી થાય. આત્મજ્ઞાન ધ્યાન વડે સાધ્ય છે અને આત્માનું હિત કરવું તે 'ધ્યાન' છે. સમતા વિના ધ્યાન - ધ્યાન વિના સમતા નથી. સમતાથી નિષ્કંપ એવું ધ્યાન થાય છે. બંને અન્યોન્યના કારણ બને છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૪૭)**
(૧) સાધુ કઈ રીતે ચાલે - ઉભો રહે - બેસે - સુવે - જમે - બોલે, જેથી પાપકર્મ ન બંધાય. (૨) તે જયણાપૂર્વક ચાલે, ઉભો રહે, બેસે, સુવે, જમે ને બોલે, તો પાપકર્મ ન બાંધે. (૩) પોતાના આત્માની જેમ સર્વ પ્રાણીઓને જોનાર, આશ્રવને રોકનાર તથા ઈન્દ્રિયને દમનાર એવા સાધુને પાપકર્મ ન બંધાય. (૪) 'પ્રથમ જ્ઞાન પછી દયા' એ પ્રમાણે સર્વ સંયત રહે. અજ્ઞાની શું કરશે? હિત કે અહિતને કેમ જાણશે? (૫) આમ સાંભળીને સાધુ કલ્યાણને અને પાપને જાણે. આમ પુણ્ય-પાપ બંનેને જાણીને જે હિતકારી હોય, તેને જ તે આચરે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૪૮)**
અજયણાએ જતો એવો સાધુ પ્રમાદથી કે અનાભોગથી જીવોની હિંસા કરે છે. હિંસા કરતો સાધુ પાપકર્મને બાંધે છે, જેના કટુક ફળ મળે છે.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૫૪)**
સમ્યગ્દર્શન વિશેષ જ્ઞાનસ્વરૂપ છે. તે રૂચિસ્વરૂપ હોવાથી જ્ઞાનમાં તેનો અંતર્ભાવ કરવામાં કોઈ દોષ નથી.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૫૭)**
જીવો જેના દ્વારા હિતની પ્રવૃત્તિમાં આજ્ઞા કરાય છે, તે 'આજ્ઞા' કહેવાય. ૧૨ આગમ એ જ આજ્ઞા છે. ભાવ વગરનો કોઈપણ વ્યવહાર આરાધનાપણાને પામતો નથી. સર્વજ્ઞના મતમાં થોડો પણ ભાવ તે બોધિનું બીજ છે. - શ્રી ધર્મપરીક્ષા, ગાથા ૩૧

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૫૭)**
નિર્વાણ (મોક્ષ)ને સાધનારા યોગોને દરરોજ સાધે છે અને સર્વ જીવો વિશ જે સમાનભાવ રાખે છે, તેથી તે હંમેશા 'સાધુ' કહેવાય છે. ક્ષમા વિગેરે ગુણોથી યુક્ત,

મૈત્રી વિગેરે ગુણોથી શોભતા, સદાચારમાં અપ્રમાદી તે 'ભાવસાધુ' કહ્યા છે.
- ધર્મરત્ન પ્રકરણ ટીકા

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૫૯)**

(૧) ચિંતા અને ભાવનાપૂર્વકનો સ્થિર અધ્યવસાય તે ધ્યાન. તે ધ્યાન દ્રવ્યથી આર્ત અને રૌદ્રસ્વરૂપ છે. ભાવથી આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય સ્વરૂપ ધર્મધ્યાન છે. (૨) બીજું શુકલધ્યાનના પ્રથમ ભેદરૂપ પૃથક્ત્વ વિતર્ક સવિચાર છે. (૩) 'શૂન્ય'નો અર્થ વિચારણાથી અટકવું. દ્રવ્યથી શૂન્ય એટલે ક્ષિપ્તચિત્ત આદિ ૧૨ પ્રકારે અટકવું અને ભાવથી શૂન્ય એટલે વ્યાપાર યોગ્ય ચિત્તનો પણ ત્યાગ, સર્વથા વ્યાપારથી અટકાવવું. (૪) પરમ શૂન્ય એટલે ત્રણે ભુવનના વિષયોમાં વ્યાપીને રહેલા ચિત્તને એક વસ્તુના વિષયવાળું કરીને ત્યાર પછી તેનો પણ સંકોચ કરીને તેમાંથી પણ દૂર કરાય (આત્મતત્ત્વમાં જ સ્થિર કરાય તે).

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૬૩)**

तायिने શબ્દ વડે વચનાતિશય બતાવ્યો. तायि = સકલ સુર, અસુર, મનુષ્ય અને તિર્યંચોના પાલક અને સકલ જગતને અભયદાન આપવામાં સમર્થ. બધી ભાષામાં સમજાતી ધર્મદેશના દ્વારા પાલકપણું ભગવાનમાં જ છે, બાકી તો પાલકપણું એટલે કે પોતાના બચ્ચાંને પાળવાનો ગુણ તો વાઘણ વગેરેમાં પણ હોય છે.

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૮૬)**

આપ્તપુરૂષો (માન્યપુરૂષો) સાક્ષાત્ કે પરંપરાએ જે મોક્ષના કારણભૂત ન હોય, તેવું કંઈપણ કહેવા માટે ઉત્સાહ કરતા નથી. જો કહે તો તેમનામાં આપ્તપણું (માન્યપણું) રહે નહીં (તેમને અનાપ્ત થવાનો પ્રસંગ આવે).

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૦૯)**

મૂળસૂત્ર - જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય.

ટીકા - દાનાંતરાયનો અત્યંત ક્ષય થવાથી અનંત જીવરાશિને અનુગ્રહ કરનારૂં ક્ષાયિકભાવનું અભયદાન. પૂર્વે કહેલી સાતે પ્રકૃતિના અત્યંત ક્ષયથી ક્ષાયિક સમકિત અને તેવી જ રીતે ક્ષાયિક ચારિત્ર પણ હોય છે. - તત્ત્વાર્થ, ૨, ૪

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૧૦)**
મુમુક્ષુઓ વડે ધ્યાન કરાતા વિતરાગી એવા આ દેવ, સ્વર્ગ-અપવર્ગ (મોક્ષ)ના ફળને આપનારા છે, કારણકે તેમની શક્તિ જ તેવી છે (માંગો નહીં તો પણ મળી જાય).

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૧૧)**
જે આ મૈત્ર્યાદિ વિચારવાળા જીવોના વિહારો અર્થાત્ વર્તનાદિ છે, તે બીજા કોઈ બાહ્યસાધનોની સહાય ન મળે, તો પણ તે જીવને ઉત્કૃષ્ટ ધર્મ પ્રાપ્ત કરાવે છે.
- યોગભાષ્ય

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૧૪)**
દેવ (ભગવાન) ન જોઈ શકાય એવા શરીરવાળા, ભાવથી ગ્રાહ્ય તથા મનોમય છે. તેમનું નામ 'ૐ' કહ્યું છે. ૐકાર વડે બોલાવાયેલા ભગવાન પ્રસન્ન થાય છે.
- યાજ્ઞવાલ્ક્ય સ્મૃતિ

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૧૭)**
તત્વદર્શી જ્ઞાનીપુરૂષો નમસ્કાર વડે, ફરી ફરી પ્રશ્ન પુછવા વડે અને સેવા વડે તને જ્ઞાનનો ઉપદેશ આપશે, તે તું જાણ.

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૧૮)**
શુભ અને અશુભ માર્ગ વડે વહેતી વાસના રૂપી નદી, પુરૂષાર્થ અને પ્રયત્ન વડે શુભમાર્ગમાં જોડવા યોગ્ય છે. જગતરૂપી કોશમાં તેવું કાંઈ નથી કે જે શુભકર્મ લાવનારા શુદ્ધ પુરૂષાર્થ વડે લોકો વડે પમાતું નથી. શ્રેષ્ઠ પદાર્થોને પામીને જાગો અને ઉભા થાવ તથા સાચી સમજ મેળવો.

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૧૮)**
જેવી રીતે વહેતી નદીઓ પોતાના નામ-રૂપને છોડી સમુદ્રમાં વિલય પામે છે, તેવી રીતે નામ-રૂપથી વિમુકત એવો વિદ્વાન સર્વોપરી દિવ્ય પરમપુરૂષને પામે છે.

**પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૧૨૧)**
અરૂપી એવા પરબ્રહ્મમાં પોતાનું ચિત્ત સ્થિર કરવું તે ઉપાસના કહેલી છે, તે સિવાય વળી કોને 'ઉપાસના' કહેવાય?


**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૧૩૩)**
જે વિપરીત સ્વીકારે તે મોહ છે. હેય-ઉપાદેયના બોધને પ્રતિબંધક હોવાથી તે મોહ છે. જ્યારે (ધ્યાતા) જોનાર એ રુક્મ વર્ણવાળા-કર્તા-સ્વામી-બ્રહ્મયોનિ પુરૂષને જુએ છે, ત્યારે વિદ્વાન પુણ્ય-પાપને દૂર કરીને નિરંજન એવા પરમ સામ્યને પામે છે.
- મુંડકોપનિષત્

**પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૧૫૭, ૧૫૮)**
ૐ એ પ્રમાણે ઓંકાર અક્ષરરૂપી બ્રહ્મ એ સર્વ મુમુક્ષુઓ વડે ધ્યાન કરવા યોગ્ય છે. અર્ધમાત્રાથી યુક્ત પ્રણવ (ૐ) મોક્ષને આપનાર છે. પ્રકર્ષ વડે જેનાથી સ્તુતિ કરાય તે પ્રણવ. નમાવીને નમ્રતા જગાડે તે પ્રણવ. નમસ્કાર કરનારનું રક્ષણ કરે તે પ્રણવ. ખરેખર સર્વ મંગલોનું બીજ પ્રણવ જ છે.

**પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૧૬૮)**
જેના વડે મનની સાથે ઈન્દ્રિયો પોતાના વિષયોથી દમન કરાય (અટકાવાય) છે, તેને 'યંત્ર' કહેવાય છે.

**પરિશિષ્ટ - ૨૬ (પૃષ્ઠ ૧૮૪)**
પાપથી અટકાવે અને હિતમાં જોડે તેને 'મિત્ર' કહેવાય. સંઘાત એટલે શય્યા વગેરે પદાર્થો બીજાના ઉપયોગમાં આવે છે. તે ઉપયોગ કરનાર કોઈક હોવાથી, ત્રિગુણ(અવિવેક)થી વિપર્યય અર્થાત્ વિવેકી, પ્રકૃતિ આદિનો અધિષ્ઠાતા, સુખ-દુઃખાદિનો ભોક્તા અને મોક્ષ માટે પ્રવૃત્તિ કરતો હોવાથી પુરૂષ કે ચેતન એવો આત્મા છે એમ નક્કી થાય છે. - સાંખ્યકારિકા (૧૭)

**પરિશિષ્ટ - ૨૭ (પૃષ્ઠ ૨૦૭)**
માધ્યસ્થ્ય, સમતા, ઉપેક્ષા, વૈરાગ્ય, સામ્ય, અસ્પૃહા, તૃષ્ણારહિતતા, પરમ શાંતિ - આ બધાં પર્યાયવાચી શબ્દો કહેવાય.




ઉપર દર્શાવેલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૦ - ૧૯૭૧ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

અનુભવ સિદ્ધદ્વાત્રિંશિકા

સર્વ કમકર મંત્ર




ॐ श्रीँ ह्रीँ अर्हँ નમઃ ।

'અર્હં' રૂપ સર્વેશ પરમાત્મા
મૂર્ત-અમૂર્ત, કલારહિત-કલાસહિત, સૂક્ષ્મ-સ્થૂલ,
વ્યક્ત-અવ્યક્ત, નિર્ગુણ-સગુણ, સર્વવ્યાપી-દેશવ્યાપી,
અક્રિય-ક્રિય અને નિત્યાનિત્ય છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in